હુંનરપોથી

અથવા

ધંધાદારીનો ભોમીઓ.

જેમાં વિદ્યા, હુંનર વેહુવાર વૈદક, વગેરે ઉપયોગી નુસખા, જાદુઈ
તથા રસાયણી અખત્રા, ઈત્યાદી ઈત્યાદી બધા મલીને

૧૭૯૮ હુંનરો છે.

કારીગરો તથા ધંધાદારીઓને માટે
રચીને પ્રસિદ્ધ કરનાર,

બરજોરજી શોરાબજી છાપગર.
ઠેકાણું—ફેતવાડી અગીઆરી મોહલા ઘર ના૦ ૨૦ મુંબઈ

સુધારા તથા વધારા સાથે

આવરતી ત્રીજી.

મુંબઈ.
ધી "રાફેલ" છાપખાનામાં દાજીભાઈ અબદુલતૈબઅલીએ છાપીછે
ઠેકાણું બાહેરકોટ બાજીપાલા લેન.
ઇ૦ સં૦ ૧૯૫૨.

કીમત ફક્ત બાર આના રૂ. ૦॥।

હુંનરપોથી.

અથવા

ધંધાદારીનો ભોમીઓ.

જેમાં વિદ્યા, હુંનર વેહુવાર વૈદક, વગેરે ઉપયોગી નુસખા, જાદુઇ
તથા રસાયણી અખત્રા, ઇત્યાદી ઇત્યાદી. બધા મલીને

૧૭૯૮ હુંનરો છે.

કારીગરો તથા ધંધાદારીઓને માટે
રચીને પ્રસિદ્ધ કરનાર,

બરજોરજી શોરાબજી છાપગર.
ઠેકાણું—ફતવાડી અગીઆરી મોહલો ઘર ના૦ ૨૦ મુંબઇ.

સુધારા તથા વધારા સાથે

આવરતી ત્રીજી.

મુંબઇ.
"રોએલ" છાપખાનામાં યુશુફઅલી અબદુલતૈએબએ છા. પીઓ
ઠેકાણું બાહેરકોટ ભાજીપાલા લેન મુબાઇ.
ઇ૦ સં૦ ૧૮૯૨.

કીંમત ફકત બાર આના રૂ. ૦।।।.

દીબાચો.

હુંનર પોથીની પેહલી તથા બીજી આવરતી ખપી ગયાથી હાલમાં આએ ત્રીજી આવરતી નવી છપાવી બાહર પાડીછે એમાં આગલ કરતા બીજા ઘણાક નવા હુનરોનો વધારો કરીયો છે તે વાંચી જોવાથી માલમ પરશે.

આ ચોપડી રચવામાં હું કાંઇ પણ મોહતા અંધકારમાં ખપવાનો દાવો રાખતો નથી, કેમકે એમાં માહરી તરફનું કાઇજ નથી, કારણ કે આ પોથીમાં જે કાંઇ છે તે ઘણું ખરૂ સઘલું અંગ્રેજી પુસ્તકોમાંથી હુંનરને લગતી બાબદો ચુંટી કાહડીને મેં તો ફક્ત તેનો તરજુમો કરયો છે. તેમજ ગુજરાતી માસીક ચોપાનીઆમાંથી વિધાં. હુંનરને લગતાં નુસખાઓનો એમાં ઉતારો કરયો છે.

આ પોથી રચવામાં મદદને માટે જે જે અંગરેજી તથા ગુજરાતી પુસ્તકો અને માસીક ચોપાનીઆમાંથી ઉતારો કરયો છે તેવા પુસ્તકો બનાવનારાઓ તથા પ્રગટ કરનાઓનો અતરે મોહતો ઊપકાર માની એ પુસ્તકો તથા ચોપાનીઆના નામની ટીપ એહલ પ્રગટ કીધી છે:—

આ ચોપડીમાં બે હજાર હુંનરોનો સંગ્રહ આપવાની જાહેર ખબર છપાવી હતી પણ ૧૭૯૮ બાબતો આવ્યા પછી હું એટલોતો થીક પડયો કે મારા હાથ પગથી અતકી ગીયો તેથી કરીને લખવાની શકતી રહી નહી તેથી ૧૭૯૮ બાબત છાપી પુરી કરી, સમાપ્ત કીધી છે. બાકીનું સાકલીઊં આ રોએલ પ્રેસના માલેકે પોતેની બનતી મેહનતથી મારા કામનો મદદ કરી આએ ચોપડી પાર ઊતારી છે. તેથી હું એવનનો મોતો ઊપકાર માનુંછું કારણ કેજો એઓ એટલી મેહનત ન કરતેતો આએ ચોપડી બાહાર પડી શકતે નહી.

Scientific American, English Mechanic And World of Science. Cooley's Cyclopaedia of Practical Receipts, Mackenze's Five Thousand Receipts, G. W. Francis Dictionary of Practical Receipts, Ernest Spon Workshop Receipts, The Housrhold Book of Domestic Economy by J. Dicks. The American Family Receipts, Take My Advice, The Boys owu Conjuring Book, Enquire within upon every thing, Consult Me, Young Man's Book of Amusements, Magic of Science One Thousand Practical Receipts The Female Friend and General Domestic Adviser. Ready Remedies For Common Complaints. . Bow Bells, Family Herald &c, &c.

ગ્નાન પ્રસારક, સ્ત્રીબોધ, દુરે એલમ, ગ્નાનવરધક, તનદરોસતી, દુભાસીઓ, શરીર શાંતી, તીએ જરથોસતી, વઈદકનો સાંર સંગ્રહ, વિધામીત્ર તથા સુખ દુઃખનો શાથી ઇત્યાદી, ઇત્યાદી, વગેરે બીજા અનેક પુસ્તકો તથા માસીક ચોપાનીઆઓમાંથી મદદ લીધી છે.

લા૦ બરજોરજી શોરાબજી છાપગર.

લ

હુંનર પોથી

અથવા

ધંધાદારીઓનો ભોમીઓ.

સુધારા તથા વધારા સાથે આવરૂતી ત્રીજી.

સુચના—આ પોથીમાં દવા, વસાણા અને કરયાણા વગેરે જે જે ચીજો આવેલી છે તે બધી ચીજો ઈંગ્રેજી દવા વેચનારા ગાંધીઓને તાંહાંથી વેચાતી મળશે. બીજું—જે જે ચીજોના ઈંગ્રેજીમાં નામ છે તેની પાસે તેનો અસલ ઈંગ્રેજી બોલ પણ મુકેલો છે જેથી તેવી ચીજો લેવા જતી વખતે તરત સહમજ પડી શકે.

બાલને લગાડવાના તેલ.

HAIR OILS.

૧. બાલ વધવાનું તેલ બનાવવાની રીત—"કેસતર ઓઈલ" ૪) આંઉસ, શોહોજે જમેકા રમ ૮) આઉસ. લવંડરના તેલના ટીપા ૩૦) અથવા ગોલાબના તેલના ટીપા ૧૦). એ બધાંને એક કાચની સીસીમાં ભરી રાખવું અને બાલ ઉપર લગાડતી વખતે સીસીને ખુબ હીલવીને ઘડીઘડી લગાડવું. (જુઓ બીજી રીત ના. ૨.)

૨. બાલ વધવાનું તેલ બનાવવાની બીજી રીત—"કેશતર આઈલ" અરધી પેંટ, "આલકાનેટ રૂટ" અરધો આંઉસ. "આઇલ આફ બરગેમોટ" ૧૦ ટીપા, લવંગનું તેલ ૧૦ ટીપા, "સીવેટ" (Civet) દોહોડ ગરેન. પેહેલા "કેશતર આઈલ"ને એક વાસણમાં નાખી ધીમે ધીમે ઇંગારપર ગરમ કરવું-જયારે ઘણું ગરમ થાયકે "આલકાનેટ રૂટ" ની ઉપર એ તેલ રેડી દેવું એટલે રાતા રંગનું એ તેલ થશે. જયારે એ તેલમાં બરાબર રંગ આવે કે એક બીજા વાસણમાં રેડી ગાલી કા

કાઢવું અને થંડું થવા પછે કેપલા સુગંધી તલના ટીપા તેમાં નાંખી કાચના બુચની બાટલી માં ભરી રાખવુ. આ તેલ લગાડયાથી દાઢડી, ટેબીયા તથા મુછના બાલ વધશે તથા મજબુત થશે.

૩. બાલને વધારવાનો ઉપાય— આમરાનુ તેલ માથાના બાલમાં ચોપડયાથી બાલ વધેછે.

૪. ખરી ગયલા બાલ પાછા લાવવાનુ મીશ્ર (આલાંગગાટર ૨) આંઉસ, "ટીંક્ચર કાનથરીડીન" બે દરામ. "આઇલ આપ રોઝમરી" ૧૦) ટીપાં, "આઇલ આફ લવંડર" ૧૫) ટીપા, જાયફળનું તેલ ૮ ટીપા. એ બધાને મેલવીને જે ભાગના બાલ ખરી ગયલા હોય તે ઉપર એ મેલવણી રોજ રાતના સુતી વેળા થોડી લગાડવી, જેથી બાળ પાછા આવવા માંડશે.

૫. બાલ વધારવાનું "મેકાસર આઇલ"—"આલીવ આઇલ" ૧) પ્રવાહી રતલ, "આઇલ આપ ઓરીગાનમ" ૧) દ્રામ. એ સઘલાને એક બાટલીમાં મેલવી નાખવું. એ તેલ લગાડયાથી બાલ ઝડપમાં વધવા સાથ ગુછદાદાર થશે.

૬ મેકાસર આઇલ (રાતા રંગનુ) આલીવ અથવા બદામનું તેલ એક પેંટ, રોઝમરીનું તેલ એક દરામ, ઓરીગાનમનું તેલ, એક દરામ, જાયફળનું તેલ ૧૧ ટીપા, નીરોલી નુ તેલ ૭ ટીપા, કસ્તુરીના અરક ૩) ટીપા. એ સઘલા તેલને એક બાટલીમાં નાખી એકઠું કરીને મેલવવુ. પણ જો રાતો રંગ કરવા હોય તો આલીવ અથવા બદામના તેલને પેહેલા એક વાસણમાં જરા ગરમ કરીને પછી તેમાં "આલકાનેટ રૂટ" (એક જાતના ઝાડનો રેસો આવેછે, એની જડ રંગના કામમાં આવેછે તે) નાખી થંડુ પાડી પછી બાકીના બાજા ખુશબોદાર તેલ તેમા નાખી મેલવવું એટલે રાતા રંગનુ મેકાસર આઇલ થશે. એક પેંટ તેલે બે દરામ આલકાનેટ રૂટ નાખવું.

૭. મેકાસર આઇલ (પીલા રંગનુ.) આલીવ અથવા બદામનું તેલ અરધો રતલ "આઇલ આફ ઓરીગાનમ" અરધો દરામ. "આઇલ આફ રોઝમરી" દશ ગરેન, જાયફલનું તેલ શાત ટીપાં, ગોલાબનું અતર ૭ ટીપાં. એ સઘલાને એક બાટલીમાં શારી પેઠે મેલવીને તેમાં "પામ આઇલ" નાં થોડાં ટીપાં નાખવા એટલે પીલા રંગનું તેલ થશે.

૮. મેકાસર આઇલ (સફેદ રંગનુ)—, સાલીડનું તેલ અથવા મીઠું તેલ ૪ આઊંસ- "ટીંક્ચર આપ કેનહારીડીસ" ૨૦ ટીપાં, ગોલાબનું તેલ ૫ ટીપાં, બરગેમોટનું તેલ ૩૦ ટીપાં. એ સઘલાને એક બાટલીમાં મેલવી નાખવું.

૯. રેલાંડનુ બનાવેલું મેકાસર આઇલ—"આઇલ આપ બેન" અથવા બદામનું તેલ ૧) પેટ, "આઇલ આફ ઓરીગાનમ" ૧ દરામ, જાયફલનુ તેલ ૧૫ ટીપાં, ગોલાબનું અતર ૧૫ ટીપાં, "આઇલ આફ નીરોલી" ૬ ટીપાં, કશતુરીનું એસેનસ ૩ થી ૪ ટીપાં. પેહેલા "આઇલ આફ બેન" અથવા બદામના તેલને એક વાસણમાં જરા ગરમ કરી તેમાં "આલકાનેટ રૂટ" નાખી થંડુ પાડી રાતા રંગનુ તેલ થાય કે પછી બાકીના ઉપલા બધા તેલ નાખી મેલવી તેઇને બાટલીમાં ભરી રાખવું. એ તેલ બાળને લગાડવાને સારૂં છે.

૧૦. બાલ ઘટ કરવાનું તેલ—આલીવ તેલ અથવા મીઠું તેલ ૩ આંઉસ, લવંડરનું તેલ ૧) દરામ. એ બેઉ તલને મેલવી જે જગા ઉપર બાલની ઘણી અછત હોય તયા શાદાજશલવાર લગાડયાથી શારા મજાના ઘટ બાલ આવશે.

૧૧. બાલ પાછા આવવા માટે તેલ મંડવાડથી બાલ પાંખા થઇ ગયા હોય તો ચોલીવ તેલ અને "સ્પીરીટ આફ રોઝમરી," એ બેઉ સરખે ભાગે લેઇ તેમાં થોડાંક ટીપાં જાયફલનું તેલ નાખવું. એ સરવેને મેલવી રાતના સુતી વેલા માથામે શારી પેઠે ચોલીને લગાડવું.

૧૨. બાલને જાડા (ઘટ) કરવાનું તેલ—સફેદ વાઇન એક બાટલી, એક મુઠી ભરી "રોઝમરી ફ્લાવર," મધ અરધો રતલ, મીઠી બદામનું તેલ પાઆ પેંટ. પેહેલા રોઝમરીના ફુલ તથા મધને વાઈનમાં મેલવી નાખો એ તેલ બાલને લગાડતી વખતે થોડું પેયાલામાં કાહાડી જરા ગરમ કરી બાલના થડમાં લગાડવું.

૧૩. બાલને લગાડવાનું સુંગધી તેલ—બેન તેલ (ઘડીયાલમાં વપડાય છે તે) એક પેંટ, શોજ્જુ કાપરેલ તેલ અરધી પેંટ "એસેનસ આફ બરગેમોટ" પાઆ આઊંસ ગુલાબનું અતર ૯ ટીપાં. એ બધાને ઇંગાર આગલ ઘણીવાર બાટલીમાં રેડીયા કરવું. પછી તે બાટલીને એક અઠવાડીયા સુધી રેહેવા દેવી અને એ અરશામાં પણ બાટલીને અવાર નવાર હીલવીયા કરવી. એ તેલ ઘણું ઉત્તમ પ્રકારનું થશે. એથી બાલ ઘણા જડપમા વધે છે તથા ગુચ્છાદાર થાય છે.

૧૪. બાલને રેજીઇનાં કરવાનું તેલ—તાજા ગોલાબના ફુલની પાખડી દશ તોલાને વાટી માવા જેવા કરી તેમા એક પેંટ "આલીવ આઇલ" નામી એક મજબુત ટાકણાના વાસણમાં નાખી, તે વસણને એક અઠવાડીયા સુધી તડકામાં ઢાંકીને મુકવુ પછી તેલને ગાલી લઇ બાટલીમા ભરી રાખવુ એ તેલ બાલ વધારવા અને શોભાઇતા કરવામ ઘણી ગણુ કારક છે, તે શાય મગજને થંડક આપે છે.

૧૫. બે ગકાં માથાં ઉપર બાલ પાછા વધારવાનું તેલ—શોજ્જુ પાણી એક પેંટ "પગલ આશ" (એક જાતનો ખાર) અરધો આંઊસ, કાંદાનો રશ પાઆ પેંટ. એ બધાને એકતું મેલવી બાટલીમાં ભરી મજબુત બુચ મારીને બંધ કરવું. પછી જ્યારે એ તેલ લગાડવુ હોય ત્યારે જાડા સાણુના કપડાનો એક કટકો એમાં બોલીને માથા ઉપર તેને કપડાથી સારી પેઠે ચોળીને લગાડવું. (જુઓ બીજી રીત નાં૦ ૧૬)

૧૬. બીજી રીત—કોલાંગવાતર બે આંઊસ "ટીંકચર કાનથરીડીશ" બે દરામ, રોઝમેરીનું તેલ દશ ટીપાં, લવંડરનં તેલ દશ ટીપાં. એ સઘલાને એક કાચની સીસીમાં મેલવી બોરકાં માથાના ભાગ ઉપર રાતના લગાડવું.

૧૭. બાલને ગુચ્છાદાર કરવાનુ મીક્ષચર—જ્યારે બાલ ગોલ વલતા નહી હોય અને ઉભાને ઉભા રેહેતા હોય તો તંકનખારં બે આઊંસ, બાવલનો ગુંદર એક દરામ, ગરમ પાણી (કકરતું નહી) એક બાટલી. એ બધાને એક વાસણમા નાખી પીગલાવવું. અને પીગલી રેહે કે તેની અંદર તરણ મોહોતા ચમચા ભરીને ઘણો સ્ત્રાંગ "પ્રશપીરીટ આફ કેમફર" નાખવો. પછી રાતના સુવા જતી વખતે એ મીક્ષચરથી બાલને ભીંજવવા અને કાગલની વીંટ કરીને તેમાં બાલને ગોલ લપટીને રાખવા. એમ જ્યાં સુધી બાલ ગુચ્છાદાર થાવ તયાં સુધી કરીઆ કરવુ.

૧૮. બાલને મજબુતી અને ચલકતાં કરવાનુ તેલ—"આઇલ આફ બેન" એક પેંટ, "આઇલ આફ જેસમીન" તરણ આઊસ, ગોલાબનું તેલ બાર ટીપાં. "સીવેટ" તરણ ગરેન એ બધાને એક કાચના બુચની બાટલીમા મેલવી ભરી રાખવું એ તેલ લગાડીયાથી બાલને મજબુતી તથા શોભાયમાન તથા સુગંધદાર થાય. એને "કુલીન આઇલ" કહીને કેહે છે.

૧૯. બાલને મજબુત કરવાનુ તેલ—"આલીવ આઇલ" બે પેંટ, ગોલાબનું અતર એક દરામ, "આઇલ આફ રોઝમરી" એક દરામ. એ સઘલાને એક બાટલીમા મેલવી નાખવું. એ તેલ લગાડીયાથી બાલને મજબુતી અને શોભાયમાન કરે છે.

૨૦. બાલ વાલવાનુ તેલ—મધમાખના પોરાનુ મીણુ એક અખરોટના ગરના

મજબુ જેટલું લઇ એક આંઉસ સાલીડ તેલમા પીગલાવવું તથા તેમાં સુગંધને માટે ગોલાબના અતરના બે ત્રણ ટીપાં નાખવા, એટલે બાલ વાલવાનું તેલ થશે.

૨૧. પતલા બાલને જાડા કરવાનું તેલ—"આલીવ આઇલ" ત્રણ આંઉસ, લવંડરનું તેલ એક દરામ. આ બેઉ તેલને બેલી સહવાર તથા સાંઝના બાલમાં લગાડવું.

૨૨. બાલમાટે ગુલાબી તેલ—"આલીવ આઇલ" એક બાટલી, ગુલાબનું અતર એક દરામ, રોઝમેરીનું તેલ એક દરામ. એ સરવેને મેલવવું. પણ એ તેલને રાતા રંગનું કરવાને વાસતે પેહેલા આલીવ તેલને ગરમ કરી તેમાં જરા "આલકાનેટ રૂટ" નાખી ઠંડું પડવા દેવું. જ્યારે થંડું પડે કે ગાળી કાહાડી તેમાં ઉપલા બાકીના સુગંધી તેલ મેલવી દેવા. એ તેલ બાલને મજબુતી અને ખુબસુરતી આપેછે.

૨૩. દાહાડી, કાટરા તથા મુછના બાલ વધારવાનુ તેલ—કોલોગવાટર બે આઉંસ; "ટીંકચર આફ કેનથારીડીશ" બે દરામ, રોઝમરીનું તેલ દશ ટીપાં. એ સઘલાને એક નાહાની કાચની સીસીમાં મેલવી દેવું એ તેલ અઠવાડીયામાં ત્રણ ચાર વાર રાતની વેલા ઘસડીને લગાડવું જેથી બાલ વધેશે.

૨૪. ચમપેલીનુ તેલ બનાવવાની રીત—જીણો પીંજેલો રૂઉ લઇને લોબાનના તેલમાં સારી પેઠે ભીંજવવો. પછી એક વાસણમાં અથવા રકાબીમાં જીણા તારની ચારણી મુકી તેની ઉપર તેલમાં ભીંજવેલો રૂઉ ગોઠવી ઉપર ચંપેલીના તાજા ફુલો મેલીને પોણો ઇંચ જાડું તે ફુલોનુ પડ કરવું. પછી બીજી રકાબી તેની ઉપર ઊંધી ચપટ ઢાંકીને એ બેઉ રકાબીઓને કપડાંથી ઢાંકી ત્રણ ચાર કલાક રેહવા દેવું. પછી તે ફુલોને આશતે રહીને રકાબીમાંથી બાહર કાહાડી નાખી તેને બદલે ફરીથી બીજા તાજા ફુલો તેમાં મુકી ઉપર પરમાણે પાછું પડ કરી રકાબી ઢાંકવી. એ પરમાણે દશ બાર વખત ફુલોને બદલવા. જ્યારે રૂઉમાંથી બરાબર ફુલનો વાશ નીકલતો માલમ પડે ત્યારે તે રૂઉને પરેશમાં દાબીને તેલ નીચવી કાહાડવું. અને એક નાહની સીસીમાં ભરી મજબુત બુચ મારી રાખવો. એટલે તે તેલમાંથી ચંપેલીનો વાસ આવશે.

૨૫ મોઘરાનું તેલ બનાવવાની રીત—જેમ ઉપર ચંપેલીનું તેલ કાહાડવાની રીત છે (જુઓ ના૦ ૨૪) તેજ પ્રમાણે એ તેલ પણ કાહાડવું. પણ એમાં ફરક એટલોજ કે ચમપેલીને બદલે ગુલછરીના તાજા ફુલો લેવા.

૨૬. ગુલછરીનું તેલ બનાવવાની રીત—જેમ ઉપર ચંપેલીનું તેલ કાહાડવાની રીત છે. (જુઓ ના૦૨૪) તેજ પ્રમાણે એ તેલ પણ કાહાડવું પણ એમાં ફરક એટલોજ કે ચમપેલીને બદલે ગુલછરીના તાજા ફુલોલેવા.

૨૭. ગોલાબના ફુલનું તેલ(બાલને લગાડવાનું)—ગોલાબના ફુલની તાજી પાંખડાઓ લેવી. પછી એ પાંખડીઓને જરા છુંદવી, અને તેવી છુંદેલી પાંખડી ત્રણથી ચાર આંઉસ લેવી. પછી તેને એક વાસણમાં નાખી ઉપર "આલીવ આઇલ"પાણી પેંટ રેડી મજબુત ઢાકણુ ઢાંકવું. પછી એ વાસણને એક અઠવાડીયા સુધી તડકામાં અથવા ચુલ્હાની ગરમ જગા આગલ મુકી રાખવું, પછી તેને ગાલી લેવું એ પ્રમાણે જ્યાં સુધી તે તેલમાથી ફુલનો વાસ નીકલે ત્યાંસુધી બીજા તાજા ગોલાબના ફુલની પાખડીઓ ઉપર પ્રમાણે નાખી તડકામાં થોડા દાહાડા મેલી ચોલીને બાટલીમા ગાલી લેવું.

૨૮. સફેદ બાલને કાલા કરવાની ઈંગ્રેજી રીત—"હાઇદરો સલફ્યુરેટ આફ આમોનીઆ" એક આંઉસ; "સોલ્યુશન આફ પોટાશ" ત્રણ દરામ, "દીશતીલ વાટર" (વરાલનું કીધેલું ગરમ પાણી અથવા વરસાદનું પાણી) એક આંઉસ. એ બધાને સાથે મેલવી દેઇ એક નાહની કાચની સીસીમાં ભરી તેની

ઉપર ના૦ ૧ લો લખીને એક કાગળની ચીઠી મારવી. ત્યારબાદ બીજી નાદલી એક કાચની સીસી લેઈ તે સીસીમાં "નાઇતરેટ આફ સીલવર" એક દરામ, "દીશતીલ વાટર" અથવા વરસાદનું પાણી બે આંઉસમાં પીગલાવીને સીસીની ઉપર ના૦ ૨ જો કરીને ચીઠી મારવી. હવે જ્યારે બાલને લગાડવું હોય ત્યારે પેહેલા બાલને કાંસકીથી હોરી સાફ કરવા. પછી (તુઠ બરશ) દાંત ઘસવાના નાહલા બરશને ઉપર ના૦ ૧ લા વાલી સીસીમાંથી થોડુ લઇને પંદરથી વીશ મીનીટ સુધી બાલ ઉપર ઘસડયા કરવું પછી કાંસકીથી બાલને છુટા પાડી હોરીને ના૦ ૨ જા વાલી સીસીમાંથી બીજા સોજા તુઠ બરસ ઉપર થોડું લેઇ સારી પેઠે ઘસડીને બાલને લગાડવું. પણ એમ કરતી વખતે ચામડાને લાગે નહીં તેની સંભાળ રાખવી, કેમકે ના૦ ૨ જા વાલી સીસીમાંના પાણીનો દાઘ ચામડીને લાગાથી કાલો દાઘ પડી રહેછે કે જે એકાએક નીકલી શકતો નથી. પણ જો બાલ જેવા જોઇએ તેવા કાલા નહી થાય તો ઉપલી રીત પ્રમાણે ફરીથી લગાડવું એ રંગની મેલવણી બરાબર થઇચ કે નહી તે જાણુવા સાર પેહેલા બાળના થોડાં ગુછાને કાપીને ઉપલા રીત પ્રમાણે અજમાવી જોવુ. (જુઓ બાદ્દ રીત ના૦ ૨૯)

૨૯. સફેદ બાળને કાળા કરવાની બીજી રીત—થોડાક આમરા લઇ એક આખી રાત સુધી પાણીમાં ભીંજવી રાખવા. સહવારના ઉઠતાને વાર બાલને સાબુથી ધોઇ નાખી તે આમરાનુ પાણી બાલને લગાડવુ. તે સુકાઇ ગયા પછી બાલ ખંખેરી નાખવા. પછી પેલા આમરાના પાણીમાં થોડીક કલબ વાટીને નાખવી, અને તે રાતે સુતી વખતે લગાડવું અને તેની ઉપર પાગ઼ મુકી પાતો બાંધી લેવો. સહવારના ઉઠતા માથું ધોઇ નાખવું, એ પ્રમાણે બે વખત કીધું એટલે બાલ કાલા રેહેશે પણ બીજા નવા ઉગનારા સફેદ આવશે જેને પણ તેમજ કાલા કરવા. ડા૦ સો૦ દસ્તુર.

૩૦. ખરીજતાં બાલને કુવટ આપનારૂ મિશ્ર—બુઢાપાના સબબથી બાલ ખરતા હોય તેનો અટકાવ થઇ શકતો નથી. પણ કવખતે ખરતાં હોય તો તેનો ઉપાય નીચલી દવાઓથી થઇ શકશે—"ટીંકચર કેનથારીડીસ" (Tincture cantharidis) બે દરામ અને એરંડીયું તેલ દોહોઢ આઉસ એ બેઉને સાથે મેલવીને સહવાર સાંઝ બે વાર માથા ઉપર લગાડવુ (જુઓ બીજી રીત ના૦ ૩૧.)

૩૧. બીજી રીત—"લીકર અમોનીઆ" એક આંઉસ, "કેમફોરેટેડ આલકોહોલ" દોહોર દરામ અને મીઠું અરધો આંઉસ. એ બધાને એક પેંટ પાણીમાં મેલવવું અને એ મેલવણીથી દીવસમાં તરણ ચાર વાર માથુ સારી પેઠે ધોયા કરવું. ધોવા પછી તે સુકાયું કે તેની ઊપર નીચે મુજબ પોમીતમ બનાવીને ચોપડવું:—ડુંકરની ચરબી ચાર ભાગ અને કપુર એક ભાગ લેઈ બંનેને સાથે મેલવીને તાવવું અને એક સરખું મલી જવા પછી તેને ઊતારી પાડવું. જ્યારે એ મેલવણી થંડી પડીને બંધાઇ જાય કે તેને એક કાચના ચપુમાં ભરી રાખી પોમીતમ તરીકે કામમાં લેવું

૩૨. બાલને લગાડવાનુ ગોલાબનુ સુગંધી તેલ—પાશેર તાજા કોપરેલ તેલને એક પેંટ "સાલીડ આઇલ" માં મેલવવું અને તેમાં જરા ખમણેલું જાયફલ નાખવું. પછી તેને ઉકાલીને ગાલી લેવું. જ્યારે એ તેલ ઘણું થંડું પડે કે તેમાં પંદર ટીપા ગોલાબનું અતર નાખવું. એટલે ગોલાબનું સુગંધી તેલ થશે.

૩૩ ચલકતા બાલ કરવાનુ તેલ—મીઠી બદામનું તેલ પાઆ પેંટ અને "સ્પરમાસીતાઇ" (Spermaceti) પાઆ આંઉસ લેવો. પેહેલા સ્પરમાસીતાઇની જીણી જીણી કરચો કરી તેને બદામનાં તેલમાં નાખી

એક વાસણમાં ચુલુલા ઉપર મુકવી. જ્યારે બેઉ મલીને એકરશ થાય કે ઉતારીને એને સારી પેઠે થંડું પાડવું. પછી તેમાં "આઇલ આફ બરગેમોટ" ના પાંચ છ ટીપાં નાખવા જો "આઈલ આફ બરગેમોટનું તેલ નહી હોય તો તેને બદલે બીજા કોઇ સુગંધી તેલના ટીપાં નાખવા. એ તેલ બાળને લગાડ્યાથી ચલકતા થશે.

૩૪. બાલને શુમારા કરવાની રીત— માથાના બાલને સાફ કરવા માટે ઇંડાની શફેતીમાં થોડું પાણી અને જરા "લવંડર વાતર" નાખી સારાપેઠે હીલવ હીલવ કરી મેલવી દેઇ એ મેલવણી બાલમાં ચોલીને લગાડવી. પછી શોન્ત પાણીથી બાલને સાફ કરવા, એટલે બાલ શુમારા થશે. F. 131.

૩૫. "મેરો આઇલ" (બાલને લગાડવા માટે)—આગલથી તાવીને મસમલના કપડામાંથી ગાલી કાહડેલી "બીફ મેરો" ૧ ભાગ અને બદામનુ તેલ ૩ ભાગને શાથે તાવીને મેલવી દેવો. પછી તેમા જાયફલનું તેલ, ગોલાબનુ અતર તથા લવંડરનું તેલ નાખી મેલવીને શીશીમાં ભરી મજબુત બુચ મારવો.(જુઓ બીજી રીત નાં૦ ૩૬) F. 971.

૩૬ બીજી રીત—"મેરો આઇલ" ૪ આંઉસમાં "શ્પીરીટ આફ રોઝમરી" ૧॥ આંઉસ અને જાયફલના તેલના ૧૨ ટીપા નાખી મેલવી દેવો. "મેરો આઇલ" બનાવવું હોય તો આગલથી તાવીને ગાલી કાહડેલી "બીફ મેરો" ૧ ભાગ અને બદામનું તેલ ૩ ભાગને શાથે તાવીને મેલવવાથી થાયછે. જો એને રંગનું કરવું હોય તો બદામના તેલના શાથે થોડું "પામ આઇલ" નાખવું.

બાલને સરખા તથા ચલકતા રાખવાના મીશ્રો.

BANDOLINE OR FIXATEUR.

૩૭. બાલને સરખા રાખવાનું "બેનદોલાઈન"—માથાના બાલોને કાંસકીથી હોરીને સરખા કરવા પછી તે બાલો પાછા ખોરવાઇને છુટા પડી નહી જાય પણ એમના એમ સાથે વળગેલાજ રહે તેને માટે આએ એઠલ તરેહવાર "બેનદોલાઇન" બનાવવાની રીતો આપેલી છે. એવી રીતના "બેનદોલાઇન" "હુરદરેશરો" વાપરેછે. જેમ કેટલીક સ્ત્રીઓ માથાના બાલોને કાંસકીથી હોરી ઉપર પાણીનો હાત ફેરવેછે કે જેથી બાલ ખોરવઇ નહી જાય તેને બદલે હાવી રીતના "બેનદોલાઈન" લગાડયાથી બાલ ખોરવઇ જવાનો ધાસતી રેહેતી નથી. પેહેલાં બાલને કાંસકાથી હોરીને એ "બેનદોલાઇન" માં વાદલા (સ્પંજ) નો કટકો ભીંજવી બાલ ઉપર લગાડવું. અથવા હાથના આંગલાં તેમા બોળી તેથી બાલને લગાડવું:—એક આંઉસ બેદાણાને એક શેર પાણીમાં નાખી આશરે અરધા કલાક સુધી ઉકાળવુ. પછી તેને બારીક તારનીચાંરીમાંથી અથવા કપડાંમાંથી ગાલી કાહાડવું. જ્યારે થંડુ પડેકે તેમા તમારી મરજીમાં આવે તેવું ખુશબોનું તેલ અથવા ગોલાબના અતરના અથવા લવંગના તેલના ૮ ૧૦ ટીપા નાંખી મેલવવું. પછી કાચના બુચની બાટલીમાં ભરી રાખવું. અને જ્યારે જોઈએ ત્યારે બાટલીને હીલવી ઉપર પ્રમાણે બાલને લગાડવું. (જુઓ બીજી રીત નાં૦ ૩૮) F. 34

૩૮. બીજી રીત—એક ચમચો ભરી અલસીના બીને અરધી પેટ પાણીમાં નાખી આસરે પાંચ મીનીટ સુધી ઉકાલવુ. પછી ગાલી કાહાડી થંડું પડે ને તેમાં ખુશબોના તેલના થોડાં ટીપાં અથવા થોડું કોલોનવાટર

નામવું. એ ઉપર પ્રમાણે બાલને લગાડવું. (જુઓ ત્રીજી રીત નાં૦ ૩૯.) F. 34.

૩૯. ત્રીજી રીત—એક ચમચો ભરી અલસીના બી, અરધી ચમચી ખોખરા કીધેલા બેદાણા અને એક ચમચી ભરીને આખી સફેદ રાઇ. એ બધાને એક પેંટ પાણીમાં નાખી ઉકાલવું. જ્યારે એ પાણીનો અરધો ભાગ બળી જાયકે તેને ગાલી કાહાડી થંડું પડવા દેવું. પછી તેમો "એસેનસ આવ અમબરગ્રીસ" તથા "એસેનસ આફ રોઝમરી" અને "એસેનસ આફ લેમન" ના થોડા થોડા ટીપા નાખી બાટલીમાં ભરી મજબુત બુચ મારવો અને ઉપર પ્રમાણે માથાના બાલ ઉપર લગાડવું. (જુઓ ચોથી રીત નાં૦ ૪૦) F. 34.

૪૦. ચોથી રીત—"આઇરીશ મોસ" (Irish moss) પાઆ આંઉસ લેઇ તેને સાફ કરવી. પછી તેનીપર ઘણુંજ ગરમ ઉકલતું પાણી અરધી પેંટ રેડી ઢાંકીને ૧૫ મીનીટ રહેવા દેવો. પછી તેને મલમનાં કપડાંમાંથી ગાલી કાહાડવુ. જ્યારે ઘણું થંડું પડેકે તેમાં અરધો આંઉસ "સ્પીરીટ આફ વાઈન" તથા લીંબુના તેલના અથવા કોઇબી બીજી જાતના ખુશબોના તેલના ૬ ટીપા નાંખીને બાટલીમાં ભરી મજબુત બુચ મારવો અને જ્યારે જોઇએ ત્યારે ઊપર પ્રમાણે બાલ ઊપર લગાડવું. (જુઓ પાંચમી રીત નાં૦ ૪૧) F. 34.

૪૧. પાંચમી રીત—બાવલનો સોજો ગુંદર ૧ાા આંઉસ, ગોલાબ ૨ આંઉસ, અને પાણી ૩ આંઉસ. ગુંદરને પીગલાવી મેલવી નાખો. પછી તેમાં ખુશબોના તેલના ટીપા નાખી બાતલીમાં ભરી રાખો. એ મેલવણી ઊપર પ્રમાણે માથાના બાલ ઉપર લગાડવી. (જુઓ છઠી રીત નાં૦ ૪૨) C. 651.

૪૨. છઠી રીત—એક પોહલા મોહડાની કાચની બાતલીમાં "ગમ ત્રાગાકંઠ" ૧ાા દરામ, પાણી ૭ આંઉસ, "પુરફ સ્પીરીટ" ૩ આંઉસ અને ગોલાબના અતરના ૧૦ ટીપા નાખી બુચ મારી ૨૪ કલાક સુધી રેહવા દેવો. જ્યારે ગુંદર પીગલી જાયકે તેને કપડાથી બીજી સીસીમાં ગાલી કાહડી બુચ મારવો. ઊપર પ્રમાણે માથાના બાલ ઉપર લગડવું (જુઓ સાતમી રીત નાં૦ ૪૩) C. 651

૪૩. સાતમી રીત—૧ાા આંઉસ આઇસીન ગલાસને એક રતલ પાણીમાં નાખી ચુહલા ઉપર મુકી ખુબ ઉકાલીને મેલવી નાખવું. પછી નીચે ઊતારી તેમાં ૨ આંઉસ "પુરફ સ્પીરીટ આફ વાઇન" નામી મેલવવું. થંડુ પડેને સુગંધને માટે તેમાં બદામનું તેલ નાખવું અથવા કોઇબી જાતનું સુગંધી તેલના થોડા ટીપા નાખી બાટલીમાં ભરવુ. પછી ઉપર પ્રમાણે બાલમાં લગાડવું. (જુઓ આઠમી રીત નાં૦ ૪૪) T. 85.

૪૪. આઠમી રીત—એક ભાગ "ગમ ત્રાગાકંથ" નો બારીક ભુકો લેઇ તેમાં ૩૦ ભાગ ગોલાબ નાખી ૩ દહાડા સુધી રેહવા દેવો. જ્યારે ગોલાબમાં સારી પેઠે પીગલીને એકરસ થાયકે તેને ગાલી કાહડવું. પછી એક પોહલા મોહડાની કાચના બુચનો બાટલીમાં એ નાખી તેમાં ગોલાબનું સુગંધી તેલ અથવા બદામનુ તેલ નાખી મેલવી દેવો. જો એમાં જરા કીરમજ નાખી મેલવશો તો રાતા રંગનુ થશે. એ ઉપર પ્રમાણે બાલ ઊપર લગાડવું. (જુઓ નવમી રીત નાં૦ ૪૫) T. 85.

૪૫. નવમી રીત—તાજા ઇંડાની સફેતીને થોડા પાણીની સાથે સારી પેઠે મેલવીને એકરસ કરી નાખી તેમાં થોડું "લવંડર વાતર" નાખી મેલવી દેઇ ઉપલી રીતે બાલ ઊપર લગાડવી. (જુઓ દશમી રીત નાં૦ ૪૬) F. 131

૪૬. દશમી રીત—બાવલના ગુંદરને પાણીમાં પીગલાવી ગાલી કાહડીને તેમાં થોડો કોલાન વાતર નામી મેલવી દેવો. પછી ઉપર પ્રમાણે માથાના બાલ ઉપર લગાડ્યાથી બાલ શરખા રેહેશે. F. 131

કપડા ઉપર છાંટવાના સુગંધી એસેન્સ તથા અતર.

Essences and Ottos.

૪૭. રૂમાલ ઉપર છાંટવાનું સુગંધી એસેન્સ—લવંડરનુ તેલ ૨ દરાંમ, બરગેમોટનુ તેલ (Bergamot oil) ૨ દરામ ગોલાબનુ અતર અરધો દરામ, "સ્પીરીટ આપ વાઇન" Spirit of wine) અરધો પેંટ, અરધું જાયફળ, લવંગ પાઆ આંઊસ. પેહેલા જાયફલ તથા લવંગને ખુંડીને બારીક ભુકો કરવો. પછી એક બાટલીમાં સ્પીરીટ વાઇન રેડી તેમાં ભુકો નાખી તરણ ચાર દાહાડા સુધી એક ઠેકાણે મુકી રાખવું, પછી લવંડર તથા અતર અને બરગેમોટનું તેલ નાખી સઘલાને બલાટીંગ પેપરમાંથી ગાલી લેવું. પછી કાચના બુચની સીસીઓમાં ભરી રાખવું.

૪૮. રૂમાલ ઉપર છાંટવાની (Esprit de Bouquet) ફરેંચ ખુશબો—લવંડરનું વેલાતી તેલ ૨ દરામ, લવંગનું તેલ ૨ દરામ, "આઇલ આપ બરગેમોટ" ૨ દરામ, તજના તેલના ૨૦ ટીપા, ગોલાબના અતરના ૨૦ ટીપા, "એસેનસ આફ મશક" (Essence of musk) ૧ દરામ, "રેકતીફાઇડ સ્પીરીટ ૧ પેંટ. એ સઘલાને કાચના બુચની બાતલીમાં નાખી મેલવી દેવું. (જુઓ બીજી રીત નાં૦ ૪૯)

૪૯. બીજી જાતની (Esprit de Bergamot) ફરેંચ ખુશબો—"એસેનસ આફ બરગેમોટ" (Essence of Bergamot) ૫ આંઊસ, "એસેનસ આફ આમબરગ્રીસ" (Essence of ambergris) ૨ આંઊસ, "એસેનસ આફ મશક" Essence of musk) અરધો આંઊસ, "આઇલ આફ વરબીના" (Oil of verbina) ૨ આંઊસ "રેકતી ફાઇડ સ્પીરીટ" (Rectified spirit) ૯ ગાલન. એ બધાને મેલવી નાખી કાચની સીસીઓમાં ભરવું, એ એસેનસ રૂમાલ ઉપર છાંટવામા આવેછે.

૫૦. રૂમાલને માટે સુગંધી ફ્રેંચ ખુશબો—"સ્પીરીટ આફ વાઇન" ૪ પેંટ "મશક" (Musk) ૧૦ ગરેન, "એસેનસ આફ લેમન" ૧॥ આંઊસ, લવંગનું તેલ (Oil of cloves) ૧ આંઊસ, લવંડરનું તેલ વેલાતી (English oil of lavender ૧ આંઊસ. એ બધાને મેલવી કાચની સીસીઓમાં ભરવું.

૫૧ રૂમાલને માટે (Eau de Mare chale) ફ્રેંચ છંટકાવ-કસતુરી (musk) ૨૦ ગરેન, "એસેનસ આફ બરગેમોટ" (Essence of bergamot) ૧ આંઊસ "આઇલ આપ લવંડર" ૧ આંઊસ, લવંગનુ તેલ ૧ આંઊસ, "એસેનસ આફ આમબરગ્રીસ (Essence of ambergris) ૨ આંઊસ, "આઇલ આફ સાસાફરાસ" (Oil of sassafras) ૧૫ ટીપાં, "આઇલ આફ મારજોરમ" (Oil of marjoram) ૨૦ ટીપા. "સ્પીરીટ આફ વાઇન" ૪ પેંટ. એ બધાને મેલવી કાચની બાતલીઓમાં ભરવું.

૫૨. રૂમાલપર છાંટવાનુ (Esprit de La Reine) ખુશબોદાર ફ્રેંચ એસેન્સ—"આઇલ આફ બરગેમોટ" (Oil of bergamot) ૧ આંઊસ, "એસેનસ આફ અંબરગ્રીસ" (Essence of ambergris) ૨ દરામ, ગોલાબનું અતર ૧ દરામ, "રેકતી ફાઇડ સ્પીરીટ" ૧ બાતલી. એ બધાને કાચની બાતલીમાં મેલવી નાખવું.

૫૩. કપડા તથા રૂમાલ ઉપર છાંટવાનુ અતર—"એસેનસ, આફ બરગેમોટ" (Essence of bergamot) ૧ દરામ, એસેનસ આફ લેમન (Essence of lemons) ૧ દરામ, "આઇલ આફ ઓરંજ" (Oil of orange), અરધો દરામ, આઇલ આફ

નીરોલી" (Oil of neroli)વીસ ટીપાં, "આઇલ આફ રોઝમરી" (Oil of rosemery) દશ ટીપાં,"એસેનસ આફ અંબરગ્રીસ"(Essence of ambergris) એક ટીપું, "એસેનસઆફ મશક" (Essence of musk) એક ટીપુ, રેકટીફાઇડ સ્પીરીટ અરધી પેંટ. એ બધાંને એક બાતલીમાં મેળવી નાખવુ. એ કપડા ઉપર છાંટવાથી સારો સુગંધ આપશે.

૫૪. "યુદીમેસેલાઇન" નામનું સુંગંધી એસેનસ—"સ્પીરીટ આફ વાઇન" ૨ કુવાર્ટ, સ્પીરીટ આફ રોઝીસ ૨ કુવાર્ટ, સ્પીરીટ આફ જેશમીન ૨ કુવાર્ટ, સ્પીરીટ આફ આરંજ ફલાવરશ ૨ કુવાર્ટ, સ્પીરીટ આફ કલવ ગીલી ફલાવરશ ૧ કુવાર્ટ, એસેનસ આફ વનીલા ૨ આંઉસ, એસેનસ આફ મશક (કસતુરીનું એસેનસ) ૨ આંઉસ, રાતું સુખડ અરધો આંઉસ, આરંજ ફલાવર વાતર (નારંગીના ફુલનું પાણી) ૧ કુવાર્ટ, ગોલાબજલ ૧ પેંટ. એ સઘલાને મેલવી નાખવું. પણ જો એ એસેનસ થોડું બનાવવું હોય તો ઉપર કહેલી સઘલી ચીજો અરધે ભાગે લેવી

૫૫. જાન કુવીલી પરફયુમ—આઇલ આફ શાશાફ્રાશ (Oil of sassafras) એક ભાગ, આઇલ આફ આરંજ એક ભાગ, વલીઆરીનું તેલ બેભાગ, લવંડરનુ તેલ તરણુ ભાગ, એસેનસ આફ લેમન આઠ ભાગ. એ બધાને કાચની સીસીમાં મેલવી નાખવું. એ એસેનસ રૂમાલ ઉપર છાંટવામાં આવે છે.

૫૬. રૂમાલને માટે ખુશબોદાર દ ટકાર—આઇલ આફ લવંડર ત્રણ દરામ. એસેનસ આફ અમબરગ્રીસ (Essence of ambergris) ૬ ટીપાં; કપુર એક ગરેન સ્પીરીટ આફ વાઇન એક પેંટ. એ બધાને એક પખવાડીયા સુધી બાતલીમાં નાખીને હીલવયાં કરવું. પછી ગાલી કાહાડી બીજી સીસીમાં ભરી રાખવું.

૫૭. "પ્રીન્સ આલબરટ ઓન પરફ્યુંમ—અમબરગ્રીસ(Ambergris)અરધો આંઉસ, મશક (Musk) ત્રણ દરામ. લમપ શુગર (Lump sugar) બે દરામ, એ ત્રણ જીણસોને લાકડાની ખલમાં છુંડીને તેમાં લવંગનું તેલ દશ ટીપાં, તથા બાલશમ આફ પીરૂ (Oil of Balsm of Peru) ના તેલના ૨૦ ટીપાં નાખીને મેલવવું. અને તે સઘલું ધાહાર જેવું થાય એટલું આઇલ આફ જેશમીન નાખીને મેલવવું. પછી એક બાટલી સ્પીરીટ આફ વાઇનમાં એ બધું નાખીને બુચ મારવો. અને એ બાટલી હીલે નહી તેવી જગા ઉપર અઠવાડીયા સુધી મુકી રાખવી. એ મેલવણીમાંથી થોડાં ટીપાં લવંડરના પાણી (લવંડર વાતર) માં અથવાં કોલાંગવાતરમાં નાખી કપડા ઉપર છાંટશો તો શારો સુગંધ આવશે. અથવા તુથ પાઉદરમાં નાખશો તો સુગંધી તુથ પાઉદર થશે.

૫૮ કુવીનશ ઓન પરફ્યુમ—એસેનસ આફ કલવ (લવંગનું એસેનસ) પોણો દરામ, એસેનસ આફ બરગેમોટ પોણો દરામ એસેનસ આફ નીરોલી એક દરામ, એસેનસ આફ મશક (Essence of musk) અરધો આંઉસ, ગોલાબ અરધી પેંટ, સ્પીરીટ આફ તીયુબરોઝ (Spirit of tube rose) અરધી પેંટ, સ્પીરીટ આફ વાઇન અરધી પેંટ, સ્પીરીટ આફ જેમીશન (Spirit of jasmin) એક પેંટ. પેહેલા સ્પીરીટ વાઇનની અંદર બધા એસેનસ નાખવા. પછી તેમા બાકીના બાંન્ને સ્પીરીટ નાખી ગોલાબ નામીને સારી પેઠે મેલવીને બાતલીમાં ભરવુ. એ કપડા ઉપર છાંટવાથી શારો સુગંધ આવશે.

૫૯. લવંડરનું અતર—આએ હેઠલ કહેલી સઘલી જીણસોને મેલવી બાતલીમાં ભરી મજબુત બુચ મારી સારીપેઠે હીલવીયા બાદ એક હલાએદી જગાપર એ બાતલીને દશ પદર દાહાડા મુકી રાખવી. પછી તેને ગાલી કાહાડી બીજી બાતલીમાં ભરવું. "આઇલ આફ લવંડર" (Oil of lavender) ત્રણ દરામ "આઇલ આફ બરગેમોટ" (Oil of

bergamot) ત્રણ દરામ, ઉંચુ ગોલાબનું અતર દશ ટીપાં, કસતુરી ૧।। ગરેન, આઇલ આફ રોઝમરી (Oil of rosemery) પોણો દરામ, બેનઝોઇક આશીડ (Benzoic acid) ૧।। સ્ક્રૂપલ, રેકટીફાઇડ સ્પીરીટ (Rectified spirit એક પેંટ, દાલ્ચીની વાતર ત્રણ આંઉસ.

૬૦. "હુંગરી વાતર" નામનું સુગંધી અતર—એક બાતલીમાં એસેનસ આફ અમબરગ્રીસ બે દરામ, આઇલ આફ રોઝમ । એક આંઉસ અને સ્પીરીટ આફ વાઇન એક પેંટ નાખી મેલવીને એક મહીના સુધી રાખી મેલવું. પણ તેટલા વખતમાં તેને હીલવ હીલવ કરવું. પછી તેને રંગ આપવાને વાસ્તે આલકાનેટ રૂટ નામની રંગ લાવનારી દવા નાખી તેને ગાલીને નાની શીશીઓમાં ભરી મુકવું. એને કપડા ઉપર છાંટવાથી સારો સુગંધ આવશે.

૬૧. હુનીવાતર નામનું સુગંધી અતર—ટીંકચર આફ આમબરગ્રીસ બે દરામ, ટીંકચર આફ મશક (Tincture of Musk) બે દરામ, સ્પીરીટ વાઇન એક કુવાર્ટ, પાણી અરધી પેંટ. એ બધાને સાથે મેલવીને પછી ગાલી લેવું. પછી કાચના બુચની નાની શીશીઓમાં ભરી રાખવુ એ રૂમાલ તથા કપડા ઉપર છાંટવામાં આવે છે.

૬૨. લવંડરનું એસેનસ બનાવવાની રીત—લવંડરનું સુગંધી તેલ ગાડા ત્રણ આંઉસ, રેકતીફાઈડ સ્પીરીટ બે બાતલી. ગોલાબ અરધી પેંટ, ટીંકચર આફ આરીશ રૂટ (Tincture of Oris root) અરધી પેંટ એ બધાને એક બાતલીમા મેલવી નાખવું. એ એસેનસ કપડા અથવા રૂમ ઉપર છાંટવામાં આવે છે.

૬૩. વરબીનાનું એસેનસ—વરબીનાનું સુગંધી તેલ (Scented oil of verbina) ૨ દરામ, રેકતીફાઇડ સ્પીરીત ચાર આઉંસ, એસેનસ આફ આમબરગ્રીસ (Essence of ambergris) અરધો દરામ, આરંજ ફ્લાવર વાતર(નારંગીનાફુલનું પાણી) અરધો આંઉસ, એ બધાને બાતલીમાં નાખી મેલવી દેવો. એ એસેનસ કપડા ઉપર છાંટવામાં આવે છે.

૬૪. "કોલાંગ એસેનસ"—આઇલ આફ બરગેમોટ (Oil of bergamot) ૨ દરામ, એસેનસ આફ સીડરેટ (Essence of cedrat) અરધો દરામ, આઇલ આફ રોઝમરી (Oil of Rosemery) ૧૫ ટીપાં, રેક્તી ફાઇડ સ્પીરીટ અથવા સ્પીરીત આફ બામ (Rectifed spirit or spirit of balm) દોઢોડ આંઉસ. એ બધાને એક કાચની બાતલીમા મેલવી નાખવું.

૬૫ "એસેનશીયા બોઆરીશીરા" (ખુશબોદાર એસેન્સ)—મશક (કશતુરી) ૧૧ ગરેન,"આલશમ આફ પીરૂ"૧૧ ગરેન, સીવેટ ૫ ગરેન, "આઇલ આફ કલવશ" ૬ ગરેન, "આઇલ આફ રોહદીયમ" ૨ ગરેન, "સાલટ આફ તારતાર" ૩૦ ગરેન, "આલકોહોલ" ૨ આઊંસ. એ સઘલાને મેલવી બે ત્રણ દીવસ સુધી એક બાતલીમાં રાખવુ. પછી બીજી સીસીમાં ઉપરથી નીટારી લેવુ એટલે ઘણુ સારૂ સુગંધી એસેન્સ થશે.

૬૬. "એસેનસ આફ જેસમીન"—વાયોલેટનુ એસેનસ (Essence of violet) એક આંઉસ, એસનસ આફ સીદરેટ (Essence of cedrat) બે દરામ. એ બન્નેને કાચની સીસીમાં મેલવી નાખવું.

૬૭ "એસેનસ આફ સીગેતા" બનાવવાની રીત—એસેનસ આફ બરગેમોટ એક આંઉસ, અને એસેનસ આફ નીરોલી બે દરામ. એ બેઉને એક કાચની સીસીમાં મેલવી નાખવુ.

૬૮. "સ્પીરીટ આવ રોઝ બનાવવાની રીત—અરધી પેંટ સ્પીરીટ વાઈનમાં ગોલાબના અતરના ૬ ટીપાં નાખી મેલવી દેવુ, એ સ્પીરીટ છાંટવાથી સુગંધ આવે છે.

૬૯. "સ્પીરીટ આવ જેશમીન" બનાવવાની રીત—અરધી પેંટ સ્પીરીટ વાઇ-

નમાં "એસેન્સ આફ્ જેસમીન" એક દરામ નાખીને મેલવવું.

૭૦. સ્પીરીટ ઓફ્ લવંડર—અરધી પેંટ સ્પીરીત વાઇનમાં લવંડરનું સુગંધી તેલ એક દરામ નાખી મેલવી દેવો.

૭૧. "રોઝવાટર" બનાવવાની રીત—અરધી પેંટ દીશતીલ વાતર અથવા વરસાદના પાણીમાં એક દરામ "સ્પીરીટ આફ્ રૌઝ"ને મેલવી નાખો.

૭૨. "જેસમીન વાટર" બનાવવાનો રીત—અરધી પેંટ વરસાદના પાણી અથવા દીશતીલ વાટરમાં "સ્પીરીટ આફ્ જેશમીન" એક દરામ નાખી મેલવવું.

૭૩. "તાઇલેટ વીનીગર" બનાવવાની રીત—ગોલ બના સુકા ફુલની પાંદડી ૪ આઊંસ, ગોલાબનું અતર ૯ ટીપાં, રેકતી ફાઇડ સ્પીરીટ ૧૦ આઉંસ, "દીલયુતડ એસીટીક આસીડ" ૪૦ આંઉસ. એ બધાને એક મજબુત ઢાંકણવાલા સાંકડા વાસણમાં નાખી ચઊદ દીવસ સુધી ભીંજવી રાખવું. પછી બાતલીઓમાં ભરી મેલો. એને (Toilet vinegar) કહેછે.

૭૪ હાથના મોજામાં લગાડવાની ખુશબો—એક આંઉસ સ્પીરીત આફ્ વાઇનની અંદર બે ટીપાં અમબરગ્રીશના અરકના નાખવા. પછી તેમાં રૂઉ ભીંજવીને હાથના મોજાની અંદરની બાજુએ લગાડવુ, એટલે ઘણો સારો સુગંધી પમરાત આવશે.

૭૫. ગોલાબનું ઉંચુ અતર બનાવવાની રીત—મટાડીનું બનાવેલુ મોહતું એક વાસણ અથવા લાકડાનું સોજુ મોહતુ તપ લેવો, અને તે વાસણમા અથવા તપમાં ખરા ગોલાબના મોહતા ફુલોની માતર પાંદડીઓ ભરવી. પછી એ ફુલોની બધી પાંડદીઓ ઢંકાઈ જાય તેટલું તેમા શોજુ તાજુ મીઠું પાણી રેડી સહવારથી તે શાંહાજ સુધી તડકામાં મુકી રાખવું, તથા રાતની વખતે તે તપને ઘેરમા મુકવું. એ પ્રમાણે દરરોજ ૭ અથવા સાત દાહડા સુધી તડકામા મુકી રાખો. ત્રણ ચાર દાહડામા તો તેનીપર જરા જરા પીલા ચીકાશના છાંટા તરી આવશે. અને બાકીના બીજા દાહડામા તો વધારે ઉપર તેલ તરી આવશે, એટલે માતર તે તેલને સલીને વીતાલેના રૂઉથી કરી પાણી ઊપરથી શંભાલીને ઊચકી લઇ કાચની નાહની સીસીમા રૂઉને નીચવીને તેમાં ભરી મજબુત બુચ મારવો. એ પ્રરમાણે જ્યાં શુધી તેમાંથી તેલ નીકળે ત્યાશુધી તડકામા તે તપને મુકી રાખી ઉપર પ્રમાણે તેલ કાંહડતાં જવુ એવી રીતનું કાડેલું અતર ઘણુ મોંઘી કીમતે વેચાય છે. F 256.

૭૬. અમબરનું અત્તર બનાવવાની રીત--એક બાતલીમાં એક પેંટ સરસ દારૂ તથા પાંચ દરામ અમબર નાખવું. પણ એ અમબરને દારૂમાં નાખીઆની અગાઉ તેને ઘણુજ બારીક કાપીને નાખવું. પછી બાતલીને મજબુત બુચ મારવો. પછી એ બાતલીને એક અથવા બે મહીના સુધી તડકામાં મુકી રાખવી, અને તેટલાં વખતમાં તેને ઘડી ઘડી હીલવવી. પછી તેને ગાલી કાહાડી બીજી સીસીઓમાં ભરી મજબુત બુચ મારી રાખવી.

૭૭. રૂમાલ ઉપર છાંટવાનું ખુશબોદાર એસેનસ—અરધી પેંટ સઉથી સરસ રમ અથવા બરાનડી દારૂમાં અરધુ જાયફલ અને પાઆ આંઉસ લવંગને છુંડીને તેમાં મેલવીને તરણ ચાર દાહાડા રેહવા દેવો. પછી તેમાં લવંડરનુ તેલ ૨ દરામ, બરગેમોટનું તેલ (Oil of bergamot) ૨ દરામ, લીંબુનો રસ એક દરામ, ગોલાબનું અત્તર અરધો દરામ નાખવું. તયાર પછી તેને હીલવી એક ગંણીમાં બલોટીંગ પેપર મુકીને ગાલી નાહની કાચની સીસીઓમાં ભરી રાખો. આ એસેનસ કપડા ઉપર છાંટવાથી સારો સુગંધ આવશે.

૭૮. "ચુડી બોકે" નામનું સુગંધી અત્તર—"સ્વીટ સેનટેડ હનીવાતર" (Sweet scented honey water) ૧ આંઉસ,

એસેનસ ડી જેસમીન (Essence de jasmine) ૫ દરામ, સ્પીરીટ આફ વાયોલેટ (Spirit of violets) ૪ દરામ, કેલેમસ આરોમેટીકસ (Calamus aromaticus) ૨ દરામ, લવંડરનું એસેનસ (Essence of lavender) ૨ દરામ, સાઇરપ આફ કલવ (Syrup of cloves) ૪ દરામ, એશેનસ આવ સાઇપરસ રૂત (Essence Cyperus Root) ૨ દરામ, એશેનસ આવ નીરોલી (Essence of neroly) ૧ સ્ક્રૂપલ, લવંડર (Lavender) ૨ દરામ. એ સરવેને સાથે મેલવી સીસીમાં ભરી મજબુત બુચ મારી રાખવો. એ કપડા તથા રૂમાલ ઉપર છાંટવામા આવે છે. એમાં કેતલાં બનાવનારાઓ થોડા ગ્રેન કશતુરીનું એશેનસ તથા અમબરગીરીસનું " એશેનસ. (Essence of ambergris) નાખે છે,

૭૯. સુખડનું અત્તર કાહાડવાની રીત—મલબારી સુખડના નાના કટકાને થોડા દાહાડા પાણીમાં ભીંજવી રાખી તેજ પાણી સાથ ઉકાલવા, અને સારી રીતે ઉકસે એટલે નીચે ઉતારી લઇ તેની ઉપર જે તેલ તરી આવયું હોય તેને સંભાળથી નીતારી લેવું.

૮૦. કેવડાનું અત્તર—સુખડના તેલમાં સારા સુગંધી કેવડાને બોલી રાખવો. અને જયારે તેમાંથી કેવડાના જેવો વાસ નીકળે એવું થાય કે કેવડાને સારી પેઠે દાબી એક સીસીમાં એ તેલ રેડી મજબુત બુચ મારવો. જો બરાબર વાશ નહી આવે તો બીજો કેવડો તેમાં ભીજવી રાખવો.

૮૧. મીલીફૂલીઅરશ નામનું સુગંધી અત્તર—સ્પીરીત આવ વાઇન ૮ આંઉસ, સ્પીરીત આવ જેશમીન ૨ દરામ, એસેનસ આફ લવંડર અરધો દરામ, એસેનસ આફ બરગેમોટ ૨ દરામ, આરંજ ફલાવર વાતર ૮ આંઉસ. એ બધાને થોડા દાહાડા મેલવી રાખો. (જુઓ બીજી રીત નાં૦ ૮૨) F. 119.

૮૨. બીજી રીત—સ્પીરીત આફ વાઇન પ્રવાહી દોહોર રતલ, સ્પીરીત આવ જેશમીન ૨ દરામ, એસેનસ આફ લવંડર અરધો દરામ, એસેનસ આફ બરગેમોત ૨ દરામ, આરંજ ફલાવર વાતર અરધી પેંટ. (જુઓ ત્રીજી રીત ના૦ ૮૩.)

૮૩. ત્રીજી રીત—સ્પીરીત આવ વાઇન ૫ ગયાલન, આરંજ ફ્લાવર વાતર ૧ ગયાલન, બાલશમ આફ પીરૂ ૪ આંઉસ, એસેનસ આફ બરગેમોત ૮ આંઉસ, એસેનસ આફ મશક ૮ આંઉસ, એસેનસ આવ કલવ (લવંગનું એસેનસ) ૪ આંઉસ, એસેનસ આફ નીરોલી ૨ આંઉસ, એસેનસ આફ થાઇમ ૧ આંઉસ. એ બધાને મેલવી દેવું. A. 158.

૮૪. લવંડર વાતર બનાવવાની રીત—વેલાતી સોજું આઇલ આફ લવંડર (લવંડરનું તેલ) ૪ દરામ, લવંગનું તેલ અરધો દરામ, કસતુરી (Musk) ૫ ગરેન, સોજજો સ્પીરીટ આફ વાઇન ૬ આંઉસ, પાણી ૧ આંઉસ. પેહેલા લવંડરને થોડા સ્પીરીટની સાથે મેલવવું. તયાર બાદ બાકીની ઉપલી ચીજે તેમાં નાખીને એક બાતલીમાં ભરી મજબુત બુચ મારીને બે મહીના સુધી રેહવા દેવી. વાપરતી વખતે તેને હીલવીને વાંપરવું. (જુઓ બીજી રીત ના૦ ૮૫)

૮૫. બીજી રીત—એક ગ્યાલન પુર સ્પીરીટમાં સવા આંઉસ ઉચુ આઇલ આફ લવંડર મેલવી દેવું. જયારે સ્પીરીટની સાથે લવંડર તેલ મલી જાય કે કાચની બાતલીઓમા ભરી રાખો અને જયારે જોઇએ તયારે બાતલીને આગલથી હીલવીને પછી વાપરવામાં લેવો. (જુઓ ત્રીજી રીત ના૦ ૮૬)

૮૬. ત્રીજી રીત—એક ગ્યાલન પરૂ સ્પીરીટમાં દોહોર અથવા બે રતલ લવંડના ફુલોને ભીંજવી રાખવા. (જુઓ ચોથી રીત ના૦ ૮૭)

૮૭. ચોથી રીત—આંઇલ આફ ઇંગ્લીશ લવંડર ૨ આંઉસ, એસેનસ આફ

અમબરગ્રીશ અરધો આંઉસ, સ્પીરીટ આફ વાઇન ૨ ગ્યાલનમાં મેળવી દેવો. (જુઓ પાંચમી રીત ના૦ ૮૮) F. 207.

૮૮. પાંચમી રીત—આઇલ આફ ઈંગ્લીશ લવડર ૫ આઉસ, સ્પીરીટ આફ વાઇન ૩ ગ્યાલન, દીશતીલ વાતર ૨ ગ્યાલન. એમાં થોડી બરેલી ફટકી નાખી થડવા દેવું. (જુઓ છઠી રીત ના૦ ૮૯)

૮૯. છઠી રીત—લવંડરનું તેલ ૨ આંઉસ, આઇલ આફ રોઝમરી ૧ આંઉસ, ગ્રીન આઇલ આફ સીનામન ૪ ટીપાં, પ્રૂફ સ્પીરીટ ૧ ગ્યાલન. (જુઓ શાતમી રીત ના૦ ૯૦) F. 207.

૯૦. સાતમી રીત—ઇંગ્લીશ આઇલ આફ લવંડર ૩ આંઉસ. એસેનસ આફ બરગેમોત ૧ આંઉસ, એસેનસ આફ અમબરગ્રીશ ૫ દરામ, સ્પીરીટ વાઈન ૧૪ પેંટ, ઉંચો ગોલાબ ૧ કુવાર્ટ. (જુઓ આઠમી રીત ના૦ ૯૧) F. 207.

૯૧. આઠમી રીત—આઇલ આફ લવંડર ૨ દરામ, એસેનસ આવ બરગેમોત ૧ દરામ, એસેનસ આવ અમબરગ્રીશ ૩૦ ટીપાં, આઇલ આફ રોહદીયમ ૬ ટીપાં, સ્પીરીત આફ વાઈન ૧ પેંટ. (જુઓ નવમી રીત ના૦ ૯૨) F. 207.

૯૨. નવમી રીત—આઈલ આફ લવંડર ૨ દરામ, આઈલ આફ રોઝમરો ૧ દરામ, એસેનસ આફ અમબરગ્રીશ ૧ દરામ સ્પીરાટ આફ વાઈન ૨ પૌંડ (જુઓ દશમી રીત ના૦ ૯૩) F. 207.

૯૩ દશમી રીત—ઇંગ્લીશ આઇલ આફ લવડર ૨ આંઉસ, એસેનસ આફ અમબરગ્રીશ ૧ આંઉસ, કોલાનવાતર ૧ પેંટ, રેકતી ફાંઇડ સ્પીરાટ ૧ કુવાર્ટ. એ બધાને મેળવવું. F. 207.

૯૪. રાતા રંગનું લવંડર—હલકો સ્પીરીટ આફ લવંડર ૩ પૌંડ, સ્પીરીટ આફ રોઝમરી ૧ પૌંડ, તજનો ભુકો અરધો આંઉસ, જાયફળનો ભુકો અરધો આંઉસ, રાતા સુખડની ભુકી ૩ દરામ, અને જો જરા વધારે ઘેરા રંગનું કરવું હોય તો જરા વધારે સુખડ લેવું. એ બધાને થોડા દાહાડા ભીંજવી રાખીને પછી બીજી બાતલીઓમાં ગાલી કાહાડવું.(જુઓ બીજી રીત ના૦ ૯૪) F.206)

૯૫. બીજી રીત—રાતા સુખડનો રંદાથી છોલી કાહાડેલો બારીક ભુકો ૧ રતલ, ઓલ સ્પાઇસ અને કાસીઆ ઉડ એ દરએક ૮ આંઉસ, સ્પીરીટ આફ વાઇન ૧૨ પેંટ. એ બધાને થોડા દાહાડા ભીજવી રાખી પછી ગાલી કાહાડવું. તયારબાદ તેમાં લવંડરનુ તેલ ૪ આંઉસ. આઇલિ આપ રોઝમરી ૨ આંઉસ અને પ્રૂફ સ્પીરીટ ૪ ગ્યાલન નાખી મેળવવું. 205.

૯૬. કોલનવાતર બનાવવાની રીત-આલકોહોલ ૧ ગ્યાલન, નારેળીનું તેલ ૫૦ ટીપાં, એસેનસ આવ શીદરેટ ૫૦ ટીપાં, એસેનસ આવ આરંજ ૫૦ ટીપાં, એસેનસ આવ લેમન ૫૦ ટીપાં, એસેનસ આવ બરગેમોટ ૫૦ ટીપાં, એસેનસ આવ રોઝમરી ૫૦ ટીપાં, એલચીદાણા ૨ દરામ. આ મેલવણીને જતરમાથી ગાલી કાહાડો અથવા, બધાને થોડા દાહાડા મેલવી રાખી અમથું ગાલી કાહાડો. (જુઓ બીજી રીત ના૦ ૯૭) A. 174.

૯૭. બીજી રીત—એસેનસ આફ બરગેમોટ ૧ આંઉસ, એસેનસ આફ લેમન ૧ આંઉસ, એસેનસ આવ રોઝમેરી ૧ આંઉસ, એસેનસ આફ પોરચુગલ (Essence of Portugal) ૧ આંઉસ, નીરોલી અરધો આંઉસ, આલકોહોલ ૯ અથવા ૧૦ ગ્યાલન. એ બધાને એક બંધ વાસણમાં મેલવી રાખવું. (જુઓ ત્રીજી રીત ના૦ ૯૮) A. 173.

૯૮. ત્રીજી રીત -એસેનસ આવ બરગેમોટ ૬ આંઉસ, એસેનસ આફ નીરોલી ૩ દરામ, એસેનસ આફ શીદરેટ ૪ દરામ,

એસેનસ આફ લેમન ૬ દરામ, એસેનસ આફ રોઝમેરી ૨ દરામ, યુદી મીલીશી દીશ કારમીશ (Eau de melisse des carmes) ૫ દરામ, સ્પીરીટ (૨૫ ઓવરપ્રૂફ) ૪ ગ્યાલન. આ બધાંને મેળવી રાખી પછી જંતરમાંથી ગાળી કાહાડો. (જુઓ ચોથી રીત ના૦ ૯૯) A, 173.

૯૯. ચોથી રીત સ્પીરીત આવ વાઇન ૨ પેંટ, એસેનસ આફ સીતરંન ૨ દરામ, એસેનસ આફ બરગેમાત ૨ દરામ, એસેનસ આફ શીદરેત ૧ દરામ, એસેનસ આફ લવંડર અરધો દરામ, એસેનસ આફ આરંજ ફ્લાવર ૧૦ ટીપા, ટીંકચર આફ અંબરગ્રીશ ૧૦ ટીપા. ટીંકચર આફ મશક અરધો દરામ, ટીંકચર આફ બેનઝોઇન ૩ દરામ, એસેનસ આફ રોઝીશ ૨ ટીપાં. એ બધાને મેળવી ગાળી કાહાડો. (જુઓ પાચમી રીત ના૦ ૧૦૦) F 118.

૧૦૦. પાચમી રીત—"ઓઇલ આફ બરગેમાટ" ૧૫૦ ટીપાં, ઓઇલ આફ લેમન ૬૦ ટીપા, "ઓઇલ આફ પોરચુગલ" ૫૦ ટીપા, "ઓઇલ ઓફ નીરોલી" ૨૦ ટીપા, "ઓઇલ આફ પીટીટ ગરેન" ૧૦ ટીપા, "ઓઇલ ઓફ લવંડર" (વેલાતી) ૨૦ ટીપા, "ઓઇલ આફ રોઝમરી" ૧૦ ટીપા, "ઓઇલ આફ મીલીશા" (Oil of Melissa) ૫ ટીપા. શોજે "સ્પીરીટ" ૩૦ આંઉસ, ગેલાબ ૧૪ દરામ, "આરંજ ફ્લાવર વાતર" ૧૪ દરામ. પેહેલા સ્પીરીટની અંદર બધી જાતના તેલ નાખી સારી પેઠે હીલવ હીલવ કરીને થોડા દાહાડા રેહવા દેવા, પણ એટલા દાહાડા વચે તેને ઘરી ઘરી હીલવ હીલવ કરતાં રેહવુ. પછી તેમાં ગેલાબ તથા "આરંજ ફ્લાવર વાતર" નામી શારી પેઠે હીલવ હીલવ કરી થેડા દાહડા રેહવા દેવો; પણ જો તે બરાબર નીટર નહી જણાય તો તેને ગાળી લેવો. (જુઓ છઠી રીત ના૦ ૧૦૧.)

૧૦૧. છઠી રીત—"ઓઇલ આફ બરગેમાટ" ૧૦૦ ટીપા, "ઓઇલ આફ લેમન" ૫૦ ટીપા, "ઓઇલ આફ પોરચુગલ" ૩૦ ટીપા, "ઓઇલ ઓફ પીટીટ ગરેન" ૧૦ ટીપા, 'ઓઇલ આફ લવંડર" ૨૦ ટીપા, "ઓઇલ આફ રોઝમરી" ૧૫ ટીપા, શોજે "સ્પીરીટ" ૩૦ આઉંસ, ગેલાબ ૯ દરામ, "આરંજ ફ્લાવર વાતર" ૯ દરામ, "દીશ તીલ વાતર" ૯ દરામ. એ ઉપર પ્રમાણે મેળવીને બનાવો. (જુઓ ૭મી રીત ના૦૧૦૨)

૧૦૨. સાતમી રીત—"ઓઇલ આફ પોરચુગલ" ૧૮૦ ટીપા, "ઓઇલ આફ બરગેમાટ" ૧૮૦ ટીપા, "ઓઇલ આફ સીદરેટ" ૧૨૦ ટીપા, "ઓઇલ આફ લેમન" ૧૨૦ ટીપા, ઓઇલ આફ નીરોલી" ૧૯૦ ટીપા, "ઓઇલ આફ પીટીટ ગરેન" ૧૨૦ ટીપા, "ઓઇલ આફ રોઝમરી" ૨૪૦ ટીપા, "ઓઇલ આફ લવંડર" ૨૪૦ ટીપા, સોજે "સ્પીરીટ" ૧૦ આંઉસ. પેહલા સ્પીરીટની અંદર બધી જાતના તેલ નાખી મેળવી દેહ ૧૪ દહાડા સુધી રેહવા દેવો. પણ એટલા દહાડા વચે તેને વારેઘડીએ હીલવ હીલવ કરતાં રેહવું પછી તેને જંતરમાંથી બે વખત ગાળી કહાડવું. એ ઘણું સારૂં કોલાનવાટર થશે. (જુઓ આઠમી રીત ના૦ ૧૦૩).

૧૦૩. આઠમી રીત—"ઓઇલ આફ બરગેમાટ" ૩૭૫ ટીપા, "ઓઇલ આફ શીદરેટ" ૬૦ ટીપા, "ઓઇલ આફ લેમન" ૬૦ ટીપા, "ઓઇલ આફ લવંડર" ૩૦ ટીપા, "ઓઇલ આફ પોરચુગલ" ૬૦ ટીપા, "ઓઇલ આફ થાઇમ" ૪ ટીપા, "ઓઇલ આફ નીરોલી" ૭૫ ટીપા, "ઓઇલ આફ રોઝમરી ૭૫ ટીપા, શોજે સ્પીરીટ ૬૨ આંઉસ. એ બધાને મેળવી પછી જંતરથી ગાળી કાહડવું. પછી એ જંતરથી ગાળી કાહડેલાની અંદર ૨॥ આંઉસ "મીલીશાવાતર" (Melissa water) અને ૫ આંઉસ "આરંજ ફ્લાવર વાતર" નામી ફરીથી જંતરમાંથી ગાળી કાહડવું એટલે ઘણું સરસ કોલાનવાતર બનશે.

૧૦૪. કપડાંમાં મુકવાની ખુશબોની કોઠલી—ફેનસી કાગજની અથવા રેશમી કપડાની કોઠરીઓ બનાવો અથવા શારા ફેનશી કાગજના એનવલપ લેવો અને તેમા શોજને રૂઉ મુકી તેમાં આએ એઠલ આપેલી ૩ રીતમાથી કાઇબી જાતની ખુશબોનો ભુકો ભરી ખાના અથવા પેતીમાં એ કોઠરીઓ મુકી રાખો:—"ઓરીશ રૂટ" ૨ આંઉસ, "કેલામશ" ૧ આંઉસ, શુક્કો "બરગેમાટ" ૧ આંઉસ, શોજુ લોબાન ૪ દરામ. એ બધાનો જુદો જુદો બારીક ભુકો કરી મેલવી નાખી કોઠરીઓમાં ભરો. એવી રીતની બનાવેલી ખુશબોની કોઠલીઓ બજારમાં Perfumed sachets ને નામે વેચાએ છે (જુઓબીજી રીત નાο ૧૦૫) Con 364.

૧૦૫. બીજી રીત—ગોલાબના ફુલની સુક્કી પાડરી ૮ આંઉસ. લવગ ૪ દરામ, જાયફલ ૪ દરામ. એ બધાને જુદા જુદા છુંડીને મેલવી દેવો, અને ઉપર પ્રમાણે (જુઓ નાο ૧૦૪) ફેનસી કોઠરીમાં ભરો. (જુઓ ત્રીજી રીત નાο ૧૦૬) Con 361.

૧૦૬ ત્રીજી રીત—"ઓરીશ રૂટ" ૬ આંઉસ. નારંગીના સુક્કા ફુલ અને ગોલાબના સુક્કા ફુલની પાંડરી ૧૬ આંઉસ. સુક્કા "બરગેમાટ" ૧ આંઉસ. એ બધાનો શારી પેઠે બારીક ભુકો કરી બારીક ચાલણીમાંથી ચાલી કાહડવું. પછી તેમાં "આઇલ આફ બરગેમાટ" અને ગોલાબના અતરના થોડા ટીપા નાખી ઉપર પ્રમાણે (જુઓ નાο ૧૦૪) ફેનશી કોઠરીઓમાં રૂઉ મુકી તેમાં એ ભુકો નાખવી. (જુઓ ચોથી રીત નાο ૧૦૭).

૧૦૭. ચોથી રીત—ધાણા ૨ આંઉસ, કેવડાની*જડ ૨ આંઉસ, લવંડરના ફુલ ૪ આંઉસ, એ બધાનો જુદો જુદો છુંડીને બારીક ભુકો કરી મેલવી નાખો. પછી તેમા કસતુરી એક સ્કૃપલ તથા શુખડનો વેહેર ૧ દરામ, નાખી બધાને શારીપેઠે ભેલી દેવો. પછી મલમલના કપડાની નાહની નાહની કોઠલીઓ કરી તેમાં એ ભુકો થોડો થોડો નાખી શીવીને કબત, પેતી અથવા કપડાના પડમા મુકવી જેથા નારો વાસ આવશે.

૧૦૮. ફલોરીદા વાતર બનાવવાની રીત—આઇલ આફ લવંડર ૨ દરામ, "આંઇલ આફ બરગેમોત" ૨ દરામ. આઇલ આફ લેમન ૨ દરામ, ટીંકચર આફ તરમેરીક ૧ દરામ, આઇલ આફ નીરોલી ૧ દરામ, આઇલ આફ બામ ૩૦ ટીપાં, આઇલ આફ રોઝ ૧૦ ટીપાં. એ બધાને ૨ પેંટ "દીઓદોરાઇઝ્ડ આલકોહોલ" ની અંદર થોડા દાહાડા એક બાતલીની અંદર મેલવી રાખો. (જુઓ બીજી રીત નાο ૧૦૯)

૧૦૯. બીજી રીત—અરધો ગ્યાલન ૯૦ દીગરી ઓવર પ્રુફ વાલા આલકોહોલમાં આઇલ આફ લવંડર ૧ આંઉસ આઇલ આફ બરગેમાટ ૧ આંઉસ, આઇલ આફ લેમન ૧ આંઉસ, "આઇલ આફ કલવશ" ૧ દરામ અને તજનું તેલ ૧ દરામ નાખી તેમાં એક ગ્યાલન પાણી ઉમેરીને પછી થોડા દહાડા મેલવી રાખીને પછી ગાલી કાહાડવું. (જુઓ ત્રીજી રીત નાο ૧૧૦)

૧૧૦. ત્રીજી રીત- એક ગ્યાલન ૭૫ દીગરી ઓવર પ્રુફવાલા આલકોહોલમાં આઇલ આફ બરગેમોત ૩ આંઉસ, તજનું તેલ ૪ દરામ, ટીંક્ચર આફ બેનઝોઇન ૨ આંઉસ નાખી થોડા દાહાડા મેલવી રાખીને પછી ગાલી કાહડવુ. જુઓ ચોથી રીત નાο૧૧૧

૧૧૧ ચોથી રીત- બરગેમાતનું તેલ ૮ આંઉસ, આરજનું તલ ૮ આઉસ, ઉંચું લવંડરનું તેલ ૩ આંઉસ, લવંગનું તેલ ૧॥ આંઉસ, તજનું ઉંચુ તેલ પાઆ પેંટ, "ટીંકચર આફ ઓરીશ" અરધો પેંટ, "ટીંકચર આફ પીરૂ બાલશમ" પાઆ પેંટ, ૪ ગયાલન ૬૫ દીગરી ઓવર પ્રુફવાલો આલકોલ, પાણી ૬ પેંટ. એ બધાને મેલવી થોડા દાહાડા રેહીને બાતલીઓમાં ભરી રાખો. જો

થોડું બનાવવું હોયતો ઉપર પ્રમાણે બધુ થોડું થોડું લઇને બનાવો. (જુઓ પાંચમી રીત નાο ૧૧૨)

૧૧૨. પાંચમી રીત—"ઓઈલ આપ બે" અરધો આંઉસ, "લોપ શુગર" ૨ આંઉસ, ૧ પેંટ ૮૫ દીગરી ઓવર પુરૂફવાલો આલકોહલ, "રેકતીફાઇડ સ્પીરીટ" ૬૦ દીગરી ઓવર પુરૂફવાલો અથવા ન્યુ ઇંગલાડ રમ" ૭ પેંટ. પેહલા લોક શુગર તથા 'ઓઈલ આપ બે" ને શારીપેઠે મેલવી દેવું. પછી તેમાં આલકોલ ઉમેરો અને છેલ્લે તેમ સ્પીરીટ અથવા રમ મેલવવું. સ્પીરીટને બદલે ન્યુ ઈંગલંડ રમ વાપડશોતો વધારે શારૂ (જુઓ છઠી રીત નાο ૧૧૩)

૧૧૩. છઠી રીત—બરગમોતનું તેલ ૪ આંઉસ, લીંબુનું તેલ ૬ આંઊસ, લવંડરનુ તેલ ૧ આંઊસ, લવંગનુ તેલ ૬ દરામ "આલકોલ" ૩½ ગયાલન, પાણી ૬ પેંટ. પેહેલા ઓલકોલની અંદર ઉપલા બધી જાતના તેલ નાખી મેલવી દેવો જ્યારે આલકોલ ની શાથે મલી જાયકે તેમાં પાણી રેડી ગાલી કાહાડી સીગીઓમાં ભરી બુચ મારવો. (જુઓ શાતમી રીત નાο ૧૧૪)

૧૧૪. સાતમી રીત—બરગામાટનું તેલ ૮ આઊસ. નીગેલી ૪ આઊસ. લવંડરનુ તેલ ૩ આઉસ, લવંગનું તેન ૧।। આઉસ, તજનું તેલ પાઆ આઉસ, "ટીંકચર આપ ઈરીશ" અરધી પેંટ, આલકોલ ૪ ગ્યાલન અને ઊપર પ્રમાણે (જુઓ નાο ૧૧૩) બનાવી સીસીઓમાં ભરો.

૧૧૫. ગલાશરીન લાઈમ જુસ બનાવવાની રીત—સફેદ મીન ૧ ભાગ, મીઠી બદામનું તેલ ૨૦ ભાગ, ચુણાનુ પાણી ૨૨ ભાગ, "ગલીસરીન" ૨ ભાગ, લીંબુનુ તેલ અરધો ભાગ. મીન તેલ તથા ગલાશરીનને તાવીને પછી તેમાં ચુણાનુ પણી નાખી બધાને શારીપેઠે મેલવીને લીંબુનું તેલ નાખવું એ મેલવણી માથાના બાલમા લગાડવી જેથી બાલ શુમારા થશે.

૧૧૬. વાઈત રોઝ નામનું સુગંધી એસેનસ—"રોઝ સ્પીરીટ" ૪ આંઉસ, "વાયોલેટ એસેનસ" ૨ આંઉસ, જેસમીન એસેન્સ ૧ આંઊસ, "પેચોલી એક્ષત્રેકટ" અરધો આંઉસ. એ બધાને એક કાચની સીસીમાં મેલવી દેવો.

૧૧૭. હાથના મોજા તથા રૂમાલ પર છાંટવાની "પરફ્યુમ" (ખુશબો)—"એમબરગ્રીશ" ૧ દરામ, "સીવેટ" ૧ દરામ લવંડરનું તેલ ૩ દરામ, "ઓઇલ આફ બરગેમોટ" ૩ દરામ, કપુર પાઆ આંઉસ અને "સ્પીરીટ આફ વાઇન" અરધી પેંટ એ બધાને એક બાતલીમાં નાખી મજબુત બુચ મારી દશ દાહાડા શુધી રેહવા દેવો. પણ એટલા દાહડામાં બાતલીને ઘડી ઘડી હીલવ હીલવ કરતાં રેહવું. પછી ગાલી કાહડી બીજી બાતલીમાં બરી રાખો. C0 n. 302

૧૧૮. એસેનસ બોકુએટ (Essence Bouquet) નામનુ સુગંધી એસેનસ—રોઝ સ્પીરીટ ૪ આંઉસ, એમબરગ્રીશ ટીંકચર ૧ આંઉસ, ઓરીશ (Orris) ૨ આંઉસ બરગેમાટ આઇલ પાઆ આંઉસ, લેમન આઇલ ૧ દરામ, એ બધાને કાચની સીસામાં મેલવી નાખવુ.

૧૧૯. ન્યુ માઉન હે (New Mown Hay) નામનુ સુગધી એસેનસ—તોનકા ટીંકચર (Tonka Tincture) ૪ આંઊસ, મશક ટીંકચર ૧ આંઉસ, બેનઝોઇન ટીંકચર ૧ આંઊશ, રોઝ સ્પીરીટ ૧ આંઉસ. રોઝ જીરેનીઅમ ઓઇલ ૪૦ ટીપા, બરગેમાટ ઓઇલ ૪૦ ટીપા, ઓલકોહલ ૧ આંઉસ, એ બધાને કાચની સીસીમા મેલવી નાખવું.

૧૨૦. વેશાત એનડ નામનું સુગંધી એસેનસ—રોઝ સ્પીરીટ ૬ આંઉસ, વરબીના એક્ષત્રકટ ૧ આંઊસ, મશક ટીકચર ૨ આંઊસ, સુખડનું તેલ ૨૦ ટીપા. એ બધાને એક સીસીમાં મેલવી નાખવું.

૧૨૧. હેલીઓટરોપ (Heliotrope) નામનુ એસેનસ—વનીલા ટીંક્ચર ૮ આંઉસ, ગોલાબનું એસેનસ ૪ આંઉસ, ઓરંજ ફ્લાવર એસેનસ ૨ આંઉસ, ટીંક્ચર ઓફ એમબરગ્રીશ ૨ આંઉસ, ટીંક્ચર ઓફ સીવેટ અરધો આંઉસ, કવડી બદામનું તેલ ૧૦ ટીપા. આલકોહોલ ૧ પેંટ.

૧૨૨. એનગીલીકા એસેનસ—અરધો આંઉસ એનગીલીકા ઓઇલ (Angelica oil) માં એક બાતલી ૯૦ ઓવર પુરૂફનો આલકોહલ નાખી બાતલીને હીલવ હીલવ કરી મેલવી દેવો.

૧૨૩. બરગામોટનુ એસેનસ- પાઆ આઉંસ ઓઇલ ઓફ બારગામોટને ૧ બાતલી ૯૦ ઓવર પુરૂફનો રેકતી ફાઇડ સ્પીરીટમાં નાખી હીલવ હીલવ કરી મેલવી દેવો.

૧૨૪. ગોલ્ડ વાતર એસેનસ—અરધો ગ્યાલન (૯૦ ઓવર પુરૂફનો) રેકતી ફાઇડ સ્પીરીટમાં લીંબુનું તેલ ૪ દરામ, ગોલાબનુ તેલ ૧ દરામ, જાયફલનું તેલ ૧ દરામ તજનુ તેલ ૧ દરામ, ઓઇલ ઓફ કેલામસ (Oil of Calamus) અરધો દરામ, લવંડરનુ તેલ અરધો દરામ, ઓઇલ ઓફ જુનીપર (Oil of Juniper) અરધો દરામ અને લવંગનું તેલ પાઆ દરામ નાખી મેલવીને રેહેવા દેવો જ્યારે તેલ સ્પીરીટની શાથે બરાબર મલી જાયકે ગાલી કાહાડી બાટલીઓમાં ભરી રાખો.

૧૨૫. જોકી કલબ નામનુ સુગંધી એસેનસ—એક્ષતરેકટ આફ જેસમીન ૫ આંઉસ, એક્ષતરેકટ આફ વાયોલેટ ૨૦ આંઉસ, એક્ષતરેકટ આફ મશક ૭ આઉંસ, એક્ષતરેકટ આફ વનીલા ૧।। આંઉસ, ગોલાબનુ તેલ ૧।। આઉંસ, સુખડનું તેલ ૧।। દરામ, આરંજ બલાશમ ઓઇલ ૪૦ ટીપા, બેનઝાઇક એસીડ ૨ દરામ અને આલકોહલ ૨ થી ૪ પેંટ. એ બધા તેલોને આલકોહલમાં મેલી નાખવા.

૧૨૬. ન્યુ ગારડન નોઝગે નામનુ શુગંધી એસેનસ—એક્ષતરેકટ આફ નીરોલી ૨૫ ભાગ, એક્ષતરેકટ આફ આકાશીઆ (Extract of Acacia) ૨૫ ભાગ, એક્ષતરેકટ આફ ટ્યુબરોઝ ૨૫ ભાગ, એક્ષતરેકટ આફ જેસમીન ૨૫ ભાગ, રોઝ જીરેનીઅમ (Rose Geranium) ૨૫ ભાગ, એસેનસ આફ મશક ૧૦ ભાગ. એ બધાને એક કાચના બુચની સીસીમાં મેલવી નાખવું.

૧૨૭. વીકટોરીઆ એક્ષતરેકટ નામનું સુગંધી એસેનસ—ગોલાબનું તેલ ૨ દરામ, ઓઇલ આફ નીરોલી ૨ દરામ, ઓઇલ આફ બરગેમાટ ૪ દરામ, ઓઇલ આફ કોરીયનદર ૮૬ ટીપા, ઓઇલ આફ લવંડર ૧૬ ટીપા, ઓઇલ આફ આલસ્પાઇશ (Oil of Allspice) ૧૪ ટીપા, એક્ષતરેકટ આફ જેસમીન ૨ આંઉસ, એક્ષતરેકટ આફ મસક ૨ આંઉસ, એક્ષતરેકટ આફ ઇરીશ (Extract of Iris) ૧૬ આંઉસ, બેનઝાઇક ૨ આંઉસ, આલકોહોલ ૧ થી ૪ પેંટ. એ બધાને કાચના બુચની બાટલીમાં મેલવી નાખો.

૧૨૮. એમપરેસ યુજીની નોઝગે નામનુ પરફ્યુમ—એક્ષતરેકટ આફ મશક ૧ ભાગ, એક્ષતરેકટ આફ વનીલા ૧ ભાગ, એક્ષતરેકટ આફ તોનકા બીન ૧ ભાગ. એક્ષતરેકટ આફ નીરોલી ૧ ભાગ, એક્ષતરેકટ આફ સેંડલઉડ ૨ ભાગ, અને એસેનસ આફ રોઝ ૨ ભાગ.

૧૨૯. બરેટફેલ્ડ (Bretfeld Water) વાટર—આએ સુગંધી પાણી કપડા ઉપર છાંટવામાં આવે છે. નીરોલી ૨ પ્રવાહી દરામ, ઓઇલ આફ બરગેમાટ ૨ પ્રવાહી દરામ, લીંબુનું તેલ ૨ પ્રવાહી દરામ, લવનડરનું તેલ ૧ પ્રવાહી દરામ, રોઝમરીનું તેલ ૧ પ્રવાહી દરામ, જાંવત્રી ૩૦ ગરેન, કસતુરી ૭।। ગરેન, એમબરગ્રીશ ૭।। ગરેન. એ બધાને એક કાચની બાતલીમાં થોડા સ્પીરીટ આફ વાઇનની અંદર નાખીને બુચ મારી એક

મહીના સુધી રેહવા દેવો, પણ તેટલા દાહડામાં તે બાતલીને દરરોજ હીલવ હીલવ કરતાં રેહવું. પછી એક બીજી બાતલીમાં એ મિલવણી ઉપરથી નીતારી લઇ બુચ મારવો.

૧૩૦. "એસેનસ આફ પેટશાવલી" બે રતલ હીંદી પેટશાવલીના પાહડાને ૯ પેંટ રેકતીફાએડ સ્પીરીટ આફ વાઇન અને એક ગ્યાલન પાણીમાં નાખી એક અઠવાડયા સુધી ભીંજવી રાખો, પણ એટલા દાહડામાં તેને ઘડી ઘડી હીલાવવા કરવું. પછી જંતર મારફતે એક ગ્યાલન ગાલી લેવો. (જુઓ બીજી રીત ના૦ ૧૩૧) F. 261.

૧૩૧. બીજી રીત—પેટશાવલી (Patchouli) ૩ આઉંસને ૧ પેંટ "રેકતીફાઇડ સ્પીરીટ" માં નાખી એક અઠવાડયા સુધી ભીંજવી રાખો. તયારબાદ તેને દાબી નીચવીને ગાલી કાહડો. C. 585

૧૩૨. એસનસ આફ નીરોલી—સ્પીરીટ આફ વાઇન ૮ આઉંસ, નારંગીની છાલ ૬ આઉંસ, "ઓરીસ રૂટ" ૨ દરામ અને અમગરગ્રીસ ૪ ગરેન. એ બધાને થોડા દાહડા રેહવા દેઇ પછી ગાલી કાહડવું. F. 214

૧૩૩. એસેનસ આફ નોઝગે—સોબાનના ફુલ ૧ દરામ, "એસેનસ આફ અમબર ગ્રીસ" ૨ આંઉસ, "સ્પીરીટ આફ જેસમીન" ૧ પેંટ, એક્ષટ્રેકટ આફ વાયેલેટશ" ૧ પેંટ, "સ્પીરીટ આફ રોઝીસ" અરધી પેંટ, "સ્પીરીટ આફ ઓરેન્જ" અરધી પેંટ અને "સ્પીરીટ આફ ગાલીફલાવર" અરધી પેંટ. એ બધાને મેલવી નાખવું. F. 249.

૧૩૪. એસેનસ આફ રોનદીલીશીઆ—અરધી બાતલી રેકતીફાઇડ સ્પીરીટમાં ગોલાબના અતરના ૫ ટીપા, લવંગનું તેલ અરધો દરામ, બરગેમાનું તેલ અરધો દરામ અને લીંબુનું તેલ અરધો દરામ નાખી મેલવી દેવો. પણ એ તેલ સ્પીરીટની સાથે મલી જાય તેથી એ બાતલીને ઘડી ઘડી હીલવ હીલવ કરતાં રેહવું. (જુઓ બીજી રીત ના૦ ૧૩૫) C. 585.

૧૩૫ બીજી રીત—એ ઉપર પ્રમાણેજ બનાવવું પણ વધારે એટલુંજ કે એમાં લવંડરનું તેલ અરધો દરામ તથા "ઓઇલ આફ નીરોલી" ના ૭ ટીપા નાખવા. એ એસેનસ કપડા અથવા રૂમાલ ઉપર છાંટવાથી સારો સુગંધ આપશે. C. 585.

૧૩૬ "પોરચુગાલ વાતર" (કપડા ઉપર છાંટવા માટે)—"ઓરંજ ફલાવર વાતર" ૧ પેંટ, ગોલાબ ૧ પેંટ, "મીરતલ વાતર" (Myrtle-water) અરધી પેંટ, "ડીસતીલ સ્પીરીટ આફ મસક" પાઆ આંઊસ અને સ્પીરીટ આફ અમબરગ્રીશ" ૧ આંઊસ. એ બધાને એક બાતલીમાં નાખી ખુબ હીલવ હીલવ કરી મેલવી નાખવું. F. 275.

૧૩૭. થીઇમ વાતર (કપડા ઉપર છાંટવા માટે)—"લેમન થીઇમ" ૧ રતલ અને પાણી ૫ કુવારટ. એને જંતરે મારફતે એક ગયાલન ગાલી લેવો. F. 329.

૧૩૮ પેની રોયલ વાતર (કપડા ઉપર છાંટવા માટે) "ઓઇલ આફ પેની રોયલ" ૭ સ્કુરૂપલ, "સ્પીરીટ આફ વાઇન" ૪॥ પેંટ અને પાણી ૬ પેંટ, એને જંતર મારફતે ૧ ગાલન ગાલી લેવો. F. 263.

૧૩૯ એસેનસ આફ પેની રોયલ—સ્પીરીટ આફ વાઇન ૨ પેંટ એને રંગ આપવા માટે એમા "સ્પીનાક" (Spinach) નાખી રેહવા દેવો પછી ગાલી કાહડી તેમ "ઓઇલ આફ પેની રોયલ" ૩ આંઊસ નાખી મેલવી દેવો. F. 263.

૧૪૦. રોયલ એસેનસ—અમબરગ્રીશ" ૨ સ્કુરૂપલ, કસતુરી ૧ સ્કુરૂપલ, "સીવેટ" ૧૦ ગરેન, "સબકારબોનેટ આફ પોટાશ" ૧૦ ગરેન, તજનું તેલ ૬ ટીપા, "ઓઇલ આફ રોહડયમ" ૪ ટીપા, ગોલાબનું અતર ૪ ટીપા, રેકતી ફાઇડ સ્પીરીટ આફ વાઇન"

૪ આંઉસ. એ બધાને ૧૦ અથવા ૧૪ દાહાડા સુધી એક બાતલીમાં રાખીને પછી ગાળી કાહડવું. F. 299.

૧૪૧. એનજલ વાતર (કપડા ઉપર છાંટવાનુ)—"આરંજ ફ્લાવર વાતર" ૧ પેંટ, ગોલાબ ૧ પેંટ, "મીરતલ વાતર" (Myrtle water) અરધી પેંટ, "એસેન્સ આફ અમબરગ્રીસ" અરધો આંઉસ, "એસેનસ આફ મશક" અરધો આંઉસ. એ બધાને થોડા કલાક શાગપેઠે ખુબ હીલાવ હીલાવ કરવું. પછી કાગજમાથી ગાલી ગ્લાસડી બાતલીઓમાં ભરવુ. (જુઓ બીજી રીત ના૦ ૧૪૨) C. 1328.

૧૪૨. બીજી રીત—"મીરતલ ફ્લાવર" (Myrtle flowers) ૩॥ રતલ, પાણી ૨ ગયાલન. એને જંતરની મારફતે ૧ ગયાલન ગાલી લેવો. (જુઓ ત્રીજી રીત ના૦ ૧૪૩) C. 1328.

૧૪૩. ત્રીજી રીત.—"ગમબેનઝોઇન" (Gum benzoin) ૪ આંઉસ. "સ્તોરાક્ષ" (Storax) ૨ આંઉસ. લવંગ અરધો આઉસ, "કેલામસ એરામાતીકસ" (Calamus aromaticus) પોણા આઉસ, તજ પોણા આંઉસ, ધાણા ૧ દરામ. એ બધાને કુટીને ભુકો કરવો તથા પાણી ૩ કુવાટ૨ એને જ તર મારફતે ૨ કુવાટર ગાળી લેવો. પછી એમાં જે કસતુરીનું એસેનસ જરા નાખી મેલવશો તો એ પાણી શારૂ શુગંધી બનશે. (જુઓ ચોથી રીત ના૦ ૧૪૪) C. 1328.

૧૪૪. ચોથી રીત—એક પેંટ "સ્પીરીટ આફ વાઇન" ની અંદર એક આંઉસ "ગમબેનઝોઇન." અરધો આઉસ "સ્તોરક્ષ" (Storax), અરધો આંઉસ શોજું પીલું શુખડ અને એક દરામ લવંગ. જરા "ઓરીશ રૂટ" (Orrice root) તથા લીંબુના તેલના ૩-૪ ટીપાં, જાયફલના તેલના ૩-૪ ટીપા અને તજના તેલના ૩-૪ ટીપા નાખી મેલવી દેવો. F. 20.

૧૪૫. "બુદીનાફ્રી" નામનુ સુગંધી પાણી (કપડા ઉપર છાંટવાનું)—"આરંજ ફ્લાવર" (આરંજના ફુલ) ૭ રતલ, આરંજની તાજી પીલી છાલ અરધો રતલ, પાણી ૨ ગયાલન. એ બધાને ૨૪ કલાક સુધી બંજવી રાખી જંતર મારફતે ૧ ગયાલન ગાલી લેવો. C. 1328.

૧૪૬. "અનપેરાલાલ વાતર" (કપડા ઉપર છાંટવાનું)—લીંબુનુ તેલ ૪ દરામ, "ઓઇલ આફ બરગામાટ" ૨॥ દરામ "આઇલ આફ સીદરેટ" (Oil of cedrat) ૨ દરામ "રેકતી ફાઇડ સ્પીરીટ" ૩॥ પેંટ. "હંગરી વાતર" અરધી પેંટ એ બધાને મેલવીને જંતર મારફતે ફકત ૯ આઉસ ગાલી લેવો. C. 1328.

૧૪૭ "બોકુેટ વાતર" કપડા ઉપર છાંટવાનું) 'સુવીટ સેનટેડ હની વાતર" ૧ આઉસ, "એસેન્સ આફ જેસમીન" ૫ દરામ, "શાર્ડીપ આફ કલવસ" અરધો આંઉસ, "સ્પીરીટ આફ વાયેલેટશ" અરધો આંઉસ, "કેલામશ એરોમાર્ટીકશ" ૨ આંઉસ, લવંડર ૨ આઉસ, "એસેન્સ આફ નીરોલી" ૧ સ્ક્રુપલ. એ બધાને એક કાચની બાતલીમાં મેલવી નાખવું. પછી તેમા થોડા ગરેન કસતુરી અને અમબરગ્રીશ નાખવુ. F. 54.

૧૪૮. "જેસમીન વાતર" કપડા ઉપર છાંટવાનું—ચમપેલીના સફેદ ફુલ ૧૨ આંઉસ, "એસેનસ આફ બરગામાટ" ૮ ટીપા, સ્પીરીટ આફ વાઇન ૧ ગ્યાલન, પાણી ૨ કુવાટર. એ બધાને એક બંધ વાસણમાં નાખી બે દિવસ ભીંજવી રાખો, પછી જંતર મારફતે ૧ ગયાલન ગાલી લેવો. F. 107

૧૪૯. "કાશમીર બોકુેટ" નામનું રૂમાલ ઉપર છાંટવાનુ એસેનસ—લવંડરનું તેલ ૧ દરામ, લવંગનુ તેલ અરધો દરામ, "ઓઇલ આફ કાસીઆ" અરધો દરામ ઓઇલ આફ બરગેમાટ અરધો દરામ, "નીરોલી" ૨૦ ટીપા, "એસેન્સ આફ રોયલી"

(Essence of royale) ૨ દરામ, "રેકતી ફાઈડ સ્પીરીટ "અરધી પેંટ. એ બધાને શારીપેઠે એક બાતલીમાં હીલવ હીલવ કરી મેલવી દેવો. C. 589.

૧૫૦. એસેનસ આફ વીતીવયર" (કપડા ઉપર છાંટવાનુ)—"વીતીવયર" અથવા "કશકશ" (Cuscus) ૩ રતલને જીણા જીણા કટકા કરી ખાંનીમાં છુંડીને જરા ખોખરા કરવા. પછી તેમાં ૯ પેંટ પુરફ સ્પીરીટ નામી એક અઠવાડયા સુધી ભીંજવી રાખો. પછી તેમાં ૫ પેંટ પાણી રેડી બીજે દાહડે જંતર મારફતે ૧ ગયાલન ગાલી લેવો. (જુઓ બીજી રીત ના૦ ૧૫૬) C. 587.

૧૫૧. બીજી રીત -એ ઉપર પ્રમાણેજ બનાવવું, પણ એને જંતર મારફતે ગાલી લેવાના અગાઊ તેમાં અરધો દરામ ગોલાબનું અતર અને અરધી પેંટ "સ્પીરીટ આફ બામ" નાખી ઉપલી રીતે જતર મારફતે ગાલી લેવો. C. 588

૧૫૨. "તોઇલેટ વાતર" રૂમાલ ઉપર છાંટવાનુ--લવંડરનું વેલાતી તેલ ૪૮ ટીપા, લવંગનું તેલ ૩૨ ટીપા, આરંજના ફાલનું તેલ ૧૬ ટીપા, બરગામાટનું તેલ ૮ ટીપા, "શ્વીટ સ્પીરીટ આફ નાઇતર" ૮ ટીપા, શુખડનું તેલ ૨ ટીપા, નીરોલીનુ તેલ ૨ ટીપા, ગોલાબનું અતર ૨ ટીપા, તજનુ તેલ ૧ ટીપું, રેકતી ફાઇડ સ્પીરીટ ૧ આઊસ "એસેન્સ આફ મશક" ૧ આંઊસ. "હનીવાતર" ૮ આંઊસ. એ બધાને એક બાતલીમાં શારીપેઠે હીલવ હીલવ કરી મેલવી દેવો. C. 589.

પોમેતમ તથા કોસમેટીક.

POMATUMS AND COSMETIQUES

૧૫૩. પોમેતમ બનાવનારને સહમજણ--પોમેતમ બનાવવામાં બકરાની ગરબી, દુકરની ચરબી (લારડ) તથા "બીફમેરો," સફેદ મીન અને બાલાબીછની ચરબી (Bears fat) આવે છે. જોઇએ એટલી (ખપ પ્રમાણે) બકરાની સોજી ચરબી લઇ તેને સાફ કરી ધોઇને પથરની ખાંનીમાં છુંડવી. પછી તેને એક શીશા વાસણમાં નાખી તે વાસણને બીજા પાણીના ઉકલતાં વાસણમા ચુલા ઉપર મુકી તાવવી. જ્યારે ચરબી તવાઇને પાણી જેવી થાય કે તે તવાયલી ચરબીને ફ્લાનેલના કપડામાથી તરત બીજા વાસણમાં ગાલી કાહડવી અને જ્યાંસુધી તે બંધાય તે સુધી લાકડાની ચીપથી હીલવ હીલવ કરત રેહવું પછી તેને બાકસમાં ભરી મુકવી. એજ પ્રમાણે દુકરની ચરબી (લારડ) ને તાવીને આગલથી તઇયાર કરી રાખી પાટમાં ભરી મુકવી. તથા મીનને પણ એજ પ્રમાણે તાવી ગાલીને જુદા વાસણમાં ભરી રાખવું, કેમકે કોઇબી જાતનું પોમેતમ બનાવવામા એવી રીતની આગલથી તઇઆર કરી રાખેલી ચરબી તથા મીન કામમા આવે છે, અને આએ હેઠલ આપેલા બધી જાતના પોમેતમ બનાવવામાં એવી રીતની ચરબી તથા મીન વાપરવુ. (જુઓ એઠલ આપેલા તરેહવાર જાતના પોમેતમ.)

૧૫૪ સાદુ પોમેતમ--ઉપર પ્રમાણે (જુઓ ના૦ ૧૫૩) આગલથી તઇઆર કરી રાખેલી બકરાની ચરબી અરધો રતલ અને આગલથી તાવીને તઇઆર કરી રાખેલી દુકરની ચરબી અરધો રતલ લેવો. પછી એ બેઊને એક વાસણમાં નાખી ગણીજ ધીમી આંચની ગરમીથી પીગલાવીને મેલવી દેવો. પછી કાચના પાટમાં ભરી મુકો. એટલે સાદુ પોમેતમ થયું. જો એમાં કોઇબી જાતનુ સુગંધી તેલ નાખશો તો ખુશબોદાર પોમેતમ થશે.

૧૫૫ બાલ ધટ કરવાનુ પોમેતમ—બદામનું તેલ ત્રણ આંઊસ, સફેદ મીણ પોણે આંઊસ. એ બેઊને સાથે તાવી થઢું પડે ને

તેમાં "ટીંક્ચર આફ માસતીક" એક આંઊસ અને "એસેનસ આફ બરગેમોંટ" અરધો આંઊસ નાખી મેલવીને કાચના ચપુમાં ભરવું.

૧૫૬ આરંજનું પોમેતમ બનાવવાની રીત—સોજું મધમાખનું મીણ એક રતલ, આગલથી તાવીને તઇઆર કીધેલી "લારડ" જાતની ચરબી (જુઓ નાં૦ ૧૫૩) સવા રતલ, આંગલથી તાવીને તઇઆર કીધેલી બકરાની ચરબી સવા રતલ, "પામ આઈલ" સાત આંઊસ. પેહેલા ઉપલી ચરબી તથા મીણુને એક વાસણુમાં નાખી તાવીને મેલવી દેવું. થંડુ પડવા આવે કે તેમાં આરંજના ફુલનુ પાણી (આરંજ ફ્લાવર વાતર) સવા આઊસ, તથા એસેનસ આફ નીરોલી અરધો દરામ નાખી મેલવીને કાચના ચપુમાં ભરી મુકવું.

૧૫૭. બદામનું પોમેતમ બનાવવાની રીત—એક પેંટ મીઠી બદામના તેલને એક વાસણુમાં નાખી ધીમા ઇંગારપર મુકી તેમા અરધો આંઊસ "સ્પરમાસીતી" તથા આગલથી તાવીન તઇઆર કીધેલી (લારડ) દુકરની ચરબી (જુઓ નાં૦ ૧૫૩) બે આઊસ નાખીને બધાને તાવવું. તવાઇ રહેઆ પછી એક બીજા વાસણુમા નાખી ગાલી કાહાડીને કાચના ચપુમાં ભરી રાખવુ.

૧૫૮. બાલનો વધારા કરવાનું પોમેતમ--આગલથી તાવીને તઇઆર કીધેલી બકરાની ચરબી (જુઓ નં૦ ૧૫૩) એક રતલ, આગલથી તાવીને તઇઆર કીધેલું શફેદ મીણુ ચાર આંઊસ, "એસેનસ આફ બરગેમોંટ" ત્રણુ દરામ, "એસેનસ આફ લેમન" બે દરામ, લવંડરનુ તેલ એક દરામ, "આઇલ આફ થાઇમ" એક દરામ. પેહેલા મીણુ તથા ચરબીને એક વાસણુમાં નાખી ધીમાં ઇંગારપર મુકી તાવીને મેલવી દેવી. પછી તેમાં ઉપલા એસેનસ તથા તેલ નાખી મેલવી કાચના ચપુમા ભરી રાખવું. એ પોમીતમને શહવારના બાલમાં ઘસડીને લગાડવું. એથી બાલનો સારો વધારો થાય છે.

૧૫૯. બાલને સરખા રાખવા માટેનું પોમેતમ—બદામનું તેલ ૩ આંઊસ, સફેદ મીન પોણો આંઊસ. પેહેલા એ બેઊને એક વાસણુમા નાખી તાવીને મેલવી દેવું પછી તેમાં "ટીંચકર આફ માસતીક" (Tincture of mastic) એક આંઊસ અને 'બરગેમોંટનું એસેનસ" (Essence of bergamot) અરધો દરામ નાખી મેલવીને કાચની પેયાલીમાં ભરી રાખવું. એને Pommade Collante કરીને કહે છે.

૧૬૦. બાલ સાફ કરવાનું પોમેતમ--બદામનું તેલ બે આંઊસ, સ્પરમાસીટી (Spermaceti) બે દરામ, સફેદ મીણુ દોહોડ દરામ, ગલાશરીન (Glycerin) એક દરામ, "બાલજમ આફ પીરૂ" (Balsam of Peru) અરધો દરામ. એ સઘલાને જરા ગરમ કરીને મેલવીને એક કાચનાં વાસણમાં ભરી રાખવું. એથી બાલ સાફ રહે છે અને એ જાતનું પોમેતમ બજારમાં *Pommade de Beaute* ને નામે વેચાય છે.

૧૬૧. ચામડી ઉપરથી કરચલી કહાડી નાખવાનું પોમેતમ—સફેદ મીણુ એક આઊસ, લીલી નામના ફુલનો રશ (Juice of lily bulbs) બે આઊસ, મધ (Narbonne honey) બે આંઊસ, ગોલાબનું પાણી બે દરામ, ગોલાબનું અતર બે ટીપાં. પેહેલા મીણુને તાવી થંડું પડવા આવે કે તેમાં ઊપલી બાકીની બધી ચીજો નાખી મેલવીને ચપુમાં ભરવું. એ પોમેતમ Pommade de Hebe ને નામે વેચાય છે.

૧૬૨. કોલડકીરીમ પોમેતમ બનાવવાની રીત—મીઠી બદામનું તેલ એક આંઊસ, સફેદ મીણુ બે દરામ, સ્પરમાસીટી (Spermaceti) બે દરામ. એ બધાને એક વાસણુમાં નાખી ગરમ બેકબાટના ઇંગારપર મુકીને પીગલાવવું. પછી એ મેલવણીને એક

શોજી ખલમાં નાખી એ સઘલું મલી જાય ત્યાં સુધી ઘુંટીઆ કરવું. ઘુંટતી વખતે તેમાં એક આંઊસ ગોલાબને જરા જરા રેડી સાથે મેલવતાં જવું. એ પ્રમાણે સઘલું મલી જઇને લાહી જેવું થાય ત્યાંસુધી ઘુંટીયા કરવું. થંડું પડે ને એમાં ખુશબોઇને વાસતે "એશેનશ આફ બરગેમોટ" ૮ ટીપા નાખવા. તયારબાદ તેને કાચના ચપુમાં ભરી ડુકાના ચામડાથી તે ચપુનુ મોહાડું મજબુત બંધ કરવું આવી રીતનું બનાવેલું પોમેતમ ચેહેરા ઉપરની ચામડીને લગાડ્યેથી સાફ અને સુમારી થશે.

૧૬૩. સર્ટીમેડના ચાઠાં કાહાડી નાખવાનું કોલડકીમ પોમેતમ બનાવવાની રીત.–એ પોમેતમ ઉપર પ્રમાણેજ (જુઓ ના૦ ૧૬૧) બનાવ[illegible] પણ એમા ફરક એટલોજ કે [illegible] પ્રમાણ [illegible] મનું તેલ તથા "[illegible]" [illegible] ઉપર પીગલાવતી [illegible] તેના [illegible] દરામ કેશર સાથે નાખ[illegible]. પછી [illegible] માણે ખલમા ઘુટીને [illegible] સર્ટી મેડના ચાઠા [illegible] તો નીકળી જશ.

૧૬૪ મીલી ફલોવર [illegible]તમ (Mill fleur Pomade) [illegible] પામેતમની (જુઓ ના૦ ૧[illegible]) [illegible] "[illegible] નસ આફ લેમન" ૪ ભાગ, અને "એસેનસ આફ [illegible]" ૪ ભાગ, લવંડરનું તેલ ૨ ભાગ, [illegible] ૨ ભાગ, "[illegible] પીરીટ ગરેન" ([illegible] air) ૧ ભાગ નાખી [illegible] ચપુમ ભરી રાખવુ એ [illegible] વાના કામમાં આવે છે

૧૬૫. બાલ રંગવા માટેનુ "[illegible] પોમેતમ" — 'બીફ મેરો" (Beef marrow) ૪ આઊસને તાવીને ગાલી કાહાડવું. પછી તેમાં સફેદ મીણ ૪ આઊસ અને આલીવ આઇલ ૧ આંઊસ નાખી તાવીને મેલવી દેવો. જ્યારે પણ થંડું પડે કે તેમાં "આઈલ આફ રોઝમરી" ૨૦ ટીપા નાખવા પછી કાચના ચપુમાં ભરી મુકવું. એ પોમેતમ લગાડવાથી બાલ વધેછે.

૧૬૬. બાલને મજબુતી કરવાનુ અને ખરી જતા અટકાવનારૂં પોમેતમ— "ઓલીવ ઓઇલ" ૨॥ આંઊસ, બદામનું તેલ અરધો દરામ, "પામ ઓઇલ" ૧॥ દરામ, સફેદ મીણ અરધો આંઊસ, "લારડ" (ડુકરની ચરબી) પાઆ રતલ, "એસેનસ આફ બરગેમાટ" અરધો દરામ. એ બધાને તાવીને મેલવી નાખવું. થંડું પડેને તેમાં એસેનસ આફ બરગેમાટ નાખવુ. Con. 322.

૧૬૭. કઠન પોમેતમ—'લારડ' (ડુકરની ચરબી.) ૩ આંઊસ. "બીફ મેરો" ૩ આઊસ, બકરાની ચરબી [illegible] આંઊસ, સફેદ મીન ૨ આઊસ. એ બધાને એક વાસણમાં નાખી તે [illegible] ઉકલતા પાણીના [illegible] મુકી તાવીને મેલવી દેવો ચરબીનો [illegible] તે [illegible] નાખવા. પછી [illegible] તે વાસણને કાહાડી થંડું પડવા દેવો. [illegible] પડેને તેમા [illegible] "[illegible]" રેડો અને [illegible] અતરના થોડા ટીપા નાખી તે તદન થંડું પડે ત્યાં સુધી હીલવ[illegible] કરતા રેહવું. પછી તેને કાચના પાટમા ભરી રાખવુ (જુઓ બીજી રીત ના૦ ૧૬૮

૧૬૮. બીજી રીત—બકરાની ચરબી ૧ રતલ અને સફેદ મીન ૮ આંઊસ ઉપર [illegible] (જુઓ ના૦ ૧૫૩) [illegible] નાખી [illegible]ી દેવો. થંડુ પડેને તેમાં એસેનસ આફ બરગેમાટ ૧ આંઊસ નાખી મેલવી દેવો.

૧૬૯. નરમ પોમેતમ—જેમ ઊપર કઠન પોમેતમ બનાવવાની રીત છે (જુઓ ના૦ ૧૬૭) તેજ પ્રમાણે એ બનાવવું, પણ એમાં ફરક એટલોજ કે ઊપર કરતાં અરધો ભાગ મીન લેવું ચરબી એમાં નહી લેવી અને "બીફમેરો" એગી બમનું લેવું. (જુઓ બીજી રીત ના૦ ૧૭૦)

૧૭૦ બીજી રીત—ઊપર જે કહણુ પોમેતમ બનાવવાની બીજી રીત છે (જુઓ નાં૦ ૧૬૮) તે પ્રમાણે કહણુ પોમેતમની અંદર ૭ આંઊસ બદામનું તેલ ઊમેરીને મેલવવું. થંડું પડેને તેમાં "ઓઇલ આફ બરગેમાટ" અને લવંડરના તેલના થોડા ટીપા નાખી મેલવીને કાચના ચપુમાં ભરી રાખવું.

૧૭૧. સ્પેનીશ પોમેતમ—ઇંડાની સફેતી અને લીંબુનો રશ એ બેઊ સરખે ભાગે લેવો. પછી એ બેઊને શારીપેઠે ખુબ હીલવ હીલવ કરીને મેલવી નાખી ધીમાં ઇંગારપર મુકી નરમ પોમેતમના જેવુ ઘાહાડ થાય ત્યાંસુધી હીલવ હીલવ કરતાં રેહવું. પછી તેને ઇંગારપરથી ઊતારી થડુ પડવા દેઇને તેમાં સુગધને માટે ગોલાબનું અતર નાખી મેલવી દેવો. એને ચેહરા ઊપર લગાડયાથી ચેહરો ખુબ શુરત થાય છે.

૧૭૨. "એલદર ફ્લાવર પોમેતમ"—"એલદર ફ્લાવર ઓઇલ" ૪ આઊસ, શૌજી બકરાની ચરબી અથવા બીફમેરો ૨ આંઊસ, શૌજી લારડ (ડુકરની ચરબી) ૨ આંઊસ. પેહલા બકરાની ચરબી તથા "લારડ" ને ઘણુાજ ધીમા ઇંગારપર શાથે તાવવી. પછી તેને ઊતારી તેમાં "એલદર ઓઇલ" નાખી તે ઘણુ થંડુ પડે તાંહા સુધી તેને હીલવ હીલવ કરતાં રેહવું. એ પોમેતમ બંધાય તેની અગાઊ કોઇબી જાતનું સુગંધી એસેનસ તેમાં નાખવું. જો એમાં જરા કોલાનવાતર નાખીને શારીપેઠે મેલવીને એક રશ કીધુ હોય તો વધારે ખુશબોદાર બનશે. Con. 322.

૧૭૩. ફ્રેંચ ઓરંજ પોમેતમ—આગલથી તાવીને તઇઆર કરી રાખેલો બકરાની ચરબી ૧ રતલ, પામ ઓઇલ ૧ રતલ, મધમાખનું મીન ૧ રતલ, આગલથી તાવીને તઇઆર કરી રાખેલી ડુકરની ચરબી ("લારડ") ૧ રતલ. એ બધાને શાથે તાવીને મેલવી દેવો. જ્યારે થંડું પડે કે તેમાં આરંજ ફ્લાવર વાતર ૮ આંઊસ "એસેનસ આફ લેમન" ૩ દરામ, એસેનસ આફ નીરોલી ૭ દરામ અથવા એથી જરા વધારે નાખી મેલવી દેઇ કાચના બાકસોમાં ભરો. A. 299.

૧૭૪. આરોએંતલ પોમેતમ—આગલથી તાવીને તઇઆર કરી રાખેલી બકરાની ચરબી ૭ રતલ, પીલુ મીન ૧ રતલ "પામ ઓઇલ" ૧ રતલ એ બધાને તાવીને મેલવી દેવો. થોડું થંડું પડેને તેમાં ૮ આંઊસ "આરંજ ફ્લાવર વાતર" તથા ૬ આંઊસ ગોલાબ, "એસેન્સ આફ લેમન" ૪ દરામ "એસેન્સ આફ બરગેમાટ" ૬ દરામ, "ઓઇલ આફ લવડર" ૩ દરામ અને ઓઇલ આફ રોઝમરી ૩ દરામ નાખી મેલવી દેવો. A. 299.

૧૭૫ ફ્રેંચ રોઝ પોમેતમ—ડુકરની ચરબી ("લારડ") ૩ રતલ, સફેદ મીન ૧ રતલ, બકરાની ચરબી ૩ રતલ. એ બધાને તાવીને મેલવી દેવો. જ્યારે થંડું પડવા આવેકે તેમાં ૧ પેંટ ગોલાબ, "ઓઇલ આફ રોઝમરી" ૨૦ ટીપા, ગોલાબનુ અતર ૨૫ ટીપા નાખી મેલવવું. જો એમા આલકાનેટ નાખી ગેલાબી રંગના જેવું કરશો તો વધારે શારૂ બનશે. A. 341.

૧૭૬. રોઝમરી પોમેતમ—"બીફ મેરો" "સ્પરમાસીતી" અને "ઓલીવ ઓઇલ એ ત્રણુ સરખે ભાગે લેઇ તાવીને મેલવી નાખો. જ્યારે તદન થંડુ પડે કે તેમાં "ઓઇલ આફ રોઝમરી" ના ૧૫ ટીપા નાખવા. જો તે જરા કહણુ નહી થયું હોયતો તેમાં થોડું શફેદ મીન તાવીને નાખવું. Con. 362

૧૭૭. ફ્રેંચ પોમેતમ—કોઇબી જાતનું પોમેતમ ૮ આંઊસ, સફેદ મીન ૧ આંઊસ, સ્પરમાશીતી" અરધો આંઊસ, બદામનુ તેલ ૩ આંઊસ. એ બધાને તાવીને મેલવી નાખવું.

૧૭૮. આઈસ પોમેડ—સોજુ ઓલીવ ઓઇલ ૨૦૦૦ ભાગ, સ્પરમાસીટી ૫૦૦ ભાગ, ઓઇલ આફ્ કારનેશન પીંક (Oil of Carnation Pink) ૩૦ ભાગ. પેહલા ઓલીવ ઓઇલ અને સ્પરમાસીટીને એક વાસણમાં નાખી આતશના ઈંગાપર મુકી પીગલાવીને મેલવી નાખો. થંડુ પડવા પછી તેમાં બાકીના બધા તેલ નાખી મેલવી દેઈ, કાચના ચપુઓમાં ભરો. એ પોમીતમ બાલને લગાડવાના કામમાં આવે છે.

૧૭૯. લીંબુનું પોમેતમ બનાવવાની રીત—દુ'રની ચરબી ૧) રતલ, બકરાની ચરબી અરધો રતલ. આરંજ ફ્લાવર વાતર ૨ આઊસ, એસેનસ આફ્ લેમન ૨ દરામ, કસતુરી પાઆ દરામ, ગેલાબ બે આંઊસ, "આઇલ આફ્ થાઇમ" (Oil of thym) પાઆ દરામ. પેહલા ડુકરની તથા બકરાની ચરબીને જુદી જુદી તાવી તેમાંનો ક્ષુંછો કાહાડી નાખવો પછી એ બેઉ તવાયલી ચરબીને ઇંગાર ઉપર મુકી શાથે તાવીને મેલવી દેવો. પછી તેમાં ગેલાબ તથા આરંજ ફ્લાવર વાતર નાખી શારી પેઠે મેલવી દેવો. પછી ઉતારી ઠડવા દેવો. પછી તેમાં બાકીની બધી ચીજો નાખી મેલવી દેઇને કાચના ચપુમાં ભરી મુકો.

૧૮૦. કેસતર ઓઈલ પોમેતમ—"કેશતર આઇલ" ૧ રતલ અને સફેદ મીન ૪ આઊસ. એ બેઉને સાથે તાવીને મેલવી દેવો. જયારે થંડુ પડે કે "એસેનસ આફ્ બરગેમાટ" ૩ દરામ, "ઓઇલ આફ્ લવંડર" (વેલાતી) અરધો દરામ, "એસેનસ આફ્ અમબરગ્રીસ" ૧૦ ટીપા તેમાં નાખી મેલવી દેઇ પોહલા મોહડાની બાતલીઓમાં ભરવું. એથી બાલ ચલકતા થાય છે. (જુઓ બીજી રીત ના૦ ૧૮૧) C. 1106.

૧૮૧. બીજી રીત—"કેસતર ઓઈલ ૧ રતલ, "સ્પરમાસીટી" ૩ આઊસ. એને ધીમી ગરમીથી સાથે તાવીને મેલવી દેવો. પછી તેમાં "એસેનસ આફ્ બરગામાટ" ૩ દરામ, "ઓઇલ આફ્ વરબીના" અરધો દરામ, "ઓઇલ આફ્ લવંડર" અરધો દરામ, અને "ઓઇલ આફ્ રોઝમરી" અરધો દરામ. નાખી મેલવી દેઈ પોહલા મોહડાની કાચની બાટલીઓમાં ભરી હલાએદી જગા ઉપર મુકી તેને પોતાની મેલે થંડી પડવા દેવી. C. 1106.

૧૮૨. મેકાસર પોમેતમ—"કેસતર ઓઇલ" ૫ આંઉસ, સફેદ મીન ૧ આંઉસ અને આલકાનેટ રૂટ અરધો દરામ. એ બધાને જયાંસુધી તે રાતા રંગનું થાય ત્યાંસુધી ધીમી આંચની ગરમો ઊપર મુકી પીગલાવીને મેલવી દેવો. પછી તેને ગાલી કાહડવુ. ત્યારબાદ તેમાં "ઓઇલ આફ્ ઓરીગાનમ" ૧ દરામ, "ઓઇલ આફ્ રોઝમરી ૧ દરામ, જાયફલનું તેલ અરધો દરામ અને ગેલાબના અતરના દસ ટીપા નાખી મેલવી દેવો. પછી કાચની પોહલા મોહડાની બાટલીમાં ભરો.

૧૮૩ ખુસબોદાર પોમેતમ—સાદુ પોમેતમ (જુઓ સાદુ પોમેતમ બનાવવાની રીત ના૦ ૧૫૪) ૧ રતલ અને "પામ ઓઇલ" અરધો આંઉસને તાવીને સાથે મેલવી દેવો. પછી બીજા વાસણમાં ઉપરથી નીતારી લેવું. તયારબાદ તેમાં "ઓઇલ આફ્ કાસયા" ૧ દરામ, "ઓઇલ આફ્ જેસમીન" ૧ દરામ, "નીરોલીનું તેલ ૨૦ ટીપા, "ઓઇલ આફ્ વરબીના" અથવા "ઓઈલ આફ્ લેમન ગ્રાસ" ૧૫ ટીપા અને ગેલાબના અતરના ૫ ટીપા નાખી મેલવીને કાચના ડાબડાઓમાં ભરો. એને Pommade de Casse કહે છે.

૧૮૪. લાલ રંગનું સુગંધી પોમેતમ—એક વાસણમાં ૯૦ ભાગ સોજું "ઓલીવ ઓઇલ," ૩૦ ભાગ સફેદ મીન, ૩૦ ભાગ "સ્પરમાસીટી" અને ૩ થી ૪ ભાગ "આલકાનેટ રૂટ" નો છુંડેલો ભુકો નાખી ધીમા આંચના ઇંગારપર મુકી પીગલાવીને મેલવી દેવો. જયારે એ મેલવણી રાતા

રંગની થાય કે તેને બીજા વાસણમાં ગાલી કાહડવું. થોડું થંડુ પડવા આવે કે તેમાં ૪ ભાગ કોઇબી જાતનું સુગંધી તેલ તથા ગોલાબના અતરના થોડા ટીપા નાખી મેલવીને કાચના પોહલા મોહડાની સીસીઓમાં ભરવું. (જુઓ બીજી રીત નાં ૧૮૫)

૧૮૫. બીજી રીત—આગલથી તાવીને તઇયાર કરી રાખેલી (જુઓ નાં ૧૫૩) બકરાની ચરબી ૨ ભાગ, આગલથી તઇયાર કીધેલી "લારડ" (ડુકરની ચરબી) ૧ ભાગ, ઓલીવ ઓઇલ ૨ ભાગ. એ બધાને ધીમા આંચની ગરમીથી પીગલાવવું. જયારે થોડું થંડું પડેકે તેમાં લવંગનું તેલ ૬૦ ટીપા, "એસેનસ આફ અમબરગ્રીશ" ૫૦ ટીપા, "ઓઇલ ઓફ નીરોલી" ૨૦ ટીપા, "ઓઇલ આફ લવંડર" ૬૦ ટીપા નાખી તેમાં જરા "કારમીન" (કીરમીજનો રંગ) નાખી મેલવીને કાચના ચપુમાં ભરી રાખવું. પછી જયારે જોઇએ તયારે એમાંથી બાલને લગાડવુ.

૧૮૬. "કાઉસલીપ" (Cowslip) પોમેતમ—સાદુ પોમેતમ (જુઓ નાં ૧૫૪) ૨ રતલ, "એસેનસ બરગામાટ" ૩ દરામ, "એસેનસ આફ લેમન" ૧ દરામ, "એસેનસ આફ આરંજ પીલ" ૧ દરામ, "એસેનસ દી પીટીટ ગરેન" અરધો દરામ, "એસેનસ આફ અમબરગ્રીશ" ૬ ટીપા. એ બધાને સાદા પોમેતમમાં મેલવી દેઇ કાચના દાબડાએમાં ભરો. આએ પોમેતમ સારૂ સુગંધી બનશે.

૧૮૭. "પોમેડ દીવાઇન"—સાદુ પોમેતમ (જુઓ નાં ૧૫૪) ૨ રતલ, "એસેનસ આફ લેમન" ૨ દરામ, એસેનસ આફ બરગેમાટ ૨ દરામ, લવંડરનું તેલ ૧ દરામ, "ઓઇલ આફ ઓરીગાનમ" ૧ દરામ, "ઓઇલ આફ વરબીના" ૧૨ ટીપા, "ઓઇલ આફ કાસીઆ" ૧૨ ટીપા, લવંગનું તેલ ૧૨ ટીપા, નીરોલીનું તેલ ૧૨ ટીપા, "એસેનસ આફ વાયોલેટશ" અરધો આંઉસ અને "હુલા આઊ જેશમીન" (Huile au Jasmin) ૩ દરામ. એ બધાને સાદા પોમેતમની અંદર શારીપેઠે મેલવી દેવો. એ પોમેતમ શારૂ ખુશબોદાર બનશે.

૧૮૮. ઇશત ઇન્દીઆ પોમેતમ—આગલથી તાવીને તઇઆર કીધેલી "લારડ" (ડુકરની ચરબી) ૨ રતલ, આગલથી તાવીને સાફ કીધેલું મધમાખનું મીન અરધો રતલ, "ગમ બેનઝોઇન"નો બારીક ભુકો ૩ આંઉસ, કસતુરી ૨૦ ગરેન. એ બધાને એક વાસણમાં નાખી ઉપર ઢાંકણું ઢાંકી એ વાસણને બીજા ઉકલતા પાણીના વાસણમાં મુકી ચુહલા ઉપર ઉકાલવું જયારે બધું તવાઇને મલી જાયકે તેને બીજા વાસણમાં નીતારી કાહડવું. થોડુ થંડું પડવા આવેકે તેમાં "એસેનસ આફ લેમન" અરધો આંઉસ, લવંડરનું તેલ પાઆ આંઉસ લવંગનું તેલ અરધો દરામ, "કાસયા" નું તેલ અરધો દરામ, અને વરબીનાનું તેલ અરધો દરામ નાખી બધાને મેલવી દેવો. C. 1106

૧૮૯. રોઝ (ગોલાબનુ) પોમેતમ—શાદુ પોમેતમ જુઓ સાદુ પોમેતમ નાં ૧૫૪ અરધો રતલ લેવો. જો એને ગાલાબી રંગનું કરવું હોયતો એમાં જરા "આલકાનેટ રૂટ" નાખી ધીમી આચના ચુહલાપર મુકી તે ગોલાબી રંગનું થય ત્યાંસુધી રેહવા દેઇ પછી ગાલી કાહડવું, અને જો સફેદ રંગનું રાખવું હોય તો તેમાં આલકાનેટ રૂટ નહી નાખવું. પછી તેમાં અરધો આઉસ ગોલાબ તથા થોડું ગસુ ગોલાબનું અતર નાખી મેલવી દેઇ કાચના ચપુમા ભરો.

૧૯૦ વનીલા પોમેતમ—શાદુ પોમેતમ (જુઓ સાદુ પોમેતમ નાં ૧૫૪) ૩ રતલ અને વનીલાનો ભુકો પાઆ રતલ. એ બેઉને એક વાસણમા નાખી તે વાસણને બીજા ઉકલતા પાણીના વાસણમા મુકી ધીમી આંચના ચુહલાપર આશરે અરધા કલાક સુધી ઉકાલવું. પણ તેને ઘડી ઘડી હીલાવ હીલાવ કરતાં રેહવું. પછી પાણીમાથી તે વાસણને બાહર કાહડીને થડવા દેવું. પછી ઉપરથી

બીજા વાસણમાં નીતારી કાંહડી તેમાં અરધો રતલ "ઓઇલ એ લા રોઝ" (Oil a la rose) તથા "ઓઇલ આફ બરગેમાટ" ૧ આંઉસ નાખી મેલવી દેવો. C. 1107.

૧૯૧. જેસમીન પોમેતમ—"લારડ" (ડુકરની ચરબી) ૧ રતલ, બકરાની ચરબી ૪ આંઉસ, "જેસમીન વાતર" ૧ પેંટ, "એસેન્સ આફ જેસમીન" ૧ આંઉસ. એ બધાને મેલવી કાચના ચપુમાં ભરવું.

૧૯૨. ફ્રીસતાલાઇઝ પોમેતમ—"ઓલીવ ઓઇલ" ૧ રતલ, "સ્પરમાસીતી" (Sparmaseti) ૩ આંઉસ. એને ધીમી આંચની ગરમીથી શાથે તાવીને મેલવી દેવો. જ્યારે થંડું પડે કે તેમા "એસેનસ આફ બરગામાટ" (Essence of bergamot) ૩ દરામ, લવંડરનું વેલાતી તેલ અરધો દરામ નાખી મેલવવું.

૧૯૩. કાલી કોસમેતીક (બાલ ઉપર લગાડવા માટે—આગલથી તાવીને તઇઆર કીધેલી બકરાની ચરબી ૧ રતલ, આગલથી તાવીને તઈઆર કીધેલી ડુકરની ચરબી (લારડ) ૧ રતલ, આગલથી તાવેલું સફેદ મીન ૬ આંઉસ (જુઓ નાં૦ ૧૫૩) એ બધાને સાથે તાવીને મેલવી દેવો. પછી એ મેલવણી ઘણીજ કાલા રંગની થાય એટલી તેમા બારીક વાટેલી "આઇવરી બલેક" નાખી ઘુંટીને મેલવી દેવો. પછી તેમા "એસેનસ આફ લેમન" ૨ દરામ અને "ઓઇલ આફ કાસીયા" અરધો દરામ નાખી મેલવવું. જોઇએ તો એમા કસતુરીનું અથવા અમબરગીશનું એસેનસ નાખો. ત્યારબાદ એ મેલવણી બધાય તેની અગાઉ તેને તીનના મોલડમાં રેડો, કઠણ થયા પછી મોલડમાથી કાહડો ઉપર કાગજ વીંટાલો અથવા ફેનસી કાગજના તેવા ગોલ બાકસ અથવા ડાબડીઓ બનાવી તેમા મુકો. એને Cosmetique Noir અથવા Roll pomade કરીને કહે છે C. 486 તથા 1108.

૧૯૪. બરાઉન કોસમેતીક (બાલ ઉપર લગાડવા માટે)—જેમ ઉપર કાલી કોસમેતીક બનાવવાની રીત છે (જુઓ નાં૦ ૧૯૩) તેજ પ્રમાણે એ બનાવવી પણ ફરક એટલોજ કે આઇવરી બલેકને બદલે એમાં બારીક વાટેલો અંબર (Umber) નાખી ઘુંટીને ઉપલી રીતે બનાવો. એને Cosmetique Brun કરીને કહે છે. C. 486.

૧૯૫. સફેદ કોસમેતીક (બાલ ઉપર લગાડવા માટે)—જેમ ઉપર કાલી કોસમેટીક બનાવવાની રીત છે (જુઓ નાં૦ ૧૯૩) તેજ પ્રમાણે એ બનાવવી, પણ ફરક માતર એટલોજ કે એમા આઇવરી બલેક નાખવું નહી અને ઉપલી રીતે ખુશબોના તેલ તથા એસેનસ નાખી મેલવીને બનાવો. એને Cosmetique Blanc કહે છે. C. 486.

૧૯૬. ગોલાબી યાને લાલ કોસમેતીક (બાલ ઉપર લગાડવા માટે)—જેમ ઉપર કાલી કોસમેતીક બનાવવાની રીત છે (જુઓ નાં૦ ૧૯૩) તેજ પ્રમાણે એ બનાવવી, પણ ફરક એટલોજ કે આઇવરી બલેકને બદલે મીન અને ચરબીને તાવીને સાથે મેલવતી વખતે તેમા "આલકાનેટ રૂટ" નાખી તે રાતા રંગનું થાય ત્યાંસુધી રેહવા દઇ પછી ગાલી કાહડવું. જો આલકાનેટ રૂટ નહી નાખો તો "કારમીન" (Carmine) નામનો રંગ નાખી ઘુંટીને મેલવી દેવો. પછી ઉપર પ્રમાણે સુગંધી તેલ તથા એસેનસ નાખી મેલવીને બનાવો. એમા ગોલાબના અતરના થોડા ટીપા નાખવાથી સારો સુગંધ આવશે. એને Cosmetique a la rose કહે છે.

૧૯૭. પીલી કોસમેતીક (બાલ ઉપર લગાડવા માટે—જેમ ઉપર કાલી કોસમેતીક બનાવવાની રીત છે (જુઓ નાં૦ ૧૯૩) તેજ પ્રમાણે એ બનાવવી, પણ ફરક માતર એટલોજ કે આઇવરી બલેકને બદલે એને પીલા રંગની કરવા માટે એમા "એનાતો" (Annatto) નામના રંગનો બારીક ભુકો અથવા

"ધામ ઓઇલ" નાખી મેલવીને ઉપલી રીતે ખુશબોના તેલ નાખી બનાવવી.

૧૯૮. બીજી કોસમેતીક (બાલ ઉપર લગાડવા માટે)—જેમ ઉપર કાલી કોસમેતીક બનાવવાની રીત છે (જુઓ ના૦૧૯૩) તેજ પ્રમાણે એ બનાવવી, પણ ફરક માતર એટલોજ કે આઈવરી બલેકને બદલે એમા "ગમ ગાયાકમ" (Gum guaiacum) નો બારીક ભુકો નાખવો અથવા લવંડરના લીલા પાતરા નાખવા પછી ઉપલી રીતે ખુશબોના તેલ નાખી બનાવવી.

કોલ્ડ ક્રીમ તથા મીલ્ક આફ રોઝીશ.

Cold cream and Milk of roses.

૧૯૯ "કોલ્ડ ક્રીમ" બનાવવાની રીત—કોલ્ડ ક્રીમ એ એક જાતનો નરમ ખુશબોદાર મલમ આવેછે અને તેનો ઉપયોગ ચામડીને નરમ અને સુમારી રાખવાનો છે. ખબરાયલી અથવા ચીરા પડેલી ચામડી ઉપર તે ઘણો ફાયદાકારક છે— મીઠી બદામનું તેલ એક રતલ, સફેદ મીણ બે આંઉસ, ઇસ્પરમાસીટી (મગરમછની ચરબીમાંથી બનાવેલી મીણના જેવી વસતુ) બે આંઉસ. એ સઘલાને લેઇ ધીમાં અંગારપર એક વાસણમાં મુકીને પીગલાવવું પછી મીણ પીગલી જાય કે એક ખલને ખાલી ગરમ કરી તેમાં ઉપલી તાવેલી મેલવણી ગરમ ગરમ નાખી દશતાથી ખુબ ઘુંટીને મેલવવું અને તેમાં દશ આંઉસ ગેલાબનું પાણી થોડું થોડું નાખીને મેલવવું. જો ખલ ઠડી હશે અને બરાબર ઘુંટવામાં નહી આવશે તો ગોલાબનું પાણી તેની સાથે મલી જશે નહી, પણ જો ખલ ગરમની ગરમ હશે અને ઘુંટવાનું એક સરખી રીતે જારી રેહેશે તો ગોલાબ મલી જાશે. જયારે બધું મલીને એકશાંટ થાય એટલે તેમાં "આઇલ આફ બરગેમાટ" અરધો આંઉસ તથા લવંડરનું તેલ એક દરામ નાખી જાંહાં સુધી થંડું પડે તાંહાં સુધી ખલ કરવું, ગમે તો અતર ૧ દરામ તથા આઇલ આફ રોઝમરીના પંદર ટીપાં નાખવા. પછી તેને કાચના ચપુમાં ભરવું. એટલે કોલ્ડ ક્રીમ થયું. (જુઓ બીજી રીત ના૦ ૨૦૦)

૨૦૦. બીજી રીત—બદામનુ તેલ પાંચ આંઉસ, સફેદ મીણ પાંચ દરામ, ગોલાબનું પાણી શાહાડા ત્રણ આંઉસ અને "બાલઝમ આફ મકાના" આઠ ટીપા લઇ ઉપલી રીત પ્રમાણે બનાવવું. ગમે તો એમાં વનીલા અથવા એશેનસ આફ અમબરગ્રીસના દશ ટીપા નાખવા. (જુઓ ત્રીજી રીત ના૦ ૨૦૧)

૨૦૧. ત્રીજી રીત (ડાકતર ટરનબુલનું બનાવેલું)—સફેદ મીન એક આંઉસ, બદામનુ તેલ ચાર આંઉસ, ગોલાબનું પાણી બે આંઉસ, તંકનખાર અરધો દરામ, ગોલાબના તેલના પાંચ ટીપાં. એ સઘલું લેઇને ઉપર પ્રમાણે બનાવવું. (જુઓ કોલડકીરીમ બનાવવાની રીત.ના૦ ૧૯૯) એમાંથી શેહેજ આંગલી ઉપર લઇને જાંહાં જરૂર પડે તાંહાં મશલવું. એથી ચામડી ઘણીવાર લગી નરમ રહી શકે છે. (જુઓ ચોથી રીત ના૦ ૨૦૨)

૨૦૨. ચોથી રીત—બદામનું તેલ એક રતલ, સફેદ મીન ચાર આંઉસ. પેહેલા એ બેઉને સાથે માટીના એક વાસણમાં નાખી અંગારપર મુકી પીગલાવી નાખવું. પછી એ મેલવણીને એક ગરમ કીધેલી ખલમાં નાખી તેમા થોડો થોડો ગોલાબ નાખી ખલ કરતાં રેહવું. એ પ્રમાણે તેમાં બાર આંઉસ ગોલાબને સમાવવો. જયારે બધુ એક સરખું મલી જાઇને થંડું પડે કે કાચના વાસણમાં ભરી રાખવું. (જુઓ પાંચમી રીત ના૦ ૨૦૩)

૨૦૩. પાંચમી રીત—સફેદ મીણ અરધો આંઉસ, "સ્પરમાસીતી" (Spermaceti) અરધો આંઉસ, બદામનું તેલ ૪ આંઉસ, "આરંજ ફલાવર વાતર" બે આંઉસ. પેહેલા એક માટીના વાસણમાં બદામનું તેલ, મીન અને "સ્પરમાસીતી" નાખી

ઇંગારપર મુકી સાથે પીગલાવી મેલવી દેવું. પછી થંડુ પડે કે તેમાં "આરંજ ફલાવર વાતર" જરા જરા રેડતાં જવું અને હીલવ હીલવ કરી મેલવી નાખવું. જ્યારે બધુ એક સરખું મલી જાય કે કાચના વાસણમાં ભરી મુકવું.

૨૦૪. મીલક આફ રોઝીસ બનાવવાની રીત—સાબુ સીવાય ચામડીને સુવાલી રાખવાને માટે ઘણા ઉપાય કામે લગાડવામાં આવે છે. ઘણું કરીને જ્યારે ચામડી સુકી, ખજરાયલી, છલતા અથવા ખોલ નીકલી આવે ત્યારે "મીલક આપ રોઝીસ" "કોલડકીરીમ" અને બદામની લાહી (આલમંડ પેશત) વાપડવામાં આવે છે "મીલક આફ રોઝીસ" બજારમાં ઈંગરેજી, ફરેંચ અને જરમન એ તરણ જાતના વેચવામાં આવે છે.

૨૦૫. મીલક આફ રોઝીસ (વિલાતી)- છોલેલી બદામ એક આંઊસ, બદામનું તેલ એક દરામ, સફેદ નરમ સાબુ એક દરામ. એ બધાને એક ખલમાં દસતાથી ખુબ છુંડી તેમાં એક પેંટ ગોલાબનું પાણી નામી ગાલી લેવુ.

૨૦૬ શુગંધી મીલક આફ રોઝીસ (રેડઉડનું બનાવેલુ)—છોલેલી બદામ આઠ આંઊસને ત્રણ પેંટ પાણીમાં છુંડીને ખુબ મેલવી નાખવી પછી સફેદ સાબું (વીંડસરનો બનાવેલો) અરધો આંઊસ, સફેદ મીન અરધો આંઉસ, બદામનું તેલ અરધો આંઉસ. એ બધાને એક વાસણમાં સેહેજ ગરમી લગાડીને સાથે મેલવી તેમાં નાખવું. પછી તેમાં "આપલ આફ બરગેમોટ" અરધો આંઊસ, લવંડરનું તેલ એક દરામ, ગોલાબનુ અતર અરધો આંઊસ. એ સઘલા તેલને "સ્પીરીટ આફ વાઈન" માં મેલવી બધાને સારી પેઠે મેલવી નાખવું. પછી કાચના વાસણમાં ભરી રાખવું.

૨૦૭. ફરેંચ મીલક આફ રોઝીસ— ગોલાબનું પાણી એક બાટલી. "સ્પીરીટ આફ વઇન" બે આંઉસ, સ્પીરીટ આપ રોઝીસ" અરધો આંઊસ, "ટીંકચર આફ સ્ટીરાકસ" એક દરામ. એ બધાને સાથે મેલવીને કાચના ચપુમાં ભરી રાખવું.

૨૦૮. આગસતીનનું બનાવેલું મીલક આફ રોઝીસ—અરધી પેંટ ગોલાબના પાણીમાં અરધો આંઊસ. લોબાનનો અરક નાખી મેલવવું. પછી તેમાં "કારબોનેટ આફ પોટાશ" દસ ગરેન નાખી મેલવવું. પછી એને કાચના ચપુમાં ભરી મુંકવું. અને જ્યારે જોઇએ ત્યારે આંગલીથી લગાડવું.

૨૦૯. ગયાનીનું બનાવેલું મીલક આપ રોઝીસ—એક પેંટ ગોલાબના પાણીમાં એક દરામ લોબાનનો અરક નાખી તેમાં વીશ ટીપા "બાલઝમ આફ પીરૂ" ના અરકના નાખી મેલવીને કાચની સીસીમાં ભરી રાખવું.

૨૧૦. "લેમન કીરીમ"—એક વાસણમાં બદામનું તેલ એક આંઉસ, તથા "સ્પરમાસીટી" (Spermaceti) બે દરામ નાખી ધીમા ઇંગાર ઊપર પીગલાવવું અને થંડુ પડે કે તેમાં "એસેનસ આફ લેમન" ના શોલ ટીપા નાખી સારીપેઠે મેલવી દેવો. પછી કાચના ચપુમાં ભરી મુકો. એ ચામડી પર લગાડવાના કામમાં આવે છે.

૨૧૧. "કીરીમ આપ રોઝીસ"— મીઠી બદામનું તેલ એક રતલ, "સ્પરમાસીટી" (Spermeceti) એક આંઉસ, સફેદ મીન એક આંઊસ, ગોલાબ એક પેટ "એસેનસ આફ નીરોલી" બે દરામ. પેહેલા બદામનુ તેલ, "સ્પરમાસીતી" અને મીનને એક વાસણમાં નાખી આતશ ઉપર મુકીને ગરમ કરવું. જ્યારે તે બધું પીગલી રેહે કે તેમાં થોડો ગોલાબ નામીને મેલવતા જવું. જ્યારે તે બધું મલીને પોમેતમ જેવું થાય કે ઊતારી થંડુ પાડવું. થંડુ પડવા આવે કે તેમાં એસેનસ નાખી કાચના ચપુમાં ભરી ઉપર ફુકકાનું ચામડુ મજબુત બાધી રાખવું. એ ચામડી ઉપર લગાડવામાં આવે છે.

૨૧૨. "આલમંડ પેસત',—છોલેલી બદામ ૪ આંઉસને એક સોજી ખલમાં નાખી તે લાહી જેવી થાય ત્યાં સુધી દસતાથી કરી ખલ કરવી. પછી તેમાં થોડું ગોલાબનું પાણી અને એક ચમચી કોલાંગવાતર અથવા અતરના ત્રણ ટીપા નાખી મેલવવું એને આગલીએ કરી ચામડી ઊપર લગાડવું.

૨૧૩. "કેમ્ફેરેતેડ આલમંડ પેસત"—ઊપર જે "આલમંડ પેસત" બનાવવાની (જુઓ નાં૦ ૨૧૨) રીત છે તે પ્રમાણે બનાવી તેમાં દર એક આંઉસે અરધો દરામ કપુર નાખવો. એ પણ ચામડીને સુવાલી રાખવા માટે કામમાં આવે છે.

૨૧૪ "હની પેસત" બનાવવાની રીત—સોજજુ મધ એક રતલ, કવડી બદામને ભુકો (બદામનું તેલ કાહડી લઇને જે છુંછા જેવી બદામ રહે છે તે) એક રતલ. એ બેઊને એક ખલમાં નાખી લાહી જેવુ થાય તયાં સુધી મધના સાથે મેલવવુ. પછી તેમા બદામનુ તેલ બે રતલ તથા પાંચ ઇડાની દાલ નાખી બધાને સારી પેઠે મેલવી કાચના ચપુમાં ભરી રાખવું અને ચામડી ઊપર આંગલીથી લગાડવું.

૨૧૫. "પરલ વાતર" ચેહેરાને સોભાયમાન કરવા માટે—"સ્પેનીશ આઇલ સોપ" પાઆ રતલ લેઇ તેને જીણો જીણો ઓખવીને બે બાતલી વરશાદના ગરમ પાણીમાં નાખવો. પછી તેને શારીપેઠે હીલવ હીલવ કરીને થંડું થાય તયા સુધી રેહેવા દેવો. પછી તેમાં એક પેંટ "રેકતીફાઇદ સ્પીરીટ આફ વાઇન" અને પાઆ આંઉસ સ્પીરીટ આફ રોઝમરી નાખી શારી પેઠે મેલવી દેવો. પછી બાતલીમાં ભરી મુકો. આ મેલવણી ચેહેરાપર ચોપડવાથી ચામડી સફાઇદાર દેખાય છે. (જુઓ બ્યુતી વાતર નાં૦ ૨૧૭)

૨૧૬. ચાંઠાવાલા ચેહેરાનો ઉપાય—ગોલાબ ત્રણ આંઉસ, "સલફેટ આફ ઝીંક" (Sulphate of zinc) એક દરામ. એ બેઉને મેલવી ચેહેરા ઉપર હલવે હલવે લગાડવું. પછી તેને નરમ કપડાથી આસતેથી લુછી નાખવું. ત્યારબાદ શીજ "કોલ્ડ ક્રીરીમ" લગાડીને ફરાથી તેને લુછો નાખવું. એ પ્રમાણે કીધાથી ચેહેરા ઉપર જે ચાંઠા (સફીદના) પડયા હોશે તે નીકલી જશે.

૨૧૭. "બ્યુતીઝ વાતર" (ચેહેરાને સફાઇદાર કરવા માટે)—એક રતલ "થાઇમ" (Thyme) અને એક રતલ "મારજોરામ" (Marjoram) ને પાંચ કુવાટર પુરૂફ સ્પીરીટ અને એક કુવાટર પાણીમાં નાખી જેમ દારૂ ગાલેય તેવી રીતે જંતરથી ગાલી કાહડી બાટલીઓમાં ભરી મુકો. આએ મેલવણીથી ચેહેરા ધોયાથી ચામડી સફાઇદાર થશે. F. ૩૮. (જુઓ પરલ વાતર નાં૦ ૨૧૫)

બુટ તથા જોડાને લગાડવાના બલાકીંગ.

Blacking for boots and Shoes.

૨૧૮. બુટ તથા જોડાને લગાડવાનું બલાકીંગ—આઇવરી બલેક (હાથી દાંતની કાજલ) ૧॥ આંઊસ, સ્પરમ આઇલ (Sperm oil) ૩ દરામ, આઇલ આફ વીત્રીયલ ૩ દરામ, સરકો અરધી પેંટ, ગોલ ૧॥ આંઉસ. પેહેલા આઇવરી બલેક, ગોલ અને સરકાને સાથે મેલવી નાંખવું. પછી "સ્પરમ આઇલ" અને આઇલ આફ વીત્રીયલ એ બેઉને સાથે મેલવી પેલા સરકા અને ગોલની મેલવણીમાં નાખી બધાને સારી પેઠે મેલવી દેવું. પછી પોહોરા મોહોંડાની બાતલીમા ભરી રાખવું. એટલે બલાકીંગ થશે. (જુઓ બીજી રીત નાં૦ ૨૧૯.)

૨૧૯. બીજી રીત—સલફ્યુરીક આસીડ ૧॥ આઊંસ, આલીવ આઇલ ૧ આંઉસ, આઇવરી બલેક ૧૨ આંઊસ, ગુંદરનો બારીક ભુકો અરધો આંઊસ, સરકો બે બાતલી. પેહેલા આઇવરી બલેક, ગુંદર, ગોલ

અને તેમને સાથે મેળવી બાકી જેવું કરવું. પછી તેમાં થોડો થોડો સરકો રેડી બધાને સારીપેઠે મેળવી નાખવું, અને છેલે તેમાં સલફ્યુરીક આસીડ નાખી એક લાકડીથી મેળવી દઈ પોહોરા મોહોડાની બાટલીમાં ભરી રાખવું. પછી જ્યારે જોઇએ ત્યારે એ બલાકીંગ બુટની ઉપર લગાડી બરશથી પાલીસ કરવું. જો આલીવ આઇલ નહી મળેતો તેને બદલે મીઠું તેલ લેવું. (જુઓ ત્રીજી રીત નાં૦ ૨૨૦.)

૨૨૦. ત્રીજી રીત—સ્પરમાસીટી ૧ાા આંઊસ, વીટરોલીક આસીડ ૧ાા આંઊસ, ગોલ ૬ આંઊસ, આઇવરી બલેક ૬ આંઊસ, વેલાતી સરકો એક બાટલી, પેહેલા વીટરોલીક આસીડ અને સ્પરમાસીટી એ બેઉને સાથે મેળવવા અને પછી તેમાં બાકીની બીજી જીનસો નાખી સારીપેઠે મેળવી પોહોર મોહોડાની બાતલીમાં ભરી રાખવું. એ બલાકીંગ બુટને લગાડીઆથી ઘણા સરસ થશે. (જુઓ ચોથી રીત નાં૦ ૨૨૧.)

૨૨૧. ચોથી રીત (ઘણું સરસ બલાકીંગ)—આઇવરી બલેક ૧૨ આંઊસ, સ્પરમાસીતી આઇલ ૪ આંઊસ, ગોલ ૧૨ આંઊસ, સફેદ વાઇનનો સરકો ૪ પેંટ. એ બધાને મેળવીને બાતલીમાં ભરી રાખવું. એ બલાકીંગની ખુબી એવી છે કે જોડા અથવા બુતને લગાડીઆથી ઘણી સારી ચલક નીકલે છે તે સાથ બુટને ચીરા પડતા નથી તેનુ કારણ એકે એ બલાકીંગની બનાવટમાં સલ્ફયુરીક આસીડ અથવા આઇલ આફ વીતરીઅલ આવતુ નથી. (જુઓ પાચમી રીત નાં૦ ૨૨૨)

૨૨૨. પાંચમી રીત—આઇવરી બલેક ૪ આંઉસ, ગોલ ૨ આંઉસ, ઊંચો સરકો પોણી પેંટ, સ્પરમાસીટી આઇલ એક ચમચો. પેહેલા સ્પરમાસીટીની સાથે આઇવરી બલેકને મેળવી દેવી, પછી તેમાં ગોલ નાખીને મેળવવું. અને છેલે તેમાં સરકો રેડી બધાને સારીપેઠે મેળવી ટેઇ બાતલીમાં ભરી રાખવું.

૨૨૩. જેપાન બલાકીંગ—આઇવરી બલેક ૩ આંઉસ, જાડી ખાંડ ૨ આંઉસ, સલફ્યુરીક આસીડ ૧ આંઊસ, મીયુરીઆતીક આસીડ ૧ આંઊસ, મીઠું તેલ ૧ ચમચો, લેમન આસીડ ૧ ચમચો, સરકો ૧ પેંટ. પેહેલા આઇવરી બલેક તથા મીઠા તેલને સાથે મેળવી દેવું. પછી તેમાં લેમન આસીડ અને ખાંડ નાખવી તથાં જરા સરકો રેડી મેળવી દેવો. પછી સલફ્યુરીક આસીડ અને મીયુરીઆતીક આસીડ નાખી બધાને સારી પેઠે મેળવી એકરસ કરવું. એમાં ખાંડ, તેલ અને સરકો આવીઆથી આસીડથી કરી ચામડું ખરાબ થતું નથી. પણ બલાકીંગને સારી જલેક આપેછે. Con. 64.

૨૨૪. હારનીસને લગાડવાનું બલાકીંગ—૧૨ આંઊસ મધમાખના મીણને ૪ આંઊસ બકરાની ચરબી સાથે તાવવી. પછી તેમાં ૧૨ આંઊસ ઘુંટેલી સાકર નાખવી તથા ૪ આંઊસ નરમ સાબુને પાણીમાં પીગલાવી તેમાં નાખવો. ત્યારબાદ તેમાં ૨ આંઊસ કાલીગુલીને બારીક ઘુંટીને નાખવી. જ્યારે બધું તવાઇને એકરસ થાય કે ચુહુલા પરથી વાસણને નીચે ઉતારી થોડું થંડું થાય કે તેમાં અરધી પેંટ તરપીટન નામી મેલવવું. એ બલાકીંગને વાદલા (ઇસજ)થી લગાડવું. અને તેની ઉપર બરશ મારી ચલક કાહાડવી.

૨૨૫. બલાકીંગના કટકા બનાવવાની રીત—બાવલનો ગુંદર ૧ આંઊસ, પાણી ૧ પેંટ અથવા એથી થોડું વધારે લેવું, આઇવરી બલેક ૨ આંઊસ, મીઠું તેલ ૨ ચમચા, ગોલ અથવા રાતી ખાંડ ૧ આંઊસ. એ બધાને એક વાસણમાં નાખી ચુહુલાપર મુકી ઉકાલવું. જ્યારે તેમાંનું પાણી બલી જઇને (જાડું) ઘટ જેવું થાય કે તેને ઉતારી પાડી એ મેલવણીને મોલડમાં નાખી તેના ચોખંડા અથવા ગોલ કટકા બનાવવા. જ્યારે

એ બલાકીંગને બુટપર લગાડવું હોય ત્યારે એક કટકાને સરકામાં નાખી મેલવીને લગાડવું. જોઇએ તો સરકા અને પાણીમાં નાંખીને મેલવીને લગાડવું.

૨૨૬. પેસ્ટ બલાકીંગ—"આઇલ આફ વીત્રીઅલ" ૨ ભાગ, મીઠું તેલ ૧ ભાગ, ગોલ ૩ ભાગ, "આઇવરી બલેક" ૪ ભાગ. એ બધાને મેલવી પતરાંની ડાબડીઓમાં ભરવું. (જુઓ બીજી રીત ના૦ ૨૨૭.) A. 48.

૨૨૭. બીજી રીત—"આઇવરી બલેક" ૧ રતલ, ગોલ અરધો રતલ, ઓલીવ ઓઇલ ૨ આંઊસ, ઓઇલ આફ વીત્રીઅલ ૨ આંઊસ અને એ બલાકીંગ જરા ઘટ જેવું થાય એટલુ પાણી. એ બધાને સારીપેઠે મેલવી નાખવું. D. 11.

૨૨૮. સસ્તુ બલાકીંગ—આઇવરી બલેક ૧ રતલ, દીવાની કાજલ અરધો આંઊસ, ગોલ ૧ રતલ, મીઠું તેલ ૧॥ આઊસ, ગુંદરનો જાડો ભુકો અરધો આંઊસ, સરકો ૧॥ બાતલી. પેહેલા ગુંદરને થોડા પાણીમાં પીગલાવો. પછી તેમાં "ઓઇલ આફ વીત્રીઅલ" અરધો આંઊસ જરા જરા નાખી લાકડીથી હીલવતાં જવું. પછી એ બધાને સારીપેઠે મેલવી નાખી એકત્ર કરવું. (જુઓ બીજી રીત ના૦ ૨૨૯) Con. 64,

૨૨૯. બીજી રીત—આઇવરી બલેક ૨ આંઊસ, રાતી શાકર ૨ આંઊસ, મીઠું તેલ ૧ ચમચો, સરકો ૧ પેંટ. એમાં થોડો થોડો શરકો નાખતા જવું અને લાકડીથી હીલવ હીલવ કરતાં રેહવું. જ્યારે બધુ મસાલો એકસરખુ થાયકે વાપડવામા લેવું. (જુઓ ત્રીજી રીત ના૦ ૨૩૦) D. 146.

૨૩૦. ત્રીજી રીત—કાલી શાહી અરધી પેંટ અને બે આંઊસ સરકાની અંદર બાવલનો ગુંદર ૮ આંઊસ અને ગોલ ૨ આંઊસ નાખી પીગલાવવો. પીગલી રહેકે તેને ગાલી કહાડી તેનાં ૨ આંઊસ સ્પીરીટ વાઇન નાખો. D. 5

૨૩૧. ઉમ્દું બલાકીંગ—આઇવરી બલેક પાઆ રતલ, જાડી રાતી ખાંડ ૨ આંઊસ, ખાટો બીર દારૂ ૩ પેંટ. એ બધાને સારીપેઠે મેલવી દેવો. પછી તેમાં એક નાહાનો ચમચો ભરી મીઠું તેલ અને એક નાહાનો ચમચો ભરી "વીત્રીઆલીક એસીડ" નાખી લાકડીથી ખુબ હીલવ હીલવ કરી મેલવી દેવું. થોડા કલાક પછી પોહોરા મોહોડાની બાતલીઓમાં ભરી રાખો. Con. 65.

૨૩૨. આઇલ પેસટ બલાકીંગ—આઇવરી બલેક ૨ રતલ, ગોલ ૪ અથવા ૫ આંઊસ, "ઓઇલ આફ વીત્રીઅલ" ૨ આંઊસ, "તેનરસ ઓઇલ" ૫ આંઊસ, જો તેનરસ ઓઇલ નહીં મલેતો શાજી ચરબી (Tallow) ૪ આંઊસ અને બાવલનો ગુંદર ૧ આઊસ લેવો. પેહેલાં "તેનરસ ;ઓઇલ" અને "ઓઇલ આફ વીત્રીઅલ" ને સારી પેઠે મેલવીને ૨૪ કલાક સુધી રેહેવા દેવો. ગુંદરને એક પેઆલુ ભરી ગરમ પાણીમાં નાખી પીગલાવો. પછી એ પીગલાવેલા ગુંદરમાં તરણ ચમચા ભરી સોજો સરકો રેડી ગરમ કરી પેલા તેલની સાથે મેલવી દેવો. પછી તેમાં આઇવરી બલેક, ગોલ અને બે ઇડાંની સફેતી નાખી બધાને ગારીપેઠે મેલવી દેવો. એ બલાકીંગ ઘણું સરસ થશે. Con65.

૨૩૩. લીકવીડ (પ્રવાહી) બલાકીંગ.—પોણોશેર "આઇવરી બલેક," દોઢશેર પાશેર ગોલ અને ૧ આંઊસ મીઠું તેલ. એ બધાને એક ખલમાં ઘુંટીને એકસરખું મેલવી નાખવું. પછી તેમાં સરકો અરધી પેંટ અને બીર દારૂ અરધી પેંટ રેડી બધાને મેલવી બાતલીઓમાં ભરવું. (જુઓ બીજી રીત ના૦ ૨૩૪.) D. 11.

૨૩૪. બીજી રીત—"આઇવરી બલેક" પાઆ રતલ, ગોલ પાઆ રતલ, મીઠું તેલ ૧ આંઊસ, "ઓઇલ આફ વીત્રીઅલ" ૧

આંઉસ. "આઇવરી બલેક," ગોલ અને મીઠા તેલને સાથે સારીપેઠે ખુબ મેલવી નાખવું. ત્યારબાદ "ઓઇલ આફ વીત્રીઅલ" માં ૩ આંઉસ પાણી રેડી તેને નરમ કરવું. પછી એ "ઓઇલ આફ વીત્રીઅલ" પેલી મેલવણીમાં જરા જરા નાખતાં જવું અને લાકડાથી હીલવ હીલવ કરતાં રેહેવું. જયારે બધુ બરાબર મલી જાય કે તેને તરણ અથવા ચાર કલાક સુધી રેહવા દેવો પછી તેમાં ખપ પુરતું પાણી અથવા ખાટો બીર દારૂ નામી મેલવીને ચોપડવા લાયક બનાવવું. (જુઓ બીજી રીત ના૦ ૨૩૫.) D. 20,

૨૩૫. ત્રીજી રીત—"આઇવરી બલેક" નો બારીક ભુકો ૨ રતલ,ગોલ ૧॥ રતલ, "સ્પરમ ઓઇલ (Sperm Oil) પાઆ પેંટ પેહેલા આઇવરી બલેક અને તેલને સાથે મેલવી નાખવું. પછી તેમાં ગોલ નાખી બધાને સાથે મેલવી દેવો. S. 16.

૨૩૬. હારનીસને લગાડવાનું વાતર પ્રુફ બલાકીંગ—મટોડીના એક વાસણમાં કાલી રાલ બે આંઉસ નાખી ધીમાં ધંગારપર મુકવું. જયારે રાલ તવાયકે તેમાં મધમાખનું મીન ૩ આંઉસ નાખીને મેલવી દેવો. પછી ચુહુલા ઉપરથી તે વાસણને નીચે ઊતારી તેમાં અરધો આંઉસ દીવાની કાજલ અને અરધો દરામ "પુરશીયન બલુ"નો બારીક ભુકો તેમાં નાખી બધાને સારીપેઠે મેલવી દેવો થોડું થંડું પડેને એ મેલવણી પતલી લાહી જેવી થાય તેટલું તેમાં "સ્પીરીટ આફ તરપેનતાઈન" ઉમેરી મેલવી દેવો. પછી તેને થંડું થવા દેવો. જયારે એ બલાકીંગ હારનેશને લગાડવું હોય ત્યારે એક કપડાના કટકાને તેમા બોળી તેવી તેના ઉપર બધે લગાડવું. પછી પાલીસ કરવાના નરમ બરશથી પાલીસકરવું. એટલે ચલકાટ નીકલશે. F. 169

૨૩૭. બુત અથવા જોડાને પાણી નહી લાગે એવું "વાટરપુરૂફ વારનીશ" —અલશીનું તેલ ૮ ભાગ, "ઓદલડ ઓઈલ" ૧૦ ભાગ, બકરાની ચરબી ૮ ભાગ, મધમાખનું મીન ૮ ભાગ. એ બધાને એક મટોડીના વાસણમાં નાખી ચુહુલા ઉપર મુકી તાવીને મેલવી દેવો અને એ મેલવણી ગરમ હોય તેટલાજ બુત અથવા જોડા ઉપર લગાડવી. (જુઓ બીજી રીત ના૦૨૩૮) A. 237

૨૩૮. બીજી રીત—ઈંદીઆ રબર વારનીશ" બુતની ઉપર પીછીએ કરી લગાડવું. (જુઓ ત્રીજી રીત ના૦ ૨૩૯) F. 53.

૨૩૯. ત્રીજી રીત—એક મટોડીના વાસણમાં આઠ આંઉસ બકરાની ચરબી, આઠ આંઉસ મધમાખનું મીન, અરધી બાતલી અલસીનું તેલ અને એક આંઉસ રાલ નાખી ચુહુલા ઉપર મુકી પીગલાવીને બધાને મેલવી નાખવું. જયારે બરાબર મલી જાયકે સુમરેહુ જેવું કરી બુત અથવા જોડા ઉપર એ વારનીસના બે હાત બરશથી મારવા. એક હાત શુકાયા પછી ઉપર બીજો હાત બરશથી મારવો. Ta. 132. તથા F. 58.

૨૪૦. બુત અથવા જોડાના તલીઆને પાણી નહી લાગે એવા વાતર પ્રુફ" બનાવવાની રીત—બુત અથવા જોડાના તલીઆ ઉપર ગરમ કીધેલો "તાર" (Tar) પીછીએ કરી ચોપડવો. પછી તેને તાપ આગલ મુકી રાખો એટલે "તાર" તેમા પેવશ થશે. શુકાયા પછી તેની ઉપર ફરીથી "તાર" ચોપડી તાપ આગલ મુકી રાખો. એ પ્રમાણે જોઇએતો તરણ વખત ચોપડવાથી બુતના તલીઆને પાણી લાગશે નહી. F. 53

૨૪૧. બુત તથા જોડા અને હારનીશ વગેરેને લગાડવાનું જોઆન બલાકીંગ—ગોલ ૮ ભાગ, કાજલ ૧ ભાગ, મીઠુ તેલ ૧ ભાગ, બાવલનો ગુંદર ૧ ભાગ, "આઇસીનગલાશ" ૧ ભાગ. એ બધાને ૩૨ ભાગ પાણી સાથે મેલવી નાખવું. પછી તેને ગરમ કરવું. જયારે થંડુ પડેકે તેમા "સ્પીરીટ આફ વાંઇન" ૧ આંઉસ નાખવો. પછી મેલવીને બાતલીમાં ભરો રાખો. જયારે વા-

પડવું હોય ત્યારે બાતલીને ચુહુલા આગલ મુકવી. એ બલાકીંગ હાથની આંગલીથી અથવા સ્પંજથી લગાડવું. A. 14.

૨૪૨. બુતને માટે સસતું વારનીસ—બાવલનો ગુંદર ૪ આંઊસ, શાકર ૧ આંઊસ, કાલી શાહી પાઆ પેંટ. "સ્પીરીટ આફ્ વાઇન" ૧ આંઊસ. એ બધાને પીગલાવી મેલવી દેવો. એ બલાકીંગ બુત ઉપર લગાડયા પછી તે બરાબર સુકાતું નથી (જુઓ બીજી રીત નાં૦ ૨૪૩) F. 53

૨૪૩. બીજી રીત—એક પેંટ કાલી સાહીની અંદર ૨ આંઊસ સાકર, ૪ આંઊસ બાવલનો ગુંદર, એક ગલાશ "પોરટ વાઇન" એક ચમચો "ઓઇલ આફ્ વીત્રીઅલ" અને જરા "પ્રશીયન બ્લુ" નાખી બધાને પીગલાવીને મેલવી દેવો. (જુઓ ત્રીજી રીત ના૦ ૨૪૪) F. 53.

૨૪૪. ત્રીજી રીત—ગુંદર ૨ આંઊસ ગોલ ૧ આંઊસ, કાલી શાહ અરધી પેંટ. એ બધાને પીગલવા દેઇ મેલવવું પછી જલદ સ્પીરીટ આફ્ વાઇન એક ગલાસ લેઇ તેમાં લવંડરના તેલના થોડા ટીપા નાખવા. જ્યારે તેલ મલી જાય કે પેલી શાહીમાં એ સ્પીરીટને રેડીને શારીપેઠે મેલવી નાખવી. F. 53

૨૪૫. કુચુક (ઇંદીઆ રબર)નું બલાકીંગ—હાડકાની મેશ ૨૦ ભાગ, ગોલ ૧૫ ભાગ, સરકો ૪ ભાગ, સલફ્યુરીક્ એસીડ ૪ ભાગ અને કુચુક ઓઇલ ૩ ભાગ પેહલા હાડકાની મેસને એસીડમાં મેલવવી. પછી તેમાં ગોલ નાખી મેલવીને કુચુક ઓઇલ નાખી મેલવીને સરકો નાખી મેલવી દેવો. એ બલાકીંગ બુત તથા જોડા ઊપર લગાડવું. (જુઓ બીજી રીત નાં૦ ૨૪૬) કુચુક ઓઇલ બનાવવું હોય તો જુઓ નાં૦ ૨૪૭.) T. 320.

૨૪૬. બીજી રીત—હાડકાની મેશ ૬૦ ભાગ, ગોલ ૪૫ ભાગ, ગુંદર ૧ ભાગ, સલફ્યુરીક્ આસીડ ૨૪ ભાગ, સરકો ૫૦ ભાગ કુચુક ઓઇલ ૯ ભાગ. એ બલાકીંગ ઉપર પ્રમાણે બનાવવું (જુઓ કુચુક ઓઇલ બનાવવાની રીત નાં૦ ૨૪૭)

૨૪૭. કુચુક ઓઇલ (ઇંદીઆ રબરનુ તેલ) બનાવવાની રીત—૫૫ ભાગ, કુચુક લઈ તેના નાહાના કટકા કરી તેમાં ૪૫૦ ભાગ સરસયું તેલ નાખી ગરમીથી પીગલાવીને મેલવી દેવો. (જુઓ બીજી રીત ના૦ ૨૪૮)

૨૪૮. બીજી રીત—મટોડીના એક વાસણમાં ૧ ભાગ કુચુક (ઇંદીઆ રબર) ના જીણા કટકા કરી નાખવા અને તેમાં ૮ ભાગ અલસીનું તેલ નાખી કોલશાના આતશ ઉપર મુકી પીગલાવીને મેલવી દેવો. પણ તેને લાકડીથી ઘડી ઘડી હીલવયા કરવું T. 320

૨૪૯. દેનસીંગ શુ ને માટે બલાકીંગ—બાવલીઓ ગુંદર ૧ ભાગ, લોફ્સુગર અરધો ભાગ, હાડકાની મેશ (બોન બલેક) અરધો ભાગ અને એ મેલવણી ચોપડવા લાયક થાય તેટલું પાણી લેવું. પેહલા ગુંદર તથા ખાંડને પાણીમાં નાખી પીગલાવો પછી તેમાં મેશ નાખી શારીપેઠે મેલવી દેવો. એ બલાકીંગ વાડલા (સ્પંજ) થી લગાડવું.

૨૫૦. "ઇનેમલ લેધર" (Enamelled leather) ના બનાવેલા બુટને માટે પાલીસ—તાજું દુધ $\frac{2}{3}$ ભાગ અને અલસીનુ તેલ $\frac{1}{3}$ ભાગ લેવો. એને જુદુ જુદુ સુમરેતું જેવું ગરમ કરવું. પછી બેઉને મેલવી દેવો. ત્યારબાદ બુતને સાફ કરી "સ્પંજ" (વાડલા) થી એ મેલવણી લગાડવી. પછી તેને સફેદ નરમ કપડાથી તે બુતની ઉપર ચલક નીકલે તવાં સુધી લુછયા કરવું. Ta. 134.

તરેહવાર જાતના સાબુ.
SOAPS.

૨૫૧. સાબુ બનાવવાની રીત—પ્રથમ કાચનું વાસણ અથવા કલઇ કરેલા વાસણમાં ૨ા તોલા સારો સફેદ કલીચુણો

અને તેમાં ૧૦ તોલા પાણી નાખીને તે વાસણને એક કોરે રાખવું પછી ધોયલો પાપડખાર ("કારબોનેટ આફ સોડા") ૫ તોલા લઇ એક મોહોટુ પીતલનુ અથવા ત્રાંબાનુ જેને કલઇ કરેલું હોય એવું વાસણ લેઇને તેમાં પાપડખાર નાખવો. પછી તેમાં ૩૦) તોલા શોજું મીઠું પાણી નાખવું. પછી જેમાં કલી ચુણો ભીંજવેલોછે તે ચુણાને કપડાથી ગાલીને જે વાસણમાં પાપડખાર ("કારબોનેટ આફ સોડા") છે તેમાં નાખવો. પછી તે વાસણને ચુહુલા ઉપર મુકવું. જયારે તે ખદખદે તયારે તેમાં ૧૨ા તોલા સારૂ કોપરેલ તેલ નાખવું. પછી જેવા વાસનો સાબુ બનાવવો હોય તેવા વાસનું તેલ ૨) તોલા નાખવું. તયાર બાદ તે ઘટ થાય ત્યાંસુધી અગની ઉપર રાખી મુકવું માખણના જેવું ઘટ થાયકે તેને ઉતારી લઇ બીબામાં રેડવું. પછી તેને ઠઠવા દેવું. તયારબાદ આપણી મરજીમાં આવે તેવા છરી વડે કકડા કરવા, એટલે સાબુની ગોટી તઇઆર થશે, જો વધારે બનાવવો હોયતો તોલાના વજનને બદલે શેરનું વજણ લેવું. સાબુને માટે પાપડખારને ધોવાની સહમજણ એ છે કે—પાપડખારમાં મેલ હોય છે માટે તેને પાણીમાં ઉકાલીને પછી તેમાનુ મેલુ પાણી નાખી દેવું અને એ પ્રમાણે તે ખારને તરણ ચાર અથવા તેથી વધારે વાર પાણીમાં ઉકાલીઆથી તેમાનો સઘલો મેલ નીકલી જઇને સાફ થશે. અગર કોઇ ધણી ઉપર કહેલી મેહેનત લેવાને નહી ચાહાતો હોય તો અંગરેજી ગાંધીઓની દુકાન ઉપર સાફ તઇઆર કરાયેલો પાપડખાર મલેછે.

૨૫૨. કવડી બદામનો સાબુ—સફેદ અરબાંનો સાબુ ૨૮ રતલને એક વાસણમાં નાખી એક બીજા ઉકલતા પાણીના વાસણમાં ઉપલુ સાબુ નાખેલું વાસણ મુકી પીગલાવો. જયારે તે પીગલી રહેકે કવડી બદામનું તેલ ૭ા તોલા નાખી સારીપેઠે મેલવી દેઇ પછી વાસણને ઉતારી પાડી તેમાં એ મેલવણીને બીબામાં ઓટીને સાબુના જેવા આકાર બનાવી કાહાડવા. C. 1207.

૨૫૩. શુગંધી (Savon au Bouquet) ફ્રેંચ સાબુ—ચરબીનો બનાવેલો સાબુ ૧૫) રતલ, "આલીવ આઇલ સોપ" ૫) રતલ. પેહેલા એક ત્રાંબાના વાસણમાં એ બેઉ જાતના સાબુ નાખી તે વાસણને ગરમઉકલતાં પાણીમાં મુકી શાબુને પીગલવો પણ તે પાણીમાં કકરા આવતી વખતે તેમાનુ પાણી સાબુના વાસણમાં જાય નહી તેથી થોડું અધુરૂં રાખવું. જયારે પીગલીને તઇઆર થાય કે તેમાં "એસેનસ આફ બરગામાટ" ૨ આંઉસ, લવંગનું તેલ અરધો આંઉસ, "આઇલ આફ સાસાફ્રાસ" (Oil of sassafras) ૧ આંઉસ, "આઇલ આફ થાઈમ" (Oil of thyme) ૦ાા આંઉસ, આઈલ આફ નીરોલી ૦ાા આંઉસ, "બરાઊન ઓચર" (Brown ocher) નો બારીક ભુકો અરધો રતલ નાખી બધાને મેલવી બીબામાં તેની ગોટીઓ ઓટી કાહાડવી. C. 1207.

૨૫૪. હની સોપ—૪ રતલ પીલા સાબુના નાહલા કટકા કરી એક વાસણમાં મુકવા. પછી તે વાસણને ઊકલતાં પાણીના વાસણમાં મુકી સાબુને હીલવ હીલવ કરીને પીગલાવવું. પછી ઉતારીને તેમાં અરધો રતલ, "પામ આઇલ" (Palm oil) અને અરધો રતલ શોજુ મધ તથા ચાર આનાનું તજનું તેલ નાખી ૬ થી ૮ મીનીટ સુધી ફરીથી ઉકાલવું. તયારબાદ બીજા વાસણમાં નાખીને એક દાહાડો રેહેવા દેવું. એટલે વાપડવા લાયક થાશે એવી રીતનો બનાવેલો સાબુ ઘણો ઉંચો થશે. (જુઓ બીજી રીત ના૦ ૨૫૫) En. 1517.

૨૫૫. બીજી રીત—"પામ આઇલ સોપ" ૧ ભાગ, "આલીવ આઇલ સોપ" ૧ ભાગ, "કરડ શોપ" (Curd Soap) ૩ ભાગ. એ બધાને એક કહ્રાઇમાં નાખી ઉપર

પ્રમાણે પીગલાવવું. જ્યારે બધું તવાઇને બરાબર પીગલી રહેકે ઊતારી જરા થંડું પડેને તેમાં સુગંધને માટે થોડું વરખીનાનું તેલ અથવા "આઇલ આફ જીનજર ગ્રાશ" નાખી તેની ગોટીઓ બનાવવી. C. 1207

૨૫૬. સીનામન શોપ (તજનો સાબુ)—"પામ આઇલ સોપ" (Palm oil soap) ૭ રતલ, ચરબીનો બનાવેલો સાબુ (Tallw soap) ૧૪ રતલ. એ બેઊ સાબુને પાટલો ઓખવીને એક વાસણમાં નાખી તેમાં થોડું પાણી નાખી તે વાસણને બીજા ઉકલતાં પાણીમાં મેલીને તાવવું અને તેને રંગ આપવાને વાસતે અરધો રતલ હડતાલ નાખીને પાણીના વાસણમાંથી કાહાડી થંડું પાડવું અને જ્યારે થંડુ પડવા આવે કે તેમાં તજનું તેલ ૩ આંઊસ, બરગામાટનું એસેન્સ અરધો આંઊસ, ફરાશ પાપરાનું તેલ (Oil of sassafras) અરધો આંઊસ. એ બધા એસેનસને સાબુમાં નાખીને મેલવવું. અને તેને બીબામાં નાખીને સુકાવા મેલવા. C. 1207

૨૫૭ કસતુરીનો સાબુ—જેમ ઉપર "સીનામન સોપ" બનાવવાની (જુઓ નાં૦ ૨૫૬) રીત છે તેજ પરમાણે "પામ આઇલ સોપ" અને ચરબીના બનાવેલા સાબુને તાવવું. તથા તેમાં રંગ આપવાને માટે બારેલી ખાંડ નાખી મેલવવું. અને જ્યારે થંડુ પડવા આવે કે તેમાં જરા "એસેનસ આપ મસક" (Essence of musk) અને થોડું લવંગતું તેલ તથા "એસેનસ આફ બરગેમોટ" નાખી મેલવીને બીબામા નાખીને શુકાવા મેલવા. C. 1207.

૨૫૮. આ રંજ ફ્લાવર શોપ(નારંગાના ફુલનો સાબુ)— જેમ ઊપર સુગંધી ફરેંચ સાબુ બનાવવાની (જુઓ નાં૦ ૨૫૩) રીત છે તેજ પરમાણે એ બનાવવો. પણ એમાં ફરક એટલોજકે "આઇલ આફ નીરોલી" અથવા "એસેનસ દી પીટીટ ગરેન" (Essence de petit grain) ની શાથે "એસેનસ આફ આમબરગ્રીશ" અને "એસેન્સ આફ પોરચુંગલ" નાખીને ઉપલી રીતે બનાવવું. C. 1207

૨૫૯. લીંબુનો સાબુ (લેમન શોફ)—લીંબુનો રસ ૨ આંઉસ, કડવી બદામનુ તેલ ૧ આંઊસ, "આઇલ આફ તારતાર" ૧ આંઊસ, "વેનીસ સોપ" ૨ આઊસ. "વેનીસ સોપ" ને પેહલા ગરમ કરી પીગલાવીને થડું પડેને ઉપલી બધી જીણસો તેમાં નાખી હીલવ હીલવ કરી મેલવવું. જ્યારે મધના જેવું ગાહારૂ થાયકે તેને નાઢલા ચીણીના બાકસોમાં રેડવું અને બંધાય કે તેમાંથી કાહડી વાપડવામાં લેવો. D. 501

૨૬૦. "વીડસર શોપ"—સારા સફેદ સાબુની જેમ બને તેમ પાટલી સલેસો કરી એક વાસણમાં નાખી ધીમાં ઇંગાર ઊપર મુકીને પીગલવા દેવું. જ્યારે પીગલી રહેકે તેમાં વલીઆરીનું તેલ અથવા કોઈ બીજી જાતનું સુગંધી તેલ નાખીને મેલવવું. ત્યાર બાદ સાબુ બનાવવાના મોલડમાં (કે જે મોલડો એજ કામને માટે બનાવે છે) તેમાં એ મેલવણી નાખીને તરણ અથવા ચાર દીવસ સુધી સુકાવા દેઇને તેને ગમે એવા આકારમાં કટકા કાપી કાહડવા. D. 1093.

૨૬૧. માથુ ધોવાના સાબુનું પાણી—વેનીશ, કેશતીલ અથવા કોઇબી જાતનો સાબુ ૧ આંઊસ લેઈ એક સુવાલી પથરની ખલમાં નાખી તેમાં પાઆ આંઊસ. "સાલટ આવ તારતાર" (Salt of tartar) નાખી છુંડીને બેઉને મેલવી નાખવું. મેલવતી વખતે તેમાં અરધી પેંટ "લવંડર વાતર" ધીમે ધીમે થોડું થોડું નાખીને સાબુને મેલવી નાખવું. જ્યારે બધુ સાથે બરાબર મલી જાય એટલે ગાલી લઇ બાતલીમાં ભરીને મજબુત બુચ મારવો. પછી જ્યારે જોઇએ ત્યારે એમાંથી થોડા ટીપા એક ચમચો પાણીમાં નાખી ખુબ મેલવવું એટલે તે પાણી સાબુના જેવું ફીણવાલું થશે. જ્યાં સાબું

નહી મલે તેવે ઠેકાણે એવી રીતનું બનાવેલું સાબુનુ પાણી ઘણુ ઉપયોગી થઇ પડેછે. I. R. 70.

૨૬૨. માથુ બોડવાનો (શેવિંગ શોપ) સાબુ—સફેદ નરમ સાબુ ૪ આંઉસ સારો "હની સોપ" ૨ આંઉસ, "આલીવ આઇલ" ૧ આંઉસ, પાણી એક અથવા બે ચમચા, "કારબોનેટ આફ સોડા" ૧ દરામ. એ બધાને એક વાસણમાં નાખી ઇંગારપર મુકી સારીપેઠે પીગલાવીને બધાને એક રશ કરી લાહી જેવું જાડું કરવું તથા તેમાં જરાક "પુરૂફ સ્પીરીટ" નામવો. પછી તેમાં સુગંધને માટે મરજી પ્રમાણે કોઇબી જાતનું સુગંધી તેલના ટીપા નાખવા. કેટલાંક બનાવનારાઓ એ સાબુને પીગલાવતી વખતે તેમાં શાથે "સ્પરમાસીટી" (Spermaceti નાખે છે. પછી એ મેલવણીને કાચના ચપુમાં ભરી રાખવું. ગરમ પાણી અથવા થંડા પાણીમાં બરશ બોરીને એ સાબુમાં લગાડશોતો ફીણ ઘણુ થાશે. તે શાથ ચેહેરા ઉપર લગાડેલુ એ સાબુનું ફીણ આસતે આસતે સુકાયછે S. 368.

૨૬૩. માથુ બોડવાનો લાહી જેવો (શેવીંગ પેસત) સાબુ -સફેદ મીન પાઆ આંઉસ, "સ્પરમાસીટી" (Sperma ceti) અરધો અઉસ, અને બદામનુ તેલ પાઆ આંઉસ એ બધાને એક વાસણમાં નાખી તાવીને મેલવવું. પછી "વીંડસર શોપ"ના સાબુની એ ગોટીઓ લેઈ તેની બારીક કરચો કરી થોડા ગોલાબમાં નાખી એક ખલમાં ઘુંટીને લાહી જેવું કરી પેલી મેલવણી ગરમ હોય તેટલાંજ તેમાં નાખી બધાને સારીપેઠે મેલવી દેવો. પછી એ મેલવણી થંડી પડે કે તેમાં સુગંધી તેલના થોડા ટીપા નાખી મેલવીને કાચના ચપુમાં ભરી રાખો. પછી જયારે જોઇએ ત્યારે એમાંથી જરાક કગરશ જેટલું લેઇ માથા ઊપર અથવા દહાડી ઊપર મુકી શેવીગ બરશને ગરમ અથવા થંડા પાણીમાં જરા ભીંજવી એ બરશ પેલા દહાડી અથવા માથાપરના સાબુ ઊપર ચોલીને લગાડવું. એટલે તરત ફીણુ ફીણ થઇ જશે. જેમ કેટલાંક લોકો સાબુમાં પાણી રેડી પીછીથી લગાડે છે તેના કરતાં આ રીત સારી છે. C. 1036.

૨૬૪. ગુલાબી સુગંધનો સાબુ—"ઓલીવ આઇલ શોપ" ૩૬ રતલ અને ઊંચો ચરબીનો (Tallow soap) સાબુ ૨૪ રતલ. એ બેઉ જાતના સાબુ તરતના તાજા બનાવેલા લેવા. પછી એ બધા સાબુને પાટલો પાટલો ઓખવીને બારીક છોલ કાહડવી. પછી એ બધી સાબુની છોલને કલઇ વગરના ત્રાંબાના વાસણમાં નાખી તેમાં એક બાતલી પાણી રેડી તે વાસણને ઢાંકી એક બીજા ઉકલતાં પાણીના વાસણમાં તેને મુકવું. પણ પાણી ઉભાઇને તેમાં નહી જાય તેની સંભાલ રાખવી. જયારે તે બધુ પીગલીને એકરશ થાયકે તેમાં ૨।। આંઊસ બારીક વાટેલો હીંગલો નાખી શારીપેઠે ખુબ મેલવી દેવો. પછી તલીએનો બધો આતસનો ઇગાર કાહડી નાખી એ મેલવણીને થોડો થંડો પડવા દેવો. પછી તેમાં ગોલાબનું અતર ૩ આંઉસ, "એસેન્સ આફ બરમેમાટ" ૨।। આંઊસ. અને લવંગનું તેલ ૧ આંઊસ નાખી મેલવી દેવો. પછી એ મેલવણીને મોલડમાં નાખી સાબુ સુકાય કે કાહાડી લેવા. C. 1208.

૨૬૫. પારદરશક સાબુ (ત્રાંસપેરંટ સોપ)—બે આંઊસ "વાઈત વીંડશર શોપ" લેઇ તેની પાટલી કાટરીઓ કરી એક નાહાની બરણીમાં નાખવો. પછી તેમાં અરધી પેંટ આલકોહલ (Alcohol) નામવો. જો એ સાબુને ગોલાબી રંગનો કરવો હોય તો એમાં જરા "ટીંકચર આફ આરચીલ" (Tincture of archil) નાખવું અને જો પીલા રંગનો કરવો હોય તો એમાં "ટીંકચર આફ તરમેરીક" અથવા "એનાતો" નાખી બરણીને ઢાંકી તે શાબુ શારી રીતે પીગલીને મલી

જાય ત્યાંહાં સુધી રેહેવા દેવો. પછી એ સાબુને જેવા સુગંધનો કરવો હોય તેવી જાતના સુગંધના તેલના થોડા ટીપા તેમાં નાખવા પછી પતરાના મોલડમાં રેડી થોડા દાહાડા ખોલ્લી હવામાં રેહેવા દેવો. પછી છરીએ કરી ઊપરથી કાપીને સરખો કરી મરજી પ્રમાણે નકસીના અથવા નામના તેનીપર છાપ (સ્તાંમપ) મારો. D. 427. C.

૨૬૬. લવંડરનો સાબુ બનાવવાની રીત—સારા સફેદ સાબુની જેમ બને તેમ પાટલી સલેસો કરી એક વાસણમાં નાખી ધીમાં ઇંગાર ઉપર મુકીને પીગલાવવું જ્યારે પીગલી રહે કે ઊતારી પાડી થોડું થંડું પડવા દેવો. પછી તેમાં સુગંધને માટે દર શાત રતલ સાબુએ દેહાર આઊંસ લવંડરનું તેલ અને જરા "આઇલ આફ બરગેમાટ" (Oil of bergamot) અને જરા કસતુરીનું એસેનસ (Essence of musk) તથા જરા "એસેનસ આફ અમબરગ્રીસ" (Essence of ambergris) નાખવું. તથા તેમાં રંગને માટે જરા "ટીંકચર આફ લીટમશ" (Tincture of litmus) નાખી મેલવી દેઇ મોલડમાં નાખી તેની ગોટીઓ પાડવી. S. 385.

૨૬૭. વાયોલેટ સોપ—કોઇબી પીગલાવેલા સફેદ સાબુને થોડો થંડો થવા પછે તેમાં "એસેન્સ આફ ઓરાસ રૂટ" (Essence of orris root) સુગંધ પુરતો નાખવો. અને રંગને માટે જોઇએ તો જરા "ટીંકચર આફ લીટમશ" (Tincture of litmus) અથવા "સ્માલ્ટ" (Smalts) અથવા "અલત્રામેરીન" (Ultramarine) અથવા ગુલી જેતે એક જાતનો બારીક ચારેસો ભુકો તેમાં નાખીને મેલવી દેવો. બીબામાં એ મેલવણી રેડી સાબુના કટકા બનાવી કાહાડો. S. 384.

૨૬૮. ગલીસરીન સોપ બનાવવાની રીત—કોઈબી જાતના નરમ સાબુને એક વાસણમાં નાખી તે વાસણને બીજા ઊકલતાં પાણીના વાસણમાં મુકી ખુબ પીગલાવો, અને એ સાબુ જેટલા વજણમાં લીધો હોય તે વજણમાંના $\frac{1}{25}$ થી તે $\frac{1}{20}$ જેટલો "ગ્લીસરીન" (Glycerine) તેમાં ઊમેરીને મેળવીને એકરસ કરી નાખો. પછી તેમાં રાતે, અથવા ગોલાબી અથવા નારંગીઆ, પીલો ગમે તે એક જાતનો રંગ નાખી મેલવી દેવો થોડું થંડું પડે કે તેમાં સુગધને માટે 'ઓઇલ આફ બરગેમોટ (Oil of bergamot) ની સાથે ભેલી તેમાં નાખી મેલવીને નાહાના નાહાના મોલડમાં એ મેલવણી રેડી બંધાવાં દેવો. થોડુ બંધાય કે મરજી પ્રમાણેના ઊપર છાપ (સ્તામપ) મારવા. S. 384.

૨૬૯. "રોનદેલીસીયા" નામનો (Rondeletia Soap) સુગંધી સાબુ—સારા સફેદ સાબુની જેમ બને તેમ પાટલી સલેસો કરી એક વાસણમાં નાખી ધીમાં ઇંગાર ઉપર મુકી પીગલવા દેવો. જ્યારે પીગલી રહે કે તેમાં રંગને વાશતે જરા "પામ ઓઇલ" (Palm oil નાખો અથવા બારેલી ખાંડ થોડી નાખો અથવા હડતાલ જે તે એક જાત નાખી મેલવી દેવો. જ્યારે થોડું થંડું પડે કે જો સાબુ સાત રતલ હોય તો તેમાં સુગંધને માટે આઇલ આફ બરગેમોત (Oil of bergamot) તથા "આઇલ આફ લેમન" (લીંબુનું તેલ) તથા લવંગનું તેલ અને ગોલાબનું અતર મલી આશરે ૧॥ આંઊસ તેમાં નાખી મેલવીને મોલડમાં ઓટી કાહડો. S. 385.

૨૭૦. ખુશબોદાર "અમબરગ્રીશ સોપ"—"કરડ સોપ" (Curd soap) ૭ રતલ લેઈ જીણા કટકા કરી એક ત્રાંબાના વાસણમા નાખી ઇંગાર ઉપર મુકીને પીગલાવો. પછી જરા થંડુ પડવા દેઈ વરીઆલીનું તેલ અરધો આંઊસ, "એસેન્સ આફ બરગેમોટ" પાઆ આંઊસ અને "એસેન્સ આફ અમબરગ્રીશ" પાઆ આંઊસ નાખી મેલવીને મોલડમાં ગોટીઓ ઓટી કાહડવી. F. !7.

૨૭૧. પારાની મેલવણીનો (મરક્યુરીયલ શોપ) સાબુ બનાવવાની રીત—એક દરામ "કોરોસીવ સુબલીમેટ" (Corrosive sublimate) ને પેહેલા એક આંઉસ "રેકતીફાઇદ સ્પીરીટ"માં પીગલાવો પછી "કેસતીલ સોપ" નો (Castile soap) ચાર આંઉસ બારીક ભુકો લેઈ એક પથરની ખલમાં નાખી તેમાં "પેલો કોરોસીવ સુબલીમેટ" મેલવેલો સ્પીરીટ નાખી ઘુંટ ઘુંટ કરીને શારી પેઠે મેલવી દેવો. આ સાબુ કેટલીક જાતના ચામડી ઉપરના દરદોને માટે વપડાય છે. C. 1207.

૨૭૨. ગંધકનો (સલફ્યુરેતેદ શોપ) સાબુ બનાવવાની રીત—પેહેલા એક અથવા બે આંઉસ "રેકતીફાઇદ સ્પીરીટ" (Rectified spirit)માં જરા "આલકાનેટ" રૂટ (Alkanet rook) નાખી લાલ રંગનું થાય ત્યાંહાં સુધી રેહેવા દેવો. જયારે બરાબર ખુબ રંગદાર થાય કે તેમાં ૧૦ થી ૧૨ ટીપા ગુલાબના અતરના નાખી મેલવવું. પછી એક સંગેમરમરના પથરની ખલમાં બે આંઉસ સફેદ (White soap) સાબુ અને પાઆ આંઉસ ગંધક (Sublimed sulphur) નાખી ઘુંટતાં જાવો અને પેલા સ્પીરીટમાંથી જરા જરા તેમાં રેડતાં જવો. જયારે બરાબર ઘુંટાઈને લાહી જેવું થાય કે સાબુના આકારમાં બનાવો. એવી રીતનો બનાવેલો ગંધકનો સાબુ ખુજલી, ફીર ઉપર સારો છે, C. 1207.

૨૭૩. સાબુમાં નાખવા માટેના રંગ—લાલરંગનો કરવા માટે "ટીંકચર આફ દરેગનબ્લ્દ" (Tincture of dragon's-blood) લેવો. ગુલાબી રંગનો કરવો હોયતો "ટીંકચર આફ કારથામાઈન" (Tincture of carthamine or of archil) અથવા "ટીંકચર આફ આરચીલ" લેવો. પીલો અને નારંગી રંગનો કરવો હોય તો "ટીંકચર આફ એનાતો" (Tincture of annatto) અથવા "ટીંકચર આફ સફરંન" નાખો. બલુ અને વાયોલેટ રંગનો કરવો હોય તો "ટીંકચર આફ લીટમશ" અથવા ગુલીની જરાક બારીક ભુકી નાખો. લીલા રંગનો કરવો હોય તો બલુ તથા પીલા રંગની મેલવણીને સાથે મેલવીને નાખો આટલું તો યાદ રાખવું કે જયારેબી સાબુમાં કોઈબી જાતનો રંગ નાંખો તયારે શાબુને ચુહુલા ઉપર પીગલાવા મુકાયો હોય તયારે નહી નાખવો પણ સાબુની મેલવણીને ચુહુલાપરથી ઉતારીઆ પછી જયારે મોલડમાં રેડો તયારે રંગને શારીપેઠે તેમાં મેલવી દેવો. S. 383.

૨૭૪. સાબુમાં સુગંધને માટે નાખવાની ખુશબો—આટલુંતો ચોકસ યાદ રાખવું કે ઉપર કહેલા સઘલી જાતના સાબુમાં જાહાં સુગંધી તેલ તથાં એસેનસ નાખવા કહેલા છે તે જયારે સાબુને ચુહુલા ઉપર પીગલવા મુકાયો હોય તયારે નહી નાખવું, કેમકે ગરમીથી કરી કેટલીક જાતના સુગંધી એસેનસ ઉડી જાય છે, તેથી જયારે સાબુની મેલવણીને મોલડમાં નાખો તયારે થોડા આલકોલમા એ સુગંધી તેલ તથા એસેનસ મેલવી એ મેલવણી સાબુની મેલવણીમાં નાખી શારીપેઠે મેલવી દેવો.

૨૭૫. સરકાના તથા વાઇનિના દાઘ કાહાડવાનો સાબુ—૨॥ આંઉસ સફેદ સાબુની અંદર ૧ પ્રવાહી દરામ તરપીતન તેલ અને ૨૫ ગરેન નવશાગર નાખી મેલવી દેવો.

૨૭૬. પેચોવલી શોપ (ખુશબોદાર શાબુ)—ચરબીનો શોજે સાબું ૧૨૫૦ ભાગ, ઓઇલ આફ પેચોવલી ૧૨॥ ભાગ, સુખડનું તેલ ૨ ભાગ. સાબુને પેહલા પીગલાવી થંડો પડેને તેમાં તેલ મેલવી નાખી મોલડમાં ઓટી કાહાડો.

૨૭૭. કપુરનો સાબુ બનાવવાની રીત—સોજે ચરબીનો સાબુ ૧૫૦૦ ભાગ, રોઝમરીનું તેલ ૪૦ ભાગ, લવંડરનું તેલ

૫ ભાગ, કપુર ૯૦ ભાગ. પહેલા કપુરનો બારીક ભુકો કરી તેલની સાથે મેલવી દેવો. પછી સાબુને પીગલાવી થંડો પડેને એ મેલવણી તેમાં નાખી મેલવીને મોલડમાં ગોટીઓ ઓટી કાહડવી.

૨૭૮. બદામના તેલનો સાબુ—જેટલું બદામનું તેલ લેવો તેથી બે ઘણું "કોસતીક પોટાશ" અથવા "સોડા" લેઈ ચુહુલા ઉપર મુકી મેલવી દેવો. થંડું પડે કે તે જેલી જેવું થઇ જશે. પછી તેમાં થોડું નીમક નાખી પાછું ચુહુલા ઉપર મુકી તે ઘણું કઠણ થાય તયાં સુધી ઉકાલવું. પછી તેને "મોલડ" (બીબા) માં રેડી સાબુની ગોતીઓ બનાવી કાહાડવી. F. 11.

૨૭૯ હાથને સફેદ કરવાનો સાબુ—એક વાઇન ગલાસ ભરીને "કોલાનવાતર" લીંબુનો રશ એક વાઇન ગલાસ અને બે સાબુ (વીંડશર શોપ) ના ગોલા. પેહલા સાબુને છરીથી ઝીણી ઝીણી કરચો કાપીને બારીક ભુકો કરવો. પછી એ ભુકાને કોલાનવાતર તથા લીંબુના રશમા મેલવી દેવો. તયારબાદ એક પતરાના "મોલડમા" એ મેલવણી નાખવી અને જયારે કઠણ થાય એટલે મોલડમાથી કાહડવો. એવા રીતના બનાવેલાં સાબુથી હાથ સફેદ તથા સાફ થાય છે. (જુઓ બીજી રીત નાં૦ ૨૮૦) બ. ૧૦૧૫.

૨૮૦. બીજી રીત—બદામનો ભુકો ૧ રતલ, "કતલ ફીશબોન" (સમુદરફીન) નો ભુકો ૪ આંઉસ, સફેદ સાબુનો ભુકો ૪ આંઉસ, "ઓરીશ પાઉદર" ૧ આંઉસ. એ બધાને મેલવી દેવો. એ ભુકો હાથને સફાઈદાર કરવા માટે વાપડવામાં આવે છે, જેથી હાત નરમ અને શોભા રહેછે. C. 1132.

૨૮૧. શરીરની ચામડીને સુવાલી અથવા સફાઈદાર કરનારા સાબુના દડાઓ—"કડૅશોપ" નામનો સાબું ૩ રતલ, શોભે પીલો સાબું ૨ રતલ. એ બેઉને ઝીણો ઝીણો કાપીને બારીક ભુકો કરો. પછી તેમાં પાણી રેડી ધીમી આંચના ચુહુલા ઉપર મુકી પીગલાવો. શાબુ પીગલી રહે કે તેમાં "સ્તારચ" અથવા "ફેરીના" (Farina) સાબુ ચોખાનો આટો ૫॥ રતલ નાખી લાકડીથી હીલવ હીલવ કરી મેલવી દેવો. પછી તેને ચુહુલા ઉપરથી ઉતારી ખુબ થંડુ પડવા દેવો. થંડુ પડે કે તેમાં લીંબુનું એસેન્સ અથવા બરગામાટનું એસેન્સ ૧ આંઉસ નાખી મેળવીને મોલડમા નાખી તેના દડા ઓટી કાહડવા. (જુઓ બીજી રીત નાં૦ ૨૮૨) C. 118૫.

૨૮૨. બીજી રીત—૧॥ રતલ સફેદ "કડૅશોપ" ના ઝીણા કટકા કરી તેમાં થોડું પાણી રેડી ધીમી બલતાની આંચ ઉપર મુકી પીગલાવો. પછી "સ્પરમાસીતી" બે આંઉસને એક વાસણમાં નાખી ચુહુલા ઉપર મુકી પીગલાવો. જયારે પીગલી રહે કે તેમાં ૧ આંઉસ કપુરના ઝીણા ઝીણા કટકા નાખી મેલવી દેવો. પછી એ મેલવણીને પેલા પીગલાવેલા સાબુના વાસણમા નાખી મેલવીને થંડુ પડવા દેવો. થંડુ પડવા માડેકે મોલડમા નાખી ઓટી કાહડો. એ દડા શરીર ઉપર ચોલવાથી કપુરનો વાસ આવશે. (જુઓ ત્રીજી રીત નાં૦ ૨૮૩) C. 1185.

૨૮૩. ત્રીજી રીત—શોભે પીલો સાબુ ૭ રતલને બારીક કટકા કરી તેમાં પાઆ રતલ "પામ ઓઇલ" નાખી ચુહુલા ઉપર મુકી પીગલાવીને મેલવી દેવો. પછી તેને થંડુ પડવા દેવો. થોડુ થંડુ પડેને તેમાં "ઓઇલ આફ વરબીના" અથવા "ઓઇલ આફ રોઝ જીરેનયમ" અથવા "ઓઇલ આફ જીંજર ગ્રાસ" ૧ આંઉસ નાખી મેલવીને તેને મોલડમાં ઓટી કાહડવા. એમાં અરધો આંઉસ "ઓઇલ આફ રોઝમરી" નાખીઆથી શારો સુગંધ આપશે. (જુઓ ચોથી રીત નાં૦ ૨૮૪) C. 1188.

૨૮૪. ચોથી રીત(રાતા રંગના દડાઓ) ઉપર પરમાણે (જુઓ નાં૦ ૨૮૨ થી

તે નાં૦ ૨૮૩ સુધી) તે પરમાણે જે તે એક રીતના સાબુને પીગલાવીઆ પછી જયારે તે બધુ મલીને એકરસ થાય કે ચુહુલા ઉપરથી ઉતારતી વખતે તેમાં ગોલાબી અથવા રાતા રગને માટે રંગ પુરતો હીંગરો અથવા હીરાદખણુનો ભુકો નાખી મેલવી દેવો થોડું થંડું પડવા પછી સુગંધને માટે ઉપર પરમાણે તેલ નાખી મેલવીને મોલડમાં તેના કટકા ઓટી કાહડવા એટલે રાતા રંગના દડા થશે.

સઘલી જાતની લખવાની શાહી.

Inks of all kinds.

૨૮૫. રબર સ્તામપ માટે લાલ રંગની શાહી બનાવવાની રીત—હાલમાં દેશીઓમાં રબર સ્તામપના નામ પાડવાના સીલોના વધારે ખપ થવાથી તે સીલો છાપવા માટે લાલ, બલું અને વાયોલેટ રંગની સાહી કેમ બનાવે છે તે બનાવાની રીત "સાયેનતીફીક અમેરીકન" નામના વિદયા હુંનરને લગતાં ઇંગ્રેજી અઠવાડીક પતરમાં આપી છે ને અગતની જાણીને તેમ થી હેથલ સંભરી ઉતારી છે:- એક કાચના શોગન પેયાલામા "એમોનીઆ" (નવસાગર) નું આંગ પાણી ૨ આંઉસ રેડવું. પછી તેમાં પાઆ આંઉસ કારમાઇન (Carmine) નાખી પીગલવા દેવો. જયારે કારમાઇન પીગલીને મલી જાય કે તેમાં પોણો આંઉસ દેક્ષ્ત્રીન (Dextrine) અને ૬૦ ગરેન ગલીસરીન (Glycerine) ઉમેરવું એ બધાને મેલવવાથી જે મેલવણી થશે તે લાલ રંગની સાહી થશે. પછી તેને કાચની અરધા આંઉસ અથવા આંઉસ વાલી ખાલી શોહોજી સીસીઓમાં ભરી બુચ મારી ઉપર સીલ કરો એટલે રબર સ્તાંમપ માટે વેચવા લાયકની સાહી થઇ. (જુઓ બલુ સાહી નાં૦ ૨૮૬)

૨૮૬ રબર સ્તામપ માટે બલુ રંગની સાહી બનાવવાની રીત—સંગેમરમરના પથરની નાહની એક ખલમાં ૨॥ તોલા "પુરૂશીયન બલુ" (Prussian Blue) નામનો રંગ નાખવો અને તે રંગ પીગલીને લાહી જેવું થાય એટલું તેમાં પાણી રેડી મેલવવું. પછી તેમાં "દેક્ષતરીન" (Dextrine) ૨॥ તોલા નાખી દસતાથી ખુબ ઘુંટ ઘુંટ કરવું. પછી તે શાહી જેવું થાય એટલુ તેમાં પાણી રેડી મેલવીને કાચની અરધા આંઉસ અથવા એક આંઉસવાલી ખાલી સોજી સીસીઓમાં ભરી બુચ મારી ઉપર સીલ કરો એટલે રબર સ્તામપ માટે વેચવા લાયક સાહી થય. (જુઓ વાયોલેટ રંગની સાહી નાં૦ ૨૮૭)

૨૮૭. રબર સ્તામપ માટે વાયોલેટ રંગની સાહી બનાવવાની રીત—એક કાચના મોહોતા પેયાલામાં "એનીલાઇન વાયોલેટ" (Aniline violet) નામનો રંગ ૨ થી ૪ દરામ સુધી નાખી તેમાં પંદર આંઉસ "આલકોહોલ" (Alcohol) અને પંદર આંઉસ "ગલીસરીન" (Glycerine) નાખી પીગલાવો. જયારે બરાબર પીગલીને મલી જાય કે કાચની અરધા આંઉસ અથવા એક આંઉસ વાલી ખાલી સોજી સીસીઓમા લઇ તેમા એ સાહી રેડી બુચ મારી ઉપર સીલ કરો એટલે રબર સ્તામપ માટે વેચવા લાયકની સાહી થઈ.

૨૮૮. લાલ શાહી—પતંગનું લાકડુ ૪ આંઉસ, ફટકી ૨ દરામ, પેહેલા પતંગના લાકડાની સલીઓ કરી એક પેંટ સરકામાં બે ત્રણ દાહડા ભીંજવી રાખવી તથા તેમાં ફટકી પણ નાખવી. તયારબાદ તેમાં અરધી પેંટ પાણી રેડી ચુહુલા ઉપર મુકી ઉકાલવું. જયારે એમાંના ત્રીજા ભાગ જેટલું પાણી બલી જાય કે ઉતારી પાડી તે વાસણ હીલે નહી તેમ એક હલાયદી જગોપર બે ત્રણ દાહડા મુકીને ઠડવા દેવું. પછી ગાલી કાહાડીને સોજી બાતલીમાં ભરવી. (જુઓ બીજી રીત નાં૦ ૨૮૯)

૨૮૯ બીજી રીત—એક વાસણમાં કીરમજનો બારીક ભુકો ૨॥ તોલા નાખી તેમાં પાશેર ગરમ પાણી રેડી પીગલવા દેવો. પાણી બરાબર થંડું પડેને તેમાં બે ગલાસ સ્પીરીટ આફ "હાર્ટસ હોર્ન" નાખી બાતલીમાં ભરવી. પણ દરરોજ બાતલીને પાંચ સાત દાહાડા સુધી હીલવતાં રેહવું. પછી ગાલી કાહાડી બીજી શોજી બાતલીમાં ભરવી. (જુઓ ત્રીજી રીત ના૦ ૨૯૦)

૨૯૦ ત્રીજી રીત—પાંચ બાતલી સફેદ સરકામાં દશ આંઉસ પતંગના લાકડાના બારીક કટકા કરી ચાર પાંચ દાહડા ભીંજવી રાખવા. પછી તેને ચુહુલા ઉપર મુકી તેનો અરધો ભાગ બલી જાય તયાં સુધી ઉકાલવું. પછી તેમાં ૪॥ આઉસ ફટકીનો ભુકો અને પાચ આંઉસ બાવલના ગુંદરનો ભુકો નાખવો. જ્યારે ગુંદર તથા ફટકી તેમાં પીગલી રહે કે ગાલી કાહાડી શોજી બાતલીઓમાં ભરવી. (જુઓ ચોથી રીત ના૦ ૨૯૧)

૨૯૧. ચૌથી રીત—પતંગના લાકડાની બારીક સલી ૨ આંઉસ, ફટકી અરધો આંઉસ, "ક્રીમ આફ તારતાર" અરધો આંઉસ, પાણી ૧૬ આંઉસ. એ બધાને ઉકાલી તેનો અરધો ભાગ બાલી નાખવો. પછી ગાલી કાહાડી તેમાં અરધો આંઉસ પીગલેલો ગુંદર નાખવો અને થડું પડવા દેઇને દોહોર દરામ કીરમજ ને દોહોર આંઉસ સ્પીરીટ આફ વાઇનમાં પીગલાવીને પેલા ગાલેલા પાણીમાં નાખીને મેલવી નાખવું. (જુઓ પાંચમી રીત ના૦ ૨૯૨)

૨૯૨. પાંચમી રીત—પતંગના લાકડાનો ઘણોજ બારીક ભુકો ૧ આંઉસ, ફટકી ૨ દરામ, કીરમજનો ભુકો ૧૫ ગરેન, સરકો અથવા પાણી અરધી પેંટ. એ બધાને એક માટીના વાસણમાં નાખી ઉકાલીને ગાલી કાહાડવું. પછી તેમાં બાવલના ગુંદરનો ભુકો ૨ દરામ નાખી હીલાવવું. પછી બાતલીમાં ભરી મુકવી (જુઓ છથી રીત ના૦ ૨૯૩).

૨૯૩. છથી રીત—એક કાચના પેયાલામાં ૧૨ ગરેન ચોખ્ખો "કારમાઇન" (પ્યુર કામાઇન) નાખી તેમાં આમોન્યા (નવસાગર)નું પાણી ૩ આંઉસ નામી સ્પીરીટની બતી (સ્પીરીટ લામપ) ની ઊપર પાંચથી આઠ મીનીટ સુધી ગરમ કરવું. પણ તેમાં કકરી આવે નહી તેની સંભાલ રાખવી. જ્યારે ગરમ થાય કે તેમાં ૧૮ ગરેન ગુંદરનો બારીક ભુકો નાખી હીલવ હીલવ કરતાં રેહવું. જ્યારે બધું પીગલીને મલી જાય કે લખવા લાયકની શાહી થશે. પછી તેને બાતલીમાં ભરી મજબુત બુચ મારવો. (જુઓ સાતમી રીત ના૦ ૨૯૪.) D. 1231.

૨૯૪. સાતમી રીત—બરેઝીલ ઉડના છોલી કહાડેલા છોલતા ૩ આંઉસ, ફટકીનો ભુકો ૩ દરામ, સરકો અરધી બાતલી. એ સઘલાને બે તરણ દાહાડા સુધી ભીંજવી રાખવું. પછી મધીઅમ ગરમીના આતશ ઉપર મુકી એ મેલવણીનો ત્રીજો ભાગ બાફ રૂપી આકારમાં ઊડી જાય ત્યાં સુધી ઉકાલવું. પછી ઉતારી પાડી તેને હલાયદી જગા ઉપર બે ત્રણ દાહાડા સ્થીર રેહવા દેવો. પછી ગાલી કાહાડી બાતલીમાં ભરવી.

૨૯૫. લીલી શાહી બનાવવાની રીત—સારી શોજી બલુ શાહીની અંદર તે લીલી શાહીના જેવી થાય તેટલી તેમાં પીલી શાહી ભેલવી. એ બેઉ શાહીને મેલવ્યાથી લીલી શાહી થશે. (જુઓ બીજી રીત ના૦ ૨૯૬.)

૨૯૬. બીજી રીત—" સાપગ્રીન " (Sap green) નામની ઇંગરેજી ગાંધીને તયાં મલતી જીણસને ફટકીના પાણીમાં ભીંજવી રાખીઆથી લીલી શાહી બનશે. (જુઓ ત્રીજી રીત ના૦ ૨૯૭)

૨૯૭. ત્રીજી રીત—એક ખલમાં એક આંઉસ જંગાલને બારીક વાટવી. પછી તેને એક બાતલી સરકામાં નાખી બે ત્રણ દાહડા રેહવા દવો પછી તેને ગાલી કાહાડી બાતલીમાં ભરવી. એમાં પાંચ દરામ ગુંદરનો ભુકો નાખીઆથી ચીકટ શાહી થશે.

૨૯૮. બ્લુ શાહી બનાવવાની રીત—"ચાયનીશ બ્લુ" (ગુલી) ૩ આંઊસ, "દીશતીલ્ડ વાતર" (ઉકાલેલું વરાલનું પાણી) અને જો એ નહી હોય તો વરસાદનું પાણી ૬ પેંટ, ગુંદરનો બારીક ભુકો ૧ આંઊસ, "ઓક્ષેલીક આસીડ" (Oxalic acid) પોણો આંઊસ. પેહલા "ચાયનીશ બ્લું" અને ગુંદરને પાણીમાં નાખી પીગલાવવું. પછી તેમાં આસીડ નાખી મેલવી દેવો. એટલે લખવા લાયકની શાહી થશે. (જુઓ બીજી રીત ના૦ ૨૯૯)

૨૯૯. બીજી રીત—"સલફેટ આફ ઇનદીગો" (Sulphate of indigo) ને ગરમ પાણીમાં પીગલાવી શાહી જેવું કરવું. F. 346.

૩૦૦. પીલી શાહી બનાવવાની રીત—એક આંઊસ રેવંનચીનો શીરો લેઈ તેને પાંચ આંઉસ ગરમ પાણીમાં પીગળાવીને તેમાં પોંણો આંઊસ "સ્પીરીટ વાઇન" નાખી મેળવીને બાતલીમાં ભરવી. (જુવો બીજી રીત ના૦ ૩૦૧.)

૩૦૧. બીજી રીત—"ફ્રેંચ બેરીશ" (એ ઇગરેજી દવા વેચનારાઓને તાંહાં મળેછે.) બે આંઊસ, ફટકી અરધો આઊસ. એ બેઊને એક શેર પાણીમાં નાખી ચુહુલા ઉપર મુકી તેમાના પાણીનો ત્રીજો ભાગ બળી જાય તાંહાં સુધી ઉકાલવું. પછી તેમાં બાવલનો ગુંદર ૨ દરામ અને છુંડેલી ખાંડ ૧ દરામ નાખવી. પછી તેમાં એક દરામ ફટકીનો ભુકો નાખી મેળવીને ગાલી કાહાડી બાતલીનાં ભરવી.

૩૦૨. બ્રાઉન રંગની શાહી—પતંગના લાકડાના છોરીયાના ખુબ ઉકાલેલા થોડા પાણીમાં જરા "બાઇકરોમેટ આફ પોતાશ" નાખ્યાથી બ્રાઊન રંગની શાહી થશે.

૩૦૩. જાંબુરી શાહી બનાવવાની રીત—૧૨ ભાગ "કેમપીચી ઉડ" (Campeachy wood) ને ૧૨૦ ભાગ પાણીમાં નાખી ખુબ ઉકાલીને ગાલી કાહાડી થંડું પાડવું. પછી એ ગાલેલા ઉકાલામાં એક ભાગ "સબ આસીતેત આફ કોપર" (Subacetate of copper), ૧૪ ભાગ ફટકી અને ૪ ભાગ ગુંદરનો ભુકો કરી તેમાં હુમેરીને ચાર પાંચ દાહડા રેહવા દેવો. (જુઓ બીજી રીત ના૦ ૩૦૪.)

૩૦૪. બીજી રીત—પતંગનાં લાકડાના છોરીઆને ખુબ ઊકાલી ગાલી કાહાડીને તેમાં થોડું "કલોરાઈડ આફ તીન" નાખવું.

૩૦૫. વાયોલેટ રંગની શાહી બનાવવાની રીત—એક વાસણમાં દોહોર શેર પાણી રેડી તેમાં પતંગના લાકડાની બારીક ભુકી પોણો શેર નાખી ચુહુલા ઉપર મુકી ખુબ ઉકાલીને પોણો શેર પાણી બાલવું પછી તેને ચુહુલા ઉપરથી નીચે ઉતારી ખુબ થંડું પડે કે તેમાં ગુંદરનો બારીક ભુકો ૪ તોલા તથા ફટકીનો ભુકો ૬ તોલા નાખી મેલવીને બીજા વાસણમા ગાલી કાહાડી બાતલીઓ ભરવી એટલે વાયોલેટ રંગની શાહી થઈ. (જુઓ બીજી રીત ના૦ ૩૦૬.) S. 346.

૩૦૬. બીજી રીત—"કડબેર" (Cud bear) એક આંઊસ, "પરલઆશ" દોહોર આંઊસ, ગરમ ખલખલતું પાણી એક પેંટ. એ બધાને મેલવી બાર કલાક સુધી રેહવા દેવો. પછી ગાલી કાહાડી તેમાં ગુંદરનો ભુકો બે આંઊસ નાખો. પણ જો એ શાહીને વધુ દીવસ રાખવી હોય તો તેમાં એક આંઊસ સ્પીરીત આફ વાઇન નાખી બાતલીમાં ભરી રાખવી એટલે વાયોલેટ રંગની શાહી થઇ. S. 346.

૩૦૭ લીલી કાલી શાહી—છુંડેલા માયા ૧૫ ભાગ અને પાણી ૨૦૦ ભાગ. એ બેઉને એક કલાક સુધી ચુહુલાપર ઉકાલી કપડાથી ગાલી કાહાડવું પછી તેમા હીરાકસી ૫ ભાગ, અને લોહોદાની બારીક છોલ ૪ ભાગ નાખવી. પછી બારીક વાટેલી ગુલીનું અરધી પેંટ પાણી લેઇ તેમાં ૩ ભાગ

સલ્ફ્યુરીક આસીડ મેલવી એ બધાને ઉપલી બનાવેલી મેલવણીમાં ઉમેરવી પછી બાતલીમાં ભરી રાખવી. આ સાહીથી પેહેલા લીલું દેખાશે પણ થોડા દાહાડા ગીયા પછી તે લખેલું કાલું થઈ જાય છે. તથા સાહી પણ કલમ ઉપરથી સરસરાત ઉતરશે. ઉપર કહેલા માયાને હરડા કરીનેબી કહેછે. S. 345.

૩૦૮. બહુ કાલી શાહી—છુંડેલા માય ૪ાા આંઊસ, લવંગનો છુંડેલો બારીક ભુકો ૧ દરામ, હીરાકસી ૧ાા આંઊસ, ચોખી "સલફયુરીક આસીડ"ના ૩૫ ટીપા, "સલફેત આફ ઇનદીગો" પા આંઊસ, થંડું પાણી ૪૦ આંઊસ. પેહેલા માયા તથા લવંગના ભુકાને મોહોતી બાતલીમાં નાખી ૧૫ દાહાડા સુધી પાણીમાં ભીંજવી રાખવા, પણ તેતલા વખતમાં તેને દરરોજ હીલવયા કરવું. પછી બલાટીંગ પેપરથી બીજી બાતલીમાં ગાલી કાહડાવું. પછી એ ગાલી કાહડેલા પાણીમાં હીરાકસીને બારીક છુંડીને નાખવી, અને જયારે હીરાકસી એમાં મલી જાય કે કાગજમાંથી ગાલી કાહાડી તેમાં સલફ્યુરીક આસીડ નાખી જરા હીલવીને છેલે તેમાં "સલફેત આફ ઇનદીગો" નાખી મેલવીને કાગજમાંથી ગાલી કાહાડી બાતલીમાં ભરવી. ઉપર જે માયા કહેલા છે તે જે માયામાં જીણા આંધરા પડેલા નહી હોય તેવા શોધી લેવા. S. 343.

૩૦૯. ઘેરી કાલી શાહી—હરડાનો ભુકો ૪ આંઊસ, ગુંદર ૧૫ આઊસ, દીસતીલ વાતર (જંતરથી ગાલેલું વરાલનું પાણી) અથવા વરશાદનું અથવા વેઆરનું પાણી ૧૮ બાતલી, હીરાકસી ૧૮ આંઊસ, "લીકર આમોનીયા" ૩ દરામ, "સ્પીરીત આફ વાઇન" ૨૪ આઊસ. એ બધી વસતુંઓને એક ખોલ્લા વાસણમાં મેલવી નાખવી, અને સાહી પુરતો કાલાશ પકડે તયાં સુધી હીલવયા કરવી. એવી રીતની બનાવેલી સાહી ઘેરી કાલી બનેછે.

૩૧૦. હીનદી શાહી બનાવવાની રીત—આઇસીન ગલાસ ને પાણીમાં પીગલાવી તેનું પટલું પાણી કરી તેમાં શારી કાજલ નાખી મેલવીને લાહી જેવી ઘટ કરવી. પછી તેને મોલડમાં નાખી તેની ઉપર સોનેરી વરખ વલગાવવો તથા કસતુરીના અરકથી તેને સેજ સુગંધી કરવી. સુકાયા પછી મોલડમાંથી કાહડવી એટલે હીનદી શાહી થઇ. જયારે લખવું હોય તયારે એ શાહીના કકડાને પાણીમાં ઘસીને એ પાણીમાં કલમ બોલીને લખવું. ગમે તો આઇસીન ગલાશ ને બદલે ગુદરના પાણીમાં ઉપલી રીતે બનાવો. A.194.

૩૧૧. ચીણાઈ શાહી બનાવવાની રીત—બારીક કાજલ ૭૫ ભાગ, ગુંદરનો જાડો ચીક ૧૫ ભાગ, નવી ફીકી શાહી ૫૦ ભાગ, બલદનું પીત (Ox gall) ૧૨ ભાગ, એ બધાને એક ખલમાં શાથે ખુબ વાટવી. જો એ મેલવણી ઘણી નરમ થઇ હોય તો શેહજ ગરમી લગાડી તેમાંનો પાણીનો ભાગ ઉરાડી નાખવો અને જો એ શાહી ઘણી જાડી થઇ હોય તો તેમાં નવી ફીકી શાહી વધારે ઉમેરવી. (જુઓ બીજી રીત ના૦ ૩૧૨.) A. 127.

૩૧૨. બીજી રીત—ગરમ પાણીમાં આઇસીન ગલાસને પીગલાવો. પીગલાવતી વખતે તેમાં જરાંક સોડા નાખવો. તારબાદ એક સંગેમરમરના પથર ઉપર શારી દીવાની કાજલ નાખી પેલા આઇસીન ગલાસનું થોડુ પાણી તેમાં નાખી એક સરખી રીતે ઘુંટઘુંટ કરી લાહી જેવી કરવી તથા તેમાં સુગંધને વાસતે જરા કસતુરી અને કપુર નાખી મેલવી દેવી. પછી મોલડમાં તેલ લગાડી તેમાં એ મેલવણી રેડવી. સુકાય કે કાહડવી એટલે ચીણાઈ શાહી થઇ. F. 83.

૩૧૩. જમાબંદીની કચેરીમાં (Exchequer ink) વપડાતી શાહી—છુંડેલા હરડાં ૪ મણ, ગુંદર ૧ મણ, હીરાકસી ૧ મણ, પતંગના લાકડાની કપચી ૧ મણ, પાણી ૧૨૦ ગયાલન. પેહલા હરડાં અને પતંગના લાકડાને સાથે બેલી તે ઉપર ખલ-

ખલતું ઊનું પાણી રેડી તેમાં વીસ દાહડા સુધી ભીજવી રાખવા. તયાર પછી તેમાં ગુંદર નાખવો અને બીજે દાહડે તેમાં હીરાકસી નાખવી અથવા હરડાં અને પતંગના લાકડાને પાણીમાં નાખી એક કલાક સુધી ઉકાલવું. પછી તેમાં ગુંદર નાખી છેલે હીરાકસી નાખવી. હાવી રીતની બનાવેલી શાહીનો રંગ સદીઓ સુધી ઉડી જતો નથી. A. 196.

૩૧૪. કાલી શાહીના ભુકી—એક ખલની અંદર ૩ શેર માયા નાખી છુંડીને બારીક ભુકો કરી જુદો રાખવો. પછી અરધો શેર બાવલનો ગુંદર લેઇ તેને પણ છુંડીને બારીક ભુકો કરવો પછી એક શેર હીરાકસીને છુંડીને બારીક ભુકો કરવો. પછી એ ભુકાને એક બીજામાં ભેલી નાખી તેમાં પાશેર સફેદ ખાંડ મેલવી દેવી. પછી એ ભુકામાંથી તોલીને પાંચ પાંચ તોલાના પડીકા કરવા, એ પરમાણે જેટલાં પડીકા થાય તેટલા કરવા, અને જયારે શાહી કરવી હોય તયારે એમાંનું એક પાંચ તોલાનું પડીકું લેઇ બાતલીમાં નાખવું અને તેમાં એક પેંટ ઉકલતું પાણી નામી થોડોવાર રેહેવા દેવો એટલે કાલી શાહી થશે. એવી રીતની બનાવેલી શાહીની ભુકીના પડીકા મુશાફરીમાં ઘણા ઉપયોગી થઇ પડે છે.

૩૧૫. નાશ ન પામે (Indestructible ink) એવી શાહી—કોઇપી રીતે નાશ ન પામે એવી શાહીની કેટલીક વખત જરૂર પડે છે, કેમકે તેવી શાહીનુ લખાણુ બીગડયા વગર એમનું એમ રહે છે. ૨૦૦ ગરેન લવંડરના તેલમાં ૨૫ ગરેન ચંદરૂશનો (પાઉદર ગમ કોપાલ) ભુકો નાખી સેહજ ગરમી આપી પીગલાવવું. પછી તેમાં કાજલ ૨॥ ગરેન અને કાલી ગુલીનો ભુકો અરધો ગરેન નાખી મેલવી દેવો એટલે કાલા રંગની સાહી થશે. આ શાહી આસીડની બાતલીઓ ઉપર લેબલો લખવા માટે ઉપયોગીછે. D.999.

૩૧૬. કીરીમજી રંગની શાહી—"કારમીન" (Carmine–એક જાતનો કીરમજમાંથી બનાવેલો રંગ) ને "સ્પીરીટ આફ હાર્તસ હાર્ન (Spirt. of hartshorn) માં નાખી પીગલાવો. એટલે શારી કીરમજી રંગની લખવાની લાલ શાહી થશે. તેમજ મખમલ ઉપર ચીતારવાને એ રંગ ઠીક પડશે. F. 72.

૩૧૭. પથર ઉપર કોતરેલા અક્ષરમાં (Perpetual ink) પુરવાની શાહી—પથરની ઉપર કોતરેલા લેખની તકતીઓ જે કબર અથવા મોહોતી મીલકતોની દેવાલની અંદર જડવામાં આવે છે તેવી તકતીઓના કોતરેલા અક્ષરોમાં હાવી રીતની બનાવેલી શાહી પુરશો તો એ શાહી હમેશ સુધી તકી રેહેશે. પીચ (Pitch) ૩ રતલ, કાજલ ૧ રતલ. પેહેલા પીચને એક વાસણમાં નાખી આતશ ઉપર મુકી તાવવી. પછી તેમાં કાજલ હુમેરીને મેલવી નાખવી. પછી કોતરેલા અક્ષરોમાં પુરવી. જાંહાં સુધી પથર રેહેસે તાંહાં સુધી એ શાહી પણ તેમાં તકી રેહશે. D. 1450

૩૧૮. કપડા ઉપર બીબાથી છાપવાની શાહી—એક ભાગ "આસફાલતમ" (Asphaltum) ને ચાર ભાગ તરપીતન તેલમાં પીગલાવી મેલવી ને તેમાં કાજલ અથવા સીસાંનો બારીક ભુકો નાખી મેલવી દેવો. એ શાહી બીબાની ઉપર છાપવા લાયક થાય તેવી બનાવવી. D. 980

૩૧૯ સીલા છાપ માટે(લીથોગ્રાફીક ઇનક) શાહી બનાવવાની રીત—ચીપડા લાખ (Shell-lac) ૧૨ આંઉસ, મસતકી (Mastic) ૮ આંઊસ, વેનીશ તરપેનતાઇન ૧ આંઊસ, એ બધાને એક વાસણમાં નાખી તાવવું. પછી તેમાં ૧ રતલ મીન અને ૬ આંઊસ ચરબી હુમેરીને તાવવું. જયારે તવાઇ રહે કે ૬ આંઉસ કઠણ સાબુને જીનો જીનો ઓખવીને તેમાં નાખવો, અને જયારે

બધું તવાઠને મલી જાય એટલે તેમાં ૪ આંઊસ કાજલ નાખી બધાને ખુબ મેલવીને એકરશ કરવું. પછી જરા થંડું પાડી મોલડમાં અથવા એક શારા શુમારા પથરની લાડી ઉપર એ મેલવણી નાખવી. જ્યારે થંડું પડે એટલે ચોખંડા કટકા કાપી કાહડવા. C. 780

૩૨૦. તુરતના લખેલા અક્ષર ઘણા વરશના જુણા હોય એવી શાહી બનાવવાની રીત—એક વાસણમાં અરધી પેંટ કાલી શાહી રેડી તેમાં એક દરામ કેશર નાખી મેલવવી. પછી એ વાસણને ધીમા આતશ ઉપર મુકી સાહીને જરા ગરમ કરવી. પછી એ શાહીથી લખશો તો અક્ષર પીલા રંગના થઇ જશે અને જાણે ઘણા વરશના લખેલા હોય તેવા દેખાશે. 5. R. 197.

૩૨૧. સોનેરી શાહી બનાવવાની રીત—સંગેમરમરના સુવાલા પથરની લાડી ઉપર અથવા સંગેમરમરની નાહલી ખલની અંદર અરધો આંઊસ શોજ્જું સુફેદ મધ નાખવું. પછી ખરા સોનાના વરખની એક ચોપડી લેઇ તેમાંથી વરખ કાહાડીને તે મધમાં નાખી એક દસ્તાથી ખુબ ચોલી ચોલીને ઘુંટવું. જેથી મધ અને સોનેરી વરખ એકસરખું મલી જશે. પછી એ ખલમાંથી છરીએ કરી એ સોનું મેલવેલું મધ એક મોહતા ગલાશમાં નાખવું. પછી પાણી રેડી દોહવીને મેલવી નાખી થડવા દેવું. જયારે પાણી ખુબ થડે તયારે તે પાણીને નીતારી કાહડવું, કેમકે મધ પાણી સાથે મલી જશે અને સોનું પોતાના ભારી વજણના સબબથી નીચે બેસી જશે. પછી ફરીથી બીજુ પાણી તે ગલાશમાં રેડવું કે મધ સોનાની બારીક કરચોની શાથે રહી ગયુ હોય તે છુંદુ પડે. એવી રીતે ઘડી ઘડી પાછું પાણી નામી સોનામાનું સઘલું મધ ધોઈ કાહાડવું. એવી રીતે સોનાની બારીક કરચોને શાફ કરી પછી સુકવવી. સુકાયા પછી તે ભુકી ઘણી ચલકતી દેખાશે. એ ભુકીને કાચની દાબડામાં ભરી રાખવી એમાંની થોડી ભુકીને ગુંદરના જરાક પાણીમાં મેલવી જે કાંઇ નામ વગેરે લખવું હોય તે લખવું. સુકાય એટલે ચલક કાહડવાના દાંતથી અક્ષરોને ઘુંટવા એટલે સોના જેવા દેખાશે. F.. 156.

૩૨૨. રૂપેરી શાહી બનાવવાની રીત—જેમ ઉપર સોનેરી શાહી બનાવવાની રીત છે. (જુઓ ના૦ ૩૨૧) તેજ પરમાણે બનાવવી. પણ એમાં ફરક એટલોજ કે સોનાના વરખને બદલે ખરો રૂપેરી વરખ લેવો.

૩૨૩. જશતના પતરા ઉપર (Horticultural ink) લખવાની (બાગબાનીની) શાહી—જંગાલ બે દરામ, નવશાગર બે દરામ, કાજલ એક દરામ અને પાણી ૨૦ દરામ. એ બધાને એક પથરની ખલમાં બારીક ભુકો કરવો અને તેમાં જરા જરા પાણી રેડતા જવું અને મેલવતાં જવું. પણ મેલવતી વખતે કોઈપણ જાતની ધાતુના સલીઆથી મેલવવું નહી. જયારે બધુ સારીપેઠે મલી જાય કે કાચની સીસીમાં ભરી રાખી મજબુત બુચ મારી રાખવો. લખતી વખતે સીસીને ખુબ હીલવીને શોજા કુવીલ પેનથી લખવું. પણ સ્તીલપેન અથવા બીજી કોઇબી જાતની ધાતુની કલમથી લખવું નહી. એ શાહી ઝેરી છે તેથી લખતી વખતે ખુબ સંભાળ રાખવી. વાડી અથવા બાગોમાં ઝાડના નામ લખવા માટે જે જશતના પતરા વપરાય છે તેપર તેમજ બાગોમાં મુકવાના ફરનીચર ઉપર જસતના પતરાના લેબલ મારવામાં આવે છે તેપર એ શાહીથી લખવામાં આવે છે. (જુઓ બીજી રીત ના૦ ૩૨૪)

૩૨૪. બીજી રીત—કલોરાઇડ આફ પલાતીનમ (Chloride of platinum) પાઆ આંઉસને એક પેટ પાણીની અંદર પીગલાવી કાચની સીસીમાં ભરી મુકો. જયારે જશતના લેબલ પર લખવું હોય તયારે સોજી કુવીલપેનથી લખવું. એ અક્ષર લખાય

પછી તરત કાળા રંગના થઇ જશે અને ધોયાથી પણ નીકલશે નહી (જુઓ ત્રીજી રીત ના૦ ૩૨૫) C. 778.

૩૨૫. ત્રીજી રીત—"બ્લુંવીત્રીયલ" (મોરથુથુ) ૨ા તોલા અને નવસાગર શવા તોલાને છુંડીને ભુકો કરવો. પછી તેમાં બે વાઇન ગ્લાશ ભરી સરકો રેડી પીગલવા દેવો. જોઇએતો એમાં જરા કાજલ અથવા હીંગલો નાખી મેલવવું નહી તો કે કાઇ કાજલ તથા હીંગલાની એમાં જરૂર નથી. C.778

૩૨૬ કાગજ પરથી આસીડ અથવા બીજી મેલવણીથી નીકલે નહી એવી (Indestructible ink) શાહી બનાવવાની રીત—દાકતરના દવાઇ ખાનામાં અથવા ગાંધીઓની દુકાનમાં કેટલીક સીસીઓમાં તેજાબ તથા આસીડ ભરેલી હોય છે તે સીસીઓની ઉપર લગાડેલી ચીઠીઓ ઉપરના અક્ષરો તેજાબથી ભુશરાઇ જાય છે અને એવા કારણથી ઘણો કંતાલો આવે છે તેથી હાવી રીતની બનાવેલી શાહીથી લખ્યું હોય તો તે અક્ષરો કદી ભુસાઈ યા નીકલી જતા નથી:—૨૫ ગરેન "ગમકોપાલ" ભુકો કરી બશો ગરેન આઇલ આફ લવંડરમાં નાખી ધીમી ગરમીથી પીગલાવો. જયારે પીગલી રહે કે તેમાં ૨ા ગરેન કાજલ અને અરધો ગરેન કાલી ગુલી નાખી મેલવી દેવો પછી સીસીમાં ભરી મુકો એ શાહીથી શોજી કુવીલ પેનથી લખવું. (જુઓ બીજી રીત ના૦ ૩૨૭) S. 344.

૩૨૭. બીજી રીત—ચપડા લાખ ૨ આંઉસ અને તકનખાર ૧ આંઉસ ને ૧૮ આઉસ પાણીમાં નાખી ઉકાલવું. પછી થંડુ પડે ને તેને ગાની કાહડવું. પછી એક આંઉસ બાવલના ગુંદરને બે આંઉસ પાણીમાં નાખીં પીગલાવો તથા તેમાં રંગ પુરતી કાલી ગુલી અને કાજલ નાખવી. બરાબર પીગલીને મલી જાય કે એ મેલવણીને પેલા ગાલી કાહડેલા પાણીમાં નાખી મેલવી દેવો. આએ તથા ઉપલી શાહીથી લખેલાં અક્ષરો ઉપર "ડીલ્યુતેદ સલફ્યુરીક આસીડ" અથવા "ડીલ્યુતેદ હાઈદરો કલોરીક આસીડ" અથવા "ઓક્ષાલીક આસીડ" અથવા "કલોરીન" ની અશર થતી નથી. (જુઓ ત્રીજી રીત ના૦ ૩૨૮.) S. 344.

૩૨૮. ત્રીજી રીત (લાલ શાહી)—૧૨૦ ટીપા લવંડરના તેલમાં ૧૭ ગરેન કોપાલ અને ૬૦ ગરેન હીંગલો નાખી તે શાહી જેવું થાય તેટલું તેમાં તરપીતન નાખી મેલવવું. F. 187.

૩૨૯. કપડા ઉપર નામ પાડવાની (બલેક મારકીંગ ઇંક) શાહી બનાવવાની રીત—એક દરામ નાઇત્રેત આફ શીલવર (લુનર કાસતીક) ને એક કાચના વાસણમાં નાખી તેમાં બે દરામ પાણી નાખી પીગલાવવું. પછી તેમાં "નાઇત્રીક આસીડ"ના ૧૦ ટીપા નાખી મેળવવું એટલે શાહી થયે. પછી એક બીજા કાચના વાસણમાં દોહોર આંઉસ પાણી રેડી તેમાં એક દરામ "સાલટ આફ તારતાર" નાખી પીગલાવો. પછી જાંહાં કપડાઉપર નામ પાડવું હોય તેટલી જગાનું કપડું એ પાણીએ અગાઊથી ભીજવી રાખવું. પછી પેલી શાહીથી નવા કુવીલ પેનથી લખવું. (જુઓ બીજી રીત ના૦ ૩૩૦) S. R. 126.

૩૩૦. બીજી રીત—લુનર કાસતીક (નાઇત્રેત આફ શીલવર) બે દરામ, અરેબીક ગુંદર અરધો દરામ, દીશતીલ વાતર બે દરામ. એ બધાને સારીપેઠે મેલવીને કાચના બુચની નાની સીસીમાં ભરીને અંધારી જગા ઉપર મેલી રાખવી, કેમકે રોશણીથી કરી કાસતીક પોતાનો અસલ ગુણ છોડી દેશે, તેથી તેને હમેશાં અંધારી જગા અથવા દાબડામાં મુકી રાખવી અને જે કપડા ઉપર ધણી અથવા નામ પાડવું હોય તેટલા કપડાની જગાને આએ નીચલી મેલવણીથી ધોઇને પછી ઉપલી શાહીએ તેનીપર લખવું.

"કસબકારબોનેટ આફ્ સોડા" અરધો આંઊસ, બાવળનો ગુંદર એક રકૃપલ. એ બેઉને વરશાદના પાણીમાં પીગલાવીને જે જગા ઉપર નામ પાડવું હોય તેટલુંજ કપડું ભીંજવીને સુકવવા દેવું અને જયારે તદન સુકાય એટલે ઉપલી મેલવણીથી લખીને તડકાની અંદર જલદી સુકવવી.

૩૩૧. કપડા ઉપર નામ પાડવાની લાલ રંગની (રેડ મારકીંગ ઇન્ક) શાહી બનાવવાની રીત—હીંગલો અરધો આંઊસ, અને "સોલ્ટ આફ્ સ્તીલ" (Salt of steel ૧ દરામ લેવો. એ બેઉને અલસીના તેલમાં નાખીને શારીપેઠે મેલવવું. જો પાટલી શાહી કરવી હોય તો વધારે તેલ નાખવું. લખવું હોય તયારે શીજી કલમથી લખવું. D. 1129.

૩૩૨. કપડા ઉપર નામ પાડવાની બલું રંગની (બલુ મારકીંગ ઈન્ક) શાહી બનાવવાની રીત—ચાઇનીશ બલું અરધો આંઊસ અને સોલ્ટ આફ્ સ્તીલ ૧ દરામ લેઈ અલશીના તેલમાં નાખીને શારી પેઠે મેલવવું. જો પાટલી શાહી કરવી હોય તો વધારે તેલ નાખવું. જો એવીજ રીતે બીજા રંગ નાખશો તો તેવાજ રંગની શાહી થશે.

૩૩૩. થંડીના દીવશમાં બંધાઇ નહી જાય એવી શાહી—જે રંગની શાહી બનાવવી હોય તે રંગની શાહીની તઇઆર વેલાતી (એનીલાઇન કલર) ભુકી બજારમાંથી લાવી તેને બરાંદીમાં પીગલાવી બનાવવી. એ રીતે શાહીમાં બરાદી આવયાથી તે બંધાઇ જતી અટકશે.

૩૩૪. કાલી શાહી બનાવવાની રીત—માયાનો ભુકો ૨૦ તોલા, પતંગના લાકડાનો ભુકો ૧૦ તોલા, બાવલના ગુંદરનો ભુકો ૭ા તોલા, મોરથુથું ૨ા તોલા, શાકરીઆ ખાંડ ૨ા તોલા. પેહલા માયા અને પતંગના લાકડાને ૧૨ શેર પાણીમાં નાખી તે પાણીનો અરધો ભાગ બલી જાય તયાં સુધી ઉકાલવું. પછી તે પાણીને ગાલી કાહડી તેમાં બાકીની બધી જીનસોનો ભુકો કરી ભેલી દેવો અને જયાંસુધી એ સઘલી ચીજો પીગલી જાય તયાં સુધી તેને હીલવયા કરવું. તારબાદ એ પાણીને એક દાહડો એક હલાયદી જગા ઉપર મુકી રાખવું કે જાંહાં હીલે નહી અને નીચે રગડો રેહવા પછી ઉપરનું પાણી નીતારી લેવું કે જે ઘણીજ શારી લખવાની કાલી શાહી થશે. પછી એ શાહીને બાતલીઓમાં ભરી મજબુત બુચ મારી રાખવો. (જુઓ બીજી રીત ના૦ ૩૩૫.)

૩૩૫. બીજી રીત—માયાનો ભુકો ૧ આંઊસ, હીરાકસી ૩ દરામ, ગુંદર પાઆ આંઊસ, થંડું પાણી અરધી પેંટ. એ બધાને એક બાતલીમાં નાખી પંદર અથવા તેથી વધારે દાહાડા હીલવયા કરવી જેથી કાલી શાહી થશે. (જુઓ ત્રીજી રીત ના૦ ૩૩૬)

૩૩૬. ત્રીજી રીત—માયાનો છુંદેલો ભુકો ૩ રતલ, ગુંદર ૧ રતલ, સલફેટ આફ્ આયેરન ૧ રતલ, સરકો ૧ ગ્યાલન, પાણી ૨ ગ્યાલન, એ બધાને ૧૫ દાહડા સુધી ભીજવી રાખો. પણ તેટલા દાહડામાં એ મેલવણીને દરરોજ ઘડી ઘડી હીલવ હીલવ કરવી. (જુઓ ચોથી રીત ના૦ ૩૩૭.) F. 187.

૩૩૭. ચોથી રીત—પતંગના લાકડાની બારીક સલીઓ ૩ રતલ અને છુંદેલા માયા નવ રતલને ૧૭ ગ્યાલન પાણીમાં નાખી એ કલાક સુધી ઉકાલવું. પછી તેમાં ૪ રતલ ગુંદરનો ભુકો અને ૪ રતલ હીરાકશી ભુકો મેલવી દેઇ થોડા દાહાડા રેહીને ગાલી કાહાડી બાતલીઓમાં ભરી રાખો. (જુઓ પચમી રીત ના૦ ૩૩૮) F. 187.

૩૩૮. પાંચમી રીત—પતંગના લાકડાનો ભુકો ૨ રતલ, માયાનો ભુકો ૨ રતલ, દારમની છાલ પાઆ રતલ, પાણી ૧ ગ્યાલન, હીરાકશીનો ભુકો ૧ રતલ અને ગુદર અરધો રતલ નાખી મેલવીને ચઊદ દાહડા રેહેવા દેવો. પણ તેને દરરોજ હીલવ હીલવ કરતાં રેહેવુ. (જુઓ છઠી રીત ના૦ ૩૩૯) F. 187

૩૩૯ છઠી રીત—માયાનો જાડો ભુકો ૩ આંઊસ, પાણી ૨ પેંટ, પતંગના લાકડાની બારીક સલી ૧ આંઊસ, હીરાકસી ૧ આંઊસ. એ બધાને એક વાસણમાં નાખી મેલવીને દશ બાર દાહાડા રેહવા દેવો. પણ દરરોજ દાહાડામ ચાર પાંચ વખત તેને હીલવ હીલવ કરતાં રેહવું. જો પાણીને બદલે શરકો લેશો તો શાહી જરા ઘેરા કાલા રંગની થશે. (જુઓ સાતમી રીત ના૦ ૩૪૦)

૩૪૦. સાતમી રીત—૧ રતલ માયાનો જાડો ભુકો કરી તેમાં પોણો રતલ સલફેટ આફ આયરન અને ૩ા આંઊસ બાવલના ગુંદરનો ભુકો નાખી બધાને મેલવી દેવો. પછી તેમાં ૧ કુવાર્ટ સરકો અને ૧ાા ગ્યાલન પાણી રેડી બધાને મેલવી દેઈ ૮ થી ૧૪ દાહાડા સુધી રેહવા દેવો પણ એટલા દાહાડામાં તેને લાકડીથી ઘડી ઘડી હીલવ હીલવ કરતાં રેહવું. પછી શાહીને ઉપરથી નીતારી લઈ બાતલીઓમાં ભરવી. (જુઓ આઠમી રીત ૩૪૧) T. 194.

૩૪૧. આઠમી રીત (રીડની બનાવેલી)— ૩ "કુવાર્ટ" પાણીને કકરા પરતુ ગરમ કરી ઊતારવું. પછી તેમાં માયાને છુડેલો ભુકો ૧ રતલ નાખી થોડા કલાક રેહવા દેવો. જ્યારે શારી પેઠે પીગલે કે ગાલી કાહડો. પછી તેમાં શલફેટ આફ આયરનનો ભુકો પાઆ રતલ નાખો મેલવવું. T. 194.

૩૪૨. સ્તીલ પેન નહી ખાય એવી શાહી બનાવવાની રીત—માયા જેને બેહેડા કરીને બી કહે છે તેનો છુંડેલો ભુકો ૨૫૦ ભાગ, ગુંદર ૧૨૫ ભાગ સલફ્યુરીક એસીડ ૧૨૬ ભાગ, એ બધાને ૪૦૦૦ ભાગ વરસાદના પાણીમાં ઉકાલવું ત ારબાદ તેમાં થોડા ગરેન કલોરાઇડ આપ મરકયુરી ઉમેરો. એ શાહી કાલી થશે. T. 194.

૩૪૩. સ્તીલપેનથી લખવા માટે કાલી શાહી—લોગઉડ ૬ગા ભાગને ૫૦૦ ભાગ પાણીમાં ખુબ ઊકાલવું. પછી તેને ગાલી કાહડી "યલ્લો ક્રોમેટ આફ પોતાશ" નાખી ઘડી ઘડી ખુબ હીલવ હીલવ કરીઆ કરવું. એ શાહીનો રંગ બહુ કાલો થશે. એ શાહી બંધાઇ નહી જાય તેટલા માટે એમાં શોલ્યુશન આફ કલોરાઇડ આફ મરકયુરીના થોડા ટીપા નાખવા.

૩૪૪. ચરમપત્ર ઉપર લખવાની શાહી—માયાનો ભુકો ૧૦ રતલ, શોજો ગુંદર ૬ આંઊસ, હીરાકશી ૭ આંઊસ, "ગમ કીનો" (Gum kino) ૩ આંઊસ, પતંગના લાકડાની સલી ૪ આંઊસ, પાણી ૧ ગ્યાલન, બલદનું પીત્ત (Ox gall) એક ચમચી. એ બધાને ચઉદ દાહડા સુધી ભીંજવી રાખો પણ તેટલા દાહાડા વચે તેને દરરોજ હીલવ હીલવ કરતાં રેહવું.

૩૪૫. કાગજ ઉપર લખેલું નહી દેખાય (Sympethetic inks) એવી ગુપ્ત શાહી—આએ હેઠલ કહેલી, જુદી જુદી જાતની શાહી બનાવવાની મેલવણી છે તેમાંના કોઇપણ જાતની મેલવણીથી કાગજ ઉપર લખશો તો તે લખેલું વંચાશે અથવા દેખાશે નહીં પણ તેની સાથે કહેલી મેલવણીને તેની ઉપર પીછીએ કરી લગાડશો તો તરત તેપર લખેલું દેખાઇ આવશે. પણ યાદ રાખવું કે એ શાહીથી લખીને એક ગામથી બીજે ગામ કાગજ મોકલવું હાય તો રશતામાં ચાર પાંચ દાહાડા અથવા તેથી ઓછા દાહાડા થયા એટલે પેલા કાગજ ઉપર લખેલા અક્ષરો તદન ઉડી જાયચ, પછે તહમે તે કાગજને ગરમ પાણીમાં બોલો કે ગમે તેટલું આતશ ઉપર દેખરાવશો તોબી અક્ષર દેખાવાના નથી. એ સાહીની વીગટ—જો કાગજ ઉપર નવી કલમથી હરડાના પાણીથી લખીયું હોય તો તે લખેલું કાંઈ દેખાવાનું નથી, પણ તે શુકાયા પછી તેની ઉપર હીરાકસીના પાણીની પીછી ફેરવી હોય તો અક્ષરો તરત કાલા રંગના થાશે, એમ થવાનું કારણ એટલુંજ

કે કાલી શાહી એ બે ચીજનીજ મેલવણીથી બનેચ. (જુઓ બીજી રીત નાં૦ ૩૪૬.)

૩૪૬. બીજી રીત—"શોલ્યુશન આફ્ શુગરલેડ" થી કાગજ ઊપર નવી કલમથી લખ્યું હોય તો તે લખેલું વંચાશે નહી. પણ "શોલ્યુશન આફ પોટાશ" માં પીછી બોલીને તેની ઉપર ફેરવીહોય તો બ્રાંઉન (તપખીરયા) રંગના અક્ષર નીકલી આવશે. (જુઓ ત્રીજી રીત નાં૦ ૩૪૭.) F. 327.

૩૪૭. ત્રીજી રીત—"શોલ્યુશન આફ્ નાઇટ્રેત આફ્ બીશમથ" થી કાગજ ઊપર નવી કલમથી લખીયું હોય તો તે લખેલું વંચાશે નહી, પણ "સલફ્યુરેત આફ્ પોતાશના શોલ્યુશન"માં પીછી બોલી તેની ઉપર ફેરવી હોય તો કાળા રંગના અક્ષર તે કાગજ ઉપર નીકલી આવશે. (જુઓ ચોથી રીત નાં૦ ૩૪૮.)

૩૪૮. ચોથી રીત—"શોલ્યુશન આફ્ સલફેટ આફ્ આયેરન"થી કાગજ ઉપર નવી કલમથી લખ્યું હોય તો તે દેખાશે નહી, પણ "શોલ્યુશન આફ્ પરુસીએટ આફ્ પોતાશ" માં પીછી બોલી ઉપર ફેરવી હોય તો બલુ રંગના અક્ષરો દેખાશે. (જુઓ પાંચમી રીત નાં૦ ૩૪૯.)

૩૪૯. પાંચમી રીત—શુગર આફ્ લેડના શોલ્યુશનમાં નવી કલમ બોલી કાગજ ઉપર તેવી નવી કલમથી લખ્યું હોય તો અક્ષરો વંચાશે નહી પણ "શોલ્યુશન આફ્ કોરોમેત આફ્ પોતાશ" માં પીછી બોલી તેની ઉપર ફેરવી હોય તો પીલા રંગના અક્ષરો દેખાશે. (જુઓ છઠી રીત નાં૦ ૩૫૦.)

૩૫૦. છઠી રીત—"મ્યુરેટ આફ્ તીનના શોલ્યુશન"માં નવી કલમ બોલી કાગજ ઉપર લખ્યું હોય તો તે લખેલું વંચાશે નહી, પણ "શોલ્યુશન આફ બરેઝીલ ઉડ"મા પીછી બોલી તેની ઉપર ફેરવી હોય તો રાતા રંગના અક્ષર દેખાશે. (જુઓ શાતમી રીત નાં૦ ૩૫૧)

૩૫૧. સાતમી રીત—મોરથુથાના પાણીને નોશાગરના પાણીમાં ભેલી તેથી કાગજ ઉપર નવી કલમથી લખ્યું હોય તો તે લખેલું કાંઇ દેખાવાનું નથી, પણ આતશ આગલ તે કાગજને ગરમ કરશો તો પીલા રંગના વંચાશે અને થંડુ પડશે કે અક્ષર દેખાવાના નથી. (જુઓ આઠમી રીત નાં૦ ૩૫૨.)

૩૫૨. આઠમી રીત—કાંદાને ભચડી તેનો રશ એક ગલાશમાં કાહાડવો. પછી નવી કલમ એ રશમાં બોલી કાગજ ઉપર લખશો તો તે લખેલું વંચાશે નહી, પણ દુરથી અતશનો તાપ તે કાગજને દેખાડશો એટલે લખેલું તરત વંચાશે. (જુઓ નવમી રીત નાં૦ ૩૫૩.)

૩૫૩. નવમી રીત—લીંબુનો રશ એક ગલાશમાં કાહાડી તેથી નવી કલમથી લખશો તો વંચાશે નહી, પણ તે કાગજને દુરથી આતશનો તાપ દેખાડશો એટલે અક્ષર વંચાશે. (જુઓ દશમી રીત નાં૦ ૩૫૪)

૩૫૪. દશમી રીત—"આઇલ આફ્ વીત્રીયલ" (Oil of vitriol) ૧ આંઊંસ લેઇ તેને એક પેંટ પાણીમાં નાખવું. પછી તેને હીલવ હીલવ કરીને થંડુ પડવા દેવું. કાયકે પાણીની સાથે એ તેલ મલીઆથી પાણી ગરમ થઈ જશે. જયારે થંડુ પડે કે નવી કલમથી કાગજ ઉપર લખવું એટલે અક્ષર સુકાયા પછી કાગજ ઉપર દેખાશે નહી પણ તે કાગજને આતશની ઉપર દુરથી ધરી તાપ આપશો તો કાલા રંગના અક્ષર નીકલી આવશે. (જુઓ અગીઆરમી રીત નાં૦ ૩૫૫) S. 345.

૩૫૫. અગીઆરમી રીત—"નાઇત્રો મ્યુરેત આફ કોબાલ્ટ" ના શોલ્યુશનમાં નવી કલમ બોલી કાગજ ઉપર લખશો તો તે લખેલુ દેખાશે નહી, પણ તે કાગજને આતશ આગલ ગરમ કરશો તો લીલા રંગના અક્ષર દેખાશે અને જયારે કાગજ થંડુ પડશે એટલે અક્ષર પાછા દેખાશે નહી.

૩૫૬, છાપવાની કાલી (પ્રીંટીગ ઈંક) શાહી—રેતીની તલે બાલેલા ગુલમોહોરની જાતના ઝાડના બી મુહદાડસીંગ ૧॥ રતલ, કાજલ (તેલમાંથી બનાવેલી) અરધો રતલ, કાલી ગુલી ૧ આંઉસ. પેહેલા કાલીગુલી તથા બારેલા બીને થોડા પાણીમાં સારીપેઠે બારીક પીસવી. અને એક બાજુએ તેને સુકાવા મેલવા. પછી એક મોહોતી લોહોદાની કહડાઇમાં ૪ પેંટ અલશીનું તેલ રેડી તેને ચુહુલા ઉપર મુકી ખુબ ઉકાલવું. જયારે તેમાંથી જેવો ધુમાડો નીકલવા માંડે તયારે એક બાંબુની કામરીને છેડેથી જરા ચીરી તેમાં કાગજનો એક કટકો ખોસી તે કાગજને સલ્ગાવી પેલા તેલને સલગાવી દેવું. તેલ સલગવા માંડે કે સંભાલથી ચુહુલા ઉપરથી ઉતારો પારી ખોહલી હવામાં લાવી મેલવું પછી એક લાકડાના કટકાથી થોડુંક તેલ તેમાથી કાહાડી તેને થંડુ પાડી જરા આંગલી ઉપર લઇને જોયાથી તે ચીકટ માલમ પડે તયાં સુધી તેલને બલવા દેવું, જો તેલને થોડુ બાલશો તો પટલું વારનીશ થશે અને વધારે બાલશો તો જાડું થશે. માટે બનાવનારને પટલુ અથવા જાડુ જેવું કરવું હોય તે પ્રમાણે તેલને બાલી તેની ઉપર તરત ઢાંકણું ઢાંકી દેવું જેથી તે કહડાઇમાનુ તેલનુ બલતું તરત બુઝાઇ જશે. પછી તેમાં ૨ રતલ રાજમ નાખવી. રાજમ પાગલે તયા રે ધી તેને લાકડાથી હીલવયા કરવુ જયારે તેમાંનો જોશો બેસી જાય કે અરધો રતલ વેલાતી બાઊન સાબુનો ભુકો આસતે આસતે નાખવો, કેમકે સાબુ નાખતી વખતે વખતપર એકદમ તેમાં ભડકો લાગી ઉઠશે તેથી ઘણીજ સંભાલથી સાબુ નાખીને લાકડ થી હીલવીને રાજમના સથે સારીપેઠે મેલવી નાખવું. પછી પેલી કહડાઇને પાછી આતશ ઉપર મુકી સારીપેઠે ધુંટવું. હવે એ એક જાતનું વારનીશ થયું. હવે જો છાપવાની રંગીન શાહી બનાવવી હોય તો એ વારનીશમાં જે જાતનો રંગ નાખી ઘુંટશો તો તે રંગનો શાહી થશે. પણ આએ શાહીને કાલી બનાવવાની છે તેટલા માટે એના અંદર પેલી કાજલ, કાલીગુલી અને બારેલા બીની તઇઆર કીધેલી મેલવણી નાખી તેને લાહીની મીશાલ ઘુંટીને ઘારી બનાવવી. એ મેલવણીને એક ખલની અંદર થોડી નાખી ઘુંટીને નરમ એક સરખું કરવું. પછી એ શાહી છાપવાના કામમાં વાપડવી એટલે છાપવાની કાલી શાહી થઇ. જો કાપર પલેટના છાપવા સારૂ શાહી જોઇતી હોય તો તેને કઠણ બનાવવી. ટીબા (ટાઇપ) થી છાપવાના કામસારૂ બનાવવી હોય તો તેમાં થોડું તરપીતાઇન તેલ રેડવું, પણ તેલને પેલી સાહીની સંગાથે સારીપેઠે ઘુંટીને અંદર મેલવી નાખવું જોઇએ, અમસથું અંદર નાખીને માતર ડોહોલવયાથી કાંઈ બરાબર મેલવણી થાય નહી. જો પેલી ઉપર કહેલી કાલીગુલી, કાજલ તથા બીને જેમ બારીક પીશી હોય તેમ સાહી વધારે સરસ બનશે. ઊપલા બીને બદલે જો ખજુરના ઠઠીયાની અથવા નાલીએરની કાટલીની યા બાલેલા હાડકાની મેસ લીધી હોય તો તે પણ ચાલે. પણ તેમાથી બનાવેલી સાહી જો વધારે મેસ અને ગુલી નહી વાપડી હોય તો જરા ફીકા રંગની બનેચ, તેલને ઉકાલી બાલવાનું કામ ઘણું ધાસતી ભરેલું છે માટે તેને ઘરની બાહાર ઉકાલવું જોઇએ. (જુઓ એઠલ આપેલી તરેહવાર રંગની છાપવાની શાહી બનાવવાના રીત.

૩૫૭. લાલ રંગની છાપવાની શાહી બનાવવાની રીત—જેમ ઉપર છાપવાની કાલી સાહી બનાવવાની રીતમાં (જુઓ ના૦ ૩૫૬) વારનીશ બનાવવા કહેલું છે તેવી રીતે પેહેલા વારનીશ બનાવીને ઊતારવું પછી તેમાં આએ હેઠલ કહેલો રંગ નાખી શારીપેઠે ઘુંટીને મેલવવું. 'મીનરલ આરંજ રેડ"

(Mineral orange red) નામનો રંગ ૨ આંઊસ અને "ચાઈનીશ વરમીલીયન" નામનો રંગ ૧ આંઊસ. એ વારનીશ રંગ પુરતુજ બનાવવું. F. 278.

૩૫૮. બલુ રંગની છાપવાની શાહી—જેમ ઉપર છાપવાની કાલી શાહી બનાવવાની (જુઓ ના૦ ૩૫૬) રીતમાં વારનીશ બનાવવા કહેલું છે તેવી રીતે પેહેલા વારનીશ બનાવીને ઊતારવુ. પછી તેમાં આએ હેઠલ કહેલા રંગ નાખી શારીપેઠે ઘુંટીને મેલવવું. "કોબાલ્ટ બ્લુ" (Cobalt blue) નામનો રંગ ૨ આંઊસ, "પરસીયન બ્લુ" ૩ આંઉસ, અને ખોલ્ટો અથવા ઘેરો જેવો બલુ રંગ કરવો હોય તેટલો તેમાં સફેતો નાખી વારનીશ શાથે મેલવી દેવો. વારનીશ રંગ પુરતુજ લેવું.

૩૫૯. લીલા રંગની છાપવાની શાહી—જેમ ઉપર છાપવાની કાલી શાહી બનાવવાની રીત (જુઓ ના૦ ૩૫૬) માં વારનીશ બનાવવા કહેલું છે તેવી રીતે પેહેલા વારનીશ બનાવીને ઊતારવું. પછી તેમાં આએ હેઠલ કહેલા રંગ નાખી શારીપેઠે ઘુંટીને મેલવવું. "મીનરલ ગ્રીન" નામનો રંગ પાઆ આંઉસ, અને "કરોમ ગ્રીન" (Chrome green) નામનો રંગ ૪ આંઉસ. વારનીશ રંગ પુરતુજ લેવું.

૩૬૦. બરાઉન રંગની છાપવાની શાહી—છાપવાની કાલી સાહી બનાવવાની રીતમાં જે વારનીશ બનાવા કહેલું છે તેવી વારનીશ બનાવી તેમાં હેઠલ કહેલા રંગ રીતે નાખી શારીપેઠે ઘુંટીને મેલવવું. "બરંટ અમબર" (Burnt umber) નામનો રંગ અરધો આંઊસ, "રોઝ પીંક" (Rose pink) નામનો રંગ ૪ આંઊસ, અને વેલાતી હીંગલો ૨ દરામ. રંગ પુરતુજ વારનીશ લેવું.

૩૬૧. નીલમી રંગની છાપવાની શાહી—છાપવાની કાલી સાહી બનાવવાની રીત (જુઓ ના૦ ૩૫૬) માં જે વારનીશ બનાવવા કહેલું છે તેવી રીતે વારનીશ બનાવી તેમાં હેઠલ કહેલા રંગ નાખી શારી પેઠે ઘુંટીને મેલવવું. "પરસીયન બ્લુ" નામનો રંગ પાઆ આંઉસ અને "ઇનદીયન રેડ" ૩) આંઊસ. રંગ પુરતુજ વારનીશ લેવું.

૩૬૨. ગોલાબી નીલમી રંગની છાપવાની શાહી—છાપવાની કાલી સાહી બનાવવાની રીત (જુઓ ના૦ ૩૫૬) માં જે વારનીશ બનાવવા કહેલુ છે તેવી રીતે વારનીશ બનાવી તેમાં હેઠલ કહેલો રંગ નાખી સારી પેઠે ઘુંટીને મેલવવું. "રોઝ પીંક" નામનો રંગ ૨ આંઉસ અને ફરેંચ ચાક ૩ આંઊસ. રંગ પુરતુજ વારનીશ લેવું.

૩૬૩. નારંગી રંગની છાપવાની શાહી—છાપવાની કાલી શાહી બનાવવાની રીતમાં (જુઓ ના૦ ૩૫૬) જે વારનીશ બનાવવા કહેલુ છે તેવ રીતે વારનીશ બનાવી તેમાં હેઠલ કહેલા રંગ નાખી શારી પેઠે ઘુંટીને મેલવવું. "મીનરલ આરંજ" (Mineral orange) નામનો રંગ ૧ આંઉસ, "કરોમ યલ્લો" (Chrome yellow) નામનો રંગ ૨ આંઉસ. રંગ પુરતુજ વારનીશ લેવું.

૩૬૪. વેલાતી કાલી છાપવાની શાહી—જેમ ઉપર છાપવાની કાલી શાહી બનાવવાની રીત છે (જુઓ ના૦ ૩૫૬) તેજ પ્રમાણે પેહેલા વારનીશ બનાવવું. પછી એ વારનીશની અંદર હેઠલ કહેલો રંગ નાખી શારીપેઠે ઘુંટીને મેલવવું. "ફરેંચ બલેક" French black) એક રતલ દીવાની કાજલ અરધો રતલ, કાલીગુલી અરધો આંઊસ અને "ઇનદીયન રેદ" અરધો આંઊસ નાખવું. રંગ પુરતુજ વારનીશ લેવું.

૩૬૫ ખરાબ શાહીને સુધારવાની રીત—એક બાટલી લખવાની કાલી શાહીમાં થોડો "કારબોનેટ આફ પોતાશ" નાખવો પણ એ નાખવાથી શાહી ઊભરાઈ નહી જાય તેની સંભાલ રાખવી અને જયારે ઉભરો બંધ થશે એટલે શાહી શાફ થશે.

૩૬૬. સાહીને ફુગથી બચાવવાની રીત—એક પેંટ "આલકોહલ" (Alcohol) માં અરધો આંઊસ લવંગનુ તેલ નાખી મેલવવું. એમાંથી થોડા ટીપા લખવાની કાલી સાહીમાં નાખશો તો શાહીમાં ફુંગ નહી આવશે. (જુઓ બીજી રીત નાં૦ ૩૬૭) A. 195.

૩૬૭. બીજી રીત—"ક્રીઓસોત" અથવા "કારબોલીક એસીડ" ને આગલથી સરકામાં અથવા નરમ સ્પીરીટમાં મેલવી તેના થોડા ટીપા સાહીમાં નાખવા. (જુઓ ત્રીજી રીત નાં૦ ૩૬૮)

૩૬૮. ત્રીજી રીત.—બાવલના ગુંદરની અંદર થોડા લવંગને છુટીશાહીની બાતલીમાં નાખો, F. 445.

૩૬૯. સારી સાહી બનાવવાની રીત—જો ઘણીજ સારી સાહી કરવી હોય તો, સાહી બનાવતી વખતે સફેદ વાઇન અથવા સરકો અને પાણીને શાથે ભેલીને તેમાં નામવું, પણ અમથું પાણી લેવું નહી.

૩૭૦ કાપર પલેતથી છાપવા માટે (કાપર પલેત પ્રીંટીંગ ઈનક) કાલી શાહી—"ફ્રાંકફોર્ટ બ્લેક (Frankfort black) નામનો રંગના બારીક ભુકાને ઉકાલેલા અલસીના તેલમાં શારીપેઠે મેલવી દેવો. F. 96.

૩૭૧. કાપર પલેતથી છાપવા માટે લાલ શાહી બનાવવાની રીત—"મીનરલ આરંજ રેડ" નામનો રંગ ૫ આંઊસ, "ચાઇનીસ રેડ" નામનો રંગ ૨ આઊસ. એનો બારીક મેંદા જેવો ભુકો કરી "કેનેદા બાલસમ"ની સાથે સારી પેઠે મેલવી દેવો. F. 96.

૩૭૨. કાપર પલેતથી છાપવા માટે બલુ સાહી—"સીલેશીયલ બલુ" (Celestial blue) નામનો રંગ ૨ આંઊસ, "મરીન બલુ" નામનો રંગ ૩ આંઊસ, એનો બારીક મેડા જેવો ભુકો કરી "કેનેદા બાલસમ" ની સાથે મેલવી દેવો.

૩૭૩. કાપર પલેતથી છાપવા માટે લીલી સાહી—"મીનરલ ગ્રીન" નામનો રંગ ૨ આંઊસ, "કરોમગ્રીન" નામનો રંગ ૩ આંઊસ. એને બારીક મેડા જેવો ભુકો કરી "કેનેદા બાલસમ" સાથે મેલવી દેવો.

૩૭૪. કાપર પલેતથી છાપવા માટે બરાઉન રંગની સાહી—"બરંટ અમબર" નામનો રંગ ૨ આંઊસ, "રોઝ પીંક" ૧ આંઊસ. એનો બારીક મેડા જેવો ભુકો કરી "કેનેદા બાલસમ" ની શાથે મેલવી દેવો. F.96

૩૭૫. કાપર પલેતથી છાપવા માટે લાખી રંગની સાહી—"પરૂશીયન બલુ" નામનો રંગ ૧ આંઊસ, "ચાઇનીશ રેડ" નામનો રંગ ૨ આંઊસ. એને બારીક મેડા જેવો ભુકો કરી "કેનેદા બાલસમ" ની સાથે મેલવી દેવો.

૩૭૬. કાપર પલેતથી છાપવા માટે ગુલાબી શાહી—"મીનરલ પીંક" નામનો રંગ બે આંઊસ, "સેતીન વાઇત" નામનો રંગ એક આંઊસ. એનો બારીક મેડા જેવો ભુકો કરી "કેનેદા બાલસમ" સાથે મેલવી દેવો.

૩૭૭. કાપર પલેતથી છાપવા માટે નારંગી રંગની શાહી—"ઓરંજ રેડ" નામનો રંગ બે આંઊસ, "ફલેકવાઇત" (Flake white) નામનો રંગ એક આંઊસ. એનો બારીક મેડાં જેવો ભુકો કરી "કેનેદા બાલસમ" ની સાથે મેલવી દેવો.

૩૭૮. નકલ લેવાની (કોપીંગ ઈનક) શાહી બનાવવાની રીત—માયાનો ભુકો ૨ રતલ, "સલફેટ આફ આઇરન" ૮ આંઊસ, ગુંદર ૬ આંઊસ, પતંગનું લાકડું ૬ આંઊસ ખાંડ ૪ આંઊસ, સરકો ૨ બાતલી, પાણી ૧॥ ગયાલન એ બધાને એક પખવાડયા સુધી ભીંજવી રાખો, પણ તેટલા દાહાડામાં તેને લાકડીથી હીલવ હીલવ કરતાં રેહવું. પછી ગાલી કાહડી બાતલીઓમાં ભરો. જો એમાં થોડા ટીપા લવંગના તેલના અથવા ક્રીઓ-

શોત" ના નાખશો તો એ શાહી ઉપર ફુગ નહી ચહડશે. (જુઓ બીજી રીત નાં૦ ૩૭૯ Con. 124.

૩૭૯. બીજી રીત—અરધી બાતલી શોજી કાલી સાહીની અંદર પાઆ આંઉસ બાવલનો ગુંદર અને રાા તોલા બારીક રાતી ખાંડ નાખી મેલવી દેવો. જો એમાં થોડા ટીપા લવંગના તેલના અથવા "ક્રીઓશોત" ના નાખશો તો એ શાહી ઉપર ફુગ ચહડશે નહી. જો તરત કામને માટે થોડી બનાવવી હોય તો એક આંઊસ કાલી શાહીમાં ૧ાા દરામ છુંડેલી શાકર નાખી મેલવી દેવો. C. 125.

૩૮૦. એની લાઈન રંગની (Aneline Inks) બ્લુ શાહી બનાવવાની રીત—એની લાઇન રંગની શાહી ઘણી સારી બને છે. એ શાહી લખતી વખતે કલમપરથી શરશરાત નીચે ઉતરે છે અને લખતા વારજ અક્ષરો સુકાઇ જાય છે અને સુકાયા પછી લખેલા. અક્ષરો ચકચકીટ રહે છે. એ શાહી બીજી શાહીઓની માફક ફુગાઇ જતી નથી અને જયારેબી એ શાહી બંધાઇ જાય છે તયારે તેમાં પાણી નામીઆથી પાછી લખવા લાયક પાટલી શાહી બને છે. એ શાહી બનાવવામાં ગુંદર વાપડવામાં આવતો નથી. જો બલુ રંગની શાહી બનાવવી હોય તોઃ—એક ભાગ "બ્લું એની લાઈન" (Bleu de Paris) રંગને ૨૦૦ ભાગ ગરમ પાણીમાં પીગલાવો. (જુઓ લીલી શાહી નાં૦ ૩૮૧) T. 198.

૩૮૧. એનીલાઈન રંગની લીલી શાહી—એક ભાગ "આયોડગ્રીન" (Iod-green) નામના રંગને ૧૦૦ થી ૧૧૦ ભાગ ગરમ પાણીમાં પીગલાવો. (જુઓ લાલ રંગચી શાહી નાં૦ ૩૮૨.) T. 198.

૩૮૨. એનીલાઇન રંગની લાલ શાહી—એક ભાગ "એનીલાઇન રેડ" અથવા "ફ્યુચશીન" (Fuchsine) ને ૧૫૦ થી ૨૦૦ ભાગ ગરમ પાણીમાં પીગલાવો. (જુઓ વાયોલેટ રંગની શાહી નાં૦ ૩૮૩.) T. 198.

૩૮૩. એનીલાઇન વાયોલેટ રંગની શાહી—એક ભાગ "એનીલાઇન વાયોલેટ" નામના રંગને ૨૦૦ ભાગ ગરમ પાણીમાં પીગલાવો. એને "પારલર ઇન્ક" કરીને કહે છે. T. 198.

૩૮૪. એનાલાઇન રંગની કાલી શાહી—એક ભાગ "એનીલાઈન બ્લેક" નામના કાલા રંગને ૮૦ ભાગ પાણીમાં પીગલાવો. T. 198.

તરેહવાર જાતના વારનીસો અથવા રોગાન.

Varnishes and Lacquers,

૩૮૫. લોહડાને સોનાના જેવું કરવાનું વારનીસ—આ વારનીસ કોઇબી જાતની લોહઢાની ચીજોને સાફ ચલકતી કરી ઉપર લગાડશોતો તે લોહોઢું સોનાના જેવું પીલુ દેખાશેઃ—બાફેલા ઇંડાની કઠણ દાલ ૫ તોલા, એલીઓ ૧ા તોલો, અલસીનું તેલ ૩ આંઊસ, "તારતાર" (Tartar) ૫ તોલા, કેશર ૯ ગરેન અને હરઢનો બારીક ભુકો ૨ ગરેન. પેહલા ઇંડાની દાલ, એલીઓ અને "તારતાર" ને જુદો જુદો છુંડીને બારીક ભુકો કરો. પછી એ બધા ભુકાને એક મ રોડીના વાસણમાં નાખી તથા કેસરનો ભુકેઅને હરઢ પણ સાથે નાખી તેમાં અલસીનું તેલ રેડી ચુહુલા ઉપર મુકી ખુબ ઉકાલીને બધાને મેલવી નાખવું. પછી એ વારનીશ લોહઢા ઉપર પીછીથી લગાડવું. જો અલસીનું તેલ તેમાં ઓછું પડે તો બીજું તેમા થોડું વધારે નાખવું, (જુઓ બીજી રીત નાં૦ ૩૮૬.) I. R. 810.

૩૮૬. બીજી રીત—અલસીનું તેલ ૯૦ ભાગ અથવા તેથી થોડુ વધારે, "તારતાર"

૬૦ ભાગ, બાફેલા ઈંડાંનો કઠણુ દાલ ૬૦ ભાગ, એલોઓ ૧૫ ભાગ, કેસર પાઆ ભાગ અને હરદ ¼ ભાગ. એ બધાને ઉપર પ્રમાણે મટોડીના એક વાસણમાં નાખી અલસીનું તેલ રેડી ખુબ ગરમ કરીને મેલવી નાખવું T. 208.

૩૮૭. રૂપા ઉપર લગાડવાનું વારનીસ—એક વાસણમાં ૬૫૦ ભાગ "સ્પીરીટ આફ તરપેનતાઇન" (Spirit of turpentine) ની અંદર ૩૦ ભાગ "ચારકોલ" (Charcoal), ૪૫ ભાગ સફેદ કેરબો, (White amber) અને ૩૦ ભાગ "ગમ એલેમી" (Gum elemi) નાખી ગરમ રેતીમાં મુકી (ગરમીથી) પીગલાવી મેલવવું. અને જે ચીજ ઉપર એ વારનીસ લગાડવુ હોય તેને પેહલા ગરમ કરી એ વારનીસ ગરમ હોય તેટલાંજ તેની ઉપર પીછીથી લગાડવું. S. 72.

૩૮૮ લોહડા તથા પોલાડ ઉપર લગાડવાનું વારનીસ—કપુર ૫ ભાગ, "સેનડારક" (Sandarac) ૧૫ ભાગ, રૂમી મસતકી (Mastic) ૧૦ ભાગ અને "એલેમી" (Alemi) ૫ ભાગ. એ બધાને એ પીગલી શકે એટલા "ઓલકોહોલ" (Alcohol) મા નાખી પીગલાવવું જયારે પીગલીને એકસરખું થાય કે એ મેલવણી ગરમ કીધા વગર સાફ કીધેલા પોલાડ અથવા લોહોડા ઉપર પીછીથી લગાડવી. S. 72.

૩૮૯. ચોપડી બાંધનારને માટે વારનીસ—૧ પેંટ રેકતી ફાઈડ ઇસપીરીટની અંદર ૩ આંઉસ "પેલ ગમ સનદારક" (Pale gum sandarach) નાખી પીગલવા દેવો, અને તે પીગલે તયાં સુધી તેને હીલવ હીલવ કરતાં રેહેવું જયારે બરાબર મલીને એકરસ થાય કે ઉપયોગમાં લેવું. જે પુસતકોની ઉપર મોરાકો ચામડાના કવર ચહડાવેલા હોય તેનીપર એ વારનીશ લગાડવામાં આવે છે. C. 1301.

૩૯૦. ગાડાને લગાડવાનું (કેરીએજ) વારનીસ—ગમ સનદારક (Gum sandarach) સવા રતલ, ઘણીજ ફીકા રંગની ચીપડા લાખ (Pale shellac) પોણો રતલ, સ્પીરીટ ૬૪ ઓવર પ્રુફનો ૩ બાતલી. રાલ તથા લાખનો ભુકો કરી સ્પીરીટમાં પીગલાવવી. પછી તેમાં કેનાદીયન બાલશમ (Canadian balsam) દોહોડ રતલ ઉમેરવી. જયારે એ બધું પીગલીને મલી જાય કે કામમાં લેવો. એ વારનીશ લગાડીયા પછી આસરે દસ મીનીટમાં સુકાઇ જશે. C. 1301.

૩૯૧. ચીણાઈ વારનીસ—રૂમી મસતકી (Mastic) ૨ આંઉસ, અને "સનદારક" (Sandarac) ૨ આઉસ. એ બેઉનો બારીક ભુકો કરી ૧ પેંટ રેકતી ફાઈદ ઇસપીરીટમાં નાખી પીગલવા દેવું. જયારે પીગલીને બરાબર મલી જાય કે ઉપયોગમાં લેવું. એ વારનીશ લગાડયા પછી આસરે ૭ મીનીટમાં સુકાઈ જશે. એ વારનીશ ઘણું ચીકત અને ચલકતું છે. C. 1301.

૩૯૨. સારંગીને લગાડવાનું વારનીસ—અરધો ગીયાલન સ્પીરીટ આફ વાઇનમાં ૬ આંઉસ "ગમ માસતીક" (એક જાતનો ગુંદર) અને અરધી પેંટ તરપીતનનું વારનાશ નાખી એક પતરાના બાકસમાં ભરીને ગરમ જગાપર મેલી રાખવું, અને તે બાકશને ગમ માસતીક પીગલે તયાંસુધી થોડે થોડે વારે હીલવયાં કરવો, પછી તેને ગાલીને બીજા વાસણમાં ભરી રાખવું. જયારે કામ પડે તયારે પીછીથી લગાડવું. જો તેલ જાડું અથવા કઠણુ થયું હોય તો તેમાં તરપીતન વારનીશ હુમેરવું. ઉપર જે બાકશને ગરમ જગાપર મુકવા કહેલું છે તે ચુહુલા અથવા આતશ આગલ નહી મુકવો કેમકે તેથી તેની અંદરનો સ્પીરીટ સલગી ઉઠીને તરત ભડકો લાગશે. માટે આતશ આગલ કદી એ બાકસને મુકવો નહી.

૩૯૩. ફીરીસતલ વારનીસ—આએ વારનીશ નકસા તથા કાગજપર પાડેલાં દરોઇંગ વગેરેને લગાડવામાં આવેછે—ચોખ્ખો "કેનેડા બાલશમ" (Canada balsam) અને "રેકતીફાઇડ આઇલ આફ તરપેનટાઇન" સરખે ભાગે લેવું. પછી એ કેનાદા બાલશમને તરપીતનમાં નાંખી થોડા દીવસ પીગલવા દેવો, પણ એટલા દીવસમાં તેને ઘડી ઘડી હીલવ હીલવ કરતાં રેહેવુ. જયારે પીગલીને બરાબર મલી જાય કે ગાલી કાહાડીને વાપડવામાં લેવું. (જુઓ બીજી રીત ના૦ ૨૯૪.) C. 1301.

૩૯૪. બીજી રીત—રૂમી મશતકી (Mastic) ૩ આઊસને ૧ પેંટ રેકતી ફાંઇદ સ્પીરીટમાં પીગલાવો. આએ વારનીસ પેનશીલથી પાડેલા ચીત્રોની ઉપર લગાડયાથી નુછઇ જતા નથી. C. 1301.

૩૯૫. મીણ તથા તરપીતનનું વારનીશ—અરધો આંઉસ મધમાખના મીણનાં ઘણાજ જીણા જીણા કડકા કાપી એક ખાલી શોજી બલાકીંગની બાટલીમાં નાખવા અને તેમાં પાઆ પેટ "સ્પીરીટ આફ ટરપેનટાઇન" (Spirit of turpentine) નામીને સારી પેઠે મેલવી નાખીં એક જગાપર એક દાહાડો મુકી રાખવું. બીજે દાહાડે એક નાહલી લાકડીથી બાટલીમાનું ટરપીટન તેલ તથા મીણને હીલવીને ફરી બીજે દાહાડો રેહેવા દેવો. જો મીણના ઘણાજ જીણા જીણા કકડા કરી નાખયું હશે તો જલદીથી તે પીગલી જાશે. પછી જયારે જોઇએ તયારે બાટલીમાંથી લાકડીએ કરી કાહાડવું. એ વારનીશ ફરનીચર ઉપર લગાડવામાં આવે છે. એ વારનીશને કોઇબી વખત ચુહુલા ઉપર મુકીને તાવવું નહી કેમકે તેથી તરપીતન સલગી ઉથી તરત આગ લાગશે. D. 1482.

૩૯૬. પલાસતર આફ પેરીસના બનાવેલા રમકડાઓને ચલક આપનારૂં વારનીશ—ધાતું ગાલવાની એક મુસમાં અરધો આંઊસ કલાઇ અને અરધો આઊસ "બીસમથ" (Bismuth) નાખી સાથે તાવવું. જયારે બરાબર તવાય કે તેમાં અરધો આંઊસ પારો (Mercury) નાખી ત્રણેને સાથે મેલવીંને એકરશ કરવુ. પછી તે મુસને આતશ ઉપરથી ઉતારી થંડી પાડવી. પછી એ મેલવણીને ઈંડાની સફેતીની સાથે સારી પેઠે મેલવી દેવો. એટલે પલાસતર આપ પેરીશના પુતલાઓને માટે શારૂ વારનીશ થશે. F. 128.

૩૯૭. સામનનું વારનીશ—પીલું મીણ ૧ રતલ લેઇ તેના જીણા જીણા કકડા કાપી એક વાસણમાં નાખી ચુહુલાપર મુકીને તાવવું. તવાયા પછી નીચે ઉતારી પાડવું. થોડું થંડું પડવા આવે કે તેમાં તરપીતન નાખી લાકડીથી હીલવ હીલવ કરીને મેલવી નાખવું. જો લાકડાને જરા લાલ રંગ આપવો હોય તો એમાં ગેરૂનો બારીક ભુકો થોડો નાખી મેલવી દેવું. જો એને કાળા રંગનું કરવું હોય તો એમાં બલાકીંગની બારીક ભુકી થોડી નાખી મેલવી દેવું, જયારે ફરનીચર (સામણ) ને લગાડવું હોય તયારે પાલીસના કાગજથી પેહેલા સાફ કરી ફલાનેલના કપડાના દુચાએ કરી એ વારનીશ તેપર ઘસડીને લગાડવું. પછી તેની ઉપર સુતરાઉ કપડાથી બીજે હાથ મારવો, અને તરીજે હાથ રેશમી કપડાથી લગાડવો.

૩૯૮. ઘાસની તોપીઓને લગાડવાનું વારનીશ—ઘાસની અથવા સલની બનાવેલી વેલાતી તોપીઓ જુણી થઇ ગઇ હોય તો તેનીપર આએ વારનીશ લગાડવું:—સીલ કરવાની કાલી લાખ અરધો આઊસ, "સ્પીરીટ આફ વાઇન" ૨ આંઊસ. પેહેલા લાખનો બારીક ભુકો કરી એક સીસીમાં નાખી તેમાં "સ્પીરીટ આપ વાઇન" રેડવો. પછી એ સીસાને તેમાંની લાખ પીગલી રહે તયાં સુધી ચુહુલાની ગરમ જગા આગલ

મુકી રાખવી, તથા તેને હીલવયા કરવી. જ્યારે લાખ પીગલી રહેકે તરત સુરજના તડકામાં અથવા ઇંગાર આગલ ઉપલી તોપીઓની ઉપર એ વારનીશ નરમ બાલની પીછીથી લગાડવું. એથી ઘાસની બનાવેલી જુની તોપીઓ નવીના જેવી થશે.

૩૯૯. પેનસલથી ચીત્ર પાડેલા કાગજ ઉપર લગાડવાનું વારનીશ—"આઇસીન ગલાશ" (Isinglass) ને પાણીમાં પીગલાવી નરમ પીછીએ કરી પટલો હાત સફાઇથી તે કાગજ ઉપર મારવો એથી તે કાગજ ઉપર સુખડપેનથી પાડેલા ચીત્રો વગેરેને ભુછઇ અથવા ભુશરાઈ જવાની ધાસતી રેહેશે નહી.

૪૦૦. નકશા ચીત્રો વગેરે ઉપર લગાડવાનુ વારનીશ—"ગટાપરચાનું સોલ્યુશન" નો પીછીએ પટલો સફાઇથી તેની પર હાથ મારવો. એ વારનીશ પારદરશક હોવાથી ઘણી સારી જલેહ આપશે.

૪૦૧. છાપેલા કાગલ, ચીત્રો અને નકશા (મેપ) ઉપર લગાડવાનું વારનીશ—એક બાતલી તરપીનન તેલમાં અરધો શેર "કેનેદા બાલશમ" (Canada Balsam) અને અરધો શેર શોહજી સફેદ રાજન નાખી પીગલવા દેવો. જ્યારે પીગલીને મલી જાય કે કામમા લેવો. (જુઓ બીજી રીત નં૦ ૪૦૨.) S. 18

૪૦૨ બીજી રીત—૪૮ ભાગ "આલકોહલ" (Alcohol) માં ૨૦ ભાગ 'ગમ સેનડારક' (Gum sandarach), ૮ ભાગ રૂમી મસતકી (Gum mastic) અને ૧ ભાગ કપુર નાખી પીગલાવા. પીગલી રહે કે પછી તેની ઉપર લગાડવું હોય તાંહા પીછીથી લગાડવું. પણ એ બેઉ વારનીસ નકસા અથવા ચીત્ર ઉપર લગાડવાની પેહલા "જીલેતીન" (Gelatine) ના એક અથવા બે હાથ તેનીપર મારી સુકાયા પછી ઉપલા વારનીસ પીછીથી લગાડવા. S. 98.

૪૦૩.—રંગેલા ચીત્રો (કલર ફરેઇંગ) માટે વારનીશ—"આઇસીંગલાસ" ને પાણીમાં પીગલાવી નરમ પીછીથી પટલો હાથ તે ચીત્ર ઉપર મારવો. અને તે સુકાયા પછી આ વારનીશ ઊંટના બાલની બનાવેલી નરમ પીછીથી લગાડવું:—"કેનાદા બાલસમ" (Canada balsam) ૧ આંઊસ ને ૨ આંઊસ તરપીતનમાં નાખવું. જ્યારે તે પીગલીને મલી જાય કે પીછીથી લગાડવું. S. 98.

૪૦૪. કાચને લગાડવાનું વારનીશ—થોડો "ગમ આદ્રાગંટ" (Gum adragant) લઇ તેને બારીક છુંડી ઇંડાંની કફ્ ચહડાવેલી સુફેદીમાં નાખી ૨૪ કલાક સુધી પીગલાવવો. તયારબાદ એ વારનીશને નરમ પીછીથી કાચ ઉપર ધીમેથી ચોપડવું. S.72.

૪૦૫. લાખનું વારનીશ—૮ આંઉસ ચીપડા લાખ (Shellac) નો બારીક ભુકો કરી એક બાતલી સોળ રેકતીફાઇદ સ્પીરીતની અંદર નાખી તે પીગલે તયાં સુધી રેહેવા દેવો. C. 1302.

૪૦૬. તોપલાને લગાડવાનું રંગીન વારનીશ—રાતી, લીલી, કાલી અથવા કોઇબી જાતના રંગની સીલ કરવાની લાખ લેવી, અને તે લાખને છુંડીને બારીક ભુકો કરી કપડામાંથી ચાલી કહાડવી. પછે એ ભુકાને એક બાતલીમાં નાખી તેમાં "ઇસપીરીટ વાઇન" રેડી સારીપેઠે બાતલીને હીલવીને ગરમ જગા આગલ ૪૮ કલાક સુધી મુકી રાખવી એટલા વખતમાં તેને ઘરી ઘરી હીલવયા કરવી પછે એમાંથી થોડું પ્યાલામાં કાહાડી પીછીએ કરી તોપલી (બાસકીટ) ઉપર તે લગાડવું ને જ્યારે સુકાય એટલે ઉપર બીજો હાથ મારવો. દર ૨ આંઉસ લાખે ૧ આંઊસ "સ્પીરીટ ઓફ વાઇન". લેવો. I. R. 74.

૪૦૭. તેલીયા રંગના ચીત્રો માટે વારનીશ—તેલીયા રંગના ચીતરો જો ખ-

શાબ થયા હોય તો તેમને પાછું વારનીસ મારવું. ઘણા ખરા એવા ચીત્રો વારનીસ મારેલાજ આવે છે. આ માટે સઉથી સોજ્જુ "માસતીક વારનીસ"* લાવવું જોઇએ, કે જે એ કામ માટે ખાસ આવે છે.

૪૦૮. તારનું વારનીશ—"તાર" (Tar) ૨ ગ્યાલન, ચરબી (Tallow) ૧ રતલ. એ બેઉને એક વાસણમાં નાખી તાવીને ચુહુલા પરથી ઉતારવું. થોડું થડુ પડવા આવે કે પછી તેમાં ૭ રતલ સોના ગેરૂ અથવા રંગીન મટોડીનો બારીક ભુકો તથા ૬ રતલ "સ્પીરીટ આફ ટરપેનટાઇન" (Spirit of turpentine) નામી બધાને શારીપેઠે મેલવી નાખવું. વધતો ઓછો ઘેરૂ મેલવવાથી ચાકલેટના જેવો રંગ થાશે. A.289.

૪૦૯. વીજલીની પેતીને લગાડવાનુ વારનીશ—વીજલીને લગતા લાકડ કામને અથવા કાચને વારનીશ લગાડવાની આ રીત સેહેલ છે:—લાલ રંગની સીલ કરવાની લાખને જલદ "સ્પીરીટ આફ વાઈન"માં તે પીગલે તયાં સુધી રેહેવા દેવો. જયારે પીગલી જાય કે પીછીથી કરી લાકડી અથવા કાચ ઉપર એ વારનીશના ત્રણ ચાર હાથ મારવા. પણ એને માટે લાખ ઘણી સરસ લેવી, કેમકે જો લાખ ઘણી સરસ અને ઊંચી વાપડશો તો એ વારનીશ ઘણું સારૂં થાશે. યાદ રાખવું કે એક હાથ સુકાયા પછી બીજો હાથ ઉપર મારવો. F. 121.

૪૧૦. તેબલ વારનીશ—તરપીટન તેલ ૧ રતલ, મધમાખનું મીન ૨ આંઊસ, "કોલોફની" (Colophony) ૧ દરામ, એ બધાને મેલવી એક જગાપર મુકી તે પીગલે તયાં સુધી રેહેવા દેવું. S. 69.

૪૧૧. માહાગનીના જેવું વારનીશ—"ગમબેનગામીન" અરધો આંઊસ, "વેનીસ ટરપેનટાઈન" ૧ આંઊસ, "સ્પીરીટ આફ વાઇન" ૧ પેંટ. એ બધાને એક બાટલીમાં નાખી તે બધું પીગલીને મલી જાય તયાં સુધી ગરમ જગા આગલ મુકી રાખવી. જો એમાં જરા કેસર નાખીને મેલવશો તો પીલા રંગનું વારનીશ થશે. S. 70.

૪૧૨ કામન વારનીશ—ચીપડા લાખ (Shellac) નો ભુકો ૧ ભાગને ૭ અથવા ૮ ભાગ "આલકોહલ" (Alcohol) માં નાખી તે પીગલીને મલી જાય તયાં સુધી રેહેવા દેવો. પણ તેને ઘડી ઘડી હીલવયા કરવું. S71

૪૧૩. નેતરની બનાવેલી લાકડીને માટે વારનીશ—"ગમ શેલાક" ૩ આંઊસ, "ગમ માસટીક" ૧ આંઊસ, "ગમ સનદારક" ૩ આંઊસ, "આલકોહોલ" ૪૦ આઉસ. પેહેલા "ગમ શેલાક" અને "ગમ માસટીક"નો ભુકો કરી "આલકોહોલ" (જલદ દારૂના અરકમાં નાખી પીગલવા દેવો. જયારે એ બેઉ સુંદર પીગલી રહે કે તેમાં શેલાકનો ભુકો નાખી તેને પણ પીગલવા દેવો. જયારે બધું સારીપેઠે પીગલીને બરાબર મલી જાય કે ઉપરથી નીતારી કાહાડી એ વારનીશ પીછીએ કરી નેતરની લાકડી પર લગાડવું.

૪૧૪. ચોપડીના પુઠા ઉપર જલેહુ લાવવાનું વારનીશ—એક ઇંડાંના સફેતીમાં તેના વજન કરતાં બે ઘણું પાણી રેડીને ખુબ એકરશ કરી નાખવી. પછી ચોપડીનાં ચામડાના પુથા ઉપર પીછીથી લગાડવું.

૪૧૫. કાલું વારનીશ બનાવવાની રીત—એક લોઢાની કહડાઇમાં બે રતલ અસફાલતમ (Asphaltum) ને ચુહુલા ઉપર મુકીને પીગલાવવું. પછી એક પેંટ બાઇલડ આઇલ (Boiled oil) ને ગરમ કરી તેમાં નાખીને શારીપેઠે મેલવી દેવો પછી તે વાસણને ચુહુલા ઉપરથી ઉતારવું, અને જયારે થોડું થંડુ પડે એટલે તેમાં બે બાતલી ટરપીટન નામી મેલવી દેવો. એ વારનીશ લોહોઢાની બનાવેલી ચીજો ઉપર લગાડે છે. C. 1300.

૮

૪૧૬. કાગજના બનાવેલા ફેનસી બાકસો ઉપર લગાડવાનુ સ્પીરીટ વારનીશ—"ગમ સનડારક (Gum sandarac) ૩ રતલ, ફીકા રંગની ચીપડા લાખ (Pale shellac) ૨ રતલ, રેક્તી ફાઇડ સ્પીરીટ (૬૫ ઓવર પ્રુફનો) ૨ ગ્યાલન. એ બધાને ખોખરા કરી સ્પીરીટમાં થોડા દાહાડા પીગલાવવું. જ્યારે પીગલી રહેકે તેમાં એ પેંટ તરપીનતન વારનીશ હમેરી શાઉપેઠે ખુબ હીલવીને તરત ગાજના કપડામાંથી તેને ગાલી કાહડવું. પછી તેને એક જગા ઉપર એક મહીના સુધી રેહવા દેવો પછી શીશી બાટલીઓમાં એ વારનીશ ઉપરથી નીતારીને ભરવું. C. 1303.

૪૧૭. પતરાના બનાવેલા સામન ઉપર પીતલનો રંગ દેખાડનારૂં વારનીશ—નવા પતરાના બનાવેલા દબા તથા બીજા તરેહવાર જાતના પતરાના રમકડાઓને પીતલના જેવા દેખાડવા હોય તો આવી રીતનું વારણીસ બનાવી પીછીએ કરી લગાડવું—એક પેંટ સોજો "રેકતી ફાઇડ સ્પીરીટ" (Rectified spirit) ની અંદર ઓરદી લાખ (Seed lac) ૭॥ તોલા, હીરાદખન (dragon's blood) પાઆ તોલો અને ૨॥ વાલ અને હરદનો ભુકો ૨॥ તોલા નાખી ૧૪ દાહાડા સુધી રેહવા દેવો. પણ તેટલા દાહડામાં તેને દરરોજ ઓછામાં ઓછું એક વખત પણ હીલવ હીલવ કરતાં રેહવું જેથી તેમાની લાખ પીગલી જાય. જ્યારે બરાબર બધું પીગલીને મલી જાયકે ગાલી કાહડવું, પછી જ્યારે જોઇએ તયારે કામમાં લેવું. (જુઓ બીજી રીત ના૦ ૪૧૮) F. 203.

૪૧૮. બીજી રીત—લાખનું વારનીશ (Lac varnish) લેઇને તેની અંદર રંગ પુરતી હરદ નાખી મેલવવી. પછી પીછીથી લગાડવું.

૪૧૯. પતરાના બનાવેલા સામન ઉપર ત્રાંબાનો રંગ દેખાડનારૂ વારનીશ—નવા પતરાના બનાવેલા દબા તથા બીજા તરેહવાર જાતના રમકડાઓને ત્રાંબાના જેવી દેખાડવા હોય તો આવી રીતનું વારનીશ પીછીથી લગાડવું:—લાખનું વારનીશ લેઇ તેની અંદર રંગ પુરતો "એનાતો" (Annatto) નાખી મેલવી દેવો.

૪૨૦ પીતલની ચલકતી ચીજોને માટે વારનીશ—હરદ ૬ દરામ અને કેસર ૧૫ ગરેનને દોહાર પેંટ સ્પરીટ વાઇનની અંદર નાખી બે દાહાડા પીગલવા દેઇ પછી ગાલી કાહાડવું. તારબાદ એ ગાલી કાહાડેલી મેલવણીમાં રેવંચીનો શીરો ૬ દરામ, "ગમ સેનદરક" (Gum sandarac) ૨ આંઊસ "ગમ એલીમી" (Gum elemi) ૨ આંઊસ, હીરાદખન ૧ આંઊસ અને ઓરડી લાખ (Seed lac) ૧ આંઊસ નાખી પીગલાવો. એ વારનીશ જયારે લગાડવું હોય તયારે પીતલની ચીજોને શાપ ચલકતી કરી પછી તેની ઉપર લગાડવું. (જુઓ બીજી રીત ના૦ ૨૨૧) F. 203.

૨૨૧. બીજી રીત—એક પેંટ આલકોહલની અંદર હરદનો ભુકો ૨॥ તોલા "આનાતો" (Annatto) પાઆ તોલો અને ૨॥ વાલ અને કેશર પાઆ તોલો અને ૨॥ વાલ નાખી ૭ દાહડા શુધી ભીજવી રાખો. પણ તેને દરરોજ હીલવ હીલવ કરતાં રેહવું. તારબાદ તેને ગાલી કાહડી તેમાં ૭॥ તોલા શીશી ઓરડી લાખ (Seed lac) નો ભુકો નાખી ૧૪ દાહાડા શુધી ભીંજવી રાખો, પણ તેને દરરોજ ખુબ હીલવ હીલવ કરવું કે લાખ પીગલી જાય. F. 203.

૪૨૨. ચામડા ઉપર લગાડવાનું સોનેરી વારનીશ—હરદ ૩૦ ગરેન અને રેવનચીનો શીરો ૩૦ ગરેન ને એક બાટલી તરપીનતનમાં નાખી મેલવવું. પછી તેમાં દશ તોલા ઓરદી લાખ (Seed lac) અને દશ તોલા "ગમ શાંડારાક" (Gum sandarac) નો ભુકો, તથા અરધો તોલો અને

૫ વાલ કીશદખણ, બે આઊસ તરપીતન અને દશ તોલા કાચનો છુંડેલો બારીક ભુકો નાખી મેળવી દેઇ થોડા દાહાડા રેહેવા દેવા. જયારે બધુ મળી જાય કે ઉપરથી નીતારી કાહાડી કામમાં લેવો. F. 157.

૪૨૩. પાણીના રંગથી કાંગજ ઉપર રંગેલા (વાતર કલર) ચીત્રો ઉપર લગાડવાનું વાહ્ડીત "હાર્ડ સ્પીરીટ વારનીશ"—"ગમ સેનદારક" ૬ રતલ, કપુર બે આંઉસ, કાચનો છુંડેલો ધોયલો સુકો જાડો ભુકો ૩ રતલ, "રેકતી ફાઈડ સ્પીરીત" (૬૫ ઓવર પ્રુફનો) ૭ બાતલી. એ સઘલાને એક પતરાના દબામાં નાખી બુચ દેઇ તે દબાને ખુબ હીલવ હાલવ કરવું. એ પરમાણે જાહાં સુધી "ગમ સેનદારક" પીગલીને મલી જાય તાંહાસુધી હીલવ હીલવ કરવું. પછી તેને મલમલના કપડામાંથી ગાલી કાહડવું. તાબાદ તેમાં એક બાતલી ચોખ્ખો "કેનેદા બાલશમ" ઉમેરવું (જુંઓ બીજી રીત ના૦ ૪૨૪) C. 1303.

૪૨૪. બીજી રીત—શોજો "ગમ સેનદારક" (Gum sandarac) ૪ આંઉસ, શોજો "ગમ માસતીક" (Gum mastic) ૪ આંઊસ, કાચનો છુંડેલો જાડો ભુકો ૮ આંઉસ, રેક્તીફાઈડ સ્પીરીટ ૨ પેંટ. એ બધાને થોડા દાહાડા પીગલાવો પણ તેને દરરોજ ખુબ હીલવતા રેહવું. જયારે બધુ પીગલીને મલી જાય કે તેમાં શોજો "સ્ત્રાશબરગ તરપેનતાઇન" (Strasburg turpentine) ૩ આંઊસ ઊમેરવું.

૪૨૫. અંબરનું વારનીશ—ફીકા રંગની શોજી અંબર (amber) ૫ આઊસ, "પેલ બોઇલદ આઇલ" (ઊકાલેલું અલસીનું તેલ) ૧ પેંટ, તરપેનતાઇન ૧ પેંટ પેહલા અંબરને એક વાસણમાં તાવી તેમાં "બોઇલડ આઇલ" રેડવું અને શારીપઠે તારો બંધાય તાંહાંસુધી ચુહુલા ઉપર ઉકાલવું. પછી તેને નીચે ઉતારી થંડું પડવા દેવો. પછી તેમાં તરપેનતાઇન ઉમેરી મેલવી દેવો. જો એ મેલવણીને થોડા થંડી પડવા વગર તેમાં તરપીતન રેડશોતો તરત શલગી ઉથીને આગ લાગશે, માટે થોડા થડી પડવા શીવાએ તેમાં તરપીતન કદી રેડવું નહી. C. 1300.

૪૨૬. કોપાલવારનીશ—"કોપાલ" (Copal) બે રતલને એક વાસણમાં નાખી ખુબ તાવવું પછી તેમાં અલસીનું ગરમ તેલ ૧ પેંટ રેડી શારીપેઠે ખુબ તારો બંધાય તાંહાંસુધી ચુહુલા ઊપર ઉકાલવું, પછી તેને નીચે ઉતારી થોડું થંડુ પાડવું પછી તેમાં ૩ પેંટ તરપેનતાઇન રેડી મેલવીને પાતલુ જેવું કરવું આએ વારનીશ ૧૨ થી ૨૪ કલાક સુધીમાં શુકાઇ જાય છે. એ મેલવણી થોડા થંડી પડવા વગર તેમાં તરપેતાઇન કદી રેડવું નહી, કેમકે જો એ મેલવણી ઘણી ગરમ હોશે અને તેમાં તરપીતન રેડશો તો તરત શલગી ઉથી આગ લાગશે. C. 1301.

૪૨૭ છત્રીઓ ઉપર લગાડવાનુ વારનીશ—વરશાદના દાહડા ઉપર કપડાની છત્રીમાંથી પાણી નહી પડે એવી કરવી હોયતો હાવી રીતનુ વારનીશ તેપર લગાડવું:—બારીક ભુકો કરેલ મુડદારસીંગ (litharge) ૧ ભાગ, તરપેનતાઇન ૨ ભાગ અને અલસીનું તેલ ૨ અથવા ૩ ભાગ. એ બધાને એક વાસણમાં નાખી ધીમી આંચ ઉપર ઉકાલીને મેલવા દેવો. એટલે વારનીશ થયું. પણ એ મેલવણી ઉકાલવાને ઘણું જાશતી ભરેલુ છે કેમકે એમાં તરપીતન તેલ આવવાથી જો વધારે બલતાની આંચ અથવા જોરમાં તાપ લાગશે તો તરત શલગી ઉથી આગ લાગશે માટે જેમ બને તેમ ઘણીજ શંભાલવી ધીમા ઇંગારપર એ કામ લેવું એ વારનીશ છત્રી ઊપર પીછીથી લગાડવું અને પછી તેને તડકામાં શુકવવી. એ વારનીશ મોહોતા ઝાલા અને એવાજ બીજા કપ-

ડાઓને પાણી નહી લાગે એવા (વાતર પ્રુફ) કરવાને ઘણું અકશીર છે. 1 R 993 T. 208.

૪૨૮. સસ્તું ઓક (Oak varnish) વારનીસ—શોજી ફીક્કા રંગની રાલ (Resin) ૩ા રતલ, તરપીનન તેલ ૧ ગ્યાલન. રાલનો ભુકો કરી તરપીતનમાં નાખી થોડા દાહડા પીગલવા દેવો. જો એમાં થોડી કાજલ ઉમેરશો તો તેનો રંગ ઘેરો થશે. S. 70,

૪૨૯. રમકડા ઉપર લગાડવાનું વારનીસ—"કોપાલ" (Copal) ૭ ભાગ, રૂમી મસતકી (Mastic) ૧ ભાગ, "વેનીસ તરપેનતાઇન" અરધો ભાગ, ઘણોજ જલદ (આગ) ઓલકોહલ (Alcohol) ૧૧ ભાગ, પેહેલા કોપાલને થોડા આલકોહેલમાં નાખી પીગલાવો, પણ એની શાથે થોડો કપુર નાખવો. પીગલી રેહકે તેમાં મસતકી તથા તરપીતન નાખવું. જયારે બધું પીગલીને મલી જાયકે તેને જેટલું પાટલુ કરવું હોય તે પ્રમાણે બાકીનો આલકોહેલ નાખી મેલવવું. A 361.

૪૩૦ સેનદારકનું (Sandrac varnish) વારનીસ—"ગમ સેનદારક" ૮ આંઊસ, રૂમી મસતકીનો (માસતીક) ભુકો ૨ આંઊસ, શોજુ તરપીતાઇન ૪ આઊસ. કાચનો ભુકો બારીક ભુકો ૪ આંઊસ, "એલકોહોલ" ૩૨ આંઊસ. એ બધાને મેળવી થોડા દાહડા પીગલાવી રાખો, પણ તેને હરરોજ હીલવ ડીલવ કરતાં રેહવું. જયારે બધું પીગલીને મલી જાયકે તેને ગાલી કાહડવું. 5. R 25.

૪૩૧. ફોતોગ્રાફરો માટે "નગેતીવ વારનીશ—સફેદ ચીપડા લાખ બે આંઊસ. "મીથીલેતેડ સ્પીરીટ" (Methylated spirit) ૬ આંઊસ. એ પીગલી જાય તહાંસુધી તેને એક બાતલીમાં નાખી હીલવ હીલવ કરવું. પછી તેને ૨૪ કલાક સુધી એક જગા ઉપર ઠડવા દેવું. પછી આલી કાહડવું. (જુઓ બીજી રીત ના૦ ૪૩૨.)

૪૩૨. બીજી રીત—ચીપડા લાખ દોઢેર આંઉસ, મસતકી (Mastic) પાઆ આંઊસ, "આઇલ આફ તરપેનતાઇન" પાઆ આંઊસ, સેનડારક સવા આંઊસ, કપુર દશ ગ્રેન અને આલકોહોલ ૨૦ પ્રવાહી આંઊસ, એ બધાને પીગલાવી મેલવી દેવો. (જુઓ ત્રીજી રીત ના૦ ૪૩૩)

૪૩૩. ત્રીજી રીત—"ગમ જુનીપર" (Gum Juniper) ૨ દરામ અને ૮ ગ્રેન, "ગમ ફ્રાંનકીનશેનસ" (Gum frankincense) ૧ દરામ અને ૧૦ ગ્રેન, આલકોહલ ૪ આંઊસ, એ બધાને મેલવી કાગજ માંથી ગાલી કાહાડવું. પછી ઊપરતું નીતરૂં પાણી કામમાં લેવું. જુઓ ૪૩૪.

૪૩૪. ચોથી રીત—નારંગીઆ રંગની ચીપડા લાખ (Orange Shellac) બે આઊંસ, "ગમ જુનીપર" ૧ા આંઊસ. કપુર અરધો આંઊસ, મીઠીલેતેડ સ્પીરીટ" ૧ પેંટ. (જુઓ પાંચમી રીત ના૦ ૪૩૫.)

૪૩૫. પાંચમી રીત—"વાઇત હાડે વારનીશ" અરધી પેંટ અને મીઠીલેતેડ સ્પીરીટ "અરધી પેંટને શાથે મેલવી દેવો.

૬૨૫. લાલ રંગનું પાલીસ (ફ્રનીચરને માટે)—તરપીટન તેલ ૧૬ આંઉસ, "આલકાનેટરૂટ"૪ દરામ, મધમાખનું મીન ૪ આંઉસ. પેહેલા "આલકાનેટ" ને તરપીટનમાં નાખી તે તેલ ઘણું રાતા રંગનું થાય તયાં સુધી રેહવા દેવો. પછી મીનને છરીથી ઓખવીને તેમાં નાખવું. પછી એ વાસણને પાણીના બીજા ઊકલતાં વાસણમાં મુકી મીનને મેલવી નાખી લાહી જેવું કરવું. જો એને ફીકા રંગની પાલીસ કરવી હોય તો એમાં "આલકાનેટરૂટ" નહી નાખવો. (જુઓ સફેદ રંગની પાલીસ ના૦ ૬૨૬).

૬૨૬ સફેદ રંગની પાલીસ (ફ્રનીચરને માટે)—અલસીનું તેલ ૮ આંઉસ, જુણો એલદાર ૮ આંઉસ, એક ઇડાની સફેતી, સ્પીરીટ ૧ આંઉસ, "સ્પીરીટ આફ્ સાલટ" (Spirit of salt) ૧ આંઉસ એ બધાને મેલવી નાખવું. જયારે એ પાલીસ લગાડવું હોય તયારે તેને સારીપેઠે ખુબ હીલવીને નરમ કપડાના દડા ઉપર એ મેલવણી જરા લગાડી જેની ઉપર પાલીસ કરવી હોય તેની પર હલકે હાથે એક અથવા બે મીનીટ સુધી લગાડવું. પછી તેનીપર જુણા રેશમી રૂમાલે કરી લુછી પાલીસ કરવી.

૬૨૭. બારીક નકસી કીધેલા ફ્રનીચરને માટે તથા કાગજના બનાવેલા

ફેંસી વર્કો માટે પાલીસ—અલસીનું તેલ ૩૨ આંઉસ, સ્પીરીટ વાર્ઇન ૮ આંઉસ, સરકો ૮ આંઉસ, "બતર આફ એનતીમની" (Butter of antimony) ૨ આંઉસ, તરપીટન તેલ ૮ આંઉસ. એ બધાને મેલવી નાખવું. જ્યારે એ પાલીસ અથવા વારનીશ લગાડવું હોય ત્યારે બાટલીને ખુબ હીલવી ઊનના કપડાએ કરી લગાડવું (જુઓ બીજી રીત નાં૦ ૬૨૮.)

૬૨૮. બીજી રીત—તરપીટન તેલ ૧૬ આંઉસ, "રેકતીફાઇડ ઓઇલ આફ અંબર" ૧૬ આંઉસ, "ઓલીવ ઓઇલ" ૧૬ આંઉસ, "ઓઇલ આફ લવંડર" ૧ આંઉસ, "ટીંકચર આફ આલકાનેટ" ૪ દરામ, એ બધાને મેલવી નાખવું. જ્યારે એ વારનીશ લગાડવુ હોય ત્યારે રૂનો દડો બનાવી તેમાં એ મેલવણી ભીંજવી ફરનીચર ઉપર લગાડવું. પછી તેને નરમ સુકા સનના સફેદ કપડાથી લુછી નાખી સુકવવું.

૬૨૯. વાતર પ્રુફ ફ્રેંચ પાલીસ—એક પેટ 'સ્પીરીટ આફ વાઇન,' "ગમ બેનજોઇન" ૨ આંઉસ, "ગમ સ.નદારક" પાઆ આંઉસ અને "ગમ એનીમી" પાઅ. આંઉસ. એ બધાને એક કાચના બુચની બાતલીમાં નાખી બુચ મારવો. પછી તે બાટલીને ગરમ રેતીમાં અથવા ગરમ પાણીમાં એ બધું પીગલી જાય તયાં સુધી મુકી રાખવી. જ્યારે બધુ પીગલીને મલી જાય કે તેને બીજી બાટલામાં ગાલી કાહાડી તેમાં બે ચમચી ભરીને ખસખસનું સોજું તેલ રેડી બાટલીને સારીપેઠે હીલવીને કામમાં લેવું. D. 100

રંગીન પાણીના બીલોરી સીસા

Colors for chemists' bottles.

૬૩૦. લાલ રંગના પાણીના બીલોરી સીસા—ઇંગ્રેજી દવા વેચનારા ગાંધીઓની દુકાનની કાચની બારીઓમાં તથા કબાતની ઉપર બીલોરી કાચના મોહતા સીસા યાને બાતલા તરેહવાર રંગના પાણીથી ભરી સોહબાને વાસ્તે મુકે છે અને એવા રંગના પાણીના સીસા રાતના બતી આગલ સારા દીપે છે. તેવા સીસાઓમાં જો લાલ રંગનું પાણી કરવું હોય તો:—"લીકર આફ આમોનયા" માં "કારમાઇન" (કીરમજમાંથી બનાવેલો રંગ) નાખી પીગલવા દેવો. પછી તેમાં "દીસતીલ વાતર" (ઉકાલેલું વરાલનું પાણી) રેડી મેલવવું. એ પાણી બીલોરી સીસામાં ભરી બુચ મારવો એટલે લાલ રંગના પાણીના સીસા થયા. (જુઓ બીજી રીત નાં૦ ૬૩૧.) C. 1194.

૬૩૧. બીજી રીત—કીરમજના બારીક ભુકાને નરમ "શોલ્યુશન આફ અમોનયા" માં નાખી પીગલવા દેવો. પછી તેમાં પાણી રેડી ગાલી કાહડી કાચના સીસામાં ભરો. (જુઓ ત્રીજી રીત નાં૦ ૬૩૨)

૬૩૨. ત્રીજી રીત—"સ્પીરીત આફ હાર્ત્સહાર્ન" માં કીરમજ નાખી મેલવીને બાતલામાં ભરવુ. (જુઓ ચોથી રીત નાં૦ ૬૩૩)

૬૩૩. ચોથી રીત—"કારમાઇન" (Carmine) ને પાણીમાં પીગલાવી તેમાં થોડું "મ્યુરેત આફ તીન" ઊમેરવુ. (જુઓ પાંચમી રીત નાં૦ ૬૩૪) F. 81.

૬૩૪. પાંચમી રીત—રાતા બીટરૂટને પાણીમાં ઉકાલી રંગદાર પાણી કરવું. થંડું પડયા પછી તેમાં થોડી "આસીતીક આસીડ" નાખવી. (જુઓ છઠી રીત નાં૦ ૬૩૫.)

૬૩૫. છઠા રીત—નવસાગરને પાણીમા પીગલાવી તેમા રંગ પુરતી કીરમજ નાખી મેલવી દેવો. (જુઓ સાતમી રીત નાં૦ ૬૩૬).

૬૩૬. સાતમી રીત—રાતી કોબીજને ખુબ ઉકાલી તેમાં શરકો નાખી મેલવી દેવો. F. 81.

૬૩૭. બ્લુ રંગના પાણીના બીલોરી સીસા—મોરથુથુ ૨ આંઉસ, "આઇલ આફ વીત્રીયલ" અરધો આંઉસ, વરસાદનું પાણી ૧ પેંટ. એ સઘલાને પીગલવા દેઇ બીલોરી બાતલીમાં ભરવું. (જુઓ બીજી રીત નાο ૬૩૮)

૬૩૮. બીજી રીત—કાલી ગુલીના પાણીમાં "સલફ્યુરીક આસીડ" નામી તેમાં વરસાદનું પાણી રેડી બાતલીમાં ભરવું. (જુઓ ત્રીજી રીત નાο ૬૩૯).

૬૩૯. ત્રીજી રીત—મોરથુથાને પાણીમાં પીગલાવી તેથી બીલોરી બાતલા ભરવા (જુઓ ચોથી રીત નાο ૬૪૦).

૬૪૦. ચોથી રીત—'સલફેત આફ ઇનદીગો" ને પાણીમાં પીગલાવી તેથી બીલોરી બાતલા ભરવા. (જુઓ પાંચમી રીત નાο ૬૪૧).

૬૪૧. પાંચમી રીત—"પૃશીયન બ્લુ" ને પાણીમાં પીગલાવી બાતલીઓ ભરવી. (જુઓ છથી રીત નાο ૬૪૨).

૬૪૨. છથી રીત—"બ્લુસ્તોન" (Blue stone) ને પાણીમાં પીગલાવી તેમાં "સ્પીરીત આફ હાર્તસહાર્ન" હુંમેરો.

૬૪૩. લીલા રંગના પાણીના બીલોરી સીસા—એક પેંટ વરસાદના પાણીમાં ૨ આંઉસ "સલફેત આફ કોપર" અને "બાઈક્રોમેટ આફ પોતાશ" ૧ દરામ નાખી મેલવવુ. પછી બીલોરી કાચની બાતલીમાં ભરવું. (જુઓ બીજી રીત નાο ૬૪૪)

૬૪૪. બીજી રીત—મોરથુથાને પાણીમાં પીગલાવવું અને તે લીલા રંગનું થાય એટલી "નાઇત્રીક આસીડ" તેમાં નાખવી. (જુઓ ત્રીજી રીત નાο ૬૪૫)

૬૪૫. ત્રીજી રીત—જંગાલ ૩ આંઉસ ને "ઓઇલ આફ વીત્રીયલ" માં પીગલાવો. પછી તેમાં ૨ "કુવાર્ટ" પાણી રેડી મેલવીને બાતલીઓમાં ભરો. (જુઓ ચોથી રીત નાο ૬૪૬)

૬૪૬ ચોથી રીત—હરડના ઉકાલામાં "દીસતીલ વીનીગર" અને મોરથુથું નાખી મેલવી દેવો. પછી બાતલીઓમાં ભરો.

૬૪૭ આલીવ રંગના પાણીના બીલોરી સીસા—"સલફેટ આફ આયરન" અને "આઇલ આફ વીત્રીયલ" એ બેઉ સરખે વજણે લેઇ વરસાદના ગારેલા પાણીમાં નાખી પીગલવા દેવું. પછી તેમાં "નાઇતરેટ આફ કોપર" હુંમેરવું. એ પાણી બીલોરી બાતલીમાં ભરી રાખવું.

૬૪૮. નારંગી રંગનાં પાણીના બીલોરી સીસા "લેકર આફ પોતાશ" માં રેવનચીનો શીરો અથવા "આનોતા" નાખવો તથા તેમા વરસાદનું પાણી રેડી પીગલાવા દેવું. પછી તેમાં જરા સ્પીરીટ નાખવો. પછી બીલોરી બાતલીમાં એ પાણી ભરી રાખવું,

૬૪૯. જાંબુરા રંગના પાણીના બીલોરી સીસા—"સોલ્યુશન આફ સલફેત આફ કોપર" ૧ આઉંસને એક બાતલી વરશાદના પાણીમાં નાખવું. અને તેમાં "સીસકવી કારબોનેટ આફ આમોન્યા" ાા આંઉસ હુમેરી મેલવીને બીલોરી બાતલીમાં ભરવું. (જુઓ બીજી રીત નાο ૬૫૦)

૬૫૦. બીજી રીત—પતંગના લાકડાના ઉકાલાના પાણીમાં થોડો "કારબોનેટ આફ આમોન્યા" અથવા "પોતાશ" નાખી પીગલાવી દેવું. (જુઓ ત્રીજી રીત નાο ૬૫૧)

૬૫૧. ત્રીજી રીત—"સુગર આફ લેડ" ૩ આંઉસ, કીરમજનો ભુકો ૧ દરામ. એ સઘલાને પાણીમાં નાખી પીગલાવવું. (જુઓ ચોથી રીત નાο ૬૫૨.)

• **૬૫૨. ચોથી રીત**—જંગાલ ૨ દરામ, સ્પીરીટ આફ હાર્તસહાર્ન ૪ આંઉસ, પાણી ાા પેંટ. એ બધાને પીગલાવી બીલોરની બાતલીમાં ભરવુ (જુઓ પાંચમી રીત નાο ૬૫૩.)

૬૫૩. પાચમી રીત—પતંગના લાકડા ના ઉકાલામાં થોડું "સ્પીરીટ આપ હાર્ટ્સહાર્ન" ભેરવું. F. 80.

૬૫૪. પીલા રંગના પાણીના બીલોરી સીસા—"ફ્રેંચ બેરીશ" ના ઘણાજ આંગ ઉકાલાના પાણીમાં થોડી ફટકી નાખી મેલવીને ગાલી કાહડી બાતલીમાં ભરવું. (જુઓ બીજી રીત ના૦ ૬૫૫.)

૬૫૫. બીજી રીત—"શાલ્યુસન આફ ક્રારોમેત આફ પોતાશ" માં "દીસતીલ વાતર" નામી મેલવવું. (જુઓ ત્રીજી રીત ના૦ ૬૫૬.)

૬૫૬. ત્રીજી રીત—"ઈનદાયન યલ્લો" એ નામના રંગને પાણીમાં પીગલાવી બાતલીમાં ભરી રાખવું. (જુઓ ચોથી રીત ના૦ ૬૫૭.)

૬૫૭. ચોથી રીત—હરદના ભુકામાં ગરમ પાણી રેડી મેલવીને કાગજમાંથી ગાલી કાહડી બાતલીમાં ભરી મુકો. F. 80.

૬૫૮. કેરબાને રંગના પાણીના બીલોરી સીસા—હીરાદખનનો જાડો ભુકો એક ભાગને "આઇલ આપ વીનીયલ" ચાર ભાગમાં પીગલાવો. જ્યારે બરાબર પીગલી રેહકે તેમાં "દીશવીલ વાતર" (ઉકાલેલું વરાલનું પાણી) રેડી મેલવીને બીલોરી સીસામાં ભરી બુચ મારો.

૬૫૯. ગુલાબી રંગના બીલોરી સીસા—એક આઊસ "માદર" (Madder.) લેઇ તેને થંડા પાણીથી પેહલા ધોઇ કાહડો પછી તેમાં "સેસકવી કારબોનેટ આપ આમોનયા" ચાર આંઊસ અને ત્રણ પૅંટ પાણી રેડી ૨૪ કલાક સુધી પીગલવા દેવો, પણ તેટલા વખતમાં તેને થોડે થોડે કલાકે હીલવતાં રેહવું. પછી તેમાં બીજું વધારે પાણી રેડી ગાલી કાહડીને બીલોરી સીસામાં ભરો.

૬૬૦. મનજીડને રંગના પાણીના બીલોરી સીસા—"આસીતેત આફ રોશાની લાઇન" (Acetate of rosaniline) ને પાણીમાં પીગલાવી બીલોરી સીસામાં ભરી રાખો.

પુશકલ ઠંડક પેદા કરનારી મેલવણીઓ.

Freezing mixtures.

૬૬૧. પુશકલ થંડક પેદા કરવાની મેલવણી—"હાઇદરો કલોરેટ આપ આમોનયા" પાંચ દરામ, "નાઇત્રેત આપ પોતાશ" પાંચ દરામ. એ બેઉને છુંડાને એક પથરના અથવા કાચના અથવા પતરાના વાસણમાં નાખો. પછી તેમાં એ આંઊસ પાણી રેડવું એ મેલવણી એટલી તો થંડી થશે કે એક નાહલી કાચની પેયાલીમાં દુધ અથવા વાઇન, અથવા સરકો અથવા તરપીતન તેલ અથવા દરીઆનું પાણી રેડી એ મેલવણીમાં મુકી રાખશો તો તે તરત બંધાઇ જશે. (જુઓ બીજી રીત ના૦ ૬૬૨) Chem. 249 F. 137.

૬૬૨. બીજી રીત—એક કાચના વાસણમાં "સલ્ફેત આફ સોડા" ૫ દરામ અને "દીલ્યુતેદ (નરમ કીધેલું) સલફ્યુરીક એસીડ" ૪ દરામ નાખીને મેલવવું. એ મેલવણી એટલીતો થંડક પેદા કરશે કે જો એક નાહલી પેયાલીમાં દુધ અથવા પાણી રેડી એ મેલવણીમાં મુકશો તો બંધાઈ જશે. (જુઓ ત્રીજી રીત ના૦૬૬૩) F. 137.

૬૬૩. ત્રીજી રીત—"સલફેટ આફ સોડા" ૬ દરામ, "હાઇદરો ક્લોરેટ આપ આમોન્યા" ૪ દરામ, "નાઇત્રેટ આફ પોતાશ" ૨ દરામ અને "દીલ્યુટ નાઇત્રીક એસીડ" ૪ દરામ. એ બધાને એક વાસણમાં મેલવી નાખવું જો એક નાહલી પેયાલીમાં પાણી રેડી એ મેલવણીમાં મુકશો તો તરત બંધાઇ જશે. (જુઓ ચોથી રીત ના૦ ૬૬૪)

૬૬૪. ચોથી રીત—બરફના કરા જેને

"સ્નો (Snow) કહેછે તે સાત દરામ અને "દીલ્યુતેદ નાઇત્રીક એસીડ" ચાર દરામને મેળવી દેવો. એ મેળવણી એટલી તો થંડી થશેકે "શલફ્યુરીક ઇથર" એમા મુકશો તો બંધાઇ જશે. (જુઓ પાંચમી રીત નાં૦ ૬૬૫) F. 137.

૬૬૫. પાંચમી રીત—"સ્નો" (Snow-બરફના કરા) ચાર દરામ અને "કલોરાઇડ આફ કેલસીયમ" પાંચ દરામને મેળવી નાખો. એ મેળવણી એટલીતો થંડક પેદા કરેચ કે પારો (મરકયુંરી) બંધાય છે. (જુઓ છથી રીત ના૦ ૬૬૬) F. 137.

૬૬૬. છથી રીત—"સ્નો" (Snow-બરફના કરા) બે દરામ અને "ક્લોરાઇડ આફ કેલસીયમ" ત્રણ દરામને મેળવયાથી એટલીતો થંડક પેદા કરશે કે "નાઇત્રીક એસીડ" બંધાઇ જશે. (જુઓ સાતમી રીત ના૦ ૬૬૭)

૬૬૭. સાતમી રીત—"એમોનયમ નાઇતરેત" (Ammonium nitrate) ૧ ભાગ અને પાણી ૧ ભાગને શાથે મેળવી દેવો. (જુઓ આઠમી રીત ના૦ ૬૬૮) F. 133.

૬૬૮. આઠમી રીત—"એમોનયમ નાઇતરેત" ૪ ભાગ અને પાણી ૩ ભાગને સાથે મેળવી દેવો. (જુઓ નવમી રીત ના૦ ૬૬૯.)

૬૬૯. નવમી રીત—છુંદેલો નવસાગર ૩ ભાગ, સુરોખાર ૧ ભાગ, "પોટાશીઅમ કલોરેટ" ૬ ભાગ અને પાણી ૧૦ ભાગને શાથે મેળવી દેવો. (જુઓ દશમી રીત ના૦૬૭૦)

૬૭૦. દશમી રીત—નવસાગરનો છુંદેલો ભુકો ૫ ભાગ, સુરાખારનો ભુકો ૫ ભાગ, અને ૮ ભાગ "ગલોબર સોલ્ટ" (Glauber's salt) એ બધાને ૧૬ ભાગ પાણી સાથે મેળવી દેવો. (જુઓ અગીઆરમી રીત ના૦ ૬૭૧)

૬૭૧. અગીઆરમી રીત—શુરોખાર ૬ ભાગ, "સાલ આમોન્યાક" (નવસાગર) ૬ ભાગ, "ગલોબર સોલ્ટ" ૪।। ભાગ અને પાણી ૧૦ ભાગને સાથે મેળવી દેવો. (જુઓ બારમી રીત ના૦ ૬૭૨)

૬૭૨. બારમી રીત—આઇસને ભાંગીને બારીક કીધેલો ભુકો ૧ ભાગ અને નીમખ ૧ ભાગને શાથે મેળવી દેવો. (જુઓ તેરમી રીત ના૦ ૬૭૩.)

૬૭૩. તેરમી રીત—આઈસના કરા જેને (Snow) કહેછે. તે ૩ ભાગ અને "ડીલ્યુતેદ સલફ્યુરીક આસીડ" ૨ ભાગને સાથે મેળવી દેવો. T. 134.

તરેહવાર જાતના સરબત.

Fruit and other syrups.

૬૭૪ સરબતને માટે ખાંડનો શીરો બનાવવાની રીત— ૪ શેર સફેદ મેડા ખાંડ અથવા શાકરને બારીક છુંદીને એક નાહના તપીલામાં નાખવી. પછી તે ખાંડ અથવા છુંદેલી શાકરમાં આશરે ૧।। શેર શોજુ પાણી રેડી ડોહોવીને ચુહુલા ઉપર મુકી બલતાની આંચ કરવી જયારે તેમાં કકરા આવે કે ખાતાં લીંબુની એક નાહલી ચીરનો જરા રસ નાખી આંધરાની ચમચે કરી ઉપર ઉપરથી ખાંડનો (મેલ) કફ બાહાર કાહાડી નાખવો. જયારે બધો કફ નીકલી રહે અને શીરો શાફ દેખાય કે તપીલાને ઉતારી પાડી બીજી મોજી તપીલીની ઉપર સફેદ કપડામાંથી એ શીરાને ગાલી લેવો. પછી એ ગારેલા શીરાને ફરીથી ચુહુલા ઉપર મુકવો. જયારે પાણીનો ભાગ થોડો બલી રેહવા આવે અને શરબતના જેવો શીરો જણાય કે ઇંગારપર થોડો વાર રાખી ચુહુલા ઉપરથી તપીલીને ઉતારી થંડું પડવા દેવો. જયારે પીઉ હોય તયારે એક બે ચમચા એ શરબતના એક તમદેલમાં નાખી તેમાં થંડું પાણી રેડી પીવો. એવી રીતનો બનાવેલો ખાંડનો અ-

થવા શાકરનો શીરો આએ હેઠલ કહેલા તરેહવાર જાતના શરબત બનાવવાના કામમાં આવે છે.

૬૭૫. ગોલાબનું શરબત—પેહલા ઉપર પ્રમાણે ખાંડ અથવા શાકરનો શીરો (જુઓ નાં૦ ૬૭૫) બનાવો અને તે શીરા-માનો પાણીનો ભાગ થોડો બલી રેહવા આવે અને ચીકાશદાર જણાય કે તેમાં ઘણોજ શોહાજો ગોલાબ આશરે નવટાંક ઉપર નાખી ઇંગારપર થોડો વાર રેહવા દઈ જયારે શીરો જરા ગાહરો થાય કે તપીલાને ઉતારી થંડું પાડો. થંડો પડેને બાતલીઓમાં એ શરબત ભરો.

૬૭૬. દારમનું શરબત—ખાટા દાર-મના દાણા કાહાડી એક કાચના વાસણમાં મુકી ઉપર થોડી ખાંડ ભભરાવી એક રાત રેહવા દેવો. પછી બીજે દાહાડે એ દાણાને ભચડીને તેનો રશ કાહાડવો. પછી તે રશને ગાલી કાહાડવો કે તેમાં ઠડયા વખત પર હોય તે નીકલી જાય. પછી ઉપર પ્રમાણે ખાંડના શીરાને (જુઓ નાં૦ ૬૭૪) બીજી શોહેજી તપીલામાં કપડામાંથી ગાલી કાહાડવા પછી તેનાં એ દારમનો રશ રેડી ચુલ્હા ઉપર પાછો તપીલી મુકી ધીમી આંચ ઉપર રાખી તેમાનો પાણીનો ભાગ થોડો બલી રેહેવાપર આવે કે ઇંગારપર રાખી જરા ધાહારો જેવો શારો થાય કે તપીલીને ઉતારી પાડી થંડો પડવા દેવો. જો એને રાતા રંગનું કરવું હોય તો એમાં થોડાં દાણા કીરમજના નાખવા થંડો પડેને બાતલીઓમાં ભરો જો એ શરબત વખતપર ખાતું થયું હોય તો બીજી થોડી ખાંડનો જરા ઘાહારો સીરો બનાવી તેમા મેલવી નાખો. એમાંથી એક બે ચમચાં એક તમદેલમાં નાખી તેમાં શોજુ પાણી રેડીને પીવો.

૬૭૭. ફાલશાનું શરબત—જેમ ઉપર દારમનું શરબત બનાવવાની (જુઓ નાં૦૬૭૬) રીત છે તેજ પ્રમાણે અને તેવીજ રીતે રશ કાહાડી એ શરબત બનાવવું. પણ ફરક માતર એટલોજ કે દારમના દાણાને બદલે એમાં શારા પાકા ફાલશાનો રશ લેવો.

૬૭૮. સેંતુરનું શરબત—જેમ ઉપર દારમનું શરબત બનાવવાની (જુઓ નાં૦૬૭૬) રીત છે તેજ પ્રમાણે અને તેવીજ રીતે રશ કાહાડી એ બનાવવું. પણ ફરક એટલોજકે દારમના દાણાને બદલે એમાં પાકા સેંતુરનો રશ લેવો.

૬૭૯. કરવંદાનુ શરબત—જેમ ઉપર દારમનું શરબત બનાવવાની (જુઓ નાં૦ ૬૭૬) રીતછે તેજ પ્રમાણે અને તેવીજ રીતે રશ કાહડી એ બનાવવુ, પણ ફરક એ-ટલોજકે દારમના દાણાને બદલે એમાં પાકાં કરવંદાનો રશ લેવો.

૬૮૦. અનીનાશનું શરબત—જેમ ઉપર દારમનું શરબત બનાવવાની (જુઓ નાં૦ ૬૭૬) રીત છે તેજ પ્રમાણે અને તેવીજ રીતે રશ કાહડી એ શરબત બના-વવું. પણ ફરક માત્ર એટલોજકે દારમને બદલે પાકા અનેનાસને છોલી પાટલી કાટરીઓ કરી ઉપલી રીતે બનાવો.

૬૮૧. લીંબુનુ શરબત—એક પેંટ લીંબુનો રશ લઇ તેમા ૨ રતલ બારીક છુંદેલી સાકર નાખી ધીમી આંચે ચુલ્હા ઉપર મુકો. જયારે તેમા કકરો આવકે બાંધરાની ચમચે કરી ઉપર ઉપરથી છારી (કફ) કાહડી નાખવી. પછી તેમાં તાજા લીંબુની પટલી છાલ ૨॥ તોલા ના-ખવી. જયારે શીરો તઇયાર થાયકે તેને સફેદ કપડામાથી બીજા વાસણમાં ગાલી કાહડી થંડો પડવા દેવો. તથા એમા જરા કેશર નાખવી જેથી પીલા રંગનું થશે. થંડો પડેને બાતલીઓમાં ભરી મજબુત બુચ મારી થંડી જગા ઉપર મુકી રાખો.

૬૮૨. નારંગીની છાલનું શરબત—શારી મોહોતી નારંગીની તાજી છાલ પાશેર લઈ પોણો શેર ઘણાજ ગરમ પાણીમા નાખી

મજબુત ઢાંકીને એક રાત રેહવા દેવો. પછી એ પાણીને બીજા વાસણમાં ઉપરથી નીતારી કાહડી તેમા ૨ રતલ ઘણીજ શફેદ મેંડા ખાંડ નાખી ચુહુલા ઉપર ધીમી આંચે ઊકાળવા મુકો. ઊપરથી ચમચે કરી કફ કાહડતાં જવું. શીરા જેવુ થાયકે ઊતારી પાડી ગાળી કાહડવું. પછી થંડું પડેને બાતલીઓમાં ભરો. જો એને રાતા રંગનું કરવું હોય તો એમાં જરા કીરમજ નાખવી. એ માથી એક બે ચમચા તમદેલમા નાખી તેમાં પાણી રેડી પીવો.

૬૮૩. લીંબુની છાલનુ શરબત—જેમ ઊપર નારંગીની છાલનું શરબત બનાવવાની રીત છે (જુઓ નાં૦ ૬૮૨) તેજ પ્રમાણે લીંબુની છાલ લઇને બનાવો. એને પીલા રંગનું કરવાને માટે એમા જરા કેશર નાખી મેલવી દેવો.

૬૮૪. કાફીનુ શરબત—ઘણી આંચ ઊકાલેલી સારી મોખા કાફીનું એક કપ લેઈ તેમાં ખાંડનો બનાવેલો ઘાહરો જેવો શીરા (જુઓ નાં૦ ૬૭૪) રેડી મેલવીને ગાળી કાહડો. પછી બાતલીમા ભરી બુચ મારો. એમાથી એક બે ચમચા તમદેલમા નાખી તેમાં શોજ્જુ પાણી રેડીને પીવો.

૬૮૫. ચાકોલેટનું શરબત—"ચાકોલેટ" (Chocolate) ૮ આંઊસ, પાણી ૨ પેંટ અને ૪ રતલ ખાંડ. પેહેલા ચાકોલેટના ભુકાને પાણીમાં નાખી ધીમી આંચે ચુહુલા ઊપર ઊકાલવું. પછી તેને ગાલી કાહડી તેમાં ખાંડ નાખી શીરો બનાવી થંડો પડેને બાતલીઓમાં ભરો. T. 135.

૬૮૬. આરંજ (નારંગી) નુ શરબત—"ઓઇલ આવ આરંજ" ૩૦ ટીપા, "તારતારીક આસીડ" ૪ દરામ અને ખાંડ અથવા શાકરનું (જુઓ નાં૦ ૬૭૪) શરબત ૧ ગયાલન. પેહલા આરંજના તેલને આસીડની શાથે મેલવીને પીગલાવવું. પછી એ મેલવણી શરબતમા નાખી મેલવી દેઇ બાતલીઓમા ભરવું. (જુઓ બીજી રીત નાં૦ ૬૮૭) F. 134.

૬૮૭. બીજી રીત—જેમ ઊપર દારમનું શરબત બનાવવાની (જુઓ નાં૦ ૬૭૬) રીતછે તેજ પ્રમાણે બનાવવું. પણ ફરક એટલોજકે દારમને બદલે શારી નારંગીની ચીરોનો રશ લેવો.

૬૮૮. રાતા વાઈન ("રેડ વાઈન") દારૂનું શરબત—એક પેંટ "રેડ વાઈન" (રાતો વાઇન દારૂ) અને બે પેંટ ખાંડનું અથવા શાકરના શરબતમાં મેલવી નાખો. એમાથી એક બે ચમચા એક તમદેલમા નાખી માંતે શોજ્જુ પાણી રેડી પીવો. T. 135.

૬૮૯. "સોલફરીના (Solferino) સીરપ—એક પેંટ બ્રાંદીમાં બે પેંટ ખાંડનુ અથવા શાકરનું શરબત (જુઓ નાં૦ ૬૭૪) નાખી મેલવી દેવો. એમાથી એક બે ચમચા એક તમદેલમા નાખી તેમાં શોજ્જુ પાણી રેડી પીવો. T. 135.

૬૯૦. મલાહી દુધનુ શરબત—દુધની બનાવેલી સારી તાજી મલાહી આશરે પાશેર એક મોહોતા તમલરમા નાખવી. પછી તેમાં થોડું તાજુ દુધ રેડી ચમચાએ કરી ડોહવીને એક રશ કરી નાખવી. પછી તેમા એક ગલાસ ગોલાબનું શરબત નાખી થોડું આઇસ (બરફ) નાખી બધાને ચમચાથી ડોહોવી નાખવું.

૬૯૧. કાફી મલાહીનું શરબત—બે પેંટ કાફીના શરબત (જુઓ કાફીનું શરબત નાં૦ ૬૮૪) માં દુધની બનાવેલી શારી તાજી મલાહી પાશેર નાખી મેલવી દેવો. T. 135.

૬૯૨. આઇસક્રીમ સોડાવાતર—ગોલાબનું શરબત અને ઘાહરી મલાહી એક સરખા ભાગે લેવી અને તેમા તેના કરતાં બેવડું આઇસ નાખી તે ઊપર એક બાતલી સોડાવાતર નામવો.

૬૯૩. રાજબેરીનું શરબત—રાતા અથવા સફેદ રાજબેરી (Raspberries) જોઇએ એટલા લઇ તેને સાફ કરવા. પછી તેને ભચડીને અથવા છુંડીને એક કાચની રકાબીમાં મુકી એક ગરમ જગાપર બે ત્રણ દાહડા મુકી રાખો. તેને ભચડીને ફલાનેલના કપડામાથી તેનો રસ ગાલી કાહડવો, અને દર એક પેંટ રસે ૨ રતલ શફેદ મેડા ખાંડ તેમાં નાખી ચુહુલા ઉપર મુકી તેનો શીરો કરવો. તથા શીરો કરતી વખતે ખાંડનો જે કફ (મેલ) ઉપર આવે તે આંધરાની ચમચે કરી બાહાર કાહડી નાખતાં જવું. જ્યારે શીરો શાફ દેખાય અને શરબતના જેવો થાયકે ચુહુલા ઉપરથી ઊતારી કપડામાથી એ શીરો ગાલી કાહડવો. થંડો પડેને બાતલીઓમાં ભરી મુકો. એમાથી એક બે ચમચા તમદેલમા નાખી, તેમાં શીજું પાણી રેડીને પીવો.

૬૯૪. આબરીનું શરબત—જેમ ઉપર રાજબેરીનું શરબત બનાવવાની રીત છે (જુઓ ના૦ ૬૯૩) તેજ પ્રમાણે એ બનાવવું. પણ રાજબરીને બદલે આબરા લેવા.

૬૯૫ કરંટ દરાખનું શરબત—જેમ ઊપર રાજબેરીનું (જુઓ ના૦ ૬૯૩) શરબત બનાવવાની રીત છે તેજ પ્રમાણે એ બનાવવું. પણ એમા ફરક એટલોજકે રાજબેરીને બદલે કરંટ દરાખ લેવી અને તે દરાખને છુંડતી વખતે તેમાં થોડા રાજબરી સવાડને માટે નાખવા.

૬૯૬. જીંજર (સુંઠનું) શરબત—૫ તોલા છુંડેલી સુંઠના ભુકાને અરધો શેર પાણીમા નાખી ચુહુલા ઊપર મુકી ખુબ ઉકાલવું. પછી તેને ગાલી કાહડવું. પછી એ ગાલેલા પાણીમાં ૨ રતલ ખાંડ નાખી ચુહુલા ઉપર મુકી તેનો શીરો બનાવો તથા તેનીપર જે ખાંડનો કફ આવે તે આંધરાની ચમચે કરી કાહડી નાખતાં જવું. જ્યારે તેમાનું પાણી થોડું બલીને શીરો શરબતના જેવો થાયકે તેને શીજા સફેદ કપડામાંથી ગાલી કાહડવો. થંડો પડેને બાતલીઓમાં ભરો. એમાથી એક અથવા બે ચમચા એક તમદેલમા નાખી તેમા પાણી રેડી પીવો (જુઓ બીજી રીત ના૦ ૬૯૭)

૬૯૭ બીજી રીત—"ટીંકચર આફ જીંજર" ૨ આંઉસ અને ખાંડ અથવા શાકરનું બનાવેલુ શરબત (જુઓ ના૦ ૬૭૪) બે બાતલીમાં મેલવી નાખો. એમાથી એક અથવા બે ચમચા એક તમદેલમા નાખી શીજુ પાણી રેડી પીવો. T. 134.

૬૯૮. લવંગનું શરબત—જેમ ઉપર જીંજર શરબત બનાવવાની (જુઓ ના૦ ૬૯૬) રીતછે તેજ પ્રમાણે એ બનાવવું. પણ એમા ફરક એટલોજકે સુંઠને બદલે ખોખરા કીધેલા લવંગ લેવા.

૬૯૯. તજનુ શરબત—જેમ ઉપર શુંઠનું શરબત બનાવવાની રીત (જુઓ ના૦ ૬૯૬)છે તેજ પ્રમાણે એ બનાવવુ. પણ એમા ફરક એટલોજ કે સુઠને બદલે ખોખરી કીધેલી તજ લેવી.

૭૦૦. વનીલાનું શરબત—એક આંઉસ પ્રવાહી "એક્ષતરેકટ આફ વનીલા" (Extract of vanilla), "સીત્રીક આસીડ" (Citric acid) અરધો આંઉસ અને ખાંડ અથવા શાકરનું બનાવેલુ શરબત ૧ ગયાલન. પેહલા થોડા શરબતની અંદર એસીડને મેલવી નાખો. પછી તેમા વનીલા નાખી મેલવીને બાકીના શરબતમા એ મેલવણી નાખી બધાને શારીપેઠે મેલવી દઇને બાતલીઓમાં ભરો. T. 134.

૭૦૧. વનીલા અને મલાહીનું શરબત—એક પ્રવાહી આંઉસ "એક્ષતરેકટ આફ વનીલા," ખાંડ અથવા શાકરનું બનાવેલુ શરબત ૩ પેંટ અને ગાહરી દુધની તાજી મલાહી પાશેર. એ બધાને મેલવી નાખો જો એને રાતા રંગનું કરવું હોય તો એમાં

થોડા ફીરમીજના દાણાનું જરા પાણી કરી મેલવી નાખવું T. 134.

૭૦૨. "શરબત સીરપ" (Sherbet Syrup)—વનીલાનું શરબત ૩ પેંટ, અનીનાસનું શરબત ૧ પેંટ અને લીંબુનુ. શરબત૧ પેંટ. એ બધાને મેલવી દેવો T134.

૭૦૩. "નેકતર શીરપ" (Nectar syrup)-વનીલાનું શરબત ૫ પેંટ, અનીનાશનું શરબત ૧ પેંટ અને સ્ટ્રાબેરીનું અથવા રાજબેરીનુ અથવા લીંબુનું શરબત ૧ પેંટ. એ બધાને મેલવી દેવો. T. 134.

૭૦૪. "એમબ્રેશીયા" નામનું શરબત (Ambrosia syrup)—રાજબેરીનું શરબત ૨ પેંટ, વનીલાનું શરબત ૨ પેંટ અને શફેદ વાઇન ૪ આંઉસ. એ બધાને મેલવી દેવો. T. 135.

૭૦૫. સેરી કોબલરનું શરબત—એક પેંટ "શેરીવાઇન," ૧॥ પેંટ ખાંડનું અથવા શાકરનું શરબત તથા એક લીંબુની કાપેલી પટલી પટલી ચીરા. એ બધાને એક કાચના વાસણમાં નાખી ૧૨ કલાક સુધી રેહવા દેવો. પછી તેને ગાળી કાહડો.T. 135.

તરેહવાર જાતની ટાંકણીઓ.

LOZENGES.

૭૦૬. પેપરમીંટની ટાંકણી બનાવવાની રીત—કોઈબી જાતની ટાંકણી બનાવવાની અગાઉ પેહલા હાવી રીતનો ગુંદર તઈઆર કરી રાખવો. એક સોજા વાસણમાં એક આંઉસ "ગમ તરેગેકાનથ" (Gum tragacanth) નામના ગુંદરને એક પેંટ સોજા પાણીમા ભીંજવી રાખી ૨૪ કલાક સુધી કોઇ ગરમ જગામા તે વાસણને મુકી રાખો. પછી કપડાનો એક જાડો તુવાલ અથવા જાડું સફેદ ખાડીનું કપડું લઇ તેમાં એ ગુંદર પાણી સુધા નાખી તે કપડાને ખુબ વળ આપીને તેમાથી એ ગુંદરનું પાણી સોજા વાસણમાં નીચોવી લેવું. તેમાં કચરો તથા ધુલ ઉડે નહી તેથી ઉપર કંઈ ઢાંકી રાખવું. એવી રીતનું ગુંદરનું પાણી આએ એટલ આપેલી બધી જાતની ટાંકણી બનાવવાના કામમા આવે છે. પેપરમીંટની ટાંકણી બનાવવાને માટે શોજી પેહલા નંબરની સફેદ મેડા ખાંડ ૪ રતલ લઇ ખુંડીને કપડામાથી ચાળી કાહડવી. પછી એ ખાંડને સોજી સંગે. મરમર (મારબલ) ની લાડી ઉપર અથવા શોજા થાલામા મુકી તેમાં હાતે કરી એક ખાડો પાડવો. પછી એ ખાડામાં પેલુ ગુંદરનું નીચવી કાહડેલું પાણી એક આંઉસ નામવું, તથા છ દરામ વેલાતી પેપરમીંટનુ તેલ (Mitcham oil of papermint) નાખી ખાંડની શાથે મેલવી આટા માફક ગુંડીને વણી શકાય એવો કરવો. પછી તેને રોટલીની માફક થાપી પોહોરો વેલણથી વણવો. એ રોટલીની જાડાઇ ઇંચની ⅙ રાખવી અથવા જેવી જાડી પાટલી પેપરમીંટની ટાંકણી બનાવવી હોય તેવી રાખવી. પણ વેલણથી વણતી વખતે તે ખાંડ વલગે નહી તેથી તેની પર જરા "સ્તારચ" (એક જાતનો આટો-Starch) ઊપર ભભરાવવો. જ્યારે બરાબર સરખી વણાઇને થાયકે થોડા "સ્તારચ" શાથે બારીક ચાળેલી ખાંડ ભેલીને તેની ઊપર ફરતી ભભરાવી ઊપર હાથની હથેલી બધે સરખી ફેરવવી જેથી તેનું શુમાર પડ થશે. પછી સોજા બરશ અથવા પીછીથી ઉપરથી સાફ કરી નાખી ઉપર "સ્તારચ" ભભરાવવો. પછી તેને પતરાની બનાવેલી તરેહવાર આકારની નલીઓથી (કે જે એ કામને માટે ખાશ બનાવેછે) પેપરમીંટની ટાંકણીઓ કાપી કાહડવી. પછી તેને ચાંનીમાં મુકી ચુહુલા આગલ અથવા થંડી ભડી આગલ સુકાવા મુકવી. તથા તેને થોડે થોડે વારે ફેરવ ફેરવ કરવી સુકાય એટલે બાતલીઓમાં ભરવી. આએ પેપરમીંટ ઘણી ઊચી બને છે. કેટલાંક

હલકા ધંધાદારીઓ પેપરમીંટની ટાંકણી બનાવવામા ખાંડનો બચાવ કરવા માટે તેમજ સસતી કરવા માટે તેમાં "પલાસતર આફ પેરીસ" ,અથવા ચાક ભેલેછે. (જુઓ બીજી રીત ના૦ ૭૦૭.) Tra. 40. F. 264.

૭૦૭. બીજી રીત—શીજી મેડા ખાંડ ૧૬ આંઊસ, અને પેપરમીંટનું તેલ ૧ દરામ. તથા એ ગુડીને વણીશકાય એટલું ઉપર પ્રમાણે નીચવી કાઢેલું ગુંદરનું પાણી. એ બધાને મેલવી ઊપર પ્રમાણે (જુઓ ના૦ ૭૦૬) બનાવો (જુઓ ત્રીજી રીત ના૦ ૭૦૮) C. 867.

૭૦૮. ત્રીજી રીત—મેડા ખાંડ ૨ રતલ, "સ્તારચ" (સાબુ ચોખાનો આ-ટો) ૨ આંઉસ અને "એસેનસ આફ પેપ-રમીંટ" ના થોડા ટીપા. એ બધાને ઉપર પ્રમાણે (જુઓ ના૦ ૭૦૬) ગુંદરના પાણીમાં મેલવી બનાવો. એ હલકી જાતની પેપરમીંટ બનશે. (જુઓ ચોથી રીત ના૦ ૭૦૯) F. 264,

૭૦૯. ચોથી રીત—શફેદ મેડા ખાંડ ૭ આંઉસ, પેપરમીંટના તેલના ૩૬ ટીપા અને મરઘીના બે તાજા ઈંડાંની ફક્ત સફેતી. એ બધાને ઉપર પ્રમાણે (જુઓ ના૦ ૭૦૬) મેલવી ટાંકણી બનાવી કાહડો. એમા ગુંદ-રનું પાણી નહી લેવું.

૭૧૦. ગોલાબની ટાંકણી બનાવ-વાની રીત—જેમ ઉપર પેપરમીંટની ટાંકણી બનાવવાની (જુઓ ના૦ ૭૦૬) રીત છે તેટલીજ શીજી મેડા ખાંડ લઇને તેજ પ્રમાણે એ બનાવવી. પણ ફરક એટલોજ કે એમાં પેપરમીંટનું તેલ નહી લેવું અને તેને બદલે ગોલાબનું સુગંધી તેલ (Essential oil of roses) અથવા ગોલાબના અતરના થોડા ટીપા એમાં ખુશબોને માટે નાખવા અથવ, ઉપર કહેલા ગુંદરને ગોલાબમાં પીગલાવવો. તથા એને ગોલાબી રંગની કરવાને માટે ઉપર પ્રમાણે ગુદરના પાણીમા કીરમજને પીગલાવી તે પાણી કામમા લેવું. Tra. F41.

૭૧૧. કેસરની ટાંકની બનાવવાની રીત—સોજી કેસર ૧ આંઉસ અને સફેદ ખાંડ ૧ રતલ. કેસરનો બારીક ભુકો કરી ઉપર પ્રમાણે ગુંદરના (જુઓ ના૦ ૭૦૬) પાણીમાં મેલવીને રોટલી જેવું પોહર વણી ઉપર પ્રમાણે ટાંકણીઓ કાપી કાહડો. F. 300.

૭૧૨ તજની ટાંકણી—જેમ ઉપર પેપરમીંટની ટાંકની બનાવવાની રીતછે (જુ-ઓ ના૦ ૭૦૬) તેજ પ્રમાણે તેટલીજ ખાંડ અને તેટલુજ ગુંદરનું પાણી લઇને તે-વીજ રીતે એ ટાંકણી બનાવવી. પણ પેપ-મીંટના તેલને બદલે એ તજનો બારીક છુંડે-લો ભુકો અરધો આંઉસ અને તજના તેલના ૫) ટીપા નાખી ઉપલી રીતે બનાવોં.

૭૧૩. લવંગની ટાંકણી—મેડા ખાંડ ૧॥ રતલ, લવંગનો બારીક ભુકો ૫) દરામ અને એ વણી શકાય એટલું ગુંદરનું પાણી. એને ઊપર પ્રમાણે (જુઓ ના૦ ૭૦૬) બનાવવી. એ બધાની ૧૫૦ ટાંકણીઓ બ-નાવવી. F. 89.

૭૧૪. આદુની અથવા સુંઠની ટાં-કણી—પાઆ પેટ ગરમ પાણીમા અરધો આંઉસ બાવલનો ગુંદર અને જરા કેશર નાખી પીગલવા દેવો. પાણી થંડું પડેકે તેમાં ૧॥ રતલ સફેદ મેડા ખાંડ અને એક નાહાનો ચમચો ભરી સુઠનો બારીક ભુકો નાખી મેલવીને વણી શકાય એવું કરો. પછી તેને રોટલીના જેવું પોહર વણી કાહડી તેમાં-થી ગોલ ટાંકણીઓ પતરાની નલીથી કાપી કાહડી સુકાતી કરો. જો સુઠનો ભુકો નહી નાખોતો તેને બદલે "એસેનસ આફ જીં-જર" ના ૧૨ ટીપા નાખવા. F 148.

૭૧૫. લવંડરની ટાંકણી—પોણો પ્ર-વાહી દરામ લવંડરના તેલ (Mitcham oil of lavender) ને એક રતલ સફેદ મેડા ખાંડમાં નાખી ગુંદરના પાણીથી મેલવી ઊપર પ્રમાણે ટાંકણીઓ બનાવો. પણ એ

ગુંદરના પાણીમાં જરા કીરમજના દાણા નાખવા. જેથી લાલ રંગની ટાંકણીઓ થશે. C. 865.

૭૧૬. લીંબુ (લેમન) ની ટાંકણી—લીંબુનું તેલ પ્રવાહી ૧॥ દરામ અને શફેદ મેડા ખાંડ ૧ રતલ. એને ઉપર પ્રમાણે (જુઓ ના૦ ૭૦૬) ગુંદરના પાણીમાં તાંકણીઓ બનાવી કાહડો એને પીલા રંગની કરવાને માટે ગુંદરના પાણીમાં જરા કેશર નાખી મેલવવું.

૭૧૭. નારંગી (આરંજ) ની ટાંકણી—"ઓઇલ આપ આરંજ" ૧॥ પ્રવાહી દરામ અને શોજી શફેદ મેડા ખાંડ ૧ રતલ- એને ગુંદરના પાણીમાં મેલવી ઉપર પ્રમાણે (જુઓ ના૦ ૭૦૬) ટાંકણીઓ બનાવો. ગુંદરના પાણીમાં જરા કીરમજ નાખી મેલવશોતો રાતા રંગની થશે. C. 866.

૭૧૮. ગુંદરની ટાંકણી—બાવલનો સોજો ગુંદર ૪ આંઉસ, "સ્તારચ" (કાંજીનો આટો) ૧ આંઉસ. ગુંદરનો ઘણોજ બારીક ભુકો કરી તેમા "સ્તારચ" મેલવી રોટલીના જેવુ પોહર વણી તેના નાહના નાહના કટકા કાપી કાહડી પતરા ઉપર મુકી વખાતી કરવી. પણ બનાવતી વખતે વલગી જાય નહી તે માટે એની ઉપર જરા જરા "સ્તારચ" ભભરાવવો.

—:૦:—

સીંગડા રંગવાની રીતો.

To dye horns.

૭૧૯. સીંગડાં કાલા રંગના—પીતલને "એકવા ફોરતીસ" (Aqua fortis) માં નાખી તે લીલા રંગનું થાય તયાં સુધી રેહવા દેવો. પછી સીંગડા ઉપર એ મેલવણી એક અથવા બે વખત સારી પેઠે પીછીથી લગાડો. પછી "લોગઉડ" ના ગરમ ઊકાલામાં એ સીંગડાને બોલી રાખો. F. 176.

૭૨૦. સીંગડાં લીલા રંગના—સીંગડાને પેહેલા ફટકીના પાણીમા નાખી ઉકાલવું. તયારબાદ જંગાલ અને નવસાગરના ભુકાને જલદ સરકામાં નાખી અને તેમા સીંગડાને મુકી તે સીગડા બરાબર લીલા રંગના થાય તાંહાં સુધી ઊકાલવું. F. 176.

૭૨૧. સીંગડાં લાલ રંગના—પેહલ્ઠ સીંગડાંને લીલા રંગવા. પછી ગાલી કાહડેલા ચુણાના પાણીમા "બ્રેઝીલઊડ" ના છોરીઆ નાખી તેમાં સીંગડાને મુકી ઉકાલવા. એક પેંટ ચુણાના પાણીએ ત્રણ આંઉસ "બરેઝીલ ઉડ" લેવો. F. 176.

૭૨૨. સીંગડાં બ્લ્યુ રંગના—"સલફેટ આપ ઇંડીગો" ના સોલ્યુશન માં સીંગડાને મુકી ઉકાલવું. F. 176.

૭૨૩. સીંગડાંને કચકડાના જેવું કરવાની રીત—બે ભાગ કલીચુણો અને એક ભાગ મુરદારસીંગના ભુકાને સાબુના પીણમાં મેલવી નરમ લાહી જેવુ કરી સીંગડા ઉપર પીછીથી બધે લગાડવું અથવા ચીત્રામણ પાડવી. પછી સુકાવા દેવો. ચાર પાંચ કલાક રહીને બરશ કરી ઉપરનો ચુણો ખંએરી નાખવો. (જુઓ બીજી રીત ના૦ ૭૨૪) T. 43.

૭૨૪. બીજી રીત—કલીચુણાના પીલતર કરેલા પાણીમા હરતાલને મેલવી પીછીથી સીંગડા ઉપર લગાડો અને જો જરૂર જણાય તો સુકાયા પછી ઉપર એ મેલવણીનો બીજો હાત મારવો. (જુઓ ત્રીજી રીત ના૦ ૭૨૫) T. 44.

૭૨૫. ત્રીજી રીત—૮ દરામ કલીચુણાને ૧ આંઉસ મુરદારસીંગમાં નાખી તે લાહી જેવું થાય એટલો તેમા વાઇન હાર નાખી મેલવીને પીછીથી સીંગડા ઉપર લગાડી ત્રણ અથવા ચાર કલાક રહીને પછી બરસથી

કાહાડી નાખો. (જુઓ ચોથી રીત ના૦ ૭૨૬) T. 44.

૭૨૬. ચોથી રીત—કલીચુણો, મુદારસીંગ, "પરલઆશ" (Pearlash) અથવાં સીંદુરને પાણીમા નાખી તેમા થોડો હીરાદખણનો ભુકો નાખી ચુલ્હલા ઉપર મુકી અરધા કલાક સુધી ઉકાલવું. પછી જે સીંગડાને કચકડાના જેવું રંગવું હોય તેનીપર પીછીએ કરીએ મેલવણી ગરમ ગરમ લગાડવી. જો વધારે ઘેરા તપકીરીઆ રંગનું કરવુ હોય તો એ મેલવણી સુકાયા પછી ફરી બીજી વખત લગાડવી અને જો કાલા ઘેરા રંગનું કરવુ હોય તો એમા હીરાદખણનો ભુકો નહી નાખંશો. (જો રાતા રંગનાં કચકડાના જેવો રંગ આપવો હોય તો જુઓ પાંચમી રીત ના૦ ૭૨૭) D. 112.

૭૨૭. પાંચમી રીત—" શોલ્યુશન આફ ગોલ્ડ" (Solution of gold) જેટલા ભાગને રાતા રંગનું કરવું હોય તાંહાં પીછીથી લગાડવું. જો તપકીરીઆ રંગના કચકડાના જેવો રંગ આપવો હોય તે (જુઓ છઠી રીત ના૦ ૭૨૮) T. 44

૭૨૮. છઠ્ઠી રીત—"શોલ્યુશન આફ નાઇતરેત આફ મરક્યુરી" (Solution of nitrate of mercury.) જેટલા ભાગને તપકીરયા રંગનું કરવું હોય તયાં પીછીથી લગાડવું. T. 44.

૭૨૯. સીંગડાને સફાઈદાર પાલીસ કરવાની રીત—ગાયના અથવા બલદના સીંગડાને સફાઈદાર ચલકતાં કરવા હોય તો લોહોઢાની ફરસી અથવા ચોરસી અથવા રંદાના લોહઢાના પાણાથી અથવા અસતોરાના પાણાથી સીંગડાને પેહલા ઓખવીને બરાબર સાફ કરવું. પછી તેને પાલીસ કરવાના ઝીણા કાગળથી ગસીને ખુબ સફાઇદાર કરવું. પછી "પમીસ સ્તોન" (Pumice stone)ની બારીક ભુકીને પાણીમા મેલવી લાહી જેવી કરી તેમા કપડું બોલીને તેથી સીંગડાની ઉપર ઘસડીને સાફ કરવું. છેલ્લે "રોતન સ્તોન" (Rotten stone) ના બારીક ભુકાને તેલમાં અથવા પાણીમાં મેલવી તેથી સીંગડાને સાફ કરી નાખવું Sci. 23 જા.૯૨.

૭૩૦. સીંગડાના બે કટકાને સાંધવાની રીત—સીંગડાના જે કટકાઓને સાંધવા હોય તેવા બેઉ કટકાઓને પેહલા આતસ આગલ ગરમ કરવા. પછી જે ઠેકાણેથી સીંગડાને સાંધવું હોય તે તરફના બેઉ કટકાના છેડાને ઓખવી ખોભણ કોટરવી. ખોભણ એવી રીતે કરવી કે તે સીંગડાના કટકા એક બીજામા બરાબર બેસે. પછી એક લોહોઢાનો ચીપીઓ અથવા સાહાનસી આતસમાં મુકી આગલથી ખુબ ગરમ કરી રાખવો. પછી સીંગડાના કટકાઓની પેલી ધારને પાણીથી ભીજવી ખોભણમાં બરાબર બેસતી મુકી પેલી ગરમ કાધેલી સાહાનસીથી ખુબ જોરથી તરત દાબી રાખવો. જો એ કામ હુશીઆરીથી કરશો તો તે કટકા તરત વલગી જશે. પછી તે વલગાવેલી ધારને કાનુસે ફરી શાફ કરવી. પછી "ત્રીપોલી" (Tripoli–ગરેણા સાફ કરવાની રેતી) અને પાણીથી પાલીસ કરવી. એવી રીતથી વલગાવેલા સીંગડાના કટકાના સાંધા એવા તો મલી જશેકે તે કટકો કીએ ઠેકાણેથી અસલ સાંધેલો છે તે કદી કોઈથી ઓલખી શકશે નહી. T. 446.

૭૩૧. સીંગડાને તેના આકારમા કઈપણ ફેરફાર કરીઆ વગર નરમ કરવાની રીત—એક ભાગ ચોખ્ખી "હાઇદરોક્લોરીક એસીડ" મા ત્રણ ભાગ પાણી રેડીને મેલવવું. પછી તેમાં સીંગડાને તે નરમ થાય તયાંસુધી બોલી રાખો.

પીછાને તરેહવાર રંગના રંગવાની રીતો.

To dye feathers.

૭૩૨. લાલ રંગના પીછા—પીછાને

કોઇબી જાતના રંગવાની અગાઉ પેહેલા પીછાને સાબુના જરા ગરમ પાણીમા નાખવા. પછી તેને થંડા પાણીમા નાખી સાબુનું પાણી તેપરથી ધોઇ કાહડી નીચવવા. પછી "બરેઝીલ ઉડ" નો બારીક ભુકો ૧ આંઉસ, ફટકી અરધો આંઉસ, હીંગરો પાઆ આંઉસ અને સરકો એક પેંટ. એ બધાને એક વાસણમાં સારીપેઠે જરા ઘટ ઊકાલવું. પછી પેલા ધોઇ કાહડેલા સફેદ પીછાને એ મેલવણીમાં નાખવા. એટલે લાલ રંગના થશે. 5. R. 92.

૭૩૩. લીલા રંગના પીછા—જંગાલ ૧ આંઉસ અને "વરદીતર" (Verditer) ૧ આંઊસને ગુંદરના પાણીમા નાખી મેલવવુ.. પછી ઊપર પ્રમાણે સફેદ પીછાને પાણીમા ધોઇ કાહડી એ મેલવણીમાં ભીંજવી રાખવા, (જુઓ બીજી રીત નાં૦ ૭૩૪) Con 162.

૭૩૪. બીજી રીત—"એનીલાઇન ગ્રીન" નામના રંગને ગરમ પાણીમા પીગલાવી તેમાં પીછાને બોલી કાહડવા. T. 122.

૭૩૫. લાખી રંગના પીછા—"કડબેર" (Cudbear) ને ગરમ પાણીમા નાખી પીગલાવીને મેલવી દેવો. પછી ઉપર પ્રમાણે સફેદ પીછાને ધોહી કાહડી એ મેલવણીમા નાખવા. Con. 162.

૭૩૬. કાલા રંગના પીછા—પતંગનું લાકડું (Log wood) ૮ ભાગ અને "આસીતેત આફ આયેરન" ૧ ભાગ લેવો. એ બેઉને એક વાસણમા નાખી થોડું પાણી તેમા રેડીને ખુબ ઉકાલવું. પછી ઉપર પ્રમાણે સફેદ પીછાને પાણીમા ધોઇ કાહડી એ મેલવણીમાં બે ત્રણ દાહડા ભીંજવી રાખવા. C. 633.

૭૩૭. બલુ રંગના પીછા—"એક્ષતરેક્ટ આફ ઇંદીગો" (Extract of indigo) ને ઉકલતાં પાણીમા નાખી મેલવવું. પછી ઉપર પ્રમાણે સફેદ પીછાને પાણીમાં ધોઇ કાહડી એ ગુલીના રંગના પાણીમાં ભીંજવી રાખો. Con. 126.

૭૩૮. પીલા રંગના પીછા—હરદના ભુકાને પાણીમા નાખી ખુબ ઉકાલવું. પછી ઉપર પ્રમાણે સફેદ પીછાને પાણીમા ધોઇ કાહડી એ હરદના પાણીમાં ભીંજવી રાખવા.

૭૩૯. રાતી ગુલીના રંગના પીછા—પેહલા સફેદ પીછાને ઉપર પ્રમાણે ધોઇ કાહડવા. પછી ૧।। પેંટ પાણીમાં ૧ આંઉસ "ઇંદીગો રેડ" નામનો રંગ અને અરધો આંઉસ "શોલ્યુશન આફ તારતારીક આસીડ" નાખી મેલવીને તેમાં સફેદ પીછાને નાખવા એટલે આસમાની રંગના થશે. પણ એ મેલવણીમા થોડી ફટકી નાખવાથી રાતા ગુલીને રંગના થશે. T. 121.

૭૪૦. કીરમજી રંગના પીછા—૧ રતલ ફટકીના ભુકાને ૧।। ગયાલન પાણીમા નાખી ઉકાલવું. પછી એ પાણીમા સફેદ પીછાને થોડા દાહડા ભીંજવી રાખવા પછી તેમાથી તેને બાહાર કાહડી થંડા પાણીથી ધોઇ કાહડી નીચવવા. પછી ૧ રતલ "બરેઝીલ ઉડ" (Brazil wood) ના બારીક ભુકાને ૧। ગયાલન પાણીમા નાખી ખુબ ઉકાલીને ગાલી કાહડવું. પછી એ ગાલેલા પાણીમાં પીછાને નાખી પાણીને ગરમ કરવું. T. 121.

૭૪૧. "ચેશનત બ્રાઉન" રંગના પીછા—જેમ ઉપર કીરમજી પીછા રંગવાની રીત છે (જુઓ નાં૦ ૭૪૦) તેજ પ્રમાણે એ બનાવવા પણ એમા વધારે એટલુંજ કે "બરેઝીલ ઉડ" ના ઉકાલાના પાણીમાં ૪।। આંઉસ દરેલી હરદ સાથે નાખી તેમાં પીછાને બોલવા. T. 121.

૭૪૨. "રૂબીરેડ" રંગના પીછા—જેમ ઉપર કીરમજી રંગના પીછા રંગવાની રીત છે (જુઓ નાં૦ ૭૪૦) તેજ પ્રમાણે એ બનાવવા પણ એમા વધારે એટલુંજ કે "બરેઝીલ ઉડ" ના ઉકાલાના પાણીમાં ૧

રતલ "બ્લુ આરચીલ લીકર" (Blue arc-hil liquor) નાખી તેમાં પીછોને બોળી રાખવા. પછી તેને થંડા પાણીથી ધોઇ કાહડવા. T. 121

૭૪૩. ગોલાબો રંગના પીછા—"કારથેમીન" (Carthamine) નામના રંગને ગરમ પાણીમાં પીગલાવી તેમાં ઉપર પ્રમાણે ધોયલા સફેદ પીછા નાખી તેની ઉપર રંગ ચહડે તયાં સુધી રેહવા દેવા. પછી તેમાંથી પીછોને બાહર કાહડી તે મેલવણીમા "તારતારીક આસીડ" નાખી તેમાં પીછોને તેમા બે ચાર વખત બોલી કાહડવા. પછી તેને થંડા પાણીથી ધોઇ કાહડવા પણ એ થંડા પાણીમાં પણ "તારતારીક આસીડ" નાખવી. પછી તેને વખાતા કરવા. T.121.

૭૪૪. નીલમી રંગના પીછા—"હાઇડરો કલોરેટ આફ તીન" ના શોલ્યુશનમાં નરમ "શોલ્યુશન આફ લોગઉડ" ને શાથે મેલવી તેમા સફેદ પીછોને બોલવા. T. 122.

૭૪૫. નારંગી રગના પીછા—૧।। "ક્વાર્ટ" પાણીમા ૧ રતલ "એનાતો" અને ૪।। આંઉસ "પોતોશ" નાખી ખુબ ઉકાલવું. પછી એ મેલવણીને શુમરેતી જેવી થંડી પાડવી. પછી ઉપર પ્રમાણે સફેદ પીછોને ધોઇને એ મેલવણીમા જયાં-સુધી રંગીન થાય તયાં સુધી રેહવા દેવા. પછી તેને સુમરેતા સાબુના પાણીથી ધોઇ કાહડવા. T. 122.

૭૪૬. વાયોલેટ રંગના પીછા—ફટકીના "સોલ્યુશન" મા સફેદ પીછોને બોલી કાહડવા. પછી તેને પતંગના લાકડાના ઉકાલામા નાખવા. પછી તેને ધોઇ કાહડી સુકાતા કરવા. T. 122.

ખોટી બનાવટની યાને નકલચાતથી બનાવેલી તરેહવાર ચીજો.

IMITATIONS.

૭૪૭. ખોટુ પરવાલું—ઝાડની નાહની ડાંખરીઓના કટકા કરી તેની ઉપરની છાલ કહાડી નાખવી. પછી તેને સાફ કરવા તયારબાદ બે દરામ સોજો હીંગલો અને એક આંઉંસ રાલને એક વાસણમાં નાખી આતસ ઉપર તાવીને મેલવી દેવા. જયારે બરાબર મલી જાય કે એ મેલવણી ગરમ હોય તેટલાંજ પેલી ડાંખરીના સાફ કીધેલા કટકાઓ ઉપર ફરતી લગાડીને સુકવવી એટલે પરવાલાની દાંડીના જેવી દેખાશે. કેટલીક જાતના વેલાતી ફેંસી નાહના બાકસો આવે છે તેના ઢાંકણા ઉપર કેટલીક ચીજો અથવા પરવાલાના જેવા દાણા મુકે છે તે એવી રીતે બનાવેલા હોય છે, તેથી જો ડાંખરીને બદલે બીજી કોઇબી ચીજની ઉપર એ મેલવણી લગાડશો તો તેપણ પરવાલાના જેવી દેખાશે. જો એને સફેદ રંગના બનાવવા હોય તો (જુઓ એઠલ આપેલી બીજી રીત ના૦ ૭૪૮) F. 97.

૭૪૮. બીજી રીત—જો સફેદ રંગના બનાવવા હોય તો ઊપર પ્રમાણેજ બનાવવા, પણ એમા ફરક એટલોજ કે હીંગલાને બદલે એમા સપેતો નાખી ઊપલી રીતે રાલની સાથે મેલવી દેવો. જો એને કાલા રંગના કરવા હોય તો (જુઓ ત્રીજી રીત ના૦૭૪૯)

૭૪૯. ત્રીજી રીત—જો કાલા રંગના બનાવવા હોય તો ઊપર પ્રમાણેજ બનાવવા. પણ એમા ફરક એટલોજ કે હીંગલાને બદલે એમા દીવાની કાજલ નાખી ઉપલી રીતે રાલની સાથે મેલવી દેવો. F. 97.

૭૫૦—ખોટા હાથીદાંતના રમકડાં બનાવવાની રીત—"આઇસીન ગલાસ" (Isinglass) ને બરાંડી દારૂમા નાખો તથા ઈંડાના કોટલાનો ઘણોજ બારીક ભુકો

કરી તેમા નાખી ગરમ કરી મેલવીને લાહી જેવું કરો. જો એને રંગીન બનાવવું હોય તો એમા કોઇપી જાતનો પસંદ પડતો રંગ નાખી મેલવવું. પછી જેવા ઘાટની ચીજો અથવા રમકડા બનાવવા હોય તેવા મોલડમ તેલ લગાડી આ મેલવણી ગરમ હોય તેટલોંજ તેમા રેડી દઈ તે સુકાય તાંહાં સુધી તેમા રહેવા દેવો. એ બનાવટથી બનાવેલી ચીજો અથવા રમકડાઓ હાથીદાંતને મલતા આવશે. એ મેલવણીના લાકડીના હેંડલો બનાવશો તો હાથી દાંતનાં જેવા જણાશે S. 371 Y. 253.

૭૫૧. ખોટા હાથી દાંત બનાવવાની રીત—હાડકાંની બારીક ચારેલી ભુકી, સરસ અને ઇંડાની સફેતી એ સરખે ભાગે લઇ મેલવીને તેને મોલડમાં ઓટી કાહડો. (જુઓ બીજી રીત ના૦ ૭૫૨) T. 43.

૭૫૨. બીજી રીત—સફેત ચીપડા લાખ ૧૦ ભાગ, હાથી દાંતનો વેહર ૮ ભાગ "એસીતેડ આફ્ લેડ" ૪॥ ભાગ અને કપુર ૫ ભાગ. એ બધી ચીજો તોલીને લેવી. પછી બધી ભેલી દઇ ગરમ કરી મેલવી દેવો સુકવીને ભુકો કરી પરેશમાં દાબી દેવો. T.43. (જુઓ ખોટા હાથી દાંતના રમકડાં ના૦૭૫૦)

૭૫૩. બનાવટનું મીન—પીલી રાલ ૧૬ રતલ, બકરાની કઠણ ચરબી ૮ રતલ, અને "પામ આઇલ" ૨॥ રતલ. એ બધાને તાવીને મેલવી દેવો. F. 342.

૭૫૪. હુંનરથી બનારેલુ બકરીનુ દુધ—બકરાની તાજી ચરબીને છુંડીને ખીમા જેવી બારીક કરી ૧ આંઉસ લેવી. પછી તેને સફેદ મલમલના સોજા કપડાની એક કોઠલીમા બાંધવી અને એ કોઠલીને એક બાતલી તાજા દુધની અંદર મુકી ચુહુલા-ઉપર દુધને ઊકાલવું. પછી તેમા ૨ દરામ છુંડેલી સાકર નાખી મેલવી દેવો. O. 914.

૭૫૫. બનાવટી અબનુસનુ લાકડું—કેટલાંક લોકો હલકી જાતના લાકડાને અબનુસના લાકડાના જેવો રંગ આપી લોકોને ઠગે છે:—પેહલા સાદા લાકડાને હીરાકસીદુ પાણી બે ત્રણ વખત પીછીથી ચોપડી સુકવવા દેવું. પછી તે ઊપર પતંગના લાકડાનો ઘટ ઊકાલો બનાવી પેલા હીરાકસી ચોપડેલા લાકડા ઊપર બે ત્રણ વખત પીછીથી હાથ મારવા. જયારે એક હાથ સુકાય એટલે બીજો હાથ મારવો અને તેપણ સુકાય એટલે ત્રીજો હાથ મારવો. પછી લાકડુ સુકાયાબાદ એક વાદલા (સ્પંજ) થી પાણીએ ધોહી સાફ કરી નાખવું. પછી મીન તેલથી પાલીસ કરવું. A. 189.

૭૫૬. બનાવટી હીરાદખણ—ચાર રતલ ચીપડા લાખને ચુહુલા ઊપર મુકી પીગલાવવી. પીગલી રહેકે તેને નીચે ઊતારી તેમાં ૫ આંઊસ "કેનેડા બાલશમ" અને ૨ આંઊસ "ગમ બેનઝોઇન" નો જાડો ભુકો નાખી મેલવવો. જયારે થંડું પડેકે તેમા ૧ રતલ "વેનીશીયન રેડ" નામનો રંગનો બારીક ભુકો તથા ૧ રતલ રાતા સુખડનો બારીક ચારેલો વેહર નાખી લાકડીથી હીલવ હીલવ કરી સારીપેઠે મેલવી દેવો. પછી લાકડીના આકારમા એ મેલવણીના કટકા કરવા. F. 116.

૭૫૭. હુંનરથી બનાવેલુ દરીઆના જેવું પાણી—જે ઠેકાણે દરીઆનું પાણી નહી મલતું હોય તયારે હાવી રીતનું બનાવેલુ પાણી દરીઆના પાણીની કેટલીક વખત ગરજ શારેછે અને એનો ગુણ પણ દરીઆના પાણીના જેવોજ છે:—એક મટોડીના વાસણમાં નીમક ૨ આંઉસ, "સલફેટ આફ્ મેગનીશીઆ" (Sulphate of magnesia) ૧ દરામ, "મ્યુરેટ આપ્ લાઇમ" (Murate of lime) ૩ દરામ, "મ્યુરેટ આપ્ મેગનેશીઆ" પા॥ આંઊસ અને પાણી એક ગાલન નામી પીગલાવીને મેલવી દેવો. ગ. ૧૦૬૬. A. 372.

૭૫૮. હુનરથી બનાવેલો લીંબુનો રેશ—એક પેંટ સફેદ સોજા સરકામાં પોણો આંઊસ સફેદ ખાંડ અને "એસેનસ આફ લેમન પીલ" ના ૩૦ ટીપા નાખી મેલવવું. F. 212.

૭૫૯. લાકડાને હાંથીદાંતના જેવુ કરવાની રીત—પાશેર શોજુ પાણી એક વાસણમા નાખી ચુલ્હા ઊપર મુકી તેમાં સવા તોલો "આઇસીંગલાસ" (Isinglass—એક જાતનો સફેદ સરસ જેવો પદાર્થ) નાખી ઉકાળીને મેલવી દેવો. પછી એ પાણી જ્યાં સુધી સફેદ અને લાહી જેવુ ઘટ થાય ત્યાંસુધી તેમાં સોર્ન ધોયલો સફેતો નાખયા કરો. પછી સાફ કીધેલા લાકડા ઊપર આ મેલવણી લગાડી તરતજ કાઇ સુમારી ચીજ ઊપર ફેરવીને તેને બધી તરફથી એક સરખી કરી સુકાવા દેવો. સુકાય એટલે ફરીથી ઊપર પ્રમાણે મેલવણી તેની પર લગાડી સરખી કરી સુકવવા દેવો. એ પ્રમાણે ત્રણ ચાર વખત એ મેલવણી લગાડવી.

૭૬૦. હુંનરથી પથર બનાવવાની રીત—૧૮૦ રતલ તાર, ૪૫ રતલ કોલસાનું તેલ, ૧૮ રતલ રાજમ, ૧૫ રતલ ગંધક, ૪૪ રતલ ઘણોજ બારીક કીધેલો ચુનો, ૧૮૦ રતલ "ગીપસમ," ૨૫ "કયુબીક ફીટ" ભુકો કરીને ચાળેલી રેતી તથા પથર. એટલી ચીજ પથર બનાવા નીચે કહેઆ પ્રમાણે વાપડવી. પેહેલા ગંધકને ૩૦ રતલ તારની સાથે પીગલાવવી. તયાર પછી રાજમ અંદર નાખવી અને તયારબાદ બાકી રહેલા તાર, ચુનો અને ગીપશમ એ ચીજો થોડી થોડી કરીને મેલવવી અને છેલે રેતી અને પથરનો ભુકો નાખી એ સઘલી ચીજોને સારી રીતે હીલવવી. પછી એ મેલવણીના ઈંતરદીની મીશાલ ઢેફલા કરી તેમને ગાંલાબ્યો (મોલ્ડ) માં નાખી જોરથી દાબવી. એવી રીતના બનાવેલા પથર એક અઠવાડયાની અંદર બંધાઇને તઇઆર થાએચ. ગા. પ્ર. અક. ૧૮૫૬.

૭૬૧. ખોટો સંગેમરમર (મારબલ) બનાવવાની રીત—ફટકીનું શોલ્યુશન બનાવો, અને જેટલો ભાગ ફટકી લીધી હોય તેનો અરધો ભાગ સોજો સરસ લઇ તેમાં નાખીને પીગલાવો. જ્યારે એ સોલ્યુશન ઊકલીને બરાબર એકરશ થાયકે તેમા ૧ ભાગ ચાકનો બારીક ભુકો તથા ભઠીમાં સારીપેઠે પકવેલો "પલાન્તર આફ પેરીસ" નો બારીક ચાળેલો ભુકો ૩ ભાગ નાખી મેલવીને ઢાલી નાખો અથવા જે ચીજ ઊપર પડ કરવું હોય તેની ઉપર પાંથરી દેવો. એ મેલવણી જલદીથી સગેમરમરના જેવી કઠણ થઇ જશે. જો ફટકીના સોલ્યુશનમાં જોઇએ એવો રંગ નાખાં મેલવશો તો રંગીન સંગેમરમર થશે. જો ફટકીનું શોલ્યુશન બનાવવું હોય તો પાણીમાં સુફેદી ઊતરે તયાં સુધી ફટકી નાખી ઉકાલો. Con. 241

તરેહવાર જાતના રંગના કટકા.

WATER COLOR CAKES.

૭૬૨. કાલા રંગના કટકા—તરેહવાર જાતના રંગના કટકાઓને બાકસોમાં મુકી વેચવામાં આવે છે જેને રંગનો બાકસ કરીને કહેછે. એ રંગના કટકાને પાણીમાં ગસીઆથી રંગ ઓગલે છે. તેવા કાલા રંગના કટકા બનાવવા હોય તો એક વાસણમાં એક પેંટ પાણી રેડી તેમાં બારીક વાટેલી દીવાની કાજલ ૨ા આંઊસ નાખી ચુહુલા ઉપર મુકી ખુબ ઉકાલવું. પછી તેને ઉતારી તેમાં અરધો આંઉસ ખુબ બારીક વાટેલી કાલીગુલી નાખી મેલવી દેવો. પછી તેને પાછુ ચુહુલા ઉપર મુકી હીલવ હીલવ કરી તેમાંનો પાણીનો મોહોતો ભાગ બાલી નાખવો. પછી તેને ઉતારી તેમાં ½ આંઉસ બાવલનો ગુંદર, પોણો દરામ સરસ અને પાઆ દરામ "એ-

ક્ષતરેકત આફ સીકોરી" (Extract of cichory) નાખી બધાને પાછું ગરમ કરવું. જ્યારે તેમાનુ પાણી બલીને જાડી લાહી જેવો ઠડો થાય કે મોલડમાં બદામનું તેલ લગાડી તેમાં એ મેલવણી નાખવી. એટલે જેવા આકારના મોલડ હોશે તેવા આકારના રંગના કટકા થશે. T. 272.

૭૬૩. બલુ રંગના કટકા—"બરલીન બ્લુ" નામનો રંગ ૩૩ ભાગ લેવો, અને તેને ખુબ બારીક વાટી વરશાદના પાણીમાં મેલવી દેવો, તથા તેમાં "હાઇદરો કલોરીક આસીડ" ના થોડા ટીપા નાખવા. પછી તેને ચુહુલા ઉપર મુકી ખુબ ઉકાલવું. જ્યારે તેમાનો પાણીનો ભાગ થોડો બલી જાયકે તેમાં ૧૬ ભાગ બાવલનો ગુંદર અને ૮ ભાગ સરસને થોડા પાણીમાં પીગલાવી તેમા નાખીને કરીથી ચુહુલા ઉપર મુકી તેમાનુ પાણી બાલી જાડી લાહી જેવું થાય કે મોલડમાં તેલ લગાડી તેમાં એ મેલવણી નામી કટકાઓ ઓટી કાહડવા. T. 272

૭૬૪. બલુ કાલી ગુલીના રંગના કટકા—કાલી ગુલીમાં થોડો શફેતો નાખી વાટીને ખુબ બારીક કરો. પછી ઉપર જેમ બલુ રંગના કટકા બનાવવાની રીત છે (જુઓ ના૦ ૭૬૩) તેવી રીતે એને બનાવો. T. 272.

૭૬૫. કીરમજી રંગના કટકા—"કારમીન" (Carmine) કીરમજમાંથી બનાવેલો રંગને ખુબ બારીક વાટી ગુંદરના પાણીમાં મેલવી જાડી લાહી જેવૂ કરી મોલડમા તેલ લગાડી તેમાં એ મેલવણી ઓટી કાહડી કટકાને સુકવવા. T. 272.

૭૬૬. રાતા રંગના કટકા—જેમ ઉપર કીરમજી રગંના કટકા બનાવવાની રીત છે (જુઓ ના૦ ૭૬૫) તેજ પ્રમાણે એ બનાવવાં. પણ એમાં ફરક એટલોજ કે "કારમીન" ને બદલે હીંગરો લેવો. (જુઓ બીજી રીત ના૦ ૭૬૭)

૭૬૭. બાજી રીત—એ ઉપર પ્રમાણેજ બનાવો, પણ હીંગરાને બદલે સીંદુરનો બારીક ભુકો લેવો.

૭૬૮. પીલા રંગના કટકા—ઉપર જે કીરમજી રંગના કટકા બનાવવાની રીત છે (જુઓ ના૦ ૭૬૫) તેજ પ્રમાણે એ બનાવો, પણ એમા ફરક એટલોજકે "કારમીન" ને બદલે પીલો રંગ લેવો.

૭૬૯. સફેદ રંગના કટકા—ઉપર જે કીરમજી રંગના કટકા બનાવવાની રીત છે (જુઓ ના૦ ૭૬૫) તેજ પ્રમાણે એ બનાવવા. પણ એમા ફરક એટલોજ કે "કારમીન" ને બદલે "કરેમનીઝ વાઇટ" (Kremnitz white–સફેતો) લેવો.

૭૭૦. લીલા રંગના કટકા—જેમ ઉપર કીરમજી રંગ બનાવવાની રીતછે (જુઓ ના૦ ૭૬૫) તેજ પ્રમાણે બનાવો. પણ એમા ફરક એટલોજ કે "કારમીન" ને બદલે લીલો રંગ લેવો.

કાગજના ફુલો બનાવવા માટે તરેહવાર રંગના કાગજો રંગવાના રંગો.

Stains used in coloring paper for artificial flowers.

૭૭૧. પીલા રંગના કાગજ—હરદનો છુંદેલો બારીક ભુકો ૧ આંઉસ અથવા એથી થોડો વધારે લઈ એક પેંટ "સ્પીરીટ આફ વાઇન" ની અંદર નાખી રેહવા દેવો. જ્યારે હરદ સ્પીરીટની સાથે મલી જાયકે સફેદ કાગજ ઉપર પોહલી પીછીએ કરી જેમ વારનીસ લગાડયેચ તેવી રીતે એ મેલવણી લગાડી સુકાતા કરો. S. 429.

૭૭૨. કીરમજી રંગના કાગજ—"સ્પીરીટ આફ વાઇન" ની અંદર "ઇંડીયન લેક" નામનો રગ નાખી થોડા દાહડા રેહવા દેવો. પછી ઉપરથી એ "ટીંકચર" બીજી બાટલીમાં નીતારી કાહડી પોહલી

પીછીથી સફેદ કાગજ ઉપર લગાડો. (જુઓ બીજી રીત નાં૦ ૭૭૩) S. 429.

૭૭૩ બીજી રીત—લાલ સાહી પીછીએ કરી સફેદ કાગજ ઉપર ચોપડવી (જુઓ ત્રીજી રીત નાં૦ ૭૭૪) S. 429.

૭૭૪ ત્રીજી રીત—હીરાદખણના ભુકાને "સ્પીરીટ આફ વાઇન" ની અંદર નાખી થોડા દાહડા રેહવા દેવો. પછી નીતારી કાહાડી પોહલી પીછીથી સફેદ કાગજ ઉપર લગાડો. (જુઓ ચોથી રીત નાં૦ ૭૭૫) S. 429.

૭૭૫. ચોથી રીત—એક "કુવાર્ટ" "બરેઝીલઉડ" ના ઉકાળાના ગાળેલા (પણ એ ઉકાળો બનાવતી વખતે તેમાં થોડો તંકનખાર નાખવો) પાણીમા અરધો આંઉસ "વેક્ષશોપ" (Wax-soap) અને ૨ા) આંઉસ ગુંદર નાખી મેલવી દેવો. પછી પાછીથી શફેદ કાગજ ઉપર લગાડો- T.279.

૭૭૬. લીલા રંગના કાગજ—સરકાની અંદર જંગાલનાં ભુકાને નાખી થોડા દાહડા રેહવા દેવો. પછી સફેદ કાગજ ઉપર પીછીથી લગાડો. S. 429.

૭૭૭. નારંગી રંગના કાગજ—પેહલા કાગજને પીલા રંગના રંગી કાહડવા. પાછી એક વાસણમા અરધો આંઉસ "પરલ આસ" અથવા "સાલટસ આફ તારતાર" નાખી તેમાં એક બાતલી પાણી રેડી પીગલાવો. પછી એ મીશ્રને ગાલી કાહડી પીછીએ કરી પેલા પીલા રંગના રંગેલા કાગજ ઉપર બધે સરખુ લગાડવું એટલે નારંગી રંગના કાગજ થશે S. 429.

૭૭૮. જાંબુરા રંગના કાગજ—શફેદ કાગજ ઉપર પીછીએ કરી "ટીંકચર આફ લોગઉડ" બધે લગાડવું. S. 429.

૭૭૯ ગોલા ી રંગના કાગજ—એક "કુવાર્ટ" લીક્યુર આફ કોચીનીયલ" (Liquor of cochineal) માં અરધો આંઉસ "વેક્ષશોપ" (wax-soap) અને ૨ા) આંઉસ ગુંદર નાખી મેલવી દેવો. પછી પીછીથી સફેદ કાગજ ઉપર લગાડો. T.279.

૭૮૦. સોનેરી પીલા રંગના કાગજ—રેવંચીનો શીરો ૧ આંઉસને એક પેંટ "સ્પીરીટ વાઇન" માં પીગલાવી દેવો પછી પછી થી સફેદ કાગજ ઉપર લગાડો.

૭૮૧. તપકીરયા રંગના કાગજ—"બરેઝીલ ઉડ" ના ઉકાલનું ગાલેલું પાણી ૧ "કુવાર્ટ" માં પાઆ આંઉસ "વેક્ષશોપ અને ૨ આંઉસ બાવલનો ગુંદર નાખી મેલવી દેવો. તથા તેમાં ૧ "કુવાર્ટ" ટીંકચર આફ ગાલનટ" નાખી મેલવી દેવો. એ મેલવણીથી રંગેલા કાગજ તપકીરયા રંગના થશે. T. 280.

૭૮૨. લીંબુને (લેમન કલર) રંગના કાગજ—પાઆ રતલ સરસને ૧ "કુવાર્ટ" પાણીમાં પીગલાવો. પછી તેમા ખેલ્લો "કરોમ યલ્લો" (Light chrome yellow) નામનો રંગ તથા અરધો રતલ ચાકનો બારીક વાતેલો ભુકો અને પાઆ આંઉસ "વેક્ષશોપ" (Wax-soap) નાખી મેલવી દેવો. આ મેલવણી કાગલ ઉપર પીછીથી લગાડવી T. 280.

તરેહવાર જાતની મિશ્ર ધાતુ.

Alloys or Compound Metals.

૭૮૩. તોપ બનાવવાની ધાતુ—"બ્રોશતલ બ્રાશ" (પીતલ) ૧૧૨ રતલ, જસત ૧૪) રતલ અને "બ્લોક તીન" ૭) રતલ એ બધાને શાથે તાવીને મેલવી દેવો. અસલ એ ધાતુની બનાવટમાં સીસુ વાપડવામાં આવતું હતું કે જેથી તોપને ઓટી કાહડવાને સેહેલ પડે, પણ "પ્રેગ" (Prague) ની લડાઇમાં એવું માલમ પડયું કે કેટલાંક તોપના ગોલાઓ જે એવી ધાતુંનાં બનાવે છે તે તોપની અંદરથી વારંવાર ફોડવાથી તેને પીગલાવી નાખે છે. (જુઓ બીજી રીત નાં૦ ૭૮૪) F. 165.

૭૮૪. બીજી રીત— ત્રાંબુ નવ ભાગ અને કલાઇ એક ભાગને સાથે તાવીને મેળવ્યાથી થાય છે. F. 165.

૭૮૫ આરગીનની સીસોલી બનાવવાની ધાતું—કલાઈ તથા સીસું એઊ સરખે ભાગ લેઇને ગાળી કાહડવું પણ એ ધાતુ પતરાના આકારમાં બની શકતી નથી તેથી એના પતરા કરવાને વાસતે તેને પતરાના આકારમાં ઓટી કાહડવામાં આવે છે- S. 13.

૭૮૬. "કોક મેતલ" નામની ધાતું—ત્રાંબુ ૨૦) રતલ, સીસુ ૮) રતલ, "લીઠારજ" (મુડદારસીંગ) ૧ આંઉસ અને સુરમો ૩ આંઉંસ. એ સઘલાને ગાલીને શાથે મેલવી નાખવું. S. 12.

૭૮૭. બંદુકની ગોલીની ધાતું—૧૦૦૦ ભાગ સીંસુ અને ૩) અથવા એથી વધારે ભાગ સોમલ શાથે ગાલી નાખવું. F. 310.

૭૮૮. "કુવીનશ મેતલ" નામની ધાતું—કલાઇ ll રતલ, "બીસમઠ" (Bismuth) અરધો રતલ, સુરમો (એનતીમની) અરધો રતલ અને સીસું અરધો રતલ. એ બધાને સાથે તાવીને મેલવી નાખવું. એ ધાતુની તીપાત, પેયાલા વગેરે બને છે જે રૂપાના જેવા દેખાય છે. (જુઓ બીજી રીત નાં૦ ૭૮૯) F. 284.

૭૮૯. બીજી રીત—કલાઇ ૧૦૦ રતલ સુરમો ૮ રતલ, બીસમથ ૧ રતલ અને ત્રાંબુ ૪ રતલ. પેહેલા ત્રાંબાને તાવી પછી તેમાં સુરમો, કલાઈ અને બીસમઠ નાખી તાવીને સાથે મેલવી દેવો.

૭૯૦. લાલ તોમબેક નામની ધાતુ-ત્રાંબુ પા રતલ અને જસત અરધોં રતલ. પેહલા ત્રાંબાને તાવી પછી તેમાં જસત ઉમેરી મેલવી દેવો. એ મેલવણી લાલ રંગની થશે. F. 330.

૭૯૧. સફેત તોમબેક નામની ધાતું-સીસું દસ આંઉસ, "બીસમથ" છ આંઉસ. અને સુરમો (એનતીમની) ચાર દરામ. એ બધાને તાવી મેલવી દેવું (જુઓ બીજી રીત નાં૦ ૭૯૨) F. 330.

૭૯૨. બીજી રીત—સુરમો (એનવીમની) ૨ રતલ, પીતલ ૮) આંઉસ અને કલાઇ ૧૦ આંઉસ. એ બધાને સાથે તાવી મેલવી દેવો. F. 330.

૭૯૩. "બ્રોતેનીઆ મેતલ" નામની ધાતું—કલાઇ ૨૧૦ રતલ, ત્રાંબુ ૪ રતલ, અને સુરમો (એનતીમની) ૧૨ રતલ. એ બધાને સાથે તાવી મેલવી દેવો. એ ધાતુના ઓટેલા ઘાટ બનાવે છે (જુઓ બીજી રીત નાં૦ ૭૯૪) S. 10.

૭૯૪. બીજી રીત—કલાઇ ૧૪૦ રતલ તરાંબુ ૨ રતલ અને સુરમો ૫ રતલ. એ મેલવણીના હેંડલ બનાવે છે. (જુઓ ત્રીજી રીત નાં૦ ૭૯૫) S. 11.

૭૯૫. ત્રીજી રીત—કલાઇ ૩૦૦ રતલ, ત્રાંબુ ૪ રતલ અને સુરમો ૧૫ રતલ. એ મેલવણીના બતીના ફાનુસ તથા બતીના સ્તોંડ અને "પીલરશ" બનાવે છે. S. 11.

૭૯૬. ટીપરી, પાયલી અથવા શેરના માપ બનાવવાની ધાતું—ત્રાંબુ ૫૭૬ ભાગ (તોલાને લેવુ), કલાઇ ૫૮ ભાગ અને પીતલ ૪૮ ભાગ. પેહેલા ત્રાંબાને તાવી તેમાં પીતલ નાખી તાવવું. પછી કલાઇ નાખી મેલવીને એકરશ કરવું. F. 319.

૭૯૭. ઘંટ બનાવવાની (બેલમેતલ) ધાતું—ત્રાંબુ ૫ ભાગ અને કલાઇ ૧ ભાગ. પેહેલા ત્રાંબાને તાવી પછી તેમાં કલાઇ નાખી મેલવીને એકરશ કરવું. એ ધાતુના બનાવેલા ઘટો સારા અવાજવાલા થાયછે અને એના ચીણાઇ તથા હીંદી ઘંટો બનાવે છે. (જુઓ બીજી રીત નાં૦ ૭૯૮) F. 41.

૭૯૮. બીજી રીત—દેવલના ઘંટો બનાવવામાં આ મીશ્ર ધાતુ શારી છે. ધાતું ગાલવાના એક વાસણમાં તરણ ભાગ ત્રાંબુ નાખી તાવવું. જયારે તવાયકે તેમાં એક

ભાગ કલાઇ નાખી તાવીને એકરસ કરવું. (જુઓ ત્રીજી રીત નાં૦ ૭૯૯) F. 41.

૭૯૯. ત્રીજી રીત—ત્રાંબુ ૨ ભાગ અને કલાઇ ૧ ભાગ. પેહેલા ત્રાંબાને તાવી પછી તેમાં કલાઇ નાખી મેલવી દેવો. ઘેરમાં તથા દરવાજા ઉપર તાંગવના ઘંટ એ મીશ્ર ધાતુના બને છે. (જુઓ ચોથી રીત નાં૦ ૮૦૦) F. 41.

૮૦૦. ચોથી રીત—ઘડીયાલની કટોરી તથા અલારમ વગેરેના કતોરીના ફુલીયા અને બીજી નાહની ઘંટરડીઓ જો આ મીશ્ર ધાતુંની બનાવી હોય તો શારો મધુર અવાજ આપશે. ધાતુ ગાલવાના એક વાસણમાં ત્રાંબુ ૭૨) ભાગ નાખી તાવવું. ત્રાંબુ તવાય કે તેમાં કલાઇ ૨૬) ભાગ નાખી તાવીને મેલવી દેવો. પછી તેમાં જસત અથવા લોખંડ ૧ાા) ભાગ ઉમેરી તાવીને મેલવી દેવો. F. 41.

૮૦૧. જરમન સીલવર બનાવવાની ધાતું—હાલમાં અતરે જરમન સીલવરની બનાવેલી જીણસોનો બહુ ખપ થાય છે. તેનું કારણ એજકે એ ધાતુની બનાવેલી જીણસો રૂપાના જેવી ચલકતી રહે છે. જરમન શીલવર બે જાતનું આવે છે, જેને ફરશત કુવાલીતીનું અને સેકંડ કુવાલીતીનું જરમન શીલવર કહે છે. એ જરમન શીલવર બનાવવામાં કેઈ કેઇ ધાતુને મીશ્ર કરવાથી થાય છે તે જાણવું હોય તો ૫૦ રતલ ત્રાંબાને પેહેલા ગાલવું. પછી તેમાં ૨૫ રતલ "નીકેલ" (Nickel) નાખી તેમાં ૨૫ રતલ જશત નાખી ગાલવું. એ તરણ ધાતુ બરાબર સાથે મલી જઇને જે ધાંતુ થશે તે પેહેલા નંબરનું જરમન શીલવર થશે, પણ જો તરાંબુ ૫૦ રતલ, નીકલ ૧૦ રતલ અને જસત ૨૦ રતલ લેઇને બાનાવશો તો બીજા નંબરનું જરમન શીલવર થશે. જરમન સીલવરની ઘણી જીણસો બનાવેછે જેવીકે ટીપાટ, પેયાલા, રકાબીઓ, કાંશીયા થાલી તે શાથે બચાને માટે કેટલાક દાગીણા પણ બનાવે છે જે જાણે ચાંદીના દાગીણા હોય તેવા જણાય છે. પણ જો જરમન સીલવરની એટલી જીણસો બનાવવી હોયતો જો તરાબુ ૬૦ તોલા લેવો તો જશત ૨૦ તોલા, નીકલ ૨૦ તોલા, સીસુ ૩ તોલા, અને લોહોઢુ (જેના ટીનપલેટ (પતરા) બનાવવામાં આવે છે તે) ૨ તોલા લેવો. એ પ્રમાણે વધારે બનાવવું હોયતો, શેરનો અથવા રતલનો અથવા મણુનો હીસાબ લેઈને બનાવવું. યાદ રાખવું કે જરમન શીલવર બાનાવવામાં જે તરાંબુ કહેલુ છે તે તરાંબાને પેહેલા ગાલી પછી બીજી ધાતું નાખવી, કેમકે તરાંબાને બીજી ધાતુ કરતાં ગાલવાને વધુ વખત લાગે છે.

૮૦૨. તાઈપ બનાવવાની મીશ્ર ધાતુ—દસ રતલ સીસું અને બે આંઉસ સુરમો (એનતીમની). પેહલા સીસાને તાવવું. જયારે તવાય કે તેમાં સુરમો નાખી મેલવીને એકરશ કરવું, સુરમાંથી સીસું કઠણ થાય છે. કેટલાંક બનાવનારાઓ એ ધાતું વધતા અથવા ઓછા પ્રમાણમાં લેછે અને કેટલાંક બનાવનારાઓ તો એમાં તરાંબુ અથવા પીતલ ઊમેરે છે. (જુઓ નાં૦ ૮૦૩) F. 334.

૮૦૩. હુલકી જાતના તાઇપ બનાવવાની ધાતું—ધાતુ ગાલવાની એક મુસમા "શુરમો" (Antimony) એક ભાગ અને નવ ભાગ સીસું નાખીં શાથે તાવી નાખવું. (જુઓ નાં૦ ૮૦૪) S. 13.

૮૦૪. મોહોતા અને નરમ તાઇપ—ધાતુ ગાલવાની એક મુસમા એક ભાગ "એનતીમની" (સુરમો) અને સીસું સાત ભાગ નાખી શાથે તાવી નાખવું. (જુઓ નાં૦ ૮૦૫) S. 13.

૮૦૫. મોહોતા તાઈપ—ધાતુ ગાલવાની એક મુસમાં એક ભાગ એનતીમની અને સીસું છ ભાગને મેલવવું. S. 13.

૮૦૬ મધ્યમ કદના તાઇપ—ધાતુ ગાલવાની એક મુસમાં એક ભાગ "એનતીમની" અને સીસું પાંચ ભાગ મેલવવું. (જુઓ નાં૦ ૮૦૭) S. 13.

૮૦૭. નાહના તાઈપ—ધાતુ ગાલવાની એક મુસમાં "એનતીમની" એક ભાગ અને સીસું ચાર ભાગને સાથે તાવવું. (જુઓ નાં૦ ૮૦૮) S. 13.

૮૦૮. ઝીણા તાઈપ—ધાતુ ગાલવાની એક મુસમાં "એનતીમની" એક ભાગને અને સીસું તરણ ભાગ સાથે તાવી નાખો. S. 13.

૮૦૯ કામન તાઇપ—સીસું ૭૫ થી તે ૮૦ ભાગ, એનતીમની ૨૦ થી ૨૫ ભાગ અને તરાંબુ ૪ ભાગ, એ બધાને તાવીને મેલવી દેવો.

૮૧૦. ફ્રેન્ચ તાઈપ મેતલ—સીસુ ૫૫ ભાગ, એનતીમની ૩૦ ભાગ અને કલાઇ ૧૫ ભાગને શાથે પીગલાવું.

૮૧૧. સ્તીરયો તાઇપની (પલેત) તખતી ઓટી કાહડવાની મિશ્ર ધાતુ—ધાતુ ગાલવાના એક વાસણમાં ૨ા) રતલ સીસું નાખી તાવવું. જ્યારે સીસું તવાય કે તેમાં અરધો રતલ સુરમો ("એનતીમની") અને પાઆ રતલ "બીસમથ" નાખી તાવીને મેલવી દેવો. એ ત્રણ ધાતુના મીશ્રથી જે ધાતું બનશે તે છાપવાના સીસાના ગોઠવેલા બીબા ઉપરથી તખતીઓ ઓટી કાહડવાને ઘણી સારી છે, કારણ કે એ મેલવણી જ્યારે સાથે મલીને એકત્ર થાય છે તયારે તેમાં એવો એક ગુણ ઉતપન કરે છે કે જ્યારે એ થંડી પડે છે તયારે તે ફુલવા માંડે છે અને તેથી ઝીણા તાઇપો પણ સારી પેઠે તેમાં ઉથી શકે છે, કારણ કે એ ધાતુ આખા મોલડમાં સારી પેઠે બધે ભરાય છે કે જેથી તખતીઆનો કોઇઅી તાઇપ ઉઠયા વગર રેહેતો નથી. F. 321.

૮૧૨. તીસ રૂપીએ એક આંઉસ યાને બાર રૂપીએ તોલાની કીંમતનું સોનું બનાવવાની રીત—"સ્પેનીસ કોપર" (સ્પેન દેશથી આવતું તરાંબુ) ૬ાા પેનીવેટ, ચોખુ રૂપું ૩ાા પેનીવેટ, સોનાનો સીકો (ગીનીનું સોનું) ૨૯ પેનીવેટ. પેહેલા તરાંબાને એક ધાતું ગાલવાની મુસમાં તાવી તેમાં રૂપું તથા સોનું નાખી તાવીને ત્રણેને સાથે મેલવી દેવું. યાદ રાખવું કે અતરે જે પેનીવેટનું વજણ આપેલું છે તે ૨૪ ગરેનનો એક પેનીવેટ થાય છે અને ૨૦) પેનીવેટનો એક આંઉસ થાય છે. (જુઓ નાં૦ ૮૧૩) F. 155.

૮૧૩. વીસ રૂપીએ એક આંઉસ યાને રૂ. ૮) તોલાની કીંમતનું સોનું બનાવવાની રીત—"સ્પેનીસ કોપર" (સ્પેનદેશથી આવતું તરાંબુ) ૮ આંઉસ અને ૮ પેનીવેટ, ચોખ્ખું રૂંપુ ૧૦) આંઉસ, સોનાનો સીકકો (ગીનીનુ સોનું) ૧ આંઉસ. પેહેલા ધાતું ગાલવાની એક મુસમાં તરાંબાને તાવી તેમાં રૂંપુ તથા સોનું નાખી તાવીને તરણેને સાથે મેલવી દેવું. એ મેલવણીતું જે સોનું થશે તેની રૂ. ૨૦) એક આંઉસની કીંમત ઉપજશે. યાદ રાખવુ કે અતરે જે પેનીવેટનું વજણ આપેલું છે તે ૨૪) ગ્રેનનો એક પેનીવેટ થાય છે અને ૨૦) પેનીવેટનો એક આંઉસ થાય છે. F. 155.

૮૧૪. રૂ. ૧ાા તોલાની કીમતનું હલકુ સોનું—ધાતું ગાલવાની એક મુસમાં સોનુ ૨ થી ૩ વાલ, રૂંપુ ૧ થી ૧ાા વાલ અને તરાંબુ ૧૬ વાલ નાખી તાવીને મેલવી દેવો. એને (Jeweller's gold) કહે છે. C. 707.

૮૧૫ ખોટું સોનું કેમ બનાવવું?—જસત ૧) ભાગ, ત્રાંબુ ૭) ભાગ અને "પલાતીનમ" (Platinum) ૧૬) ભાગ. એક ધાતું ગાલવાની મુસમાં એ ત્રણ ધાતુંને શાથે તાવી મેલવી દેવો. એ ધાતું સોનાના

રંગના જેવી થશે. (જુઓ બીજી રીત ના૦ ૮૧૬) F. 241.

૮૧૬. બીજી રીત—ધાતું ગાલવાની એક મુસમાં ૩॥) આંઊસ ત્રાંબુ નાખી તાવવું. જ્યારે તવાય કે તેમાં ૧॥) આંઊસ પીતલ ઉમેરવું. જ્યારે એ બેઊ તવાઇ રહેકે તેમાં ૧૫ ગરેન કલાઇ નાખવી. એ ત્રણ ધાતું તવાઇને સાથે મલીઆથી સોના જેવી થશે. એ મીશ્ર ધાતુંને ઈંગરેજીમાં Manheim gold કહે છે. 5. R. 13. (જુઓ ત્રીજી રીત ના૦ ૮૧૭)

૮૧૭. ત્રીજી રીત—ધાતુ ગાલવાની મુસમાં. જસત ૧ ભાગ, "પલાતીનંમ". (Platinum) ૭ ભાગ અને ૧૬ ભાગ તરાંબુ નાખી મેલવી દેવો. આ મિશ્ર ધાતું સોનાને આબેહુબ મલશે. F. 241.

૮૧૮. સોનાને મલતી આવે એવી ધાતુ—૯૦ થી ૧૦૦ ભાગ તરાંબુ, ૫ થી ૭॥ ભાગ "એલ્યુમીન્યમ" અને ૨॥ ભાગ સોનું. એ બધાને શાથે તાવીને મેલવી દેવો. એ ધાતું સોનાને એટલીતો બરાબરા મલતી આવશે કે તે એકાએક તરત પારખી શકાશે નહી. એ ધાતુની મેલવણી કેટલીક જાતની "જુવેલરી" બનાવવામાં સોનાને બદલે વપડાય છે. T. 4.

૮૧૯. ખાદુ ક્રમ કેમ બનાવવું?—એક ધાતું ગાલવાની મુસમાં એક રતલ તરાંબુ નાખી તાવવું. જ્યારે તવાઇ રહે કે તેમાં પોણો આંઉસ કલાઇ નાખી બેઊને સાથે મેલવી દેવું. A. 335. (જુઓ ના૦ ૮૨૦)

૮૨૦. રૂપાંનો મલતી આવે એવી ધાતું—૨૫ ટકા "મનગાનીઝ" (Manganese), ૫૫ ટકા તરાંબુ અને ૨૦ ટકા જસત. એ બધાને ગાલીને મેલવી નાખવું. (જુઓ બીજી રીત ના૦ ૮૨૧) T. 5.

૮૨૧. બીજી રીત—૫ ટકા "મનગાનીઝ," ૧૦ ટકા "નીકેલ," ૪૫ ટકા તરાંબુ અને ૪૦ ટકા જસત. એ બધાને ગાલીને મેલવી નાખવું. (જુઓ ત્રીજી રીત ના૦ ૮૨૨) T. 5.

૮૨૨. ત્રીજી રીત—૫ ટકા લોહોઢું, ૨૦ ટકા "મનગાનીઝ" ૬ ટકા "નીકેલ" અને ૪૦ ટકા જસત. એ બધાને ગાલી નાખવું T. 5.

૮૨૩. "મ્યુઝીક પ્રીંટીગ પલેટ" નામની ધાતું—કલાઇ ૧૦ ભાગ, જશત ૧૨ ભાગ, "એનતીમની" (સુરમો) ૩ ભાગ, તરાંબું ૧ ભાગ અને સીસું ૭૪ ભાગ. T.6.

૮૨૪. "પીંચબેક" સોનાના જેવી ધાતું—આએ ધાતુની મેલવણીનો રંગ સોના જેવો થાય છે. આએ ધાતુની બનાવેલી ચીજોને જેમ જેમ વાપરીએ તેમ તેમ તે વધારે દીપે છે. ઘડીયાલના છેડાઓ, લાકીટો વીતીઓ અને બતનો વગેરે ઘણીક જાતની "જુવેલરી" પીંચબેકની બનાવે છે. "પીંચબેક" નામનો એક ઇંગરેજી કસબોછે તેપરથી એ ધાતુંનું નામ આપવામાં આવયું છે, કેમકે એ ધાતું પેહેલા તે દેશમાં બનાવવામાં આવી હતી. ચોખ્ખું ત્રાંબુ ૯૦ભાગ ને પેહેલા તાવી તેમાં ૩૦ ભાગ જસત નાખી મેલવીને એકરશ કરવું. (જુઓ બીજી રીત ના૦ ૮૨૫) T. 3.

૮૨૫. બીજી રીત—ત્રાંબું ૫ આંઉસને પેહેલા તાવી તેમાં ૧ આંઉસ જસત હુમેરી મેલવી દેવું. F. 267.

૮૨૬. "પ્રીસીસ મેટલ" નામની સોનાના જેવી ધાતું—ત્રાંબું ૬ ભાગ અને કલાઇ ૧ ભાગને શાથે ગાલીને મેલવી દેવો. આએ મેલવણીની ધાતુ રંગમાં શોનાને મલતી થાયછે. T. 3.

૮૨૭. "પેરીસ મેટલ" નામની ધાતું—ત્રાંબું ૮૦૦ ભાગ, "નીકેલ" ૧૬૦ ભાગ, કલાઇ ૨૦ ભાગ, "કોબાલટ" (Cobalt) ૧૦ ભાગ, લોહોઢું ૫ ભાગ અને જસત ૬ ભાગ. પેહેલા તરાંબાને તાવી પછી તેમાં

લોહઢું નાખી તાવીને નીકેલ, કલાઇ તથા કોબાલટ નાખી એક રશ કરી મેળવી દેવો. T. 5.

૮૨૮. "ક્રીસોરીન" (Crysorine) નામની ધાતુ—આએ મેલવણીની ધાતું રંગમાં ૧૮ થીતે ૨૦ " કેરેટ " સેનાને બરાબર મલતી આવે છે. તરાંબું ૧૦૦ ભાગને તાવી તેમાં ૫૦ ભાગ જસત નાખી મેલવી દેવો. એ ધાતુંના ઘડયાલના કોટલા વગેરે બનાવવામાં આવે છે એ ધાતુને ચલકાટ શારો નીકલે છે. (જુઓ " પ્રીંસીસ મેતલ " ના૦ ૮૨૯) T. 3.

૮૨૯. સીક્કા, ચાંદ (" મેડલ ") તથા " ઉડકટ " ઉપરથી છાપ અથવા નકલ લેવાની મિશ્ર ધાતુંની મેલવણી—" બીસમઠ " ૪ ભાગ, સીસું રાા ભાગ, કલાઇ ૨ ભાગ, જુણા ગસાયલા સીસાના ટાઇપ ૧ ભાગ. એ બધાને મધ્યમ ગરમીમાં તાવી મેલવી નાખો. T. 3.

૮૩૦ જલદી પીગલી જાય એવી ધાતુંની મેલવણી—જસત ૧ આંઉસ, બીસમઠ ૧ આંઉસ અને સીસું ૧ આંઉસ. એ તરણ ધાતુઓને શાથે તાવીને મેલવી દેવો એ ધાતુની જે મેળવણી બનશે તે ગરમ પાણીમાં પીગલી જશે. (જુઓ બીજી રીત ના૦ ૮૩૧) F. 141.

૮૩૧. બીજી રીત—બીસમઠ ૧૪ ભાગ, પારો (મરકયુરી) ૧૬ ભાગ, સીસુ ૩૨ ભાગ. એ બધાને તાવીને મેલવી દેવો. (જુઓ ના૦ ૮૩૨) F. 141.

૮૩૨. ત્રીજી રીત—બીસમઠ ૪ ભાગ, સીસું ૪ ભાગ અને પારો (મરકયુરી) ૧ ભાગ. (જુઓ ચોથી રીત ના૦ ૮૩૩) F. 141.

૮૩૩. ચોથી રીત—સીસું ૨ ભાગ, " બીસમઠ " ૧ ભાગ. (જુઓ પાંચમી રીત ના૦ ૮૩૪) F. 141.

૮૩૪ પાંચમી રીત—" બીસમઠ " ૩ ભાગ, સીસું ૬ ભાગ, સુરમો ૩ ભાગ. F.141

૮૩૫. " સ્તીમ વીસતલ " બનાવવાની ધાતુ—તરાંબું ૮૦ ભાગ, જસત ૨ ભાગ અને કલાઇ ૧૭ ભાગ. (જુઓ બીજી રીત ના૦ ૮૩૬) T. 406.

૮૩૬. બીજી રીત—તરાંબું ૮૧ ભાગ જસત ૨ ભાગ અને કલાઇ ૧૬ ભાગ. T. 405.

૮૩૭. " લોકોમોતીવ એક્ષલશ " (Locomotive exles) બનાવવાની ધાતું—તરાંબું ૮૬ ભાગ અને જસત ૧૪ ભાગ. (જુઓ બીજી રીત ના૦ ૮૩૮) T. 406.

૮૩૮. બીજી રીત—તરાંબું ૮૨ ભાગ જસત ૮ ભાગ અને કલાઈ ૧૦ ભાગ.

૮૩૯. " એક્ષલશ આફ રેલવે કેરીએજીશ " બનાવવાની ધાતું—૮૨ ભાગ તરાંબું અને ૧૮ ભાગ જસત. (જુઓ બીજી રીત ના૦ ૮૪૦) T. 406.

૮૪૦. બીજી રીત—૮૪ ભાગ તરાંબુ અને ૧૬ ભાગ જસત. (જુઓ તરીજી રીત ના૦ ૮૪૧.)

૮૪૧. ત્રીજી રીત—૭૫ ભાગ તરાંબુ, ૨ ભાગ જસત અને ૨૦ ભાગ કલાઇ. T. 406.

૮૪૨. વેગનના પઈદાના ઢબા બનાવવાની ધાતું—૮૭ ભાગ તરાંબું, ૨ ભાગ જશત અને ૯ ભાગ કલાઇ. T. 406.

૮૪૩. " મીકાનીકલ ઈનસતરૂમેંટ " બનાવવાની ધાતું—૮૧ ભાગ તરાંબું, ૫ ભાગ જસત અને ૧૨ ભાગ કલાઇ. 406.

૮૪૪. " પીસતન રીંગ " બનાવવાની ધાતું—તરાંબું ૮૪ ભાગ, જસત ૮ ભાગ, કલાઇ ૨ ભાગ, સીસું ૪ ભાગ. T. 406.

૮૪૫. " મંઝ (Muntz) મેટલ "

નામની ધાતુ—તરાંબું ૬ ભાગ અને જસત ૪ ભાગને મેળવી દેવો. S. 13.

૮૪૬. "રીવેટ મેટલ" નામની ધાતું-તરાંબુ ૩૨ આંઉસ, કલાઇ ૨ આંઉસ, જસત ૧ આંઉસ. મેલવી દેવો. S. 13.

૮૪૭. કાંસુ બનાવવાની રીત—ધાતુ ગાલવાની એક મુસમા ૪ ભાગ કલાઇ અને ૧૦ ભાગ તરાંબાને શાથે તાવી નાખવું. (જુઓ બીજી રીત નાં૦ ૮૪૮)

૮૪૮. બીજી રીત—જો ઓટકામને માટે બનાવવું હોય તો ધાતુ ગાલવાની એક મુસમાં ૩ ભાગ કલાઇ અને ૧૩ ભાગ પીતલને શાથે તાવી નાખવું.

૮૪૯. પીતલ બનાવવાની રીત—તરાંબુ ૨ ભાગ અને જસત ૧ ભાગ. એ બેઊ ધાતુને જુદી જુદી તાવવી. પછી એ બેઉને તરતજ ભેલી દેઇ ખુબ હીલવ હીલવ કરી મેલવી દેવો. (જુઓ બીજી રીત નાં૦ ૮૫૦) C. 351.

૮૫૦ બીજી રીત—તરાંબું ૭ ભાગ અને જશત ૩ ભાગ. પેહેલા તરાંબાને તાવી તેમાં જશત નાખી તાવીને મેલવી દેવો. એ ધાતું તીપવા લાયક થશે. (જુઓ ત્રીજી રીત નાં૦ ૮૫૧) C. 351.

૮૫૧ ત્રીજી રીત—શોજું પીતલ ૪ ભાગ, જશત ૧ ભાગ. પેહલા તરાંબાને તાવી તેમાં જશતને તાવી મેલવી દેવો. ઉપર કરતાં આએ મિશ્ર ધાતુંનો રંગ ઘેરો થશે અને તે શાથ એ ધાતું પણ શારી બનશે. C.351.

૮૫૨. તીપવાનું પીતલ બનાવવાની રીત—તરાંબું ૩૩ ભાગ, જશત ૨૫ ભાગ. પેહેલા તરાંબાને તાવી જશતને મેલવી નાખવું. (જુઓ બીજી રીત નાં૦ ૮૫૩)C.351.

૮૫૩. બીજી રીત—તરાંબું ૩ ભાગ અને જશત ૨ ભાગને તાવી મેલવી દેવો. હાવી રીતની બનાવેલી એ મિશ્ર ધાતુ જ્યારે ગરમ હશે તયારે ટીપાઈ શકાશે. C. 351.

૮૫૪. બતન બનાવવાનું પીતલ—તરાંબું ૮ ભાગ અને જશત ૫ ભાગ. તરાંબાને તાવી તેમાં જશત નાખી મેળવી દેવો. (જુઓ બીજી રીત નાં૦ ૮૫૫) C. 351.

૮૫૫. બીજી રીત—પીલું પીતલ ૧૬ ભાગ. જસન ૨ ભાગ, કલાઇ ૧ ભાગ. એ બધાને તાવીને મેલવી દેવો. એ પીતલ ઉપર કરતાં ફીકા રંગનું થશે (જુઓ ત્રીજી રીત નાં૦ ૮૫૬) C. 351.

૮૫૬. ત્રીજી રીત—તરાંબુ ૨૫ ભાગ, જસત ૨૦ ભાગ, સીસું ૩ ભાગ અને કલાઇ ૨ ભાગ. એ બધાને તાવી મેલવી દેવો. એ ધાતુંના હલકી જાતના બતન બનાવેછે. C. 351.

૮૫૭. બારીક ઓતકામને માટે પીતલ—તરાંબુ ૬૨ ભાગ, જશત ૩૫ ભાગ, સીસું ૨ ભાગ અને કલાઇ ૧ ભાગ. એ બધાને તાવી મેલવી દેવો. (જુઓ બીજી રીત નાં૦ ૮૫૮) C. 351.

૮૫૮. બીજી રીત—તરાંબું ૬૦ ભાગ, કલાઇ ૪ ભાગ. એ બધાને તાવી મેલવી દેવો. (જુઓ ત્રીજી રીત નાં૦ ૮૫૯) C. 351.

૮૫૯. ત્રીજી રીત—તરાંબું ૯૦ ભાગ જસત ૭ ભાગ, કલાઈ ૨ ભાગ, સીસું ૧ ભાગ. એ બધાને તાવી મેલવી દેવો. એ ઘેરા રંગનું થશે. C. 351.

૮૬૦. કાંટવાનું પીતલ—શોજુ પીતલ ૯૮ ભાગ અને સીસું ૨ ભાગને શાથે તાવી નાખવું. (જુઓ બીજી રીત નાં૦ ૮૬૧) C. 351.

૮૬૧. બીજી રીત—તરાંબું ૬૧ ભાગ, જસત ૩૬ ભાગ અને સીસું ૩ ભાગને શાથે ગાલી નાખો. (જુઓ ત્રીજી રીત નાં૦ ૮૬૨) C. 351.

૮૬૨ ત્રીજી રીત—તરાંબું ૬૫ ભાગ, જસત ૩૩ ભાગ, સીસું ૨ ભાગ. એ બધાને તાવી મેળવી દેવો. C. 351.

૮૬૩. તાર બનાવવા માટે પીતલ—

તરાંબુ ૭૨ ભાગ, જસત ૨૮ ભાગ. એ બધાને તાવી મેળવી દેવો. C. 351.

૮૬૪. સોનાના સીક્કા બનાવવા માટે ધાતુની મેળવણી—સોનું ૯૦ ભાગ અને તરાંબું ૧૦ ભાગને સાથે મેળવયાથી થાએ છે. Cy. 584.

૮૬૫. રૂપાના સીક્કા બનાવવા માટે ધાતુની મેળવણી—રૂપું ૯૦ ભાગ અને તરાંબું ૧૦ ભાગને શાથે મેળવવું. Cy. 588.

૮૬૬. એલ્યુમીનીયમ અને જસતની મેળવણીથી બનાવેલી ધાતુ—આએ મેળવણીની બનાવેલી ધાતું ઘણી કઠણ બનેછે. તે શાથ એની જલેહ (પાલીશ) પણ શારી નીકલે છેઃ—૩ ભાગ જસત અને ૯૭ ભાગ એલ્યુમીનીયમને શાથે તાવીને મેલવી નાખવું એ ધાતું શફેદ ચાંદીના રંગની થશે.T. 4.

૮૬૭. રાતા રંગનું પીતલ—૯૧ ભાગ તરાંબુ અને ૯ ભાગ જશતને મેલવયાથી થાયછે. T. 8.

૮૬૮. ધાંટ ઓટી શકાય એવું પેહેલા નંબરની બરોઝ ધાતું—તરાંબુ ૧૨૦ ભાગ, જસત ૨૫ ભાગ અને બીશમથ ૧/૪ ભાગ T. 8.

૮૬૯. ઓટકામ કરવા માટે હલકી જાતની બરોઝ ધાતું—તરાંબુ ૧૦૦ ભાગ, જસત ૬ા ભાગ અને કલાઇ ૧૨ા ભાગ. એ બધાને મેલવયાથી થાયછે. T. 8.

૮૭૦ "વારનમેતલ" (Warne metal) નામની ધાતું—એ ધાતુની બનાવેલી જીણુશ રૂપાના જેવી દેખાય છેઃ-કલાઇ ૧૦ ભાગ, "નીકેલ" (Nickel) ૭ ભાગ, "બીસમઠ" ૭ ભાગ અને "કોબાલટ" (Cobalt) ૩ ભાગ. (જુઓ નાં ૮૭૧) T. 403.

૮૭૧. "ત્રાબાક મેતલ" (Trabak metal) નામની ધાતું—એ ધાતુની બનાવેલી જીણસો રૂપાંના જેવી દેખાયછે. કલાઇ ૮૭ ભાગ, નીકેલ ૫ ભાગ, "એનતીમની" ૫ ભાગ અને બીશમથ ૨ ભાગ. T. 403.

૮૭૨. "મંગાનીઝ બરોંઝ" (Manganese bronze) નામની ધાતું—હાલમાં વેલાંતમાં આએ ધાતુનો વપરાશ વધારે કરવામાં આવેછે. એનો રંગ શફેદ હોય છે. તરાંબું શેંકડે ૮૮ તકા, કલાઇ ૧૦ તકા અને મંગાનીઝ ૨ ટકા. એ બધાને મેલવયાથી થાયછે. T. 405.

૮૭૩. "મીનારજંત" (Minargent) નામની ધાતું—એ ધાતુની બનાવેલી જીણુશ રૂપાંના જેવી દેખાયછેઃ-તરાંબુ ૧૦૦ ભાગ, "નીકેલ" ૭૦ ભાગ, "તંગસ્તન" (Tungsten) ૫ ભાગ અને "એલ્યુમીનીયમ" ૧ ભાગ. એ બધાને તાવી એકરશ કરવું T. 8.

૮૭૪. "આરજનતાઇન" (Argentine) નામની ધાતું—એ ધાતુની બનાવેલી જીણસો રૂપાની બનાવેલી હોય તેવી દેખાય છે અને તેના ચમચા, કાંતા તથા મીનબતી મુકવાની સમેદાની વગેરે બનાવેછે. ૨૫ ભાગ "નીકેલ" (Nickel), ૨૦ ભાગ જસત અને ૬૦ ભાગ તરાંબું. જો એને ઓટકામને માટે બનાવવું હોયતો એમાં ૩ ભાગ સીસું ઉમેરવું. (જુઓ બીજી રીત નાં ૮૭૫) F. 6.

૮૭૫. બીજી રીત—"નીકેલ" ૧ ભાગ, જસત ૧ ભાગ અને તરાંબું ૨ ભાગ. એ બધાને શાથે તાવીને મેલવી દેવો. F. 6.

૮૭૬. ચીનાઈ રૂપુ—રૂપું ૨ ભાગ, તરાંબુ ૬૫ ભાગ, જસત ૧૯ ભાગ અને "નીકેલ" (Nickel) ૧૩ ભાગ. આએ મીશ્ર ધાતુના બનાવેલા વાસણો રૂપાંના જેવા થાયછે. T. 7.

૮૭૭. "ઇલેકત્રમ" (Electrum) નામની ધાતું—નીકેલ ૩ થી ૪ ભાગ અને તરાંબુ ૮ ભાગને શાથે મેલવ્યાથી થાય છે. F. 6.

૮૭૮. એલ્યુમીનીયમ બરોઝ (Aluminium bronze) નામની સોનાજેવી ધાતુ—તરાંબુ ૫૦ ભાગ અને "એલ્યુમીનીયમ" ૧૦ ભાગ. તરાંબાને પીગલાવી તેમાં એલ્યુમીનીયમ નાખી, મેળવીને એકરસ કરવું. એ ધાતુનો રંગ ઠીક સોનાને મલતો આવે છે. T. 404.

૮૭૯. ચાંદ (મેડલ) બનાવવાની બરોંઝ ધાતું—તરાંબુ ૮૯ ભાગ, કલાઈ ૮ ભાગ અને જસત ૩ ભાગ. આએ ધાતુના બનાવેલા ચાંદ જમાના સુધી તેવીજ હાલતમાં રહેછે તેમજ એનીપર લેખ અથવા ચીત્રનાં સ્તાંપ સારી રીતે પડી શકેછે. (જુઓ બીજી રીત નાં૦ ૮૮૦) C. 368.

૮૮૦. બીજી રીત—તરાંબુ ૯૫ ભાગ, કલાઇ ૪ અથવા ૫ ભાગ. એ મેલવણીની ધાતું નાહની જીણસો ઘાટવા માટે ઠીક છે. C. 368.

૮૮૧. "સ્પેકયુલમ મેતલ" (Speculum metal) નામની ધાતું—નામની ધાતું—તરાંબુ ૨ રતલ, કલાઇ ૧ રતલ અને "આરશેનીક" (સોમલ) ૧ આંઉસ. S. 13.

૮૮૨. ખાંડણી બનાવવાની બરોંઝ ધાતું—તરાંબુ ૯૩ ભાગ, સીસું ૫ ભાગ અને કલાઇ ૨ ભાગ. C. 368.

૮૮૩ બાહુવલા અથવા પુતલા બનાવવાની બરોંઝ ધાતું—તરાંબુ ૮૮ ભાગ, કલાઇ ૯ ભાગ, જસત ૨ ભાગ, અને સીસુ ૧ ભાગ. એ બધાને તાવીને મેળવી નાખવું. (જુઓ બીજી રીત નાં૦ ૮૮૪) C. 368.

૮૮૪ બીજી રીત—તરાંબું ૮૨॥ ભાગ, જસત ૧૦॥ ભાગ, કલાઇ ૫ ભાગ અને સીસું ૨ ભાગ. સુચણા—૧૫ માં લુઈ રાજાનું જે પ્રખ્યાત બાહુવલું બનાવવામા આવ્યુ હતું તે આએજ પ્રમાણમાં આપેલી ધાતુંનું બનાવેલું. હતું. (જુઓ તરીજી રીત નાં૦ ૮૮૫) C. 368.

૮૮૫. ત્રીજી રીત—તરાંબુ ૯૦ ભાગ, કલાઇ ૯ ભાગ અને સીસું ૧ ભાગ. (જુઓ ચોથી રીત નાં૦ ૮૮૬) C. 368.

૮૮૬ ચોથી રીત—તરાંબુ ૯૧ ભાગ અને કલાઇ ૯ ભાગ. C. 368.

૮૮૭. ઘરેણા બનાવવાની બરોંઝ ધાતું—ધાતુ ગાલવાની એક મુસમાં સીસુ. ૨ તોલા, કલાઇ ૩ તોલા, જસત ૧૮ તોલા, અને તરાંબુ ૮૨ તોલા નાખી તાવીને મેલવી દેવો. પંચ જેસની ધાતુની વીતીઓ અથવા ઘરેણા બનાવેછે તે એ ધાતુના હોય છે (જુઓ બીજી રીત નાં૦ ૮૮૮) T. 8.

૮૮૮. બીજી રીત—ધાતુ ગાલવાની એક મુસામાં અરધો તોલો સીસું, એક તોલો કલાઇ, ૮૩ તોલા તરાંબુ અને ૧૩ તોલા જસત નાખી તાવીને મેલવી દેવો. હાલમા દેસીઓનાં પચ લોહ ધાતુની વીતીઓ તથા બીજી જણસો ઘડાવીને પેહેરે છે તે એવી જાતની મેલવણીની બનાવેછે. T. 8.

ઘરો રંગવા માટે તરેહવાર જાતના રંગો.

Colors for house painting.

૮૮૯. તરેહવાર જાતના રંગો બનાવવામાં કીઆ કીઆ રંગોની મેલવણીથી તેવા રંગો બને છે—તે આએ એઠલ આપેલી કેટલીક જાતના રંગો બનાવવાની રીતો આપેલી છે તે ઉપરથી તરત માલમ પડી આવશે. એ રંગ મેલવવાની રીતો ઘરો રગનારા રંગારીઓ માટે તથા તેવા બીજા કામ કરનારાઓ ચીતારાઓ માટે ઘણી ઉપયોગી થઇ પડશે. જો કોઇબી રંગને ખોલો કરવો હોય તો તેમાં સફેતો નાખી મેલવવો અને ગેરો રંગ કરવો હોય તો તેમાં કાલો રંગ અથવા કોઇબી જાતનો ઘણો ઘેરો રંગ નાખવો. એ રંગોના નામ અસલ ઇંગરેજીમા છે તેજ પ્રમાણે અતરે પણ લીધાછે, કેમકે કેટલીક જાતનાં રંગના

અંગરેજી નામોનો ગુજરાતીમાં શબ્દો મળી શકતા નથી (જુઓ એટલા આપેલા જુદા જુદા રંગો બનાવવાની રીત ના૦ ૮૫૦). પહેલા થોડા રંગનો નમુનો બનાવી પછી વધારે રંગની મેલવણી બનાવો.

૮૯૦. "લેડકલર" સીસાનો રંગ— સફેતો ૮ ભાગ, બલુ રંગ ૧ ભાગ, અને કાલો રંગ ૧ ભાગ. એ બધાને મેલવવાથી "લેડકલર" યાને સીસાના જેવો રંગ થશે. (જુઓ બીજી રીત ના૦ ૮૯૧)

૮૯૧ બીજી રીત—સફેતો અને કાલો રંગ મેલવવાથી થાય છે.

૮૯૨. "મીદયમ ગ્રે કલર" નામનો રંગ—૮ ભાગ સફેદામાં ૨ ભાગ કાલો રંગ મેલવી નાખો.

૮૯૩. ખુલ્લો બફ રંગ—"યલ્લો ઓચર" (Yellow ocher —પીલો રંગ) મા બફ રંગનો થાય એટલો તેમાં સફેતો નાખી મેલવી દેવો.

૮૯૪. ઘેરો બફ રંગ—જેમ ઉપર ખુલ્લો બફ રંગ બનાવવાની રીત છે (જુઓ ના૦ ૮૯૩) તેજ પ્રમાણે રંગ લેઇ મેલવવો પણ એમાં વધારે એટલુંજ કે ઘેરો રંગ કરવા માટે એમા જરા રાતો રંગ ઉમેરવો

૮૯૫ "હાર્ત ગ્રે કલર" નામનો રંગ —૧૬૦ ભાગ "લેમપ બલેક" ની અંદર ૧ ભાગ સફેતો મેલવી નાખો.

૮૯૬. ફ્રેંચ ગરે કલર નામનો રંગ— સફેતામા જરા "આઇવરી બલેક" નાખી મેલવવો.

૮૯૭. ગોલ્ડ કલર (સોનેરીરંગ)— સફેત અને પીલા રંગમાં જરા રાતો અને બલુ રંગ નાખી મેલવવું. (જુઓ બીજી રીત ના૦ ૮૯૮)

૮૯૮. બીજી રીત—"ક્રોમ યલ્લો" નામના રંગમાં જરા હીંગલો અને સફેતો નાખી મેલવવું. F. 177.

૮૯૯. "પરલ કલર" નામનો રંગ— સફેતામાં કાલો રંગ મેલવો અને તેમાં થોડો "પુરસીઅન બલુ" નામનો રંગ નાખવો. (જુઓ બીજી રીત ના૦ ૯૦૦)

૯૦૦. બીજી રીત—સફેતો, કાલો રંગ અને રાતો રંગ તેના મીજાન પ્રમાણે લેઇને મેલવવો.

૯૦૧. "કાનારી કલર" (Canary colour) નામનો રંગ—૫ ભાગ સફેત રંગની અંદર ૩ ભાગ "લેમન યલ્લો" નામનો રંગ નાખી મેલવી દેવો.

૯૦૨. "ઓક કલર" નામનો રંગ—૫ ભાગ સફેદ રંગની અંદર ૨ ભાગ પીલો રંગ અને ૧ ભાગ રાતો રંગ નાખી મેલવી દેવો.

૯૦૩. "ઓલીવ કલર" નામનો રંગ—પીલો રંગ ૮ ભાગ, બલું રંગ ૧ ભાગ અને કાલો રંગ ૧ ભાગ. એ બધાને મેલવી દેવો.

૯૦૪. "ઓલી ચીન કલર" નામનો રંગ—"યલ્લો ઓચર" નામનો રંગ ૧ ભાગને અરધો ભાગ કાજલની સાથે મેલવી દેવો.

૯૦૫. "ચોકોલેટ કલર" નામનો રંગ—"વેનીશીઅન રેડ" નામના રંગની અંદર કાલો રંગ નાખી મેલવવો. (જુઓ બીજી રીત ના૦ ૯૦૬)

૯૦૬ બીજી રીત—"કારમીન" (કીરમજના) રંગમાં "બરંટ અમબર" નામનો રંગ મેલવવો.

૯૦૭. "ઓલીવ બ્રાઉન કલર" નામનો રંગ—૩ ભાગ "બરંટ અમબર" નામના રંગમાં ૧ ભાગ "લેમન યલ્લો" નામનો રંગ નાખી મેલવવો.

૯૦૮. "ક્લે ડ્રાબ કલર" નામનો રંગ—"રો સીના" (Row sienna) નામના રંગમાં "રો અમબર" (Raw amber) નામનો રંગ અને સફેતો સરખે ભાગે લેઇને

મેલવવો. પછી તેમાં "કરોમ ગ્રીન" નામનો રંગ "શેડ" ને વાશતે નાખવો.

૯૦૯. "સ્નફ કલર" યાને તપખીરેયો રંગ—૪ ભાગ પીલા રંગમાં ૨ ભાગ "વેનદાઇક બ્રાઉન" નામનો રંગ નાખી મેલવી દેવો.

૯૧૦. "રોઝ કલર" યાને ગોલાબી રંગ—૫ ભાગ સફેત રંગમાં ૨ ભાગ "કારમીન" નામનો (કીરમજનો) રંગ નાખી મેલવવો.

૯૧૧. "શાલમન કલર" નામનો રંગ—૫ ભાગ સફેતો, ૧ ભાગ પીલો રંગ, ૧ ભાગ "અંમબર કલર" નામનો રંગ અને ૧ ભાગ રાતો રંગ. એ બધાને મેલવી દેવો.

૯૧૨. "બ્રાઉન કલર" નામનો રંગ—૩ ભાગ રાતો રંગ, ૨ ભાગ કાલો રંગ અને ૧ ભાગ પીલા રંગને શાથે મેલવી દેવો.

૯૧૩. "લેમન કલર" નામનો રંગ—૫ ભાગ "લેમન યેલ્લો" નામનો રંગ અને ૨ ભાગ સફેત રંગને મેલવી દેવો. લીંબુને રંગનો રંગ થશે.

૯૧૪. "ગ્રા કલર" નામનો યાને ઘાસનો રંગ—૫ ભાગ પીલો રંગ, ૨ ભાગ સફેત રંગ અને ૧ ભાગ રાતો રંગ મેલવી દેવો. એટલે ઘાસનો રંગ થશે.

૯૧૫. "ફ્રાઉન કલર" નામનો રંગ—૮ ભાગ સફેત રંગ, ૧ ભાગ રાતો રંગ, ૨ ભાગ પીલો રંગ અને ૧ ભાગ "અમબર કલર" નામનો રંગ નાખી મેલવવો.

૯૧૬. "ફલેશ કલર" નામનો રંગ—સફેદ રંગ ૮ ભાગ, રાતો રંગ ૩ ભાગ અને "કરોમ યલ્લો" નામનો રંગ ૩ ભાગ. એ બધાને મેલવી દેવો.

૯૧૭. "ચેશનટ કલર" નામનો રંગ—રાતો રંગ ૨ ભાગ, કાલો રંગ ૧ ભાગ અને "કરોમ યલ્લો" નામનો રંગ ૨ ભાગ. એ બધાને શાથે મેલવી નાખો.

૯૧૮. "વાઇન કલર" નામનો રંગ—"અલતરામેરીન" નામનો રંગ ૨ ભાગ અને "કારમીન" (કીરમજનો રંગ) ૩ ભાગને મેલવી દેવો.

૯૧૯. લીલો (ગ્રીન) રંગ—બલુ રંગમાં પીલો રંગ મેલવી દેવો. અથવા કાલો રંગ પીલા રંગની સાથે મેલવવો.

૯૨૦. "મારૂન (Maroon) કલર" નામનો રંગ—"કારમીન" નામનો કીરમજી રંગ ૩ ભાગ અને ૨ ભાગ પીલો રંગ મેલવવો.

૯૨૧. "તાન (Tan) કલર" નામનો રંગ—૫ ભાગ "બરંટ શીના" નામનો રંગ, ૨ ભાગ પીલો રંગ અને ૧ ભાગ "રૌ અમબર" (Raw amber) નામનો રંગ મેલવયાથી થાય છે.

૯૨૨. "પી ગ્રીન કલર" નામનો રંગ—સફેતો ૫ ભાગ અને "કરોમ ગ્રીન" નામનો રંગ ૧ ભાગની શાથે મેલવી નાખવું.

૯૨૩—"સ્તોન કલર" નામનો રંગ—સફેદ રંગ ૫ ભાગ, પીલો રંગ ૨ ભાગ અને "બરંટ અમબર" નામનો રંગ ૧ ભાગ. એ બધાને મેલવી દેવું.

૯૨૪. "સીત્રન કલર" નામનો રંગ—રાતો રંગ ૩ ભાગ, પીલો રંગ ૨ ભાગ અને બલુ રંગ ૧ ભાગને સાથે મેલવી દેવો.

૯૨૫. "દ્રાબ (Drab) કલર" નામનો રંગ—સફેતો ૯ ભાગ અને અંબર ૧ ભાગ ને શાથે મેલવવું.

૯૨૬. "લીલાક કલર" નામનો રંગ—૪ ભાગ રાતો રંગ, ૩ ભાગ સફેતો અને ૧ ભાગ બલુ રંગને શાંથે મેલવી નાખો.

૯૨૭. જાંબુરી રંગ—જેમ ઉપર "લીલાક કલર" બનાવવાની રીત છે

(જુઓ ના૦ ૯૨૬) તેજપ્રમાણે રંગ લેવો, પણ એમાં બલુ રંગ ૨ ભાગ લેવો.

૯૨૮. "ક્રીમ કલર" નામનો રંગ—સફેત રંગ ૫ ભાગ, પીલો રંગ ૨ ભાગ અને રાતો રંગ ૧ ભાગને શાથે મેલવી નાખો.

૯૨૯. "કલારેટ કલર" નામનો રંગ—રાતા રંગની શાથે કાલો રંગ ભેલો અથવા "કારમીન" રંગની સાથે બલુ રંગ મેલવવો.

૯૩૦. "દવ કલર" નામનો રંગ—રાતો, શફેત, બલુ અને પીલો રંગ મેલવીને બનાવો.

૯૩૧. "લાઈત ગરે કલર" નામનો રંગ—સફેત રંગ ૯ ભાગ, બલુ રંગ ૧ ભાગ અને કાલો રંગ ૧ ભાગને સાથે મેલવી નાખો.

૯૩૨. "વીલો ગ્રીન કલર" નામનો રંગ—સફેદ રંગ ૫ ભાગ, અને જંગાલ ૨ ભાગને મેલવી દેવો.

૯૩૩. "પીચ બ્લોશમ કલર" નામનો રંગ—સફેદ રંગ ૮ ભાગ, રાતો રંગ ૧ ભાગ, બલું રંગ ૧ ભાગ અને પીલો રંગ ૧ ભાગને મેલવી દેવો.

૯૩૪ "બરેંઝ ગ્રીન કલર" નામનો રંગ—"કરોમ ગ્રીન" નામનો રંગ ૫ ભાગ, કાલો રંગ ૧ ભાગ અને "અમબર કલર" ૧ ભાગને શાથે મેલવવું.

૯૩૫. "કારનેશન રેડ કલર" નામનો રંગ—૩ ભાગ "લેક" (કીરમજી રંગ) અને ૧ ભાગ સફેત રંગને મેલવવું.

૯૩૬. "ગરાસ ગ્રીન કલર" નામનો રંગ—પીલો રંગ ૩ ભાગ અને પુરશયન બલું નામનો રંગ ૧ ભાગને શાથે મેલવી દેવો. (જુઓ બીજી રીત ના૦ ૯૩૭).

૯૩૭. બીજી રીત—કરોમ યલ્લો નામનો રંગ ૧ ભાગ, શફેતો ૧ ભાગ અને બરલીન બ્લુ ૧/૧૦ ભાગને મેલવી દેવો. એ ખુલ્લો રંગ થશે.

૯૩૮. "ગ્રીક કલર" (કંતરદીનો રંગ)—૨ ભાગ "યલ્લો ઓકર" નામનો રંગ, ૧ ભાગ રાતો રંગ અને ૧ ભાગ સફેદ રંગને સાથે મેલવી દેવો

૯૩૯ "પોરટલાંડ સ્તોન કલર" નામનો રંગ—"રો અંબર (Raw amber) નામનો રંગ ૩ ભાગ, "યલ્લો ઓકર" નામનો રંગ ૩ ભાગ અને સફેદ રંગ ૧ ભાગને મેલવી દેવો.

૯૪૦ "જેલમ કલર" નામનો રંગ—સફેદ રંગ ૨ ભાગ, બલુ રંગ ૧ ભાગ અને રાતો રંગ ૧ ભાગને મેલવી નાખો.

૯૪૧. "આરંજ કલર" નામનો રંગ—"કરોમ યલ્લો" નામના રંગમાં હીંગલો નાખી મેલવવો.

૯૪૨. "ઓલીવ ગ્રીન કલર" નામનો રંગ—"રો અંબર" નામના રંગમાં "પુરસયન બલુ" નામનો રંગ મેલવવો. S. Paris Davis N. W. Builder and Decorator. S. A.

૯૪૩. "એપલ ગ્રીન કલર" નામનો રંગ—"મીનરલ ગ્રીન" નામનો રંગ ૧ ભાગ અને "કરોમ યલ્લો" નામનો રંગ ૧/૫ ભાગને બારીક વાટી શાથે મેલવી દેવો. જો એને ખોલ્લો રંગ કરવો હોય તો (જુઓ બીજી રીત) ના૦ ૯૪૪ T. 262.

૯૪૪ બીજી રીત—"મીનરલ ગ્રીન" નામનો રંગ ૧ ભાગ, સફેતો ૧ ભાગ અને "કરોમ યલ્લો" નામનો રંગ ૧/૧૬ ભાગને મેલવી દેવો. જો એથી પણ વધારે ખોલ્લો રગ કરવો હોય તો જુઓ ત્રીજી રીત ના૦ ૯૪૫.)

૯૪૫ ત્રીજી રીત—"કરોમ યલ્લો" નામનો રંગ ૧ ભાગ અને "બરલીન બ્લુ" નામનો રંગ ૧/૧૦ ભાગને શાથે મેલવી દેવો.

૯૪૬. "ઓરોરા (Aurora) ના-

અનો રંગ—"કરોમ યલ્લો" ૧ ભાગને ૧/૬ ભાગ હીંગલા ("વરમીલીયન") ની શાથે મેલવી દેવો.

૯૪૭. "બ્લુ કલર" (બલુ રંગ)—સફેદ રંગ ૧ ભાગ, "બરલીન બ્લુ" નામનો રંગ ૧/૨૫ ભાગને થોડુ લાખ વારનીસની શાથે મેલવી દેવો.

૯૪૮ "એઝ્યુર બ્લુ" (આસમાની રંગ)—સફેતો ૧ ભાગ અને બરલીન બ્લુ નામનો રંગ ૧/૨૪ ભાગને શાથે મેલવી દેવો.

૯૪૯. ખોહ્લો બ્લુ રંગ—૧ ભાગ સફેતાને ખુબ બારીક વાટીને તેમા ૧/૨૦ ભાગને કાલી ગુલી નાખી મેલવી દેવો.

૯૫૦. "બરેમન (Bremen Green) ગ્રીન નામનો રંગ—સફેતો ૧ ભાગ, "કરોમ યલ્લો" નામનો રંગ ૧૪ ભાગ, "બરલીન બ્લુ" નામનો રંગ ૧/૨૫ ભાગ અને કાજલ ૧/૨૫ ભાગ લેઈ મેલવી દેવો.

૯૫૧. "[illegible] કલર" નામનો રંગ—[illegible]તો ૧ ભાગ, "કરોમ યલ્લો" ૧/૫૦ ભાગ અને હીંગલો (વરમીલીયન) ૧/૩૦ ભાગને શાથે મેલવી દેવો

૯૫૨ "[illegible] (Cherry-red) કલર" નામનો રંગ—"[illegible]" ૧ ભાગને બારીક વાટી ૧/૬ ભાગ [illegible] (Lac v[illegible]) શાથે મેલ[illegible].

૯૫૩ "[illegible]" નામનો રંગ—"પુરશીયન રેડ" નામનો રંગ ૧ ભાગ [illegible] ૧/૨ ભાગ [illegible] ૧/૨ [illegible] બારીક વાટીને મેલવી [illegible].

૯[illegible]. "[illegible] ([illegible]) કલર" નામનો રંગ—"વરમીલીયન" (હીંગલો) અને [illegible] રંગને શાથે મેલવી દેવો.

૯[illegible] "ફલાક્ષ ગર" (Fl[illegible]) નામનો રંગ—સફેતા ૧ ભાગને બારીક વાટી તેમા ૧/૬ ભાગ કાજલ અને ૧/૬ ભાગ "લેક" ([illegible]) નામનો કીરમજી રંગ નાખી મેલવી દેવો.

૯૫૬. "હેઝલ યલ્લો કલર" નામનો રંગ—સફેતો ૧ ભાગ, "યલો ઓચર" નામનો રંગ ૧/૧૬ ભાગ, "રેડ ઓચર" ૧/૬ ભાગ અને કાલો રંગ ૧/૬ ભાગને મેલવી દેવો.

૯૫૭. "જોનકુવીલ (Jonquil) કલર "નામનો રંગ--સફેતો ૧ ભાગ અને "કરોમ યલ્લો" નામનો રંગ ૧/૬ ભાગ સાથે મેલવી દેવો.

૯૫૮. "માહુગની કલર" નામનો રંગ—"સફેતો ૧ ભાગ," કીરમજી લેક ૧/૧૬ ભાગ અને બરલીન બલુ નામનો રંગ ૧/૨૫ ભાગ. એ બધાને બારીક વાટીને મેલવી દેવો.

૯૫૯ "સી ગ્રીન કલર" નામનો રંગ—સફેતો ૧ ભાગ, "કરોમ યલ્લો" ૧/૬ ભાગ અને "બરલીન બ્લુ" ૧/૩૦ ભાગને મેલવી દેવો.

૯૬૦. "[illegible]નો રંગ—સફેતો ૧ ભાગ, "[illegible] યલ્લો નામનો રંગ ૧ ભાગ અને એ રંગ [illegible] થાય તેટલો તેમા "[illegible] બલુ" નામનો રંગ નાખી મેલવી દેવો.

૯૬૧ "[illegible] કલર" નામનો રંગ [illegible] કરવો હોય તો "કારમીન લેક" [illegible] "બરલીન બલુ" નામનો રંગ નાખી [illegible] વાટીને મેલવી દેવો. જો એ [illegible] રંગ કરવો હોય તો જુઓ બીજી રીત નં૦ ૯૬૨.

૯૬૨. "બીજી રીત—"કારમીન લેક" નામનો રંગ ૧ ભાગને ૧/૧૬ ભાગ "બરલીન બલુ" રંગ સાથે મેલવી દેવો. જો એને ખુલ્લો રંગ કરવો હોય તો જુઓ ત્રીજી રીત નાં૦ ૯૬૩.

૯૬૩. "ત્રીજી રીત—"કારમીન લેક" નામનો રંગ ૧/૩ ભાગ, સફેતો ૧ ભાગ અને "બરલીન બલુ" ૧/૨૫ ભાગને સાથે મેલવી

દેવો. જો એને બહુજ ખુલ્લો રંગ કરવો હોય તો જુઓ ચોથી રીત નાં૦ ૯૬૪.

૯૬૪. ચોથી રીત—"કારમીન લેક" નામનો રંગ ૧ ભાગ, સફેતા ૧ ભાગ, અને "બરલીન બ્લુ" $\frac{1}{10}$ ભાગને મેલવી દેવો

૯૬૫. "વાલનટ કલર" નામનો રંગ—જો ઘેરો રંગ કરવો હોય તો સફેતા ૧ ભાગ, "અમબર" (Umber) નામનો રંગ $\frac{1}{8}$ ભાગ અને "રેડ ઓચર" નામનો રંગ $\frac{1}{15}$ ભાગ. એ બંનેને બારીક વાટી મેલવી દેવો. જો એને ખોલ્લો રંગ કરવો હોય તો (જુઓ બીજી રીત નાં૦ ૯૬)

૯૬૬. બીજી રીત—સફેતો ૧ ભાગ, કેસરના રંગને મલતો હેવો પીલો યાને (લાલ પીલો) રંગ $\frac{1}{19}$ ભાગ અને "સેના" નામનો (Sienna) રંગ $\frac{1}{18}$ ભાગ મેલવી દેવો. જો એને ઘણો ખુલ્લો રંગ કરવો હોય તો જુઓ ત્રીજી રીત નાં૦ ૯૬૭).

૯૬૭. ત્રીજી રીત—સફેતો ૧ ભાગ, લાલ પીલો રંગ $\frac{1}{10}$ ભાગ અને "સેના" નામનો રંગ $\frac{1}{10}$ ભાગને શાથે મેલવી દેવો,

"સીમેંટ" (સાંધવાની મેલવણી) તથા લાહી, લાંબી અને તરેહવાર જાતના સરસ.

Cements, Pastes, Putties and Glues.

૯૬૮. અલાબાસતરને સાંધવાની મેલવણી—"અલાબાસતર" એ એક નરમ જાતનો પથર છે કે જેના તરેહવાર જાતના પુતલાંઓ તથા રમડાં વગેરે બનાવવામાં આવે છે. અને તેવા સામાનનો જો એકાદ કટકો ભાંગી ગયો હોય અને તેને સાંધવો હોય તો "પલાસતર આફ પેરીસ" (Plaster of Paris) નો ચારેલો ભુકો પાણીથી લાહી જેવો કરી તરતજ લગાડીને વલગાવો. (જુઓ બીજી રીત નાં૦ ૯૬૯) C. 408.

૯૬૯. બીજી રીત-પીલી રાલ (Yellow resin) બે ભાગને એક વાસણમાં ચુલ્હા ઉપર તાવી તેમાં એક ભાગ "પલાસતર આફ પેરીસ" (Plaster of Paris) નો ચારેલો ભુકો નાખી લાકડીએ કરી શારીપેઠે મેલવી દેઈ તે ભાંગેલા કટકાને જરા ગરમી આપી ઉપર ગરમ ગરમ એ મેલવણી પાટલી જેવી લગાડીને દાબીને વલગાવી દેવો. (જુઓ ત્રીજી રીત નાં૦ ૯૭૦) C. 408.

૯૭૦ ત્રીજી રીત—પીલી (Yellow resin) રાલ, મધમાખનું મીન અને "પલાસતર આફ પેરીસ" (Plaster of Paris) સરખે ભાગે લેવો. પેહલા એક વાસણમાં રાલ તથા મીન નાખી ચુલ્હા ઉપર મુકી તાવીને મેલવવું. પછી તેમાં "પલાસતર આફ પેરીસ" નો ચારેલો ભુકો નાખી લાકડીથી શારીપેઠે મેલવી તે ભાંગેલા કટકાઓને જરા ગરમી આપી ગરમ ગરમ એ મેલવણી પાટલી જેવી તેની પર લગાડી દાબીને વલગાવી દેવો. (જુઓ ચોથી રીત નાં૦ ૯૭૧) C. 408.

૯૭૧. ચોથી રીત—રાલ ૮ ભાગ, મીન ૧ ભાગ. એ બેઉને એક વાસણમાં ચુલ્હા ઉપર તાવી તેમાં "પલાસતર આફ પેરીસ" ૪ ભાગ નાખી લાકડીથી હીલવીને શારીપેઠે મેલવી દેઈ તે ભાંગેલા કટકાઓને જરા ગરમી આપી એ મેલવણી પાટલી જેવી ગરમ ગરમ ઉપર લગાડી દાબીને વલગાવી દેવો. C. 408.

૯૭૨. સંગેમરમરના પથર (મારબલ) ને સાંધવાની મેલવણી—ચીપડા લાખ અને ગંધકને એક વાસણમાં સાથે ચુલ્હા ઉપર તાવીને મેલવવી. પછી તે ભાંગેલા પથરને આતશનો તાપ દેખાડી પેલી મેલવણી ગરમ ગરમ પાટલી જેવી લગાડીને વલગાવી દેવો. Con. 101.

૯૭૩ સ્તીમ બાઇલરને માટે મેલવણી—મુડદારસીંગ (Litharge)

ઘણોજ બારીક ભુકો બે ભાગ, ઘણીજ બારીક ચારેલી રેતી ૧ ભાગ, કલીચુણો (એ કલીચુણાને પેહેલા સરદ જગા ઉપર મુકી રાખીને નરમ કરવો) ૧ ભાગ. એ બધાને શારીપેઠે મેલવી દેઈ તેને હવા નહી લાગે તેમ રાખી મુકો. જ્યારે કામ પડે તયારે જેટલો ખપ હોય તે પ્રમાણે એ ભુકામાંથી થોડો લેઇ તેમાં અલસીનું ઉકાલેલું ("બોઇલડ ઓઇલ") તેલ થોડું નાખી મેલવીને લાહી જેવું કરી તરત કામમાં લેવો. એ મેલવણી "સ્તીમ પાઇપ" ના સાંધામાંથી નીકલી જતી સ્તીમને બંધ કરવાને તેમજ બાઇલરમાં પડેલી ફાટો વગેરેમાં પુરવામાં આવે છે. C. 413.

૯૭૪. **પથરને સાંધવા માટે યાને ઘીંડ ફેડાઓને ઉપયોગની મેલવણી**—મીઠા પાણીની સોજી રેતી વીસ રતલ, મુડદારસીંગનો ભુકો બે રતલ, કલી ચુણાનો ભુકો એક રતલ અને એ મેલવણી પાટલી લાહી જેવી થાય એટલું અલસીનું તેલ. એ બધાને અલસીના તેલમાં શારીપેઠે મેલવી દેઇ પાટલી લાહી જેવું કરી ભાગેલા પથરના કટકા ઉપર લગાડી વલગાવી દાબી દેવો એટલે થોડો વખત થયા પછી મજબુત વલગી રેહશે. S. 24.

૯૭૫. **"બાતલીના બુચ પર મારવાને માટે સફેદ રંગની મેલવણી**—દારૂની અથવા બીજી કોઇ પ્રવાહીના ભરેલી બાતલીઓને બુચ મારી ઉપર શીલ કરવામાં આવે છે તે આ મેલવણીથી કરે છેઃ—રાલ ૫) રતલ અને મીન ૧ રતલને એક વાસણમાં નાખી ચુહુલા ઉપર મુકી મેલવવું. પછી તેમાં દર રતલ રાલે ત્રણ આંઉસ સફેતાનો બારીક ભુકો નાખીને લાકડીથી હીલવ હીલવ કરી મેલવી દેવો (જુઓ લાલ રંગની મેલવણી ના૦ ૯૭૮) C. 408.

૯૭૬. **બાતલીના બુચપર મારવાની નથા કાલા રંગની મેલવણી**—રાલ ૫) રતલ અને મીન ૧ રતલને એક વાસણમાં નાખી ચુહુલા ઉપર મુકીને સાથે તાવવું. પછી તેમાં દર રતલ રાલે ૪ આંઉસ સીંદુર નાખી લાકડીથી હીલવ હીલવ કરી મેલવી દેવો. અને જો એમાં સીંદુર નહી નાખો અને "આઇવરી બલેક" (Ivory black) નાખશો તો એ મેલવણી કાલી થશે.

૯૭૭. **વીજલી અને રશાયણ શાસ્ત્રને લગતાં અથીઆરોને માટે મેલવણી**—રાલ (Resin) ૫ રતલ, મીન એક રતલ, "પલાસતર આપ પેરીસ" ૨) આંઉસ. એ બધાને ધીમી આંચની ગરમીમાં એક વાસણમાં તાવી લાકડીથી હીલવ હીલવ કરી મેલવી નાખવું. એ મેલવણી રશાયન શાસ્ત્રના તથા વીજલીને લગતા અથીઆરોને કાચની નલીઓ તથા ફુક્કાના મોહડયાને ધાતુની સાથે વલગાવાના કામમાં આવે છે. એને Cap cement કરી કહે છે. C. 409.

૯૭૮. **લાકડાની ફાટમાં પુરવાની મેલવણી બનાવવાની રીત**—એક વાસણમાં પાશેર શોજ્ય સરસને ચાર શેર પાણીમાં નાખી ચુહુલા ઉપર મુકી બલતું કરવું. જ્યારે સરસ પીગલીને મલી જાય કે તે વાસણને ચુહુલા ઉપરથી નીચે ઉતારી થંડુ પડતા દેવા. પછી એ મેલવણી ઘટ થાય જેટલો એમાં ચાકનો ભુકો તથા લાકડાનો ચારેલો વેહેર નાખી લાકડીથી હીલવ હીલવ કરી મેલવી નાખવું. (જુઓ બીજી રીત ના૦ ૯૭૯) S. 24.

૯૭૯. **બીજી રીત**—સફેતો, ગેરૂ, ચાક અને મુડદારસીંગ સરખે ભાગે લેઇ બારીક ભુકો કરી મેલવી દેવો. પછી "આઇલ વારનીશ" (Oilvarnish) માં એ મેલવણી નાખી શારીપેઠે મેલવી ઘટ જેવી કરવી. S. 24.

૯૮૦. **મહાગનીના સામનમાં પડેલી ફાટમાં પુરવાની મેલવણી**—ચાર આંઉસ

મધમાખના મીનને એક વાસણમાં નાખી ચુહુલા પરં મુકી તાવવું પછી ગેરૂનો ચારેલો ભુકો તેમાં એક આંઉસ નાખવો અને માહગનીના જેવો રંગ આવે તેટલી હડતાલ તેમાં નાખી સારી પેઠે મેલવાને ખુબ એકરસ કરી નાખવું, (જુઓ બીજી રીત નાo ૯૮૧) S. 412.

૯૮૧. બીજી રીત—ચીપડા લાખ (Shell lac) ને તાવી ઉપર પ્રમાણે ગેરૂનો બારીક ભુકો તથા હડતાલ નાખી મેલવી દેવો. એ બેઉ મેલવણીને સુથાર લોકો માહગનીના સામનમાં પડેલી ફાટ અથવા નાકામાં પુરે છે. C. 412.

૯૮૨. સીલ કોતરનારને માટે મેલવણી—સીલકોતરનારાઓ જે ધાતુના પતરા ઉપર અથવા નાહના દગીણા ઉપર નકસી અથવા નંબર કોટરે છે તયારે કોતરતી વખતે તે પતરૂ અથવા દાગીણો ખીશી નહી જાય તેટલા માટે આએ એઠલ પ્રમાણે ગરમ મેલવણી બનાવી તેની ઉપર તે વલગાવે છે. જેથી તે મેલવણી થંડી થવા પછી તે પતરાને એટલું તો મજબુત વલગાવી રાખે છે કે જેથી પાછું નીકળી જવાની ધાસતી રેહતી નથી. તેમજ અવીઆરોને તેના હાથામાં જડવાને પણ એ મેલવણી ઉપયોગી છે. એ મેલવણીની ખુબી એવી છે કે એને કામમાં લીધા પછી એની એ મેલવણી તાવીને ફરી ફરીથી કામમાં આવે છે અને તેમ એ વધારે ચીકટ થતી જાય છે— કાલી રાલ એક શેર લેઇ એક વાસણમાં નાખી ચુહુલા ઉપર મુકી તાવવી. જ્યારે રાલ પીગલી રહે કે તેમાં ઇંતરદીનો ખુબ બારીક ભુકો એક શેર નાખી લાકડીથી હીલવ હીલવ કરી સારીપેઠે મેલવી દેવો. જ્યારે બરાબર ગલી જાય કે ચુહુલા ઉપરથી ઉતારી કામમાં લેવો. C. 413.

૯૮૩ ઝાડપાણના કુંડાઓને સાંધવાની મેલવણી—"બોટાની બે ગમ" જેને "બોતાની બે ગમ" (Botany bay gum) કરી કહે છે તે અને ઇંતરદીનો બારીક ભુકો સરખે ભાગે લેઈ ચુહુલા ઉપર મુકી તાવીને મેલવી દેવો. એ ઝાડપાણને લગતાં મટોડીના ભાંગેલા વાશણો (કુંડા) વલગાવાના કામમાં આવે છે. C. 408.

૯૮૪ કંસારાને ઉપયોગની યાને ત્રાંબાને સાંધવાની મેલવણી—બલદના લોહીની અંદર કલીચુણાના ચારેલા ભુકાને મેલવી જાડું જેવું કરી લગાડવું. એ મેલવણી ત્રાંબાના બાઇલરોની ગલતી સાંધમા પુરવાના કામમાં આવે છે. એ મેલવણી જેવી તાજી બનાવો તેવી તરતજ લગાડવી કેમકે વખત લાગાથી તરતજ બંધાઈ કઠણ થઇ જશે. C. 409.

૯૮૫. છરીના પાણાને અથવા બીજા હથીઆરોને અથવા કોઇબી જાતની લોહડાની ચીજોને હાથામા યાને લાકડામાં જડવાની મેલવણી—કાલી રાલ ૪ રતલ. મધમાખનું મીન ૧ રતલ. પેહલા એક વાસણમાં એ બેઉને ચુહુલા ઉપર પીગલાવી મેલવી નાખો. પછી તેમા ઇતરદીનો ચારેલો સુકો ભુકો ૧ રતલ નાખી લાકડાથી હીલવ હીલવ કરી મેલવી દેવા. પછી એ મેલવણી જ્યારે જોઇએ તયારે જો છરીને અથવા બીજા હથીઆરોને લાકડાના અથવા બીજી જાતના હાથામાં બેસાડવી હોય તો તે હાથામાં પાડેલા નાકામાં એ મેલવણી જેટલી માય તેટલી ભરવી પછી પેલી છરીના પાણાને અથવા હથીઆરને જે છેડા તરફથી હાથામાં બેસાડવું હોય તે તરફના છેડાને એ મેલવણી પીગલે તેટલું ગરમ કરવું. અને તે ગરમ હોય તેટલાંજ તેમાં જોરથી દાબીને ખોસવુ અને તે થંડું પડે તાંહાંસુધી તેને ઉભું હીલે નહી તેમ રેહવા દેવો એટલે તેમાં છરી અથવા હથીઆર મજબુત વલગી રેહેશે (જુઓ બીજી રીત નાo ૯૮૬) C. 402.

૯૮૬. બીજી રીત—રાલ તથા ઇતરદીનો ભુકો સરખે ભાગે લેઇ ઉપલી રીતે પીગલાવી મેલવી દેવો (જુઓ ત્રીજી રીત ના૦ ૯૮૭.)

૯૮૭. ત્રીજી રીત—"પીચ"(Pitch) ૪ ભાગ, ચરબી (Tallow) ૨ ભાગ અને ઇતરદીનો બારીક ચારેલો ભુકો ૨ ભાગ એ બધાને ઉપલી રીતે તાવીને મેલવી દેવો. S. 22.

૯૮૮. કંતારીને ઉપયોગની મેલવણી—મધમાખનું મીન ૧ આંઉસ, રાલ અરધો આંઉસ, "પીચ" (Pitch) અરધો આંઉસ. એ બધાને એક વાસણમાં નાખી ચુહ્લા ઉપર મુકીને તાવવું. જ્યારે પીગલીને મલી જાય કે તેમાં ઇંતરદીનો થોડો ભુકો નાખી મેલવીને ઉતારવું. C. 413.

૯૮૯. મીર્શચામની બનાવેલી ચીજોને સાંધવાની મેલવણી—કલીચુણાના ભુકાને ઇંડાંની સફેતીમાં મેલવી જાડી મલાહી જેવું કરીને તરત ભાગેલા કટકાઓને એથી વલગાવવા. કીમતી ચીરૂટ તથા તેની નલી મીર્શચામની બનાવે છે. S. 23.

૯૯૦. પીતલની તખતી ઉપર કોતરેલા અક્ષરોમાં ભરવાની મેલવણી—"એસફાલતમ" (Asphaltum), "બ્રાઉન જેપાન" (Brown Japan) અને બતીની કાજલ સરખે ભાગે લેઇ મેલવીને કાચ વલગાવાની લાંબીના જેવી ઘટ નરમ બનાવો. પછી એ મેલવણી અક્ષરોમાં ભરવી અને તેની ઉપરની કોરને તરપીતનથી શાફ કરી નાખો.

૯૯૧. બાઇલરની ફાટને સાંધવાની મેલવણી—લોહોડાના બનાવેલા બાઇલરમાં પડેલી ફાટ અથવા ચીડા વગેરેમાંથી ગલતું હોય તેમાં પુરવાને આએ મેલવણી અછી છે. ૭ ભાગ સુકી મટોડીના ભુકામાં એક ભાગ કાણુસથી ઘસેલો લોહોડાનો ભુકો નાખી મેલવવો. પછી એ મેલવણીને નરમ લાહી જેવી કરવાને માટે "બોઇલ્ડ લીનસીડ ઓઇલ" (ઉકાલેલું અલસીનું તેલ) થોડું નાખી મેલવીને એકરસ કરી નાખો. C.408.

૯૯૨. કાચને વલગાવા માટે ગટાપરચાની મેલવણી—ગટાપરચા ૧૦૦ ભાગ, બ્લેકપીચ અથવા એશફાલતમ ૧૦૦ ભાગ તરપીતન ૧૫ ભાગ. ગટાપરચાને બ્લેકપીચ અથવા એશફાલતમની શાથે તાવીને મેલવી દેવો. પછી ચુહ્લા ઉપરથી નીચે ઉતારી થોડું થંડું પડવા દેઇને તેમાં તરપીતન રેડી મેલવી નાખવું. એ મેલવણી ગરમ હોય તેટલાંજ લગાડવી. એ મેલવણી દરેક કામને માટે છે પણ ચામડાને શારી પેઠે વલગાવી રાખેછે. T. 61.

૯૯૩. ચામડાને વલગાવા માટે ગટાપરચાની (સીમેંટ) મેલવણી—"બાઇશલફાઇડ ઓફ કારબોન" ની અંદર ગતાપરચાને પીગલાવી શીરા જેવી એ મેલવણી કરવી પછી તેમાં "પેતરોલીયમ" (Petroleum) નામી નરમ કરી નાખવું. પછી જે ચામડાને સાંધવું હોય તેની પર એ મેલવણી પાટલી લગાડી ચામડાના કટકાને ખુબ જોરથી દાબી વલગાવવા. T. 61.

૯૯૪. રબરની કાંસકીઓને સાંધવાની મેલવણી—"બાઇ સલફાઇડ આફ કારબોન"ની અંદર ગટાપરચાનું શોલ્યુશન ઘણું નરમ કરી તેની ઉપર ના૦ ૧ લો કરી ચીઠી મારવી તથા એક બાજી સીસીમાં "બાઇ સલફાઇડ આફ કારબોન"ની અંદર ગંધકને પીગલાવી તેનીઉપર ના૦ ૨ જો કરી ચીઠી મારવી. હવે કાંસકીના જે ભાગને વલગાવવો હોય તે બેઉ ભાગ ઉપર ના૦ ૧ લા વાલી મેલવણી પીછીથી લગાડી મજબુત દાબીને વલગાવો. જ્યારે બરાબર છુકાયકે ના૦ ૨ જા વાલી મેલવણી પીછીએ કરી તેની ઉપર લગાડવી. T. 61.

૯૯૫. ઘોડાની ખડીમાં પુરવાની ગટાપરચાની મેલવણી—ઘોડાની ખડીઓમાં પડેલી ફાટ તથા ચીરામાં પુરવા માટે આએ

મેલવણી ઘણી શારીછે. "ગમ એમોનીઆક" ૧૦ ભાગ તોલીને લેવો તથા શીજો ગતાપ. રચા ૨૦ થી ૨૫ ભાગ તોલીને લેવો. પેહલા ગતાપરચાને ૧૯૫ દીગરીથી તે ૨૧૨ દીગરી ફૈરનહીતની ગરમી શુધી ગરમ કરી તેમાં "ગમ એમોનીઆક"નો ભુકો નાખી તે બધુ મળીને એક શરખુ થાય ત્યાં શુધી હીલવ હીલવ કરી મેલવી નાખવું. જયારે કામ પડે ત્યારે એ મેલવણી નરમ થાય તયાં સુધી તેને ગરમ કરવી, પછી જે ઠેકાણે એ મેલવણી લગાડવી હોય તે જગાને શારી પેઠે શાફ કરવી. પછી ખડીમાં પડેલી ફાટમાં એ મેલવણી ગરમ કીધેલી છરીના પાણીએ કરી તેમાં પુરવી. જયારે તે થંડી પડશે એટલે કઠણ થય જશે. એટલુજ નહી પણ નાલના ખીલા પણ તેમાં ઠોકી શકાશે. T. 61.

૯૯૬. પીકચર ફ્રેમ બનાવવાની મેલવણી—સરસને પાણીમાં ભીજવી રાખો. પછી ઉકલતાં પાણીમાં એ સરસનું વાસણ મુકી સરસને શારી પેઠે ઉકાલવો. એ પરમાણે તઇઆર કીધેલો સરસ ૧૩ ભાગ, મુડદારસીંગનો ભુકો ૪ ભાગ, સફેતો ૮ ભાગ, પલાસ્તર આફ પેરીશ ૧ ભાગ, બારીક ચારેલો લાકડાનો વેહર ૧૦ ભાગ, એ બધાને સરસમાં શારી પેઠે મેલવી નાખો. પછી મોલડમાં પીછીએ કરી તેલ લગાડી તેમાં એ મેલવણી નાખવી એટલે જેવા ઘાટનો મોલડ હશે તેવા આકારની ફ્રેમ થશે. T.62.

૯૯૭. લોહડા સાગે લોહડુ વલગાવાની મેલવણી—એટેલા લોહડા (કાસત આઇરન) નો બારીક ભુકો ૬૦ ભાગ, નવશાગર ૨ ભાગ, ગંધકના ફુલ ૧ ભાગ. એ બધાને થોડા પાણીમા મેલવીને ચીકટ લાહી જેવુ કરવુ. એ મેલવણી તરત તાજી બનાવેલી વાપડવી. T. 63.

૯૯૮. લોહડાની ચીજોને પથરમાં વલગાવવાની મેલવણી—પલાશતર આફ પેરીસ ૩ ભાગ અને લોહડાનો મસેલો ભુકો ૧ ભાગ એમાં પાણી નામી મેલવીને તરત કામમાં લેવી. આએ મેલવણી જલદી સુકાઈ જાય છે. T. 64.

૯૯૯. ગલતા પીપને તરત બંધ કરવાની મેલવણી-ચરબી (Tallow) ૨૫ ભાગ, મીન ૨૦ ભાગ, "લારડ" ૪૦ ભાગ, લાકડાની ચારેલી રાખ ૪ ભાગ. એ બધાને ગરમ કરી શારી પેઠે મેલવી નાખવું. પછી ગરમ કીધેલી છરીના પાણીએ કરી એ મેલવણી જાંહાં લગાડવી હોય તાંહાં લગાડવી. T. 66.

૧૦૦૦. પોસતની ટીકીટો વલગાવવા મદ્દે મેલવણી—"દેક્ષત્રીન" (Dextrine) ૨ ભાગ, "આસીતીક આસીડ" ૧ ભાગ, પાણી ૫ ભાગ અને આલકોહલ ૧ ભાગ. એ બધાને પીગલાવી મેલવી નાખવું. એવી રીતની મેલવણી પોસતની ટીકીટોની પછવાડેની બાજુપર લગાડવામાં આવે છે, કે જેનો પાણી ચોપડીને કાગજ ઉપર વલગાવેછે.. T. 68.

૧૦૦૧. પથરની કુંડીઓ તથા લાકડાની તાંકીઓમાં પડેલી ફાટમાં પુરવાની (સીમેંટ) મેલવણી—લોહડાની એક કહરાઇમાં રાલ ૨ ભાગ અને પીડું મીન ૨ ભાગ નાખી ચુલા ઉપર મુકી તાવીને મેલવી દેવો. પછી તેમાં ખુબ બારીક છુંડેલો "ઓકર" (Ochre—એક જાતની રગીન મટોડી) નો ભુકો ૨ ભાગ નાખી થોડોવાર રેહવા દેવો. પછી પથરની કુંડી અથવા લાકડાની તાંકીમાં પડેલી ફાટમાં એ મેલવણી રેડવી, એટલે એ સીમેંટ સુકાઈને કઠણ પથર જેવું થશે.T 64.

.૧૦૦૨. ધાતુની ચીજોને ચલક કાહડવાની મેલવણી—"રોતન સ્તોન" Rotten stone) નો બારીક ભુકો લઇ તેને મલમલના કપડામાંથી ચાલી કાહડવો. પછી એ ચારેલો ભુકો ચીકટ લાહી જેવો થાય એટલો તેમાં નરમ સાબુ નાખી ખુબ મસલીને મેલવી દેવો. દર અરધો રતલ એ મેલવણીએ ૧॥

પ્રવાહી આંઉશ તરપીતન તેલ મેલવવું. પછી એ મેલવણીના ગોલ દડા બનાવી રાખવા. એ દડા જલદી સુકઇને કઠણ થશે. જયારે ધાતુની બનાવેલી કોઇબી ચીજને ચલક કાહડવી હોય તો તેની ઉપરના ચીકાશના દાબ અથવા કચરો વગેરે ફેહેલા સાફ કરવો. પછી પેલા દડામાથી થોડી ભુકી લઇ તેમાં જરા પાણી રેડી લાહી જેવી કરી તેની ઉપર લગાડવી અને સુકા કપડાના કટકાએ કરી ઘસીને સાફ કરી નાખવી એટલ શારો ચલકાટ નીકલશે. T. 77.

૧૦૦૩. ફરેંચ સીમેંટ—સાખુ ચોખાના આટામાં ગુંદરનુ પાણી રેડી મેલવી તે લાહી જેવી ઘટ કરવી. એ લાહી કાગજના ફુલ બનાવનારાઓને માટે ઘણી શારીછે કેમકે એ ઘણા દાહડા શુધી બગડતી નથી અને જો એ લાહી વધુ વખત રહેઆથી કઠણ અથવા શુકકી થઇ ગઈ હોયતો તેમાં જરા પાણી મેલવયાથી પાછી નરમ થશે. F. 138.

૧૦૦૪. ચામડાને સાંધવાની મેલવણી—"ગતાપરચા" અરધો તરલ, "ઇંદીઆ રબર" ૨ આંઉસ, "પીચ" (Pitch) ૧ આંઉસ, ચપડા લાખ અરધો આઉસ. "બોઇલડ ઓઇલ" ૧ આંઉસ. એ બધાને તાવીને મેલવી નાખવુ. એ મેલવણી ગરમ ગરમ ચામડાપર લગાડવી. Cor. 224.

૧૦૦૫ ધાતુના અક્ષરોને કાચ, મારબલ અથવા લાકડા વગેરે ઉપર વગાડવાની મેલવણી—"કોપાલ વારનીશ" ૧૫ ભાગ, "લીનસીડ ઓઇલ વારનીશ" ૫ ભાગ, તરપીટન તેલ ૫ ભાગ, સરસ ૫ ભાગ. એ બધાને એક વાસણમાં નાખી તે વાસણને બીજા પાણીના ઊકલતા વાસણમાં મુકી ઊકાલવું. ઊકલીઆથી સરસ પીગલી જશે. જયારે સરસ શારીપેડે પીગલીને એકરસ થાયકે તેમાં દશ ભાગ બીણો કલીચુણો નાખી મેલવી દેવો. એ મેલવણીથી ધાતુના અક્ષરો વલગાડવા. T. 64.

૧૦૦૬. કચકડાને વલગાવવાની મેલવણી—"માસતીક" (Mastic) ૩૦ ભાગ, ચીપડા લાખ ૫૦ ભાગ, તરપીતન ૬ ભાગ, અને ૯૦ દીગરી ઓવર પુરૂફનો આંગ સ્પીરીટ વાઇન ૩૫૦ ભાગ. એ બધાને થોડા દાહડા પીગલાવી રાખી મેલવી દેવો. T.65.

૧૦૦૭. દુરબીનના અથવા ચશમાના કાચને ધાતુની રીંગમા જડવાની મેલવણી—સ્પીરીટ આફ વાઈનમાં (Shell-lac) ચીપડા લાખ ને પીગલાવીને લગાડવી. F. 254.

૧૦૦૮. કાચની ચીજો સાંધવા માટે ચીશુઈ મેલવણી—સારી ફીકા રંગની "ચીપડાલાખ" (Shell-lac) ૪ આંઉસને ભાંગીને બારીક કટકા કરવા. પછી એક બાટલીમાં ૩ આંઉસ "આંગ રેકતીફાઇડ સ્પીરીટ" નામી તેમાં લાખના કટકા નાખી બુચ મારીને ગરમ જગયામાં એ લાખ પીગલે તયાંસુધી થોડા દાહડા રેહવા દેવો. જયારે લાખ પીગલીને ગોરના શીરા જેવી થાયકે કામમા લેવો. C. 409.

૧૦૦૯. કોઠીકામ, કાચકામ તથા ચીણી કામના વાસણોને વલગાવવાની (એગ સીમેંટ) મેલવણી—ઇંડાની સફેતીમાં કલીચુણાનો બારીક ચારેલો ભુકો નાખી મેલવીને ઘાહરો જેવો કરી ભાંગેલા કટકાઓ પર તરત લગાડી દોરીથી તે મજબુત વલગી રહે તાંહાં સુધી વલગાવી રાખો. એ મેલવણીથી વલગાવેલા વાશણોમાં પાણી ભરીઆથી પાછા છુટા પડી જાયછે. C. 409.

૧૦૧૦. પાણીની અંદરના બાંધકામને કઠણ કરવા માટે મેલવણી—સુકકી મટોડીનો બારીક ભુકો ૩ ભાગ, અને "ઓકસાઇડ આફ આએરન" ૧ ભાગને સાથે મેલવો તે ચીકટ લાહી જેવું થાય એટલુ તેમાં અલસીનુ ઉકારેલું તેલ જેને "બોઇલડ ઓઇલ" કહેછે તે રેડી મેલવી નાખો. C.410.

૧૦૧૧. જસત અથવા કલાઈના પતરાના બનાવેલા ડાબડા ઉપર "લેબલ" વલગાવવાની મેળવણી—પેહલા એક તપેલીમાં થોડો ઘઉનો આટો નાખી તેમાં થોડુ પાણી રેડી ચુલ્હા ઉપર મુકી લાકડીથી ઘુંટ ઘુંટ કરી ચીકટ લાહી બનાવવી. પછી તે લાહીમા શોજું થોડું તરપીનન રેડી શારીપેઠે મેળવી દેવો. (જુઓ બીજી રીત ના૦ ૧૦૧૨)

૧૦૧૨. બીજી રીત—એક વાસણમા શોજા સરસના કટકા નાખી તેમાં થોડું પાણી રેડી ભીંજવી રાખો. જ્યારે સરસ બરાબર પીગલીને નરમ થાયકે તે પીગલાવેલા સરસને જલદ સરકામા નાખી ઉકાળવો, અને ગરમ થતી વખતે તેમાં ઝીણો દલેલો ઘઉનો આટો નાખીને લાહી જેવો જાડો કરીને ચુલ્હા ઉપરથી ઉતારવુ. ૧૦૧૯

૧૦૧૩. રબરને ધાતુ સાથ જોડવાની મેળવણી—જેટલી બારીક કાપેલી ચીપડા લાખ (Shellac) લેવો તેથી દસ ઘણુ વજણમા "આંગ એમોનીઆ" લઇ તેમા નાખી પીગલાવો. ત્રણ અથવા ચાર અઠવાડયામાં એ મેળવણી પાણી જેવી પ્રવાહી થશે. આ પ્રવાહી રબર ઉપર લગાડયાથી રબર નરમ થાય છે પણ તેમાનો નવસાગર સુકાયા પછી શખ્ત થાયછે. P. 64.

૧૦૧૪. પાણીથી પીગલે નહી (વાટર પ્રુફ) અને આગથી બલે નહી (ફાયર પ્રુફ) તેવી મેળવણી—અરધી પેંટ દુધમા તેટલોજ સરકો નાખો જેથી દહી થશે. પછી તે દહીને છાસથી જુદુ કરો. પછી એ જુદી કાહડેલી છાસમાં ચાર અથવા પાંચ તાજા ઇંડા નાખી શારીપેઠે દોહવીને મેળવી દેવો. જ્યારે બરાબર એકરસ થાયકે તે લાહી જેવુ ધાહરૂ થાય એટલે તેમાં ચાલી કાહડેલો કલીચુણો નાખી મેળવવું. એથી ચીની કામના તેમજ કાચના ભાગેલા વાસણો વલગાવવા. I. R. 369.

૧૦૧૫. વાલપેપર (ભીંટપર વલગાવાના કાગજ) માટે લાહી—આટાની બનાવેલી લાહી ૧૦૦ ભાગ, ફટકીનું પાણી ૩ ભાગ અને "સોલ્યુશન આપ દેક્ષત્રીન" ૫ ભાગ. એ બધાને મેળવી નાખવું. એમા "સોલ્યુશન આફ દેક્ષત્રીન" નાખવા કહેલુછે તેથી એ લાહી વધારે ચીકત બને છે અને ફટકીના પાણીથી કરી લાહી બગડતી નથી તેમજ તે ઉપર ફુગ ચહડતી અટકાવે છે. T. 64.

૧૦૧૬. સાંચાઓ ઉપર છાપેલા લેબલ વલગાવા માટે લાહી—સાંચા (મસીન) ના ભાગો ઉપર છાપેલા લેબલો વલગાવેછે કે જેથી સંચા જોડતી વખતે બરાબર તેના ભાગો માલમ પડી આવે પણ તેને જે લાહીથી વલગાવેછે તે વખતપર હવાઇ જઇને તે વલગાવેલી ચીઠીઓ અથવા નબરો નીકળી પડેછે, જે ધણી વેલા તે સાંચાના ભાગો ઓલખવાને મેહેનત પડે છે તેથી આએ રીત પ્રમાણે લાહી બનાવીને લેબલ વલગાવેઆ હોય તો તે નીકલી પડતા નથી:—"રાઇ ફ્લોર" (Rye flour) અને સરસની લાહી બનાવી તેમાં અલસીનું તેલ અને તરપીતન નામી મેળવી દેવો. એક રતલ આટો હોય તો અરધો આંઉસ અલસીનું તેલ અને અરધો આંઉસ તરપીતન લેવુ. T 89.

૧૦૧૭. કાગજ વલગાવવાની લાહી—એક વાસણમા મોહોતો ચમચો ભરી ઘઉનો આટો નાખવો, પછી અરધી પેંટ થોડુ પાણીમાંથી થોડુ પાણી આટામાં નાખી મેળવવું. પછી પાછું જરા પાણી નાખીને મેળવવું. એ પ્રમાણે થોડુ થોડું પાણી રેડી શારીપેઠે આટાને મેળવવો. પછી તેને ચુલ્હાપર મુકી જ્યા સુધી તે લાહીના જેવું ઘટ થાય તયાં સુધી ઉકાળવું, તયા વાસણને તલીએ આટો લાગે નહી તેની સભાલ રાખી લાકડીથી હીલાવ હીલાવ કરતાં રેહવું. જ્યારે ઘટ જેવી થાય કે ચુલ્હા ઉપરથી ઉતારવી. એ

લાહી કાગજના પુઠા બનાવવામાં તથા કાગજ વલગાવવાના કામમાં આવે છે. મોચીઓ એ લાહી વધારે ચીકટ કરવા સારૂ બારીક વાટેલી રાળનો ભુકો એ આટામાં નાખીને ઉકાળેછે. જો લાહી સુકાઇને કઠણ થઇ જાય તો તેમાં થોડું ગરમ પાણી નાખીને મેળવશો તો પાછી તાજી થશે. C. 410.

૧૦૧૮. લાંબીને નરમ કરવાની રીત—બારીમા જડેલા કાચની લાંબી ઉપર "દીલ્યુતેડ સલ્ફ્યુરીક આસીડ" અથવા "દીલ્યુતેડ મ્યુરીઆટીક આસીડ" વારંવાર લગાડયા કરવી એટલે થોડા વખતમાં લાંબી એટલી નરમ થશે કે સેહલાઇથી નીકળી શકશે. (જુઓ બીજી રીત નાં૦ ૧૦૧૯) Chem. 336.

૧૦૧૯. બીજી રીત—લાંબીની ઉપર પેતરોલ્યમ તેલના પીછીથી બે ત્રણ હાથ મારવા એટલે લાંબીની બનાવટમા જે અલસીનું તેલ આવે છે તેને પેતરોલીઅમ તેલ પીગલાવીને નરમ કરેછે.

૧૦૨૦ લાકડાનો વેહુર અને તેલની લાંબી—લાકડાના બારીક ચારેલા વેહર માં અલસીનુ તેલ રેડો સારી પેરે ધુંડીને મેલવી નાખી લાંબી જેવી નરમ મેલવણી બનાવવી. એ લાકડાની ફાટમાં પુરવામાં આવેછે T. 67.

૧૦૨૧ લાકડાનો વેહુર અને સરસની લાંબી—પાણી ૨૦ ભાગ અને સરસ ૧ ભાગ અને લાકડાનો ચારેલો બારીક વેહર એ મેલવણી લાંબીના જેવી ઘટ થાય તેટલો. પેહલા સરસને પાણીમાં ઉકાલી મેલવી દેવો. પછી તેમાં થોડો થોડો સરસ નાખતા જવું અને લાકડીથી હીલવ હીલવ કરી મેલવતાં જવું. જ્યારે લાંબી જેવું ઘટ થાય કે તેને ચુલા પરથી ઉતારવો. એ મેલવણી લાકડાની ફાટમાં ગરમ ગરમ પુરવી. T. 67.

૧૦૨૨ લાકડામાં પુરવા માટે ચુનાની લાંબી—ભીંજવેલો કલીચુણો ૧ ભાગ, નાગલીનો અથવા બાજરીનો આટો ૨ ભાગ, અલસીનું તેલ ૧ ભાગ અને એમાં રંગ પુરતી "અંબર" (Umber) નાખી બધાને મેલવી દેવો. T. 67.

૧૦૨૩ લાકડામાં પુરવા માટે ફ્રેંચ લાંબી—બાવલીઓ ગુંદર ૧ ભાગ, પાણી ૨ ભાગ, "પટેટો સ્તાર્ચ" (પટેટામાંથી કાહડેલો એક જાતનો કાંજીનો આટો) ૩ થી ૫ ભાગ. પેહેલાં ગુંદરને પીગલાવી તેમાં સ્તારચ નાખી મેલવી દેવો. T. 67.

૧૦૨૪ પાટીઆની જમીનમાં પુરવાની લાંબી—જે લાકડાના પાટીઆની જમીનને વારનીસ મારવાનું હોય અને તેમાં કાણા અથવા ફાટ પડી હોય તો તેમાં પુરવા માટે હાત્રી રીતની લાંબી બનાવવી:—સરસ ૨ ભાગ, પાણી ૧૪ ભાગ, પલાસતર આફ પેરીસ ૪ ભાગ અને મુડદારસીંગ ૨ થી ૪ ભાગ. સરસને પાણીમાં પીગલાવી તેમાં પલાસતર આફ પેરીસ તથા મુડદારસીંગનો બારીક ભુકો નાખી મેલવી દેવો. T. 67.

૧૦૨૫ કાચ વલગાવવાની લાંબી-કબત તથા બારીના ચોકતાઓમાં કાચ મુકીને પછી લાંબીથી તે કાચને વલગાવે છે તેવી લાંબી બનાવવી હોય તો પેહેલાં જેટલી લાંબીનો ખપ હોય તે પ્રમાણે ચાક લેઈ કુંડીને બારીક મેડા જેવો ભુકો કરો. પછી તે ભુકામાં અલસીનું તેલ નાખી ખુબ મસલીને નરમ ગોલો બનાવી તેની ઉપર ભીનું કપડું ઢાંકી રાખો. જયારે એ લાંબીને કામમાં લેવી હોય ત્યારે તેને ખુબ ગુંડીને નરમ કરી પછી ઉપયોગમાં લેવો. S. 42.

૧૦૨૬ રંગીન લાંબી બનાવવાની રીત—જો લાંબીને લાલ રંગની કેરવી હોય તો ઉપર પ્રમાણે ચાકના સુકા ભુકાની સાથે પેહેલા સીંદુરને મેલવી નાખી પછી ઉપલી

રીતે બનાવો. જો કાળા રંગની કરવી હોય તો સીંદુરને બદલે બતીની કાજલ મેલવવી.

૧૦૨૭ લાકડાની ફાટમાં પુરવાની નરમ લાંબી—ચાકનો બારીક વાટેલો ભુકો દશ રતલ અને સફેતો એક રતલ લેરો પછી એ બેઉને સાથે ભેલીને મેલવી નાખો. પછી એ મેલવણી લાંબી જેવી નરમ થાય તેટલું તેમાં ગરમ કીધેલું અલસીનું તેલ ("બોઈલડ આઇલ") રેડી સારી પેઠે મેલવી તેમાં એક વાઇન ગલાસ ભરી સોજું સાલીડનું તેલ નાંખી બધાને સારીપેઠે મેલવી નાખવું. જો સાલીડ તેલ નહીં હોય તો તેને બદલે સોજું મીઠું તેલ નાખવું. એમાં તેલ નાખવાનું કારણ એ કે એથી સફેતો કઠણ થઇ જતો નથી અને લાંબી નરમ રહેશે. એ લાંબી લાકડાં અથવા શીલીંગપર રંગ ચઢાવતી વખતે તેમાં પડેલી ફાટ અથવા ખાડામાં પુરીઆ પછી રંગ લગાડે છે. S. 42

૧૦૨૮ લાકડાના વાસણોને વલગાવવા માટે પાણીથી ભીંજાઇને નીકલી નહીં જાય એવા (વાટર પુરૂફ) સરસ બનાવવાની રીત—તાવેલો જાડો સરસ ૧૦ ભાગ, "લીનસીડ આઇલ વારનીસ" ૫ ભાગ અને મુરદારસીંગ ૧ ભાગ. એ બધાને મેલવી દશ મીનીટ સુધી ચુહુલા ઉપર મુકી પીગલાવીને મેલવી દેવો. એ મેલવણી ગરમ ગરમ લગાડવી. T. 66.

૧૦૨૯ કાચ તથા પથ્થરને લાકડા સાથે વલગાવવાનો સરસ—તાવેલા સરસને પાણીના બીજા વાસણમાં ઉકાલીને પાણી જેવો થાય કે તેમાં બારીક ચારેલી લાકડાની રાખ થોડી થોડી નાખતા જવું અને લાકડીથી હીલવ હીલવ કરી એ મેલવણી શીરાના જેવી કરવી. એ સરસ જાહાં લગાડવો હોય તાહાં ગરમ ગરમ લગાડીને વલગાવવો. T. 66.

૧૦૩૦ પાણીથી ભીંજાઇને નીકલી નહીં જાય એવો સરસ બનાવવાની રીત—સરસ એક ભાગ લઇ તેનો બારીક ભુકો કરવો તથા અલસીનું ગાઢર તેલ ૧ ભાગ લઇ તેને કકરા પડતું ગરમ કરી તેમાં સરસનો ભુકો નાખી પીગલાવીને ખુબ મેલવી દેવો. જો લાકડાના કટકા વલગાવવા હોય તો તે બેઉ કટકાઓની ધારને રોંધીને સાફ કરવી. પછી તે સાફ કીધેલી બાજુને જરા ગરમ કરી તેની પર પેલો સરસ ગરમ ગરમ લગાડીને બેઉ કટકાઓને જોરથી દાબીને વલગાવી રાખવા. T. 154 (જુઓ વાટરપુરૂફ સરસ બનાવવાની રીત નાં• ૧૦૩૩)

૧૦૩૧ ચોપડીઓ માટે સરસ—એક વાસણમાં ૧૨ ભાગ સરસ, ૮ ભાગ પાણી અને ૮ ભાગ સફેદ સાબુનો ભુકો નાખી મધીયમ ગરમીના ચુહુલા ઉપર મુકી પીગલાવો. જ્યારે બધુ મલી જાયકે તેમા ૬ ભાગ ફટકીનો ભુકો નાખી લાકડીથી હીલવ હીલવ કરી ગાહરો જેવો કરો. એ સરસ "સ્પંજ" (વાદલા) થી કાગજ ઉપર ચોપડવો. T. 154

૧૦૩૨ પ્રવાહી સરસ બનાવવાની રીત—સરસ ૨ ભાગ અને સરકો ૨ ભાગ. એ બધાને એક વાસણમાં નાખી ઉકલતા પાણીના વાસણમાં ચુહુલા ઉપર મુકી ઉકાલવું. જ્યારે સરસ બરાબર પીગલી રહેકે તેમાં ૧ ભાગ ઓલકોહોલ નાખવો. Con 181.

૧૦૩૩ વાતરપુરૂફ (પાણીથી ભીંજાય નહી એવો) સરસ બનાવવાની રીત—સરસ ૨ ભાગ અને છાશ ૮ ભાગને એક વાસણમાં નાખી તે વાસણને ઉકલતા પાણીમાં ચુહુલા ઉપર મુકી ઉકાલવું. જ્યારે સરસ પીગલીને લાહી જેવો થાયકે ઉતારવું. Con. 181.

૧૦૩૪ કાગજના બનાવેલા ફેનસી સામનને માટે સરસનું પાણી—અરધો રતલ સોજો સરસ લઇ એક વાસણમાં નાખી તેમાં એક પેંટ સરકો રેડી તે પીગલી જાય તાંહાંસુધી ચુહુલા ઉપર મુકી પીગલાવવું. જ્યારે સરસ બરાબર મલી જાયકે ઉતારીને

તેમાં ૪ આંઉસ બ્રાંડી નાખી મેળવી દેવો. F. 216

૧૦૩૫ પાણીમાં જલદીથી પીગલીને તરત કામમાં આવે એવા સરસના કટકા બનાવવાની રીત—એક રતલ સોજા સરસને ભાંગી તેના નાહના કટકા કરી એક વાસણમાં નાખી તે વાસણને એક બીજા ઉકલતાં પાણીના વાસણમાં મુકી ઉકાલીને સરસને પીગલાવો. પછી એ પીગલેલા સરસને બીજા વાસણમાં ગાલી કહાડો. પછી "આઇસીન ગલાસ" ચાર આંઉસને થોડા પાણીમાં ભીંજાવી મેલવી દેવો. પછી એ "આઇસીન ગલાસ"ના પાણીને સરસના ગાલેલા પાણીમાં રેડીને મેલવી નાખવું. પછી એ મેલવણીને સરસ ઉકાલવાના દબલ વાસણ (Double glue pot) મા રેડી તેમાં અરધો રતલ રાતી ખાંડ નાખીને સરસ ખુબ ઘાહડો થાય તાંહાં સુધી ઉકાલવું. પછી સંગેમરમરના પથ્થરની લાદી ઉપર અથવા મોલડમાં એ મેલવણી રેડવી. થંડી પડેને તેના નાહના કટકા કાપી કાહાડવા. આ સરસના કટકા પલાન પાડનારાઓ અને એવાજ બીજા ધંધાદારીઓને માટે ઉપયોગના છે, કેમકે ગરમ પાણીમા એ સરસનો કટકો નાખતજ તરત પીગલી જાય છે એટલુંજ નહીં પણ ઉમ ઉપર લગાડવાથી પણ પીગલે છે. જો સરસ ઉકાલવાનું દબલ વાસણ નહીં હોય તો તેને બદલે એક વાસણમાં પાણી રેડી તેમાં સરસનું વાસણ મુકી ચુલા ઉપર ઉકાલવું. F. 213.

૧૦૩૬ હીરા અથવા નંગો વલગાવવા માટે ("ડાએમંડ ગલુ") સરસ—આ સરસ ઝવેરીઓ માટે ઘણું સારૂં છે:- "આઇસીન ગલાસ" ૮ ભાગ, "ગમ અમોનીઆક" ૧ ભાગ, "ગાલબેનમ" (Galbanum) ૧ ભાગ અને સ્પીરીટ આફ વાઈન ૫ ભાગ. પેહલાં આઇસીન ગલાસને પાણીમાં નાખી થોડા કલાક રહેવા દેવો પણ એ પાણીમાં થોડો સ્પીરીટ વાઇન નાખવો. ત્યારબાદ "ગમ આમોનીઆક" અને "ગાલબેનમ" ને બાકીના સ્પીરીટ વાઇનમાં નાખી પીગલાવો જ્યારે પીગલીને મલી જાયકે તેમાં પેલું ફુલાએલું આસીનગલાસ નાખી મેલવી દેવો. જ્યારે એ મેલવણી કામમાં લેવી હોય ત્યારે તેને પેહેલાં ખુબ ગરમ કરવી જેથી તે નરમ થશે. પછી લગાડવી. T. 66

૧૦૩૭ "ફુરનીચર" (લાકડકામ) ને માટે સરસ—જેટલો ખપ હોય તેટલો સોજો સરસ લઇ તેમાં પાણી રેડી ઉકાલવો. જ્યારે સરસ બરાબર તઇઆર થાયકે તેને એક કાચની "દીશ" (રકાબી) માં નાખી દસતાએ કરી તેમાં સરસના ગાંગરા રહે નહીં તેવી રીતે ઘુંટ ઘુંટ કરીને એક સરખો મેલવી નાખી જાડી લાહી જેવો કરો પછી એ સરસને મટોડીની રકાબીમાં રેડી બંધાવા દેવો. બંધાય કે તેના નાહના મોહટા કટકા કાપી કાહાડવા. જ્યારે એ સરસને કામમાં લેવો હોય ત્યારે ૨) ભાગ સરસ લઇ તેમાં ૧ ભાગ વીસકી દારૂ (બ્રાંડી) અને બે ભાગ પાણી રેડી તરત ઉકાલો. એટલે સરસ વાપરવા લાયક થશે. એ સરસ વલગાવવામાં ઘણો ચીકટ થશે T. 154.

૧૦૩૮ કાગજ તતરી નહીં જાએ એવો ગુંદર—બાવલનો ગુંદર ૧૦ તોલા લઇ તેનાં ત્રણ તોલા ખાંડ નાંખવી. પછી એ ગુંદર પીગલીને લાહી જેવા થાય એટલું તેમાં પાણી રેડવું.

૧૦૩૯ ગુંદરનું પાણી—અરધી પેંટ ખલખલતા પાણીમાં ૧૨ તોલા બાવલનો ગુંદર નાખી તે પીગલી જાય તાંહાં સુધી હીલાવ હીલાવ કરીને મેલવી દેવો. એવી રીતના પીગલાવેલા ગુંદરને કાચના પોહોલા મોહડાની બાતલીમાં ભરી રાખો. F. 27

૧૦૪૦. કાગળ વલગાવા માટે ગુંદરની સીસી—આએ રીતનો બનાવેલો ગુંદર નાહની કાચની સીસીઓમાં ભરી વેચવામાં આવે છેઃ—"દેક્ષત્રીન" ૨ ભાગ, "આસીતીક આસીડ" ૧ ભાગ, પાણી ૫ ભાગ અને "આલકોહોલ" ૧ ભાગ. એ બધાને પીગલાવી મેલવી નાખો.

૧૦૪૧. ગુંદર ફુગાઇ નહી જાય તેમજ ગરમ હવાથી ખરાબ થઇને ખારો વાસ નહી મારી આવે એવો કરવાની રીત—બાવલનો ગુંદર ૧ રતલ લઇ તેમાં દોઢર બાતલી પાણી રેડી પીગલાવવો. પછી તેમાં લવંગના તેલના ૫ થી ૧૦ ટીપા નાખવા. એવી રીતનો બનાવેલો ગુંદર લગાડયા પછી જલદી સુકાઇ જાયછે.

૧૦૪૨ પાનાના દબાઓ ઉપર કાગળના લેબલો વલગાવા માટે ગુંદર તઇઆર કરવાની રીત—પીગલાવેલા ગુંદરની અંદર થોડી "ગલીસરીન (Glycerine) નાખી મેલવી દેવો.

૧૦૪૩. ગુંદરનો ભુકો—કાઇબી જાતનો ગુંદર અથવા "ગમ ત્રાગાકંથ" (Gum tragacanth) નો બારીક ભુકો કરવો હોય તો તેને પેહલા તડકામાં સારીપેઠે સુકવી બલકે જરા ગરમ કરી પછી છુંડશો તો બારીક ભુકો થશે.

કાગળોને માટે સીલ કરવાની તરેહવાર રંગની લાખ તથા વેફ્રો.

Sealing wax and Wafers.

૧૦૪૪ લાલ રંગની લાખ—ફીકા રંગની ચપડા લાખ ૪ આંઊસ, વેનીસ ટરપેન ટાઇન ૧॥ આંઊસ, હીંગલો ૩ આંઊસ પેહલાં લાખને એક તરાંબાના સાજા વાસણમાં નાખી કોલસાના આતસ ઉપર મુકી પીગલાવવી. જ્યારે લાખ તવાયકે આસતે આસને તેમાં ટરપીટાઇન મેલવી! તેમાં હીંગલો નાખી બધાને એક સલીયાથી જરા જરા હીલવ હીલવ કરી મેલવી દેવુ. પણ તરપીતન નામતી વખતે એકદમ તેમાં ભડકો થઇને શલગી નહી ઉઠે તેથી ખુબ સાવચેતી રાખીને એ કામ કરવું. પછી તે વાસણને ઇગાર ઉપરથી નીચે ઉતારી જરા થંડુ પડવા દેવું. થંડું થયાથી તે એક જથામાં બંધાઇ જશે માટે તે સેહેજ સાજ ગરમ હોય તેટલાજ પથરના બનાવેલા (મોલડ) માં નાખી સરખા કટકા ઓટી કાહડવા. અથવા એ મલવણી જરા થંડી પડવા આવેકે તેમાંથી તોલાને તેના થોડા થોડા શરખા ભાગ કરવા. પછી અકેક ભાગને ગરમ કીધેલા સંગેમરમરના પથરાની લાદી ઉપર નાખી એક સુવાલા લાકડાનો કકડો ઉપર ફેરવ ફેરવ કરી ગોલ લાકડીના જેવા આકારમાં બનાવવી. કેટલાંક બનાવનારાઓ એ લાકડીના આકારમાં લાખ બનાવી તેને એક કપડાના કટકાએ કરી તે થંડી પડે તાંહાં શુધી ઘસીઆ કરે છે. C. 1332. (જુઓ બીજી રીત ના૦ ૧૦૪૫)

૧૦૪૫. બીજી રીત—ચીપડા લાખ (Shell lac) ૨ ભાગ, રાલ (Resin) ૧ ભાગ, હીંગલો ૧ ભાગ. રાલ તથા લાખનો બારીક ભુકો કરી ચુલ્હા પર મુકી પીગલાવવી. પછી તેમાં હીંગલો નાખી મેલવીને ઉપર પ્રમાણે લાખના કટકા બનાવી કાહડવા. (જુઓ ત્રીજી રીત ના૦ ૧૦૪૬)

૧૦૪૬. ત્રીજી રીત—"યલો રેઝીન" (Yellow resin) ૧ રતલ, "ગમ લાક" (Gum lac) ૫॥ આંઊસ. "વેનીસ ટરપેનટાઇન" ૫॥ આંઊસ, હીંગલો ૧ આંઊસ. ઉપર પ્રમાણે લાખ તથા રાલને તાવીને ઉપલી રીતેજ બનાવવી. (જુઓ ચોથી રીત ના૦ ૧૦૪૭)

૧૦૪૭ ચોથી રીત—ચપડાલાખ (Shellac) ૩ રતલ, "વેનીસ તરપેનતાઇન" (Venice turpentine) ૧॥

રતલ, હીંગરો ૨ રતલ. એને ઊપર પ્રમાણે (જુઓ નાં૦ ૧૦૪૪) બનાવવી. (જુઓ પાંચમી રીત નાં૦ ૧૦૪૮) C. 1332.

૧૦૪૮ પાંચમી રીત—૧૩૩ ભાગ "વેનીશીઅન તરપેનતાઇન," ૮૩ ભાગ હીંગરો, ચપડા લાખ ૨૩૩ ભાગ અને ૩ ભાગ ચાક. ચાકના ભુકાને પેહેલા તરપીતનની શાથે મેળવી દેઇ ઉપલી રીતે બનાવો. આએ લાખ પેહલા નંબરની બનશે. (જુઓ છઠી રીત નાં૦ ૧૦૪૯) T.317.

૧૦૪૯ છઠી રીત—"વેનીશીઅન તરપેનતાઇન" ૧૩૩ ભાગ, ચપડા લાખ ૨૧૬ ભાગ, હીંગરો ૮૩ ભાગ, "કોલોફોની" (Colophony) ૧૬ ભાગ અને ચાક ૩ ભાગ. ચાકના ભુકાને પેહલા તરપીતનની શાથે મેળવીને પછી ઊપલી રીતે બનાવો. એ લાખ બીજા નંબરની થશે. (જુઓ શાતમી રીત નાં૦ ૧૦૫૦) T. 317.

૧૦૫૦. સાતમી રીત—ચપડાલાખ ૫૮ ભાગ, "વેનીશીઅન તરપેનતાઇન" ૮૭ ભાગ, હીંગરો ૪૩ ભાગ અને "મેગનેશીઆ" (Magnesia) ૩ ભાગ. પેહલા "મેગનેશીઆ" ના ભુકાને તરપીતનની શાથે મેળવી નાખી પછી ઊપલી રીતે બનાવો. એ લાખ નાં૦ ૨ જાની થશે. T. 317.

૧૦૫૧. કાલા રંગની લાખ—ઉપર જે લાલ રંગની લાખ બનાવવાની (જુઓ નાં૦ ૧૦૪૪) રીત છે તેજ પ્રમાણે બનાબનાવવી. પણ ફરક એટલોજકે એમાં હીંગલાને બદલે કાજલ અથવા "આઇવરી બલેક" તેમાં કાલો રંગ આવે તેટલી નાખવી એટલે કાલા રંગની લાખ થાશે. (જુઓ બીજી રીત નાં૦ ૧૦૫૨)

૧૦૫૨ બીજી રીત—ચપડા લાખ (Shellac) ૬૦ ભાગ, "આઇવરી બલેક" (Ivory black) નો બારીક મેંડા જેવો ભુકો ૩૦ ભાગ અને વેનીસ તરપેનતાઇન ૨૦ ભાગ. એ બધાને જેમ ઉપર લાલ રંગની લાખ બનાવવાની રીત છે (જુઓ નાં૦ ૧૦૪૪) તે પ્રમાણે મેલવીને બનાવવી (જુઓ ત્રીજી રીત નાં૦ ૧૦૫૩) C. 1332.

૧૦૫૩ ત્રીજી રીત—"વેનીશીયન તરપેનતાઇન" ૧૮૩ ભાગ. ચપડા લાખ ૩૦૦ ભાગ, રાલ (Rosin) ૧૬ ભાગ અને રંગ પુરતી દીવાની કાજલ. પેહલા કાજલને તરપીતનની શાથે મેલવી દઇ પછી ઉપલી રીતે (જુઓ નાં૦ ૧૦૪૪) બનાવી કાઢો. (જુઓ ત્રીજી રીત નાં૦ ૧૦૫૪) T. 316.

૧૦૫૪. ત્રીજી રીત—ચપડા લાખ ૧૮ ભાગ, વેનીશીઅન તરપેનતાઇન અથવા રાલ ૧૦ ભાગ, સફેતા ૮ ભાગ અને કાજલ ૨ ભાગ. એને ઉપર પ્રમાણે (જુઓ નાં૦ ૧૦૪૪) મેલવીને બનાવો એ લાખ ઘણી હલકી કીમતની બનશે. T. 316.

૧૦૫૫ બલુ રંગની લાખ—ઊપર જે લાલ રંગની લાખ બનાવવાની (જુઓ નાં૦ ૧૦૪૪) રીત છે તેજ પ્રમાણે બનાવવી. પણ ફરક એટલો કે એમાં હીંગલાને બદલે "શમાલટસ" (Smalts-એક જાતનો બલુ રંગ) અથવા "પરશીયન બલુ" તે બલુ રંગની થાય એટલો નાખી મેલવીને ઊપલી રીતે બનાવવી. (જુઓ બીજી રીત નાં૦ ૧૦૫૬)

૧૦૫૬. ઘેરા (દાર્ક બ્લુ) બલુ રંગની લાખ—"વેનીશીઅન તરપેનતાઇન" ૧૦૦ ભાગ, રાલ (Rosin) ૩૩ ભાગ, ચપડા લાખ ૨૩૩ ભાગ, "મીનરલ બ્લુ" (Mineral blue) નામનો રંગ ૩૩ ભાગ એને ઉપર પ્રમાણે (જુઓ નાં૦ ૧૦૪૪) બનાવો. T. 316.

૧૦૫૭ બ્રાઉન રંગની લાખ—ઉપર જે લાલ રંગની લાખ બનાવવાની (જુઓ નાં૦ ૧૦૪૪) રીત છે તેજ પ્રમાણે બનાવવી પણ ફરક એટલોજ કે એમાં હીંગલાને બદલે તપખીરીઓ રંગ (Brown

colour) તે લાખ તપખીરીયા રંગની થાય તેટલો નાખી. મેળવીને ઉપલી રીતે બનાવવી. (જુઓ બીજી રીત નાં૦ ૧૦૫૮)

૧૦૫૮. બીજી રીત—ચપડા લાખ ૧૦૬૮ ભાગ, રાલ ૫૬૦ ભાગ, હીંગરો ૧૭૫ ભાગ, "તરપેનતાઈન" ૬૧૦ ભાગ, "ગીપસમ" (Gypsum) ૫૨૫ ભાગ અને કાજલ ૧૨૨ ભાગ. એને ઉપલી રીતે (જુઓ નાં૦ ૧૦૪૪) બનાવો. (જુઓ ત્રીજી રીત નાં૦ ૧૦૫૯) T. 316.

૧૦૫૯. ત્રીજી રીત—"વેનીશીઅન તરપેનતાઇન" ૧૩૩ ભાગ, ચપડા લાખ ૨૫૦ ભાગ, "બરાઊન રોતન સ્તોન" નો ભુકો ૫૦ ભાગ અને "મેગનેશીઆ" (Magnesia) ૫ ભાગ. પેહલા "મેગનેશીઆને" તરપીતનની સાથે મેલવી ઉપલી રીતે (જુઓ નાં૦ ૧૦૪૪) બનાવો. એ ઘેરો તપખીરયા (દારક બરાઊન) રંગની લાખ થશે. (જુઓ ચોથી રીત નાં૦૧૦૬૦) T. 316.

૧૦૬૦ ચોથી રીત—"વેનીશીઅન તરપેનતાઇન" ૧૩૩ ભાગ, "બરાઊન મીનરલ" નામનો રંગ ૩૩ ભાગ, સફેતો ૧૬ ભાગ, ચપડાલાખ ૨૫૦ ભાગ, હીંગરો ૧૬ ભાગ અને "મેગનેશીઆ" ૩ ભાગ. ઉપલી રીતે (જુઓ નાં૦ ૧૦૪૪) બનાવો. એ લાખ ખોલ્લા તપખીરીઆ રગની થશે. T. 316.

૧૦૬૧ કીરમજી રંગની લાખ—"વેનીશીઅન તરપેનતાઇન" ૬૬ ભાગ, ચપડા લાખ ૧૩૩ ભાગ, "કોલોફોની" (Colophony) ૩૩ ભાગ, "કારમીન" (Carmine-કીરમજી રંગ) ૫૦ ભાગ અને "મેગનેશીઆ" ૩ ભાગ. પેહલા મેગનેશીઆના ભુકાને તરપીતન શાથે મેલવી છે ઉપલી રીતે (જુઓ નાં૦ ૧૦૪૪) બનાવો. T. 317.

૧૦૬૨ ગોલાબી રંગની લાખ—ચપડા લાખ ૬૧ ભાગ, "મ્યુનીચ લેક" (Munich lake) ૪ ભાગ, કલાઇની ભસમ (Tin ash) ૧૭ "ફ્લેકવાઇત" (Flake white) નામનો રંગ ૫૨ ભાગ અને શોળા સફેતાનો બારીક ભુકો ૧૭ ભાગ. પેહલાં ચપડા લાખને તાવી તેમાં બધી ચીજોનો ભુકો કરી મેલવીને ઉપલી રીતે (જુઓ નાં૦ ૧૦૪૪) બનાવો. T. 317.

૧૦૬૩. જાબુંરા રંગની લાખ—ઉપર જે લાલ રંગની લાખ બનાવાની (જુઓ નાં૦ ૧૦૪૪) રીત છે તેજ પ્રમાણે બનાવવી. પણ ફરક એટલોજ કે એ લાખ જાંબુરા રંગની બનાવવાની છે તેથી અરધો ભાગ હીંગલો અને અરધો ભાગ "સમાલ્ટ" (એક જાતનો બલુ રંગ) અથવા એથી જરા વધારે નાખી એઉ રંગને પેહલા મેલવી જાંબુરા જેવા થાય કે પછી ઉપલી તાવેલી લાખમાં એ રંગ નાખી મેલવીને ઉપલી રીતે બનાવવી.

૧૦૬૪. નીલમી રંગની લાખ—ચપડા લાખ ૨૪૫ ભાગ, તરપીતન ૧૨૨ ભાગ, "મીનરલ બ્લુ" નામનો રંગ ૭૯ ભાગ, સફેતા ૫૨ ભાગ, "ફ્લેક વાઈત" (Flake-white) નામનો રંગ ૩૫ ભાગ અને "મ્યુનીચ લેક" (Munich lake) નામનો રંગ ૯ ભાગ. એને ઉપર પ્રમાણે (જુઓ નાં૦ ૧૦૪૪) બનાવવી. F. 317.

૧૦૬૫. સફેદ રંગની લાખ—"બ્લીચ શેલ લાખ" (Bleached shellac) ૫૦૦ ભાગ, તરપીતન ૨૮૦ ભાગ, "સ્પેનીશ ચાક" ૧૯૨ ભાગ, "મેગનેશીઆ" ૧૭ ભાગ, "ફ્લેક વાઇત" (Flake—white) ૨૪૫ ભાગ અને સફેતા ૩૫૦ ભાગ. એને ઉપર પ્રમાણે (જુઓ નાં૦ ૧૦૪૪) બનાવો. T. 317.

૧૦૬૬. પીલા રંગની લાખ—ઉપર જે લાલ રંગની લાખ બનાવવાની (જુઓ નાં૦ ૧૦૪૪) રીત છે તેજ પ્રમાણે બનાવ-

વી. પણ ફરક એટલોજ કે એમા હીંગળાને બદલે તરપેઠ મીનારલ (Turpeth's mireral) અથવા પીળો રંગ નાખી ઉપલી રીતે બનાવવી (જુઓ બીજીરીત નાં૦૧૦૬૭)

૧૦૬૭. બીજી રીત—"વેનીશીઅન તરપેન તાઇન" ૬૬ ભાગ, "કોલોફોની" (Colophony) ૪૧ ભાગ, ચપડા લાખ ૧૩૩ ભાગ, "માસીકોટ" (Massicot) ૨૪ ભાગ અને "મેગનેશીઆ" ૨ ભાગ. પેહલા મેગનેશીઆના ભુકાને તરપીતન શાથે મેલવી ઉપલી રીતે (જુઓ નાં૦ ૧૦૪૪) બનાવો. T. 317.

૧૦૬૮ લીલા રંગની લાખ—ઉપર જે લાલ રંગની લાખ બનાવવાની (જુઓ નાં૦ ૧૦૪૪) રીત છે તેજ પ્રમાણે બનાવવી. પણ ફરક એટલોજ કે એમાં હીંગલાને બદલે જંગાલનો ભુકો અથવા "સફીલીસ ગ્રીન" (Scheeles green) તેમાં લીલો રંગ આવે એટલો નાખી ઉપલી રીતે બનાવવી. (જુઓ બીજી રીત નાં૦ ૧૦૬૯)

૧૦૬૯ બીજી રીત—ચપડા લાખ ૯૮૦ ભાગ, તરપીતન ૫૬૦ ભાગ, રાલ ૫૨૫ ભાગ, "જીપસમ" (Gypsum) ૩૧૫ ભાગ, "મીનરલ બ્લુ" નામનો રંગ ૪૨૦ ભાગ અને "માસીકોટ" (Massicot) ૫૬૦ ભાગ. એને ઉપલી રીતે (જુઓ નાં૦ ૧૦૪૪) બનાવો. (જુઓ ત્રીજી રીત નાં૦ ૧૦૭૦) T. 317.

૧૦૭૦ ત્રીજી રીત—ચપડા લાખ ૧૨૯૫ ભાગ, રાલ ૩૧૫ ભાગ, તરપીતન ૯૧૦ ભાગ, ચાકનો બારીક ભુકો ૪૨૦ ભાગ અને "ક્રોમ ગ્રીન" નામનો રંગ ૪૨૦ ભાગ. એને ઉપલી રીતે (જુઓ નાં૦ ૧૦૪૪) બનાવો. T. 317.

૧૦૭૧ સોનેરી લાખ—૫ ભાગ ચપડા લાખને ઉપર પ્રમાણે તાવી (જુઓ નાં૦ ૧૦૪૪) પછી તેમાં એક ભાગ ટરપેનટાઇન નાખી ઉપલી રીતે મેલવવું પણ એ લાખ સોનેરી બનાવવાની છે તેથી એમાં કોઈબી જાતનો રંગ નાખવો નહી અને તેને બદલે જ્યારે એ તવાયલી લાખ થંડી પડવા માંડે કે તે લાખ સોનેરી રંગ પકડે એટલો તેમાં સોનેરી અબરકનો (Gold talc) ભુકો અથવા "ઓરમ મયુસીવમ" નો (Aurum musivum) ભુકો નાખી ઉપલી રીતે બનાવવી. (જુઓ બીજી રીત નાં૦ ૧૦૭૨)

૧૦૭૨ બીજી રીત—ચપડા લાખ ૬ ભાગ, સફેદ રાલ બે ભાગ અને રૂપેરી વરખ ૧ ભાગ. એને ઉપર પ્રમાણે તાવીને (જુઓ નાં૦ ૧૦૪૪) મેલવીને બનાવો. રાલથી કરી રૂપેરી વરખ શોના જેવો થઇ જશે. T. 317.

૧૦૭૩ રૂપેરી લાખ—જેમ ઉપર સોનેરી લાખ બનાવવાની રીત છે (જુઓ નાં૦ ૧૦૭૧) તેજ પ્રમાણે એ બનાવવી. પણ ફરક એટલોજ કે સોનેરી અબરકને બદલે રૂપેરી અબરક (Silver talc) નો ભુકો અથવા રૂપેરી વરખ નાખી ઉપલી રીતે બનાવો.

૧૦૭૪ રાજાવરખના રંગની લાખ—"બ્લીચ શેલ લાખ" ૩૦ ભાગ, સફેદ તરપીતન ૩૦ ભાગ, રૂમી મસતકી (Mastic) ૬૦ ભાગ, સફેતો ૨૦ ભાગ. એને ઉપર પ્રમાણે (જુઓ નાં૦ ૧૦૪૪) તાવી મેલવીને તેમા "બરોંઝ કલર મીકા" (Yellow or bronze-colored mica) નો બારીક ભુકો કરી શારીપેઠે મેલવીને પછી લાકડીના આકારમાં બનાવી કાઢો. T. 317.

૧૦૭૫. પચરંગી રંગની લાખ—બે અથવા ત્રણ જાતના રંગની લાખ લેઇ તેને જુદા જુદા વાસણમાં નાખી કોલસાના ઇંગારપર તાવવી, જરા થંડી થાય અને બંધાવાપર આવે એટલે બધીને સાથે મેલવી દેઇ ગરમ કીધેલાં સંગેમરમરના પથરાની લાદી ઉપર થોડી થોડી નાખી એક સુવાળા

લાકડાનો કકડો ઉપર ફેરવ ફેરવ કરી લાકડીના આકારમાં બનાવવી.

૧૦૭૬. શુગંધી લાખ—ઉપર જે રંગની લાખ બનાવવાની રીત છે તે પ્રમાણે કોઇબી જાતના રંગની લાંખ બનાવવી, અને તે મેલવણી થંડી પડવા આવે એટલે તેમાં જરા "બાલસમ આફ પીરૂ" અથવા "આઇલ આફ લવંડર" તેના પરમાણુ માફક જરા (યાને ૯૯ ભાગ લાખે ૧ ભાગ બાલશમ આફ પીરૂ) નાખી બધુ મેલવીને ગરમ કીધેલા સંગેમરમરની લાદી ઉપર થોડી થોડી નાખી સુવાલા લાકડાના કકડાથી ફેરવ ફેરવ કરી લાકડીનાં આકારમાં બનાવવી

૧૦૭૭. તરત સલગી ઉઠે એવી લાખ—ઉપર પરમાણે કોઇબી જાતના રંગની લાખ બનાવતી વખતે તે લાખ જયારે થંડી પડવા આવે અને તેને લાકડીના આકારમાં બનાવતી વખતે જરા કપુર અથવા સ્પીરીટ આફ વાર્નીન નાખી મેલવીને લાકડીના આકારમાં બનાવવી. એટલે એવી રીતની બનાવેલી લાખ તરત સલગશે. સુચણા-જો કોઇબી જાતની લાખ બનાવતી વખતે એમાં તરપીતન અથવા રાલ (રેઝીન) વધારે પડયું હશે તો લાખને સલગાવતી વખતે તેમાંથી બતી ઉપર ટીપા પડશે.

૧૦૭૮. ફરેંચ સીલ લાખ—ચપડા લાખ ૨ રતલ, "વેનીસ તરપેનટાઇન" ૧ રતલ, ચીનાઇ હીંગલો ૨ રતલ. એ સઘલાને ઉપર પરમાણે મેલવી (જુઓ ના૦ ૧૦૪૪) ઉપર પરમાણે રતલના ૧૨ અથવા ૨૫ કકડા લાકડીના આકારમાં બનાવી કાહડવા.

૧૦૭૯. લાલ રંગની નરમ લાખ—મધમાખનું મીણ ૮ ભાગ, આલીવ આઇલ ૫ ભાગ એ બેઉને તાવીને મેલવવું. પછી તેને ચુહલા ઉપરથી ઉતારી જરાં થંડું પડે ને તેમાં ૧૫ ભાગ તરપેનટાઇન અને રંગ પુરતો ગેરૂનો ભુકો નાખી મેલવવું C. 1332.

૧૦૮૦. લીલા રંગની નરમ લાખ—જેમ ઉપર નરમ લાખ બનાવવાની રીત છે (જુઓ ના ૧૦૭૯) તેજ પરમાણે એ લાખ બનાવવી પણ એમાં ગેરૂને બદલે જંગાલનો બારીક ભુકો નાખી મેલવવો. C.

૧૦૮૧. પારશલો માટે સીલ કરવાની રાતી લાખ—હલકી રાલ ૧૧૨૦ ભાગ, તરપીતન ૨૮૦ ભાગ, ઉંચી રાલ ૨૮૦ ભાગ, ચાકનો બારીક ચારેલો ભુકો ૮૪૦ ભાગ, અને ઇંતરદીનો ચારેલો મેડા જેવો ભુકો ૮૪૦ ભાગ. રાલને આતશના ઇંગાર ઉપર એક વાસણમા પીગલાવવી. જયારે પીગલી રહેકે તેમા થોડુ થોડું તરપીતન નાખી મેલવવુ. પણ તરપીતન નાખતી વખતે એકદમ તેમા ભડકો થઇને સલગી ઉઠે નહી તેની ખુબ સંભાલ રાખવી. પછી ચાક તથા ઇંતરદીને શાથે ભેલી દઈ તેમા નાખી બધાને એક લાકડીથી હીલવ હીલવ કરીને મેલવી દેવો. પછી એ મેલવણીમાથી થોડી થોડી લઇ તે ગરમ હોય તેટલાંજ એક સુવાલા પથર અથવા પાટીઆ ઉપર નાખી હાતેકરી લાકડીના આકારમા બનાવો. એ લાખ ખુલ્લા રાતા રંગની થશે. T. 317.

૧૦૮૨ પારસલો માટે સીલ કરવાની ઘેરા તપકીરીઆ રંગની લાખ—રાલ ૧૫૪૦ ભાગ, ચાકનો બારીક ચારેલો ભુકો ૪૨૦ ભાગ, તરપીતન ૮૭૫ ભાગ અને ગુલે અરમાનીનો ભુકો ૫૬૦ ભાગ. એને ઉપર પ્રમાણે જુઓ ના૦ ૧૦૮૧) બનાવો. T. 318.

૧૦૮૩ પારસલો માટે સીલ કરવાની કાલી તપકીરીઆ લાખ—ચપડા લાખ ૧૧૨૦ ભાગ, તરપીતન ૫૨૫ ભાગ, "પીચ" (Pitch) ૪૫૫ ભાગ, ચાકનો બારીક ભુકો ૭૩૫ ભાગ અને "અમબર" (Umber) નો ભુકો ૫૬૦ ભાગ. એને ઉપર પ્રમાણે (જુઓ ના૦ ૧૦૮૧) બનાવો. T. 318.

૧૦૮૪ પારસલો માટે સીલ કર-

વાની સસતી લાખ—૩૩૩ ભાગ તરપીતન૰ ૫૦૦ ભાગ ચપડા લાખ અને રંગ પુરતો સીંદુર. એ ઉપર પ્રમાણે (જુઓ નાં૦ ૧૦૮૧) બનાવો. (જુઓ બીજી રીત નાં૦ ૧૦૮૫) T. 338.

૧૦૮૫ બીજી રીત—ચપડા લાખ ૧૩૩ ભાગ, રાલ ૧ ભાગ, તરપીતન ૮૩ ભાગ, થોડો હીંગરો અને ચાકનો બારીક ચારેલો ભુકો ૧૦૦ ભાગ. એને ઉપર પ્રમાણે (જુઓ નાં૦ ૧૦૮૧) બનાવો. T. 318.

૧૦૮૬ બાતલીને સીલ કરવાની લાલ લાખ—સફેદ "પીચ" (White pitch) ૨ ભાગ, પીલુ મીન ૪ ભાગ, રાલ (Pine resin) ૪ ભાગ, તરપીતન ૨ ભાગ, હીંગરો અથવા ગેરૂનો બારીક ભુકો ૨ ભાગ એ બધાને આતસના ઇંગારપર એક વાસણમાં તાવીને પછી તેમાં હીંગરો નાખી મેલવી દેવો. તાવતી વખતે તરપીતન સલગીને ભડકો ઉથે નહી તેની સંભાલ રાખવી. (જુઓં બીજી રીત નાં૦ ૧૦૮૭) T. 318.

૧૦૮૭ બીજી રીત—રાલ ૧૦ ભાગ પીલુમીણ ૨ ભાગ, તરપીતન ૨ ભાગ અને હીંગરો અથવા ગેરૂનો બારીક ભુકો ૨ ભાગ. ઉપલી રીતે બનાવો. (જુઓ નાં૦ ૧૦૮૬) (જુઓ ત્રીજી રીત નાં૦ ૧૦૮૮) T. 318.

૧૦૮૮ ત્રીજી રીત—રાલ ૬॥ રતલ ચરબી અરધો રતલ તથા હીંગરો અથવા ગેરૂનો બારીક ભુકો ૨॥ રતલ. ચરબી તથા રાલને એક વાસણમા આતસના ઇંગારપર તાવીને પછી તેમાં હીંગરો નાખી મેલવી દેવો. C. 1333.

૧૦૮૯ બાતલીને સીલ કરવાની કાલી લાખ—કાલી રાલ ૬ ભાગ, મીન અરધો ભાગ અને દીવાની કાજલ ૧॥ ભાગ એ દરેક ચીજ તોલીને લેવી. એ બધાને એક વાસણમા આતસના ઇંગારપર તાવીને પછી તેમાં કાજલને મેલવી નાખવી. તરપીતન સલગીને ભડકો ઉથે નહી તેની સંભાલ રાખવી. (જુઓ બીજી રીત નાં૦ ૧૦૯૦) T. 318.

૧૦૯૦ બીજી રીત—સફેદ "પીચ" ૨ ભાગ, પીલુ મીન ૪ ભાગ, રાલ (Pine rosin) ૪ ભાગ અને "બોન બલેક" (હાડકાની મેસ) ૧ રતલ. એ બધાને આતસના ઇંગારપર તાવી મેલવી દેવો. (જુઓ ત્રીજી રીત નાં૦ ૧૦૯૧) T. 318

૧૦૯૧ ત્રીજી રીત—૬॥ રતલ રાલ, ૧॥ રતલ હીંગરો અથવા ગેરૂનો ભુકો અને અરધો રતલ ચરબી. એ બધાને આતસના ઇંગારપર તાવીને મેલવી દેવો. C. 1333.

૧૦૯૨ બાતલીને સીલ કરવાની લીલી લાખ—રાલ (Pine resin) ૧૦ ભાગ, પીલુ મીન ૨ ભાગ, તરપીતન ૨ ભાગ. "બરલીન બ્લુ" નામનો રંગનો બારીક ભુકો ૧ ભાગ અને "કરોમેટ આફ ઝીંક" નામનો રંગનો બારીક ભુકો ૧ ભાગ. એ બધાને આતશના ઇંગારપર તાવી તેમાં રંગનો ભુકો નાખી મેલવી દેવો. તાવતી વખતે તરપીતન તેલ સલગીને ભડકો ઊથે નહી તેની સંભાલ રાખવી. T. 318.

૧૦૯૩ બાતલીને સીલ કરવા માટે બલુ (અસમાની) લાખ—રાલ ૧૦ ભાગ પીલુ મીન ૨ ભાગ, તરપીતન ૨ ભાગ અને "અલત્રામેરીન" (Ultramarin) નામના રંગની બારીક ભુકી ૨ ભાગ. એ બધાને આતશના ઇંગારપર તાવી તેમાં રંગ નાખી મેલવી દેવો. તાવતી વખતે તરપીતન સલગીને ભડકો ઉઠે નહી તેની સંભાલ રાખવી. T 318.

૧૦૯૪. બાતલીને સીલ કરવા માટે સફેદ લાખ—રાલ ૧૦ ભાગ, પીલુ મીન ૨ ભાગ, તરપીતન ૨ ભાગ અને એ સફેદ રંગનુ થાય એટલો સફેતાનો બારીક ભુકો લેવો. એ બધાને આતસના ઇંગારપર તાવી તેમા સફેતો નાખી મેલવી દેવો. તાવતી

વખતે તરપીતન સલગીને એકદમ ભડકો ઉથે નહી તેની સંભાળ રાખવી.

૧૦૯૫. બાતલીને સીલ કરવા માટે સુનેરી (બરેંઝ) લાખ—ઉપર જે જે બાતલીને સીલ કરવાની રંગીન લાખ છે તે-તેમાની કોઇબી એક જાતની લાખ ૧૦૦૦ ભાગ લઇ મધીઅમ ગરમીથી તે લાખને પીગલાવી તેમાં ૧૦૦ થીતે ૨૦૦ ભાગ "મીઇકા" (Mica) ભુકો અથવા સોનેરી બરેંઝની ભુકી નાખી મેલવી દેવો. T.318.

૧૦૯૬. બાતલીને સીલ કરવા માટે રંગ વગરની (સાદો) લાખ—રાલ ૧૦ ભાગ, પીલુ મીન ૨ ભાગ અને તરપીતન ૨ ભાગ. એ બધાને આતસના ઇંગારપર તાવીને મેલવી દેવો. તાવતી વખતે તરપીતન તેલ સલગીને એકાએક ભડકો ઊથે નહી તેની સંભાલ રાખવી.

૧૦૯૭. બાતલીને શીલ કરવા માટે પીલી લાખ—રાલ ૧૦ ભાગ, પીલુ મીન ૨ ભાગ, તરપીતન ૨ ભાગ, અને એ પીલા રંગની થાય એટલો પીલા રંગનો બારીક ભુકો નાખી મેલવી દેવો. તાવતી વખતે તર-પીતન સલગીને ભડકો ઉઠે નહી તેની સંભાલ રાખવી.

૧૦૯૮ આટાના ટ્રાંસપરંટ વેફર (કાગજ વલગાવા માટે) બનાવવાની રીત—ઝીણામાં ઝીણો થોડોક ઘઉનો આટો લેઇ તેમાં એટલું પાણી નાખવું કે જેથી પાટલો જરા ઘટ રશ બને. પાણી નાખીઆ પછી આટાને ખુબ મસલવો કે અંદર ગાંગડા બંધાય નહીં. પછી જેવા રંગના વેફર કરવા હોય તેવો એઠલ પ્રમાંણે રંગ એમાં નાખવો, પણ પેહલા રંગને પાણીમાં પીગ-લાવી રાખી પછી નાખવો. જો રંગ પા-ણીમાં પીગલી જાય એવો નહી હોય તો તેને છુડીને બારીક ભુકો કરી નાખવો. એ પ્ર-માણે રંગને આટામા નાખી શારીપે-ઠેમેલવી દેવો. રંગ મેલવયા પછી આટાને રાખી નહીં મેલવું, પણ વેફર બનાવાના પતરાના (મોલડ) સાંચાના ગાલામા જરા તેલ અથવા ચીકાશ લગાડી આટો રેડવો. એ પતરાનો "મોલડ" (સાંચો) બના-વવાને વાસતે લોહઢાના સરખા બે પતરા લેવા, કે જે એક બીજા ઉપર સરખા બેસતા આવે. જ્યારે તે પતરાને એક બીજાની ઉપર મુકીએ તયારે ચપટ બેસી જઇને વચમા એક મોહોની પાટલી રોટલી માય એટલી જગા (ગાલો) રહે. પછે તે પતરાને એક બીજા ઉપર ચપરાશ બેશાડી આતશ ઉપર ગરમ કરવું (જેથી પેલા આટાના પાણીની તરત બંધાણ થઇ જાયચ અને દબાણુના સબબથી શાફ સુમારી રોટલીના જેવું બનેચ) થોડોવાર ગરમ કરી પેલા પતરાને પોતાની મેલે થંડું પડવા દેવું. થંડું પડવા પછે પતરાને ઊઘાડીને તેમાથી પેલી વેફરની મો-હતી રોટલીને બાહર કાહડવી. પછી જેવા આકારના વેફર બનાવવા હોય તેવા આકા-રની ધારદાર નલીઓ બનાવી પેલી રોટલી ઉપર દાબવી એટલે તેવા આકારના વેફરો કપાઈ છુટા થશે.

૧૦૯૯. કાલા રંગના વેફર—ઉપર પ્રમાણે વેફર બનાવવાની (જુઓ ના૦ ૧૦૯૮) મેલવણી મા બારીક વાટેલી દીવાની કાજલ અથવા "બલેક ચાઇનીસ ઇંક" નાખી ઉપર પ્રમાણે મેલવી બનાવવા.

૧૧૦૦. લાલ તથા ગોલાબી રં-ગના વેફર—કીરમજને બારીક છુંડી તેમાં જરાક પટકીનો ભુકો નાખી પાણીમા મેલવી દેવો. અથવા "બરેઝીલ ઉડ" ના ઉકા-લાને ઉપર પ્રમાણે (જુઓ ના૦ ૧૦૯૮) વેફર બનાવવાની મેલવણીમા નાખી તેજ પ્રમાણે મેલવીને બનાવવા.

૧૧૦૧. પીલા રંગના વેફર—હરદના ઉકાલાને ઉપર પ્રમાણે વેફર બનાવવાની (જુઓ ના૦ ૧૦૯૮) મેલવણીમાં નાખી ઊપલી રીતે બનાવવા.

૧૧૦૨. બ્લુ રંગના વેફ્ર—"બરલીન બ્લુ" નામના રંગનો બારીક ભુકો કરી ઊપર પ્રમાણે વેફ્ર બનાવવાની (જુઓ નાં૦ ૧૦૯૮) મેલવણીમા નાખી ઊપલી રીતે બનાવવા.

૧૧૦૩, વાયોલેટ રંગના વેફ્ર— રાતો રંગ અને બ્લુ રંગને મેલવી પાણીમાં પીગલાવી ઊપર પ્રમાણે વેફ્ર બનાવવાની (જુઓ નાં૦ ૧૦૯૮) મેલવણીમાં નાખી ઊપલી રીતે બનાવવા.

૧૧૦૪. કાગજ વલગાવાના સરસના વેફ્ર બનાવવાની રીત— સરસ અથવા "આઇસીગલાસ" ને પાણીમાં નાખી ચુહુલાપર મુકી પીગલાવવું. પણ એમાં એટલુ પાણી નામવું કે ગાહાડો (જાડો) રશ બને. પછી એક કાચના તકતાને ગરમ પાણીના બાફથી ગરમ કરવો. પણ કાચના તકતાની ચારે બાજુએ ધાતુંની એક ફ્રેમ રાખવી કે જેથી ઉપર પડેલો રશ નીચે ઘોલાઇ નહી પડે, ફ્રેમની કોર એટલી ઊંડી રાખવી કે તેમાં રેડેલો રશ વેફ્રની જાડાઈ જોઈએ તેટલીજ રહે જો ફ્રેમની કોર ઘણી ઊંડી રાખશો તો તેમાં રેડેલો રશ ઘણો જાડો રેહેવાનો અને વેફ્ર પણ ઘણું જાડું થવાનું, વાશતે જેમ બને તેમ પાટલો વેફ્ર બનાવવાને માટે ફ્રેમની કોર જરાકજ ઊંડી રાખવી. પછી ઉપર કહેવા પ્રમાણે ગરમ કાચ કરી તેની સપાટી ઉપર તેલ અથવા ચીકાશ લગાડીને ફ્રેમમાં મુકવો. અને તેની ઊપર પેલો સરસનો બનાવેલો રશ રેડવો, અને તે રશ બંધાઇ નહી જાય તેની અગાઉ વલી એક બીજો કાચ આગલની માફક પાણીના બાફ પર ગરમ કરી ઉપર તેલ લગાડી તે રશની ઉપર ખુબ જોરથી દાબી દેવો. જ્યારે બેઉ કાચના કટકા ખુબ થંડા પડે એટલે તેને છુટા કરવા. અને તેમાંથી સરસની રોટલી કાહાડી લેવી. અને જેવા આકારના વેફ્ર કાપી કાહાડવા હોય તેવા આકારની ધારદાર નલીઓ બનાવી પેલી રોટલીપર દાબીને કાપી કાહાડવા. જો વેફ્રને રંગીન બનાવવા હોયતો સરસને પીગલાવતી વખતે કોઇપણ જાતનો રંગ તેમાં નાખવો એટલે જેવો રંગ નાખીયો હશે તેવા રંગના વેફ્ર થશે.

તરેહવાર રંગના ચામડાં રંગવાની રીતો.

Dyeing Leather.

૧૧૦૫ બ્લુ રંગનાં ચામડાં— જો ચામડાને બ્લુ રંગના કરવા હોય તો સાફ કાંધેલા ચામડાંને પીસાબ અને કાલી ગુલીની મેલવણીમાં એક દાહડો બોલી રાખો. પછી તેને ફટકીના ઉકાલેલા ગરમ પાણીમાં એક કલાક સુધી રેહવા દેવો. (જુઓ બીજી રીત નાં૦ ૧૧૦૬) F. 208.

૧૧૦૬ બીજી રીત— "એલદર બેરીસ" (Elder berries) ને પાણીમાં નાખી ખુબ ઉકાલવું. પછી એ ઉકાલેલા પાણીમાં ચામડાને બીંજવી શારીપેઠે તેમાં ઘોઇ નાખી નીચવી કાહાડવું. પછી ફટકીના ઉકાલાના પાણીમાં બીજા "એલદર બેરીસ" નાખી શારીપેઠે ઉકાલવું. પછી એ ઉકાલામાં પેલા નીચવી કાહડેલા ચામડાંને તેમાં ભીજવી ઉપલી રીતે એક બે વખત ઘોઇ કાહડી નીચવીને સુકાતા કરવા. એટલે બ્લુ રંગના થશે. (જુઓ ત્રીજી રીત નાં૦ ૧૧૦૭) F. 208.

૧૧૦૭ ત્રીજી રીત— એક રકાબીમા "બરલીન બ્લુ" નામના રંગને થોડી ખાટી છાસમાં નાખી થોડા કલાક રેહવા દેવો. પછી તેમાં થોડું "દીલ્યુટ સલફ્યુરીક આસીડ" (Dilute sulphuric acid) અને ખાંડનું પાણી નાખી બધાને લાકડાથી હીલવ હીલવ કરી મેલવી દેવો. પછી જે ચામડાને રંગવું હોય તે ચામડાને લાકડાના

ચોકતા ઉપર ખુબ તાની બાંધવું. પછી પેલી મેલવણીમાં વાડલું (સ્પંજ) બોલી સાફ કીધેલા સફેદ ચામડા ઉપર બધે ફરતું લગાડવું. શુકાયા પછી ઉપર ફરીથી વાડલાથી લગાડવું, પણ એમ બીજો હાત મારવાની અગાઉ પેલા ચામડાને ખેંચી તાનીને ફરેમ શાથે બાંધતાં જવું. (જુઓ ચોથી રીત ના૦ ૧૧૦૮) T. 217.

૧૧૦૮ ચોથી રીત—આઠ ભાગ ગુંદરમાં થોડું પાણી રેડી તેમાં પીઅલાવો. પછી તેમાં ૪૦ ભાગ "બરલીન બ્લુ" નામનો રંગ નાખી મેલવીને કપડામાથી ગાલી કાહડો પછી તેમા પાણી રેડી મેલવી દેવો. એ રંગ વાડલાથી સાફ કીધેલા શફેદ ચામડા ઊપર લગાડવો. T. 217.

૧૧૦૯ કાલા રંગના ચામડાં—જો ચામડાને કાલા રંગના કરવા હોય તો ૬૬ ભાગ લોહાનો કાનસે ઘસેલો ભુકો અને ૩૩ ભાગ છુડેલા માયાના ભુકાને જલદ વાઇનનો સરકો ૨૦૦૦ ભાગમાં નાખી ચુહુલા ઊપર મુકી ખુબ ઉકાલીને તેનો અરધો ભાગ રહેકે તેને ગાલી કાહડવું. પછી એ મેલવણીમાં વાડલું (સ્પંજ) બોલી સાફ કીધેલા સફેદ ચામડા ઊપર લગાડવું. એક હાથ સુકાયને બીજો હાથ મારવો. (જુઓ બીજી રીત ના૦ ૧૧૧૦) T. 217.

૧૧૧૦ બીજી રીત—સાફ કીધેલા ચામડાં ઊપર હીરાકસીનું પાણી વાડલાથી ખુબ ચોપડવું. (જુઓ ત્રીજી રીત ના૦ ૧૧૧૧) F. 209.

૧૧૧૧. ત્રીજી રીત—સાફ કીધેલા ચામડા ઉપર બમાર્કીંગના એક અથવા બે હાથ મારવા. F. 209.

૧૧૧૨. કેસરયા પીલા રંગના ચામડા—ખાટાં "બારબેરી રૂટ" (Barberry root) ની પાટલી કાટરીઓ ૨૫૦ ભાગ અને હરદનો છુંડેલો ભુકો ૧૫ ભાગને એક મટોડીના વાસણમા નાખી તેમા પાણી રેડી ખુબ ઉકાલવું. પછી તેને કપડામાથી ગાલી કાહડી તેમાં થોડા ટીપા "એકવા ફોરતીસ" (Aqua-fortis) ના નાખવા. એ મેલવણી સાફ કીધેલા સફેદ ચામડા ઊપર વાડલાથી એક બે વખત લગાડવી. T. 217.

૧૧૧૩. રાતા રંગના ચામડાં—પેહલા ચામડાંને ધોહીને માયાના પાણીમાં બે કલાક સુધી મુકી રાખો. પછી તેને નીચવી કાહડી "પ્રીવેટ બેરીસ" (Privet-berries), ફટકી અને જંગાલના મેલવેલા પાણીમાં બોલી કાહડો. છેલ્લે તેને "બરેઝીલ ઉડ" (Brazil wood) ના ઉકાલામાં નાખો. S. 325.

૧૧૧૪. વાયોલેટ રંગના ચમડાં—પતંગના લાકડાના ઊકાલાનું પાણી ૮ આંઉસ ને "બરેઝીલ ઉડ" ના ઊકાલાનુ પાણી ૨ આંઉસમાં ભેલી દેવો. પછી એમાં ૧॥ આંઉસ ફટકીનો ભુકો નાખી મેલવી દેવો. પછી એ મેલવણી સાફ કીધેલા ચામડા ઊપર સ્પંજથી લગાડવી. T. 219.

૧૧૧૫. કીરમજી રંગના ચામડાં—૧ રતલ પતંગનું લાકડું, ૮ આંઊસ "બરેઝીલ ઉડ," ૨ આંઊસ કાંદાની છોલેલી જાડી છાલ, થોડુ નીમક અને ફટકી. એ બધાને ૪ ગયાલન પાણીમા નાખી ઊકાલવું. થંડી પડેને એ મેલવણી શાફ કીધેલા ચામડા ઊપર લગાડવી. T. 218.

૧૧૧૬. ઘેરા પીલા રંગના ચામડાં—"અવીગન બેરીશ" (Avigon berries) ને છુંડીને બારીક કીધેલો ભુકો ૮ આંઊસ, "પોતાસ" અરધો આંઊસ અને થોડો "ફ્સતીક" (Fustic—એક જાતનું રંગીન લાકડું). એ બધાને પાણીમા નાખી ઊકાલવું. એ મેલવણી સાફ કીધેલા ચામડા ઉપર લગાડવી. T. 218.

૧૧૧૭. પીલા રંગના ચામડાં—એલીઆને અલસીના તેલમા પીગલાવી મેલ-

વી દઇને ગાળી કાહડો. એ મેળવણી ચામડા ઉપર લગાડો. F. 209.

૧૧૧૮. ગોલાબી રંગના ચામડાં—કીરમજ ૧૫ ગરેનને ૧ રતલ પાણીમા નાખી આસરે અરધા કલાક સુધી ખુબ ઊકાલવું. પછી તેમાં પતંગના લાકડાના છોડીઆના ઊકાલાનું પાણી ૨ આઉંસ રેડવું તથા "હાઇડરોકલારીક આસીડ" ના ૬ ટીપા નાખી મેળવી દેવો. એ મેળવણી સાફ કીધેલા ચામડા ઊપર લગાડવી. T. 218.

૧૧૧૯. નારંગી (આરંજ) રંગના ચામડા—"સુમાક" (Sumach), થોડી કાંદાની છાલ અને જેટલું "સુમાક" લેવો તેથી બમતું 'ફ્યુશતીક" (Fustic) લેવો. એ બધાને પાણીમા નાખી ખુબ ઉકાલવુ. એ મેલવણી સાફ કીધેલા ચામડાં ઉપર લગાડવી. (જુઓ બીજી રીત નાં૦ ૧૧૨૦) T. 218.

૧૧૨૦ બીજી રીત—"ફ્યુસતીક બેરીસ" (Fustic berries) ને ફટકીના પાણીમા ઉકાલો એ મેલવણી ચામડા ઉપર લગાડવી. F. 209.

૧૧૨૧. આસમાની રંગના ચામડાં—ગરમ પાણીમા કાલી ગુલી નાખી એક રાત રેહવા દેવો. બીજે દાહડે તેને ગરમ કરી એ મેલવણી ચામડા ઉપર વાડલ, (સ્પંજ) થી લગાડો T. 209.

૧૧૨૨. "ઓલીવ ગ્રીન" રંગના ચામડાં—છુંટેલા માયાનો થોડો ભુકો અને "ફ્યુસતીક" (Fustic) ને પાણીમાં ખુબ ઉકાલવું, અને એ રંગ "ઓલીવ ગ્રીન" ના જેવો થાય તેટલું તેમાં હીરાકસીનું પાણી નાખી મેળવી દેવો. એ મેલવણી સાફ કીધેલા ચામડા ઉપર લગાડવી. T. 218.

૧૧૨૩. લાખી રંગના ચામડાં—૧૨ આંઊસ પતંગના લાકડાના છોડયામાં જરા ચુનો અને થોડી ફટકી નાખી પુરતાં પાણીમાં ખુબ ઉકાલો. પછી તેમાં "બ્રેઝીલ વુડ" ના ઉકાલાનું પાણી ૨ અથવા ૩ આંઉસ નાખી મેલવી દેવો. એ મેલવણી સાફ કીધેલા ચામડાં ઉપર લગાડવી. T.218.

૧૧૨૪. લીલા રંગના ચામડાં—ફટકીના પાણીમાં "સાપગ્રીન" (Sap green) નાખી ખુબ ઉકાલવું. એ મેલવણી સાફ કીધેલા ચામડાં ઉપર લગાડવી. (જુઓ બીજી રીત નાં૦ ૧૧૨૫) F. 209.

૧૧૨૫. બીજી રીત—૧૦ રતલ બારીક વાટેલી "ફ્શતેત" (Fustet), ૨ રતલ પતંગના લાકડાના બારીક છોડયા, અને ૨ રતલ "ફ્શતીક" (Fustic) ને પાણીમા નાખી ખુબ ઉકાલવું. પછી માયાના ઊકાલાનું પાણી અરધો રતલ તેમાં નાખવું તથા તેમાં ૩ આંઊસ મોરથુથુ નાખી પીગલાવીને મેલવી દેવો. એ મેલવણી સાફ કીધેલા ચામડા ઉપર લગાડવી. (જુઓ ત્રીજી રીત નાં૦ ૧૧૨૬) T. 218.

૧૧૨૬. ત્રીજી રીત—"બકથોરન બેરીશ" (Buckthorn berries) નો ઉકાલો ચામડા ઊપર લગાડો. (જુઓ ચોથી રીત નાં૦ ૧૧૨૭) T. 218.

૧૧૨૭. ચોથી રીત--પતંગના લાકડાનો બારીક ભુકો ૧ રતલ, ૧ આંઊસ કાંદાની છોલેલી છાલના જીણા કાપેલા કોટલાં, ૧ આંઉસ વાટેલી "ફ્શટીક" (Fustic) અને ૨ આંઉસ ફટકીનો ભુકો. એ બધાને પુરતાં પાણીમાં ૨ કલાક સુધી ઉકાલવું. એ મેલવણી સાફ કીધેલા ચામડા ઉપર લગાડવી. T. 218.

૧૧૨૮. જાંબુડા રંગના ચામડાં—ગરમ પાણીમાં "સોલ્યુશન આફ રોચી આલમ" (Solution of roche alum) બનાવી શાફ કીધેલા ચામડા ઉપર શારીપેઠે લગાડવું. શુકાયા પછી પતંગના લાકડાના ઉકાલાને થંડા પાણીમાં મેલવી ઉપર લગાડવું. F. 209.

૧૧૨૯. ઘેરા લીલા રંગના ચામડાં—સ્ટીલને કાનશે ઘસેલા ભુકો અને નવશાગરને પીસાબમા નાખી પીગલાવો. જ્યારે પીગલી રહેકે ચામડા ઉપર લગાડી છાયડામા સુકાતા કરવા. F. 209.

૧૧૩૦. "ફુલેશ કલર" (રાતા) રંગના ચામડાં—"એવીગન બેરીશ" ૪ આંઉસને છુંદીને લેવો, અને ૨૫ ગરેન "પોતાશ" ને પાણીમા નાખી ઉકાલવું. પછી તેમાં "બરેઝીલ ઊડ" ના ઉકાલાનુ પાણી જ્યાં સુધી તે રાતા રંગનું જણાય તયાં સુધી થોડું થોડું તેમા નામતાં જવું. એ મેલવણી સાફ કીધેલા ચામડાં ઉપર લગાડવી. T. 218.

૧૧૩૧ યાકુતી રંગના ચામડાં—અરધો આંઊસ "બરેઝીલ ઊડ" માં થોડી હરદ નાખી પાણીમાં ઊનાલવુ. એ મેલવણી સાફ કીધેલા ચામડા ઊપર લગાડવી. T. 218.

૧૧૩૨. "ચેશનટ બરાઉન" રંગના ચામડાં—પતંગના લાકડાના બારીક વેહેર ૧ રતલ, "બરેઝીલ ઉડ" નો બારીક વેહેર ૨ રતલ, "ફ્યુશતીક" (Fustic નો બારીક ભુકો ૧ રતલ અન માયાનો ભુકો ૪ આંઊસ. એ બધાને પાણીમાં નાખી ખુબ ઉકાલવું. એ મેલવણી સાફ કીધેલા ચામડા ઊપર લગાડવી. T. 217.

કીડના ચામડાં રંગવાના રંગો.

Dyes for kid leather.

૧૧૩૩. બલુ રંગના કીડના ચામડાં—૧॥ ગયાલન ગરમ ફુકા પાણીમાં ૨ આઊસ "પ્રુશીએટ આફ પોતાશ" નાખી પીગલાવો. પછી એ મેલવણી કીડના સાફ કીધેલા ચામડા ઊપર પીછીએ કરી ખુબ શારીપેઠે લગાડવી. સુકાયા પછી તેનીપર "શોલ્યુશન આફ નાઇતરેત આફ આયરન" (Solution of nitrate of iron) પીછીથી લગાડવુ. T. 218.

૧૧૩૪. કાલા રંગના કીડના ચામડાં—પતંગના લાકડાની સલીઓ ૩ રતલ, "ફ્યુસતીક" (Fustic) ના લાકડાની બારીક છોલ ૮ આંઊસથી તે ૧ રતલ સુધી. એ બેઊને ૧॥ ગયાલન પાણીમાં નાખી ખુબ ઊકાલવું. પછી તેને ગાલી કાહડવું. પછી એ મેલવણી પીછીએ કરી કીડના સાફ કીધેલા ચામડા ઊપર લગાડવી. સુકાયા પછી તેનીપર "શોલ્યુશન આફ સલફેટ આફ આયરેન" નો પીછીએ કરી હાથ મારવો. તદારબાદ તે ચામડાની અવલી બાજુ પર તાવેલી ચરબીનો હાત મારવો. T. 218.

૧૧૩૫ તપકીરયા (બરાઉન) રંગના કીડના ચામડાં—"વીલો બાર્ક" (Willow bark) ના ઊકલાના ૨૫ રતલ પાણીમાં પતંગનાં લાકડાના ઊકાલાનું પાણી ૧ રતલ તથા "એલદર બાર્ક" (Elder bark) ના ઊકાલાનું પાણી ૮ રતલ તથ થોડો "ઇન્ડીગો કારમીન" (Indigo-carmine) નામનો રંગ નાખી મેલવી દેવો. એ મેલવણી કીડના ચામડા ઉપર પીછીથી લગાડવી. (જુઓ બીજી રીત નાο ૧૧૩૬) T. 218.

૧૧૩૬. બીજી રીત—"વીલો બાર્ક" ના ઉકાલાનું પાણી ૩૫ રતલ, "ડીકોકશન આફ ફસતેત" ૮॥ રતલ અને પતંગના લાકડાના ઊકાલાનુ પાણી ૮॥ આંઊસને મેલવી દેવો.

૧૧૩૭. ઘેરા તપકીરીઆ રંગના કીડના ચામડાં—"ડીકોકશન આફ ફસતીક" ૮ રતલ, "ઇનફ્યુજન આફ હકલ બેરીસ" (Huckleberries) ૨ રતલ તથા પતંગના લાકડાના ઊકાલાનું પાણી ૪ આંઊસ અને થોડો "ઈંદીગો કારમીન" નાખી બધાને મેલવી દઇ કીડના ચામડા ઊપર

પીછીથી લગાડો (જુઓ બીજી રીત નાં૦ ૧૧૩૮) T. 218.

૧૧૩૮. બીજી રીત—"દીકોકશન આફ ફસતેન" (Decoction of fustet) ૧૭ાા રતલ, "દીકોકશન આફ ફ્યશતીક" (Fustic) ૪ાા રતલ, "બરેઝીલ ઊડ" નો ઊકાલો ૧૩ા રતલ અને પતંગના લાકડાનો ઊકાલો પાા રતલ. એ બધાને મેલવી દેવો. T. 218.

૧૧૩૯. ખોલતા તપકીરયા રંગના કીડના ચામડાં—"ફ્યુશતીક" (Fustic) નો ઊકાલો ૧૩ રતલ, "ફશનેત" (Fustet) નો ઊકાલો ૧૩ રતલ, "બરેઝીલ ઊડ" નો ઊકાલો ૨ રતલ અને પતંગના લાકડાનો ઊકાલો ૧ રતલ. એ બધા ઊકાલાના પાણીને એક બીજામાં મેલી દેવો. પછી કીડના ચામડા ઊપર પીછીથી લગાડો.T.218.

૧૧૪૦. ગરે રંગના કીડના ચામડાં—"સાલ્યુશન આફ કોપારાશ" ના આગ પાણીમાં "વીલો બાર્ક" ના છોડય નાખી ઉકાલવું. એ મેલવણી કીડના ચામડાં ઉપર પીછીથી લગાડવી. (જુઓ બીજી રીત નાં૦ ૧૧૪૧) T. 218.

૧૧૪૧. બીજી રીત—"વીલો બાર્ક" ના ઊકાલાનું પાણી ૧૭ાા રતલ અને પતંગના લાકડાના ઊકાલાનું પાણી અરધો રતલને સાથે મેલવી દેવો. T. 219.

૧૧૪૨. "ગરે બરાઉન" રંગના કીડના ચામડા—"વીલો બાર્ક" ના ઉકાલાનું પાણી ૩પ રતલ, "ઇનફ્યુશન આફ એલદર બેરીશ" ૨ રતલ અને "બરેઝીલ ઊડ" ના ઉકાલાનું પાણી અરધો રતલ. એ બધાને મેલવી દઇ પીછીથી કીડના ચામડાં ઉપર લગાડો. T. 219.

૧૧૪૩. "ગરે ગ્રીન" રંગના કીડના ચામડાં—"વીલો બાર્ક" ના ઉકાલાનું પાણી ૧૩ રતલ, "ફસતીક" ના ઉકાલાનું પાણી ૪ રતલ અને પતંગના લાકડાના ઉકાલાનું પાણી અરધો રતલ. એ બધાને મેલવી દઈ કીડના સાફ કીધેલા ચામડા ઉપર લગાડો T. 219.

૧૧૪૪. "ગરે સ્તોન કલર" રંગના કીડના ચામડાં—"વીલો બાર્ક" (Willow bark) ના ઊકાલાનું પાણી ૧૭ાા રતલ અને પતંગના લાકડાના ઉકાલાનું પાણી ૨ રતલને મેલવી દેઇ પીછીથી લગાડો. T. 219.

૧૧૪૫. "ગ્રીન સ્તોન કલર" રંગના ચામડાં—"વીલો બાર્ક" ના ઉકાલાનું પાણી ૮ાા રતલ, "દીકોકશન આફ ફસતીક" (Fustic) ૮ાા રતલ અને પતંગના લાકડાના ઉકાલાનું પાણી ૧ રતલ. એ બધાને મેલવી દઇ કીડના ચામડા ઊપર પીછીથી લગાડો. T. 219.

૧૧૪૬. કેલને રંગના કીડના ચામડાં—"દીકોકશન આફ ફસતીક" ૧૭ાા રતલ, અને પતંગના લાકડાના ઉકાલાનુ પાણી ૨ રતલને મેલવી દઇ પીછીથી કીડના ચામડાપર લગાડો. T. 219.

૧૧૪૭. ઘેરા લીલા રંગના કીડના ચામડાં—"દીકોકશન આફ ફસતીક" ૨પ રતલ અને પતંગના લાકડાના ઊકાલાનું પાણી ૨પ રતલને મેલવી દેઇ ચામડા ઉપર લગાડો. T. 219.

૧૧૪૮. ઓલીવ બરાઉન રંગના કીડના ચામડાં—"દીકોકશન આફ ફશતેન" (Fustet) ૧૦ રતલ, "દીકોકશન આફ ફશતીક" (Fustic) ૬ રતલ, બરેઝીલ ઉડના ઊકાલાનું પાણી ૨ રતલ અને પતંગના લાકડાના ઉકાલાનું પાણી ૪ રતલ. એ બધાને મેલવી દઇ ચામડાં ઉપર પીછીથી લગાડવુ T. 219.

૧૧૪૯. ઓરંજ બરાઉન રંગના કીડના ચામડાં—"ફુસતીક" નો ભુકો ૮ રતલ, "બરેઝીલઉડ" નો બારીક ભુકો અરધો રતલ. એ બેઉને ૫ા "કુવાર્ટ" પાણીમા નાખી ખુબ ઉકાલવું. એ મેલવણી કીડના ચામડા ઉપર લગાડવી. T· 219.

૧૧૫૦. રાતા નારંગી રંગના કીડના ચામડાં—"વીલો બાર્ક" ના ઉકાલાનું પાણી ૪ રતલ અને "ફુસતેત" ના ઊકાલાનું પાણી ૪ રતલને મેલવી દેઇ કીડના ચામડા ઉપર લગાડો.

૧૧૫૧. શેમોઇસ (Chamois skins) ચામડાને પીલા રંગના કરવાની રીત—ખોહ્લા રંગની અથવા ઘેરા રંગની હડતાલ અથવા પીલા રંગને પાણીમા મેલવીને પીછીથી શેમોઇસ ચામડા ઉપર લગાડો. T· 217.

૧૧૫૨. શેમોઇસ ચામડાંને પીલા તપકીરયા રંગના કરવાની રીત—"બરાઉન રેડ" નામના રંગને "અમબર" (Umber) નામના રંગની શાથે પાણીમાં મેલવી દઈ શેમોઈશ ચામડા ઉપર પીછીથી લગાડો. T. 217.

૧૧૫૩. શેમોઇસ ચામડાને ગરે રંગના કરવાની રીત—દીવાની કાજલને વીશકી દારૂમા મેલવી પાછીથી લગાડીને સુકાવો. શુકાયા પછી ઉપર વધુ પડેલા રંગને પીછીથી કરી કાડડી નાખો. T. 217.

૧૧૫૪. શેમોઈસ ચામડાને કાલા રંગના કરવાની રીત—પેહલા તે ચામડા ઉપર પતંગના લાકડાના ઉકાલાનું પાણી પીછીથી લગાડવું. શુકાયા પછી તેનીપર "દીલ્યુટ શોલ્યુશન આપ શલફેટ આફ આયરન" પીછીથી લગાડવું અને તે શુકાયા પછી તેનીપર પતંગના લાકડાના ઉકાલાનું પાણી પીછીથી લગાડી શુકાવું કરવું. T.127.

કપડા તથા ચોપડી, કાગજ અને બીજી જીણુસો ઉપરથી સાહીના, લોહોઢાના અને ચીકાશના દાધો કાહાડી નાખવાની રીતો.

Method of taking out stains of ink, oil and grease from books &c.

૧૧૫૫. રેશમી કપડા ઉપરથી ચીકાશના દાધ કાહડવાની રીત—બે આંઉસ લીંબુના અરક ("એસેન્સ આફ લેમન") ને એક આંઉસ તરપીતન તેલની શાથે એકથુ કરીને એક સીસીમાં ભરી રાખવુ તે રેશમી કપડા ઉપર જયારેબી ચીકાશનો દાધ પડે તયારે તેની ઉપર નરમ હાથે લગાડવું.

૧૧૫૬ લોહોઢાના વેલાતી ચુહુલા ઉપરથી તેલના ચીકાશના દાધ કાહડવાની રીત—તેવા દાધ ઉપર ચુહુલામાંની ખુબ ગરમ ભેહભત તરતજ શારીપેઠે નાખવી. En. 352.

૧૧૫૭. ઉનના કપડા ઉપરથી ચીકાશના દાધ કાહડવાની રીત—"ફુલરસ અર્થ" (Fuller's earth) એક જાતની મટોડી બજારમાં વેચાતી મલે છે અથવા "તોબાકો પાઇપ કલે" ની બારીક ભુકીને થોડા પાણીમાં ભીંજવી લાહી જેવી કરી તેલવાલા ભાગ ઊપર એ મેલવણી મુકવી. મટોડીમાંનુ પાણી જેમ સુકાતું જશે તેમ મટોડા ચીકાશને સોસી લેશે. જયારે મટોડી બરાબર સુકાઈ રહેકે તેને ઝાટકવું અથવા બરશથી સાફ કરી નાખવું Fe. 402.

૧૧૫૮. બત્તીની સમેદાની ઉપર પડેલા મીનના દાધ કાહડવાની રીત—દાધની ઊપર ગરમ ખલખલતું પાણી રેડવું. પછી કપડાથી ઘસીતે લુછી નાખો.

૧૧૫૯ રૂપાં ઉપરથી સાહીના દાધ કાહડવાની રીત—રૂપાંના શાહીના ખડી-

માના ઢાંકણા અથવા બીજા ભાગો સાહીથી વાટેથડીએ ખરાબ થઇ જાય છે કે જે એકાએક કાંઇ બીજી રીતથી નીકલી શકતા નથી, તોપણ જો થોડા "ક્લોરાઇડ આફ લાઇમ" (Chloride of lime) ને પાણીમાં મેલવી સાહી જેવું કરી તે દાઘ ઉપર લગાડ્યું હોય તો નીકલી જશે. En. 379.

૧૧૬૦. કપડા ઉપરથી સાહીના તથા લોહોદાના દાઘ કાહુડવાની રીત— જે કપડા ઉપર સાહીનો અથવા લોહદાનો દાઘ પડયો હોય તો એક ભાગ "તારતારીક એસીડ" (Tartaric acid) ને ત્રણ ભાગ પાણીમાં નાખી મેલવવું. પછી એ મેલવણી તે દાઘવાલા ભાગ ઉપર લગાડવી. જો "તારકારીક એસીડ" નહી મલે તો તેને બદલે "મ્યુરીઆટીક એસીડ" (Muriatic acid) લેવી.

૧૧૬૧. સાહીના દાઘ ચોપડી ઉપરથી કાહુડવાની રીત—"સોલ્યુશન આફ ઓકઝેલીક એસીડ" અથવા "સોલ્યુશન આફ તારતારીક આસીડ" અથવા "સોલ્યુસન આફ સીત્રીક એસીડ" ને કાગજ ઉપર અથવા ચોપડીના પાણા ઉપર વગર થાસતીએ લગાડવું. એ સાહીથી છાપેલી શાહીના અક્ષરોને કંઇપણ ખરાબ કરીઆ વગર માતર લખેલીજ શાહીના દાઘ નીકલી જશે. En. 413.

૧૧૬૨. કાગજ ઉપરથી લખેલી સાહીના અક્ષરો કાહડાડવાની રીત— "શોલ્યુશન આફ મ્યુરેટ આફ તીન" બે દરામ અને થંડું પાણી ચાર દરામને એક ગલાસમાં મેલવી ઊંટના બાલની પીછીએ કરી લખેલા અક્ષર ઉપર લગાડવું. જ્યારે શાહી નીકલી જાય કે તે કાગજને પાણીમાં બોલી કાહડી શુકવવું. En. 414.

૧૧૬૩ સાહીના રાતા દાઘ કાહડવાની રીત—સાહી બનાવતી વખતે પતંગના લાકડાના છોડયા તેમાં જ્યારે નાખેછે તયારે તેવી સાહીના દાઘ "ઓકઝેલીક આસીડનું શોલ્યુશન" લગાડવા પછી તે ઠેકાણે લાલ દાઘ પડી રહે છે તો તેવા પડેલા દાઘને કાહડવાને માટે તેની પર "સોલ્યુશન આફ ક્લોરાઇડ આફ લાઇમ" લગાડવું. En. 2037.

૧૧૬૪. બીજું સાહીના રાતા દાઘ કાહાડવાની રીત—"આંગ ઓલકોહલ" માં થોડો સરકો ભેલીને દાઘ વાલી જગાપર લગાડવું.

૧૧૬૫. કપડા ઉપરથી "મારકીંગ ઇન્ક" (ઇંધાની અથવા નામ પાડવાની સાહી) ના દાઘ કાહુડવાની રીત—મારકીંગ ઇન્કથી લખેલા કપડા ઉપર "ક્લોરીન" અને "આમોનીયા" નું ભેલેલુ પાણી લગાડયું હોય તો તેથી કપડા ઉપર લખેલા અક્ષરો સાફ થઇ જશે. કારણ કે "આમોનીયા" અને "ક્લોરીન" એ બેઉ જણસો એ મારકીંગ સાહીની અંદર આવેલા રૂપાને તરત પીગલાવી નાખશે અને તેનો કાલો રંગ સફેદ થઇ જશે. (જુઓ બીજી રીત નાં૦ ૧૧૬૬)

૧૧૬૬ બીજી રીત—"સોલ્યુશન આફ સાયાન્યુરેટ આફ પોતાસીયમ" ને ઊંટના બાલની પીછીથી "મારકીંગ ઇન્ક" ની ઇંધાની ઊપર લગાડવું. જ્યારે દાઘ જતો રહે કે તેને થંડા પાણીથી સારી પેઠે ધોઇ નાખવું (જુઓ ત્રીજી રીત નાં૦ ૧૧૬૭) En. 401.

૧૧૬૭ ત્રીજી રીત—"ક્લોરાઇડ આફ લાઇમ" ના શોલ્યુશનથી તે દાઘને ભીંજવવો, પછી "આમોનીયા" અથવા "હાઇપો સલફેટ આફ સોડા" ના શોલ્યુશનથી ધોઇ નાખવું C. 1234.

૧૧૬૮ ધોયલા સફેદ કપડા ઉપરથી સાહીના રાતા દાઘ કાહાડવાની રીત— આપણા સફેત પેહેરવાના કપડા ઊપર સાહીના દાઘ પડેગ અને તે કપડું જ્યારે

ધોબીને તયાંથી ધોવાઈ આવેચ તયારે તેપર લાલ અથવા પીલા દાઘ પડી રહેચ એવા દાધ કાહાડવા હોય તો:—"આકઝાલીક આસીડ" ને "આમોનીયા" ની સાથે મેલી લગાડી હોય તો તરત તે લાલ દાધ નીકલી જશે. એવી રીતના લાલ દાઘ પડવાનું કારણ એકે સાહીની બનાવટમાં હીરાકશી આવેચ કે જેમાં લોહોડું આવેચ તેથી એવી સાહીનો દાધ પડયો એટલે ધોબીને તાંહાં કપડા ધોહોવા જાયચ તયારે સાબુ લાગવાથી હીરાકસીમાનું લોહોડું છુટુ પડી જાયચ અને તે લોહોડાનો કાટ લાલ રંગનો થઇ કપડાંની ઉપર બેશી જાયચ અને તેથી એવો દાધ કપડા ઊપર પડેચ. પણ જયારે "આકઝાલીક આસીડ" લગાડયેચ તયારે એ કાટ પીગલી જઇને પાછો કપડાનો રંગ સફેત થઇ જાયચ.

૧૧૬૯ ત્રાંબા તથા પીતલના વાસણમાંથી રંગના દાઘ કાહડવાની રીત—ત્રાંબા તથા પીતલના વાસણમાં રંગ બનાવવા પછી તેના દાધ પડી રહે છે. તેવા દાધ કાહડવા હોય તો તેમાં થોડું ગંધકનુ તેલ નાખી થોડુ પાણી રેડવું. પછી થોડી જુણી રેતી અથવા રાખ તેમાં નાખી મેલવીને જાડી ફલાનેલના કપડાના કટકાએ કરી એ મેલવણીથી સારી પેઠે માજીને સાફ કરવા. પછી તેને નુછીને કોરડા કરવા. D. 875.

૧૧૭૦ સાહીના દાધ તરત કાહાડી નાખવાની રીત—જો અંગ્રેજીથી સાહી ઘોળાઇ ગઇ હોય અને દાધ પડયો હોય તો તરત તે શાહીની ઊપર "બલાટીંગ પેપર" થી શાહી જેમ બને તેમ શોશવી લેવી. એ પ્રમાણે તે શાહી નીકલી જાય તાંહાં સુધી "બલાટીંગ પેપર" ના કટકા ઊપર દાબીને સાહી કાહાડી લેવી. પછી તે દાધને લીંબુનો રશ અથવા સરકાથી શારી પેઠે ભીંજવીને પાણીથી ધોઇ નાખવો.

૧૧૭૧ હાથ ઉપરથી રંગના દાધ કાહડવાની રીત—જયારે રંગારી લોકો કાચની બારીઓને રંગે છે તયારે કેટલીક વખત રંગની પીછી કાચની ઊપર લાગાથી દાઘ પડી રહે છે તો તેવા તરતના દાઘને તરપીતનથી ધોઈ કાહાડો અને જો સુકાયા હોય તો સમુદરફીણના કટકાને તે રંગના દાધની ઊપર શારીપેઠે ઘસીયા કરો એટલે દાધ નીકલી જશે.

૧૧૭૨ રંગના દાધ કપડા ઉપરથી કાહડવાની રીત—રંગનો દાધ કપડા ઊપર સુકાયા પછી તરત નીકલી શકતો નથી તેથી કપડાને જેવો રંગનો દાઘ લાગે કે જેમ બને તેમ નુછી નાખવું. પછી તેની ઊપર બીજા નરમ કપડાથી તરપીતન અથવા "સ્પીરીટ આફ વાઇન" સારીપેઠે લગાડીને ગસવું એટલે દાધ નીકલી જશે. પણ જો દાઘ સુકાઇને કઠણ થયો હોય તો તેની ઊપર ઘડી ઘડી તરપીતન લગાડીને નુછયા કરવું.

૧૧૭૩ ચોપડી ઉપરથી લોહડાના દાઘ કાહડવાની રીત—જો લોહડાના દાગથી કાગજ ખરાબ થયું હોય તો તેનીપર "શોલ્યુશન આફ સલફયુરેટ આફ પોતાશ" લગાડવું, ત્યારપછી તેની ઊપર "ઓકઝેલીક એસીડ" લગાડવું એટલે દાધ જતાં રહેશે.

૧૧૭૪ દવાઈના દાઘ રૂપાના ચમચા ઉપરથી કાહડી નાખવાની રીત—નરમ "સલફયુરીક એસીડ" (Sulphuric acid) માં કપડું બોલી તે કપડાથી ચમચાને નુછવા પછી તેને સાબુ પાણીથી ધોઈ નાખીને સાફ કરવા. En. 411.

૧૧૭૫ અલાબાસતરને સાફ કરવાની રીત—"અલાબાસતર" એ સંગેમરમરના જેવોજ પણ તેથી નરમ પથર છે, અને એવા પથરની બનાવેલી ચીજો લાંબો વખત સુધી રહેયાથી પીલી થઇ જાય છે અથવા ધુમાડો, ધુલ વગેરેથી ખરાબ થઇ

ગઇ હોય તો પેહલા તેને સાબુથી સારીપેઠે ચોળીને ધોવો. પછી ગરમ પાણીથી તે સાબુને ધોઇ કાહડવો. જો તેની ઊપર દાઘ પડયો હોય તો "ફુલરશ અરથ" (Fuller's earth) એ નામની એક જાતની મટોડી અથવા "તોબાકો પાઇપ કલે" નામની મટોડીનો બારીક ભુકો કરી થોડા પાણીમાં મેલવી લાહી જેવું કરી તે દાઘની ઊપર લગાડી ત્રણ ચાર કલાક સુધી રેહવા દેવો. પછી તેને પાણીથી સારીપેઠે ધોઇ કાહડો. જો એ પથર ઘણો ખરાબ થઇને બીજા દાઘ વગેરે પડયા હોય તો "એકવાફોરતીશ" (Aquafortis) માં પાણી નાખીને નરમ કરી તે પથરને એથી સારીપેઠે ધોઇ કાહડો. (જુઓ બીજી રીત નાં૦ ૧૧૭૬) Con. 13.

૧૧૭૬. બીજી રીત—જો અલાબાસતરની ચીજોપર ચીકાસનો દાગ પડયો હોય તો અબરકની ભુકીથી ઘસીને સાફ કરવું અથવા તરપીતન તેલ ઘસીને લગાડવું. પછી સાબુ પાણીથી ધોઇ નાખવું. D.411.

૧૧૭૭. જેપાનના બનાવેલા સામનને સાફ કરવાની રીત—જેપાનના બનાવેલા બાકસ તથા તુરાઈ ("તી ત્રે") વગેરે જીણસોને સાફ કરવી હોય તો—જરા "આલીવ આઇલ" હાથપર લેઇ તેથી સાફ કરવું. પછી ફલાનેલના સોજા કપડાથી શારીપેઠે લુછી સાફ કરવું, પણ એવી જીણસોને ગરમ પાણીથી સાફ કરવી નહી, કેમકે તેથી તેના ઉપર લગાડેલું વારનીસ (રોગાન) ખરાબ થઇ જશે.

૧૧૭૮. કપડા ઉપરથી ગારીના પઇદામાં લગાડેલી (ગ્રીસ) ચીકના દાઘ કાહાડવાની રીત—દાઘ લાગેલા કપડાના ભાગને તેલથી સારીપેઠે ભીંજવવું. પછી સાબુના પાણીથી ધોઇ નાખીને વખાતું કરવુ.

૧૧૭૯. મુનની ચીમની ઉપર મેસ લાગી હોય તે સાફ કરવાની રીત—મુનની ચીમની ઉપર મેસ લાગી હોય તેને સાફ કરવાની આ સેહેલ રીત છેઃ—કીટલી ચુહુલાપર ચહડાવેલી હોય અને પાણી ખલખલે તયારે કીટલીના મોહોડામાંથી વરાલ નીકલતી હોય તે વરાલ ચીમનીની અંદર બે તરણવાર લાગું થવા દેવી જેથી કાચની ચીમની ગણીજ સફાઇદાર થશે. પછી સુકા કપડાના કટકાથી લુછી કાહાડવી.

૧૧૮૦. દામરના દાઘ સફેદ કપડા ઉપરથી કાહડવાની રીત—જે ઠેકાણે દામરનો દાઘ પડયો હોય તેટલાજ કપડાના ભાગને તેલથી શારીપેઠે ભીંજવી રાખી સાબુથી સારીપેઠે ધોઈ કાહડવું.

૧૧૮૧. તંબાકુની થુકના દાઘ કપડા ઉપરથી શી રીતે કાહડવા?—થોડા કલીચુણાને પાણીમાં ભીંજવી કાહરી મલાહી જેવું કરી તે દાઘની બેઊ બાજુ ઉપર જાડું જેવું લગાડી ખુબ સુકાવા દેવો. પછી તે ઊપરથી ચુણાને કાહડી નાખવો. એ રીત સફેદ કપડાપર પડેલા દાઘને માટેછે.

૧૧૮૨ બફ રંગનું કપડું સાફ કરવાની રીત—"પાઇપ કલે" (Pipe clay) નામની સફેદ મટોડીના બારીક ભુકાને થોડા પાણીમાં કાલવી લાહી જેવું કરીને કપડા ઊપર લગાડવી તે સુકાયા પછી બરશથી સાફ કરી નાખો.

૧૧૮૩ સોનેરી ફીટને સાફ કરવાની રીત—સોનેરી ફીતો તથા લેસનો રંગ ઝાંખો મારી ગયા હોય તેને સાફ કરવા માટે ફટકીનો બારીક મેંડા જેવો ભુકો કરો. પછી તે ભુકો નાહાના "તુથ બરશ" ઉપર લેઇ ફીત ઊપર ઘસીને લગાડવું.

૧૧૮૪ "રોઝ ઉડ" ના બનાવેલા ફરનીચર (સામાન) ને સાફ રાખવાની રીત—દરરોજ તેવા સામનને નરમ કપડાથી આશતેથી લુછયા કરો. En. 359.

૧૧૮૫ માહુગનીની ફરેમને સાફ કરવાની રીત—તેવી ફરેમ ઉપર પડેલી ધુલ વગેરેને પેહેલા પીછીથીં શારીપેઠે પખો-

રેવી. પછી ડુબાનેલના કપડાના એક કટકાને મીઠા તેલમાં બોળી તેથી સાફ કરવી. En. 362.

૧૧૮૬. લાકડાના પાતીઆ ઉપર પડેલા શાહીના દાઘ કાહાડવાની રીત—"આંગ મ્યુરીઆતીક આસીડ" અથવા "સ્પીરીટ આફ સાલટ" (Spirit of salts) ને કપડાના કટકાએ કરી તેની ઉપર સારીપેઠે લગાડીને પછી પાણીથી ધોઇ નાખવું. En. 381.

૧૧૮૭. જમવાની તેબલોને પાલીશ કરવાની રીત—તેવી તેબલની વચમાં અલશીનું તેલ જરા નાખી કપડાથી કરી શારીપેઠે ઘસીને બધે લગાડવું. જો કપડું ખરાબ થઇ જાય તો બીજુ કપડું લેવું. એ પ્રમાણે તે તેબલ પરનું તેલ શુકાઇ જાય તાંહાંસુધી શોજા કપડાથી ઘસીને પાલીશ કરીઆ કરવી. Con. 144.

૧૧૮૮. કસબ તીલીકામના ભરતને સાફ કરવાની રીત—સોનેરી તથા રૂપેરી કસબની કોરો, તોપીઓ અથવા પાઘડીના છેડા વગેરે ઉપર દાઘ પડયા હોય તો તેની અસલ ચમક પાછી લાવવા માટે ગલાસમાં "સ્પીરીટ આફ વાઇન" જરા રેડી તેમાં તેટલુંજ પાણી રેડવું. પછી એ મેલવણી પેલા બગડેલા દાઘ ઉપર લગાડવી એટલે શાફ થશે. જો કોરો અથવા તોપીઓ રેશમી કપડા ઉપર ભરેલી હોય તો તેની ધાસતી કરવી નહી કેમકે "સ્પીરીટ વાઇન" થી કઇ કપડું બગડતું નથી. પણ એવી કોરોના દાઘ કાહડવાને માટે કોઇબી જાતનું "આસીડ" અથવા ખાર કદી લગાડવો નહી કેમકે આસીડથી દાઘ સાફ થવાને બદલે ઉલતો કસબને ખરાબ કરી નાખશે. Con. 154.

૧૧૮૯. કોચ તથા ખુરશી ઉપર જડેલી દુમાશ અથવા છીંટના કવરને સાફ કરવાની રીત—તેવા કપડા ઉપર ઘઉનું સકુ થુલું નાખી ફુલાનીલના કપડાથી ઘસીને સાફ કરવું. En. 360.

૧૧૯૦. ચીનીના અથવા બીલોરી કાચના વાસણને સાફ કરવાની રીત—"ફુલરસ અરઠ" એ નામની મટોડી બજારમાં વેચાતી મલે છે તે લાવી તેને છુંડીને ખુબ બારીક ભુકો કરવો. પછી તેને કપડાથી ચાલી કાહડવો કે તેમાં જરાપણ જીણી કગરશ રહે નહી. પછી એ શુકકી ભુકીથી તે વાસણને માજીને સાફ કરવા. En. 394.

૧૧૯૧. ફરનીચર ઉપર પડેલા ચીનના દાઘ કાહડવાની રીત—જરા ફુકા ગરમ પાણીમાં કપડાનો એક કટકો ભીંજવી કાહડી તેથી દાઘને લુછી નાખવો.

૧૧૯૨. રૂપાંના ચમચા કાંટાને ધોવાની રીત—ગરમ પાણીમાં જુદા જુદા ધોઇ કાહડી ".સેમોઇસ લેધર" થી ઘસડીને લુછી નાખવા.

૧૧૯૩. ઘાસની બનાવેલી વેલાતી તોપીઓને સાફ કરવાની રીત—એવી તોપીઓને પેહલા સાબુ અને પાણીથી ધોઇ કાહડવી. પછી તેને સોજા પાણીમાં જબકોરી કાહડી હવામાં સુકાતી કરવી. સુકાયા પછી ઇંડાંની સફેદીને ખુબ કપ ચહડાવી તેની ઉપર બધે ચોપડવી. યાદ રાખવુ કે એ તોપીમાં જે સોઢાનો તાર આવે છે તે ધોતી વખતે તેમાંથી પેહેલા કાહડી લેવો. En. 2451.

૧૧૯૪ ખુરશીની કાલા ચામડાની બનાવેલી ગાડીઓને સાફ કરવાની રીત—એક વાસણમાં તાજા ઇંડાની બે દાલ અને એક ઇંડાની સફેતી નાખી ખુબ હીલવ હીલવ કરી મેલવવી. પછી એક તમદેલમાં "સ્પીરીટ વાઇન" એક ચમચો નાખી તેમાં એક નાહાની ચમચી ભરી ખાંડ નાખી મેલવી દેવી, તથા તેમાં થોડી "આઇવરી બલેક" નાખી મેલવીને પેલા ડોહોવેલા ઇંડાંમાં નાખી શારીપેઠે મેલવી દેવો. પછી પીછીએ કરી

એ મેલવણી કાલા ચામડાના ઉપર લગાડવી. થોડી મીનીટ પછી નરમ બરશે કરી ઘસીને ચલક કાહડવી. જો એ પરમાણે જોડાને અથવા બુતને લગાડશો તો તેપણ ચલકતા થશે. Con. 224.

૧૧૯૫. કપડા તથા કાગજ ઉપરથી "લુનર કાસતીક" ના દાઘ કાહડવાની રીત—"કલોરાઇડ આફ મરકયુરી" બે દરામ અને "હાઇદરો કલોરીક એસીડ" બે દરામ એ બેઉને એક કાચના ગલાસમાં નાખી પીગલવા દેવો. પછી કપડા અથવા કાગજ ઉપર જે ઠેકાણે "લુનર કાસતીક" ના દાઘ પડયા હોય તેની ઊપર એ મેલવણી, ઉંટના બાલની પીછીથી લગાડવી. પછી તરતજ તેને પાણીમાં બોલી કાહડે એટલે દાઘ જતા રેહશે. તયારબાદ તેને તડકામા શુકાવા મુકો. F. 221.

૧૧૯૬. છરી તથા કાંતાના અબનુંશના હાથા (હેંડલ) ને સાફ કરવાની રીત—નરમ કપડાના કટકાને મીઠા તેલમાં બોલી હાથા ઉપર લગાડી થોડોવાર રેહવા દેવો. પછી સોજા ટુવાલથી સારીપેઠે લુછી નાખવા.

૧૧૯૭. છરી તથા કાંતાના હાથીદાંતના હાથા (હેંડલ) ને સાફ કરવાની રીત—સુમરેતા પાણીમા સાબુંનું ફીણુ કાહડી ફલાનેલના કપડાથી ધોઇને સોજા ટુવાલથી લુછી નાખવા.

૧૧૯૮. ત્રાંબાના જુણા સીકાઓ ઉપરના છાપ લાંબી મુદતના કાટથી ઢંકાઇ ગયા હોય તો તેને પાછા પ્રગરા કરવાની રીત—એવા ત્રાંબાના સીક્કાઓને આતશની અંદર ધીમે ધીમે ગરમ કાધાથી તેની ઉપરના છાપ પ્રગરા થવા માંડશે. (જુઓ બીજી રીત નં૦ ૧૧૯૯)

૧૧૯૯. બીજી રીત—એવા કીતાવલા ત્રાંબાના સીક્કાને "આંગ નાઇત્રીક એસીડ" મા ચીપીઆએ કરી જડપથી બોલી કાહડી તરતજ પાણીથી ધોઇ નાખવા. એ એસીડ શરીરના કોઇપણુ ભાગને લાગે નહી તેની સંભાલ રાખવી, કારણ કે એ આસીડ એટલું આગીયુ છે કે શરીર ઉપર તરત દાહજ ઊઠાડશે.

૧૨૦૦. સંગેમરમરના પથર ઉપર પડેલા સરકાના દાઘ કાહડવાની રીત—જો સંગેમરમરનો પથર સફેદ હોય તો તે દાઘની ઉપર પાણીમાં પીગલાવેલો બાવલનો ગુંદર પીછીએ કરી લગાડવો. પછી તેને તડકામાં સારીપેઠે સુકાવા મુકવો. સુકાયાથી તેનીપર લગાડેલો ગુંદર તતરીને તેના છલતા નીકલી જશે. (જુઓ બીજી રીત નં૦ ૧૨૦૧)

૧૨૦૧. બીજી રીત—"ફુલરશ અરથ" (Fuller's earth) એ નામની મટોડી બજારમાં વેચાતી મલે છે તેને ગરમ પાણીમાં મેલવી દાઘની ઉપર ચોપડવી. પછી તેને સુકાવા દેવો. બીજે દાહડે તેને નરમ સાબુથી ધોઇ કહડો. પછી તેને નરમ કપડાથી લુછી નાખો એટલે સાફ થશે.

૧૨૦૨. ફોતોગ્રાફ ઉપરથી સાહીના દાઘ કાહડવાની રીત—જો ફોતોગ્રાફની ઊપર લખવાની કાલી સાહીનો દાઘ પડયો હોય તો "ડાઇલ્યુટ શોલ્યુશન આફ ઓકઝાલીક એસીડ" પીછાંથી તે દાઘ ઊપર લગાડવું

૧૨૦૩. ચુણાના દાઘ કાહડવાની રીત—જે વસતુપર ચુણાના દાઘ પડયા હોય તેની ઊપર થોડા સરકો લગાડીને સાફ કરવાથી નીકલી જશે.

૧૨૦૪. માહુગનીના સામન સાફ કરવાની રીત—"સ્પીરીટ આફ તરપેનતાઇન" માં મીન પીગલાવીને તે સામન ઉપર લગાડવું અને પછી મજબુત હાથે એક ફલાનેલના કપડાં વતે તેને ઘસીને સાફ કરવું.

૧૨૦૫. કપડા ઉપરથી સાહીનાં દાગ કાહડવાની રીત—જો કે કપડા ઊપરથી દાઘ કાહડવા માટે "ઓકઝાલીક એશીડ"

વાપરેછે પણ એ આસીડથી કપડાના સાખા ઉપર ખરાબ અશર કરે છે. તેથી તેના કરતા ૨ ભાગ "તારતાર" અને ૧ ભાગ ૫ટકીના ભુકાને શારીપેઠે મેળવી દેઇ તેનું સોલ્યુશન (પાણી) બનાવી દાઘ ઊપર લગાડવું એથી કપડા બગડતા નથી. T. 75.

૧૨૦૬. પીપને સાફ કરવાની રીત—થોડા રતલ સુકો ચુણો પીપમાં નાખી તેમાં પાણી રેડીને બંધ કરવું. થોડો વાર પછી તેમાં બીજુ પાણી રેડી તે પીપને ગગડાવવું. પછી સોહોળા પાણીથી ધોઇ કાહડવું.

૧૨૦૭. બીલોરી કાચના વાસણોને ધોહવાની સરસ રીત—તેવા વાસણોને હમેશા ઠંડા પાણીથી ધોહવાથી સારી જલેહ નીકળશે. ગરમ પાણીએ ધોયાથી તેની જલેહ નીકલતી નથી. (જુઓ બીજી રીત ના૦ ૧૨૦૮) En. 366.

૧૨૦૮. બીજી રીત—કાચના વાસણને ઠંડા પાણીમાં બોલીને કોલસાની બારીક ભુકીથી માજવાં. પછી ઠંડા પાણીથી ધોઇ કાહડવા. ગરમ પાણીએ ધોયાથી કાચ ઝાંખો પડી જાયછે.

૧૨૦૯. સંગેમરમર (મારબલ) ના પુતલા (બસત) ને સાફ કરવાની રીત—પેહલા તેવા પુતલા ઊપરથી ધુલ વગેરે પખોડી કાહડી ઘણીજ નરમ કીધેલા "હાઇડરો કલોરીક એસીડ" (Weak hydrochloric acid) થી ધોઈ નાખવું. સાબુ વાપડવો નહી કેમકે તેથી પથરનો રંગ ખરાબ થશે. T. 78.

૧૨૧૦. એક લાકડાના બનાવેલા જુણા (ફરનીચર) સામનને સાફ અને ચલકતાં કરવાની રીત—જો તેવા સામન ઊપર ચીકાશના દાઘ પડ્યા હોય તો ગરમ કીધેલા બીર દારૂથી ધોઇ નાખવું (જુઓ બીજી રીત ના૦ ૧૨૧૧) T. 78.

૧૨૧૧. બીજી રીત—બીરદારૂની અંદર ખાંડ તથા મીન નાખીને ઊકાળવું. પછી પીછીએ કરી એ મેળવણી લગાડવી. જ્યારે સુકાય એટલે બરશથી લુંછીને ચલક કાહડવી. T. 78.

૧૨૧૨. હાડકાંને સાફ કરવાની રીત—સુકો કલીચુણો અને ચુલાને પાણીમાં મેળવી તેમાં હાડકાં મુકી તે હાડકાં પરથી ચીકાસવાલી ચીજ નીકલી જાય અને હાડકાં સફેદ થાય તયાં સુધી ઊકાળવા.

૧૨૧૩. "તીં" તથા "કાફી ત્રે" ને સાફ કરવાની રીત—ચીનાઇ અથવા જાપાનની બનાવેલી લાકડાની અથવા પતરાની ચાહે તથા કાફીના પેયાલા મુકવાની ત્રુરાઇ (થાલીઓ) ને સાફ કરવી હોય તો કદી પણ ગરમ ખલખલતાં પાણીથી ધોહવી નહી, કેમકે તેથી તેની ઊપર લગાડેલ વારનીશ (રોગાન) તથા ગીલીટ ખરાબ થઇ જાયછે, પણ ફુકા પાણીમા વાડલું (સ્પંજ) બોલી તેથી ધોહોઇને શફેદ નરમ કપડાથી લુછી નાખવી. જો ઘણી ઝાંખી મારી ગઇ હોય તો તેની ઊપર ઘઊંનો થોડો આટો ભભરાવી સુકકા કપડાથી લુછીને સાફ કરવી. T. 78.

૧૨૧૪. કપડા ઉપરથી "મીલદયુ" ના દાઘ કાહડવાની રીત—પેહલા તે દાઘ વાલા કપડાને ભીંજવી તેનીપર સાબુ લગાડવો. પછી નીમખ અને લીંબુનો રસ તે દાઘની બેઉ બાજુપર લગાડવું, અથવા "ફુલરસ અર્થ" અથવા ચાકનો ભુકો લગાડવો. પછી તેને હવામાં ઘણાક કલાક સુધી સુકવવા મુકી રાખો. (જુઓ બીજી રીત ના૦ ૧૨૧૫) Con. 255.

૧૨૧૫. બીજી રીત—નરમ સાબુને "સ્તાર્ચ" (એક જાતનો આટો) ના ભુકા શાથે મેળવી દેવો અને જેટલો "સ્તાર્ચ" લીધો હોય તેનો અરધો ભાગ નીમખ તથા લીંબુનો રસ નાખી બધાને મેળવી પીછીએ કરી તે દાઘવાલી જગાપર લગાડવું અને ગાસની ઊપર એક દાહડો અને રાત સુધી

પાંથરી રાખવું. (જુઓ ત્રીજી રીત ના० ૧૨૧૬.) Con. 255.

૧૨૧૬. ત્રીજી રીત—" ક્લોરાઇડ આફ લાઇમ " ૨ આંઉસ લેઇ તેમાં એક બાતલી ભરી કકરા પરતું ગરમ પાણી નાખો. તારબાદ તેમાં બીજી તરણ બાતલી થંડું પાણી રેડો. પછી એ પાણીમાં પેલું દાઘ વાલું કપડું ૧૦ અથવા ૧૨ કલાક શુધી બોલી રાખો એટલે દાઘ જતા રેહશે. Con. 255.

૧૨૧૭. કરેઓનના દાગ કાગજ ઉપરથી કાહડવાની રીત—કાગજ ઉપર "કરેઓન" (Crayon) થી દરોઇંગ (ચીતાર) પાડતી વખતે તેવી કરેઓનના પડેલા દાગ કાહડવા હોય તો પાંઉનો ગર લઈ તે ગરને હાથમા મસલીને નરમ કરવો અને તેવા નરમ કીધેલા ગરે કરી તે દાઘને લુછી નાખશો તો તરત જતો રેહશે. F. 102.

૧૨૧૮. બફ રંગના ચામડાંને સાફ કરવાની રીત—એક આંઉસ " ઓક્ષાલીક આસીડ " માં એક પેંટ પાણી નાખી પીગલાવો. એ પાણીથી તે ચામડાને સારીપેઠે ધોઇને તેનીપર શોજી જરા ચરબી (Tallow) ગસીને સાફ કરો. S. 329.

૧૨૧૯. કપડા ઉપરથી લોહીના દાઘ કાહડવાની રીત—જો કપડા ઉપર લાંબા વખતના દાઘ પડયા હોયતો એક ભાગ " આયોદાઇદ આફ પોટાશ " માં તેના ચાર ઘણાં વજણના પાણીમાં બેલી તેથી કપડાને ધોઇ નાખવું. જો તરતના દાઘ પડયા હોયતો પાણીથી ધોઈ નાખવા.

૧૨૨૦. બાટલીઓને ધોવાની રીત—કાચની બાતલીઓને ધોવાની સઊથી સરસ રીત એ છેકે—કોલશાનો બારીક ભુકો કરી બાટલીમાં નાખવો. પછી ગરમ અથવા થંડું પાણી થોડું તેમાં રેડી બાટલીને સારીપેઠે હીલવવી. પછી બીજા સોજા પાણીથી ધોઇ નાખવી. જો એ કોલશાનો ભુકો પાણી સાથે થોડોવાર બાટલીમાં રાખી મેલીને પછી ધોશોતો બાટલીમાંનો ખરાબ વાસ પણ જતો રેહશે.

૧૨૨૧. કપડા ઉપરથી મીનના દાઘ કાહડવાની રીત—ડાઘ વાલા કપડાની ઊપર " બલાટીંગ પેપર " (સાહી સોસવાના કાગજ) ની બે ત્રણ ગરી વાલીને મુકો. પછી તેની ઉપર ગરમ કીધેલું લોહડું જરા વાર દાબી રાખો. એટલે મીન ગરમ થઇને બલાટીંગ પેપર સોસવી લેશે

૧૨૨૨. રેશમી કપડા ઉપરથી આસીડના દાઘ કાહડવાની રીત—તેની ઊપર " સ્પીરીટ આફ હાર્ટસ હાર્ન " (Spirit of hartshorn) અથવા " સાલ વોલેતાઇલ " (Salvolatile) પીછીથી લગાડવું.

૧૨૨૩. કીટાએલા લોહોડાને સાફ કરવાની રીત—કીટાયલી જણસને મીઠા તેલમાં બે દાહડા સુધી બોલી રાખવી. પછી કાહડીને તેને કણ્ણ ચુણાએ સાફ કરવી.

૧૨૨૪. કાગજ ઉપરથી તેલના દાઘ કાહડવાની રીત—જે કાગજ ઉપર ચીકાશનો ડાઘ પડયો હોય તેટલા ભાગને પેહલા ગરમ કરવો. પછી તે ડાગ ઊપર " બલાટીંગ પેપર " (સાહી સોસવાનું કાગજ) મુકી તેની ઉપર ગરમ કીધેલા લોહડાનો કટકો આસતેથી દાબવો. એટલે તે કાગજ ચીકાશના દાઘને શોસવી લેશે. T. 75.

૧૨૨૫. ચીણાઈ સાદરીને સાફ કરવાની રીત—જો ઓરડામાની સાદરી ખરાબ થઈ ગઇ હોય તો નીમખના પાણીમાં જાડા કપડાના એક કટકાને બોલી તેથી સાદરીને ધોહવી. પછી બીજા સોજા કપડાથી લુછીને સુકી કરવી, એટલે સાદરીનો રંગ પીલો નથતાં અશલના જેવીજ શફેદ માલમ પડશે.

૧૨૨૬. જમણાની કાચની (દીશ) રકાબી ઉપરથી ચીકાશ કાહડી નાખવાની રીત—એક વાસણમાં પાણી રેડી ચુલા ઉપર મુકી બે ચાર કકરા પડેકે તેમાં

એક પ્રુતીઉ દુધ નાખવું. પછી તેને ઊતારવું. પછી એ ખલખલતાં પાણીમાં કપડાનું પોતુ બોલી તે પોતું રકાબીમાં ફેરવશો તો ગમે એવા ચીકણા દાઘ નીકલી જશે. એવી રીતે તેબલની સેંકડો ઉપર જમવાની રકાબીઓ થોડા વખતમાં શાફ થાયછે.

૧૨૨૭. સ્તીલની બનાવેલી જણુસોને સાફ કરવાની રીત—સુક્કા કલી ચુણાના ભુકાથી તેવી જણુસોને સાફ કરવી. જો સ્તીલની બનાવેલી ઘડયાલની સાંકલી તથા છેડા, "પરોંગ" તથા "બરચીશો" ને સુકા કલીચુણાના ભુકામાં રાખશોતો તેવી જણુસો ઉપર કીટ ચહડશે નહી. પણ જ્યારે તેવી જણુસોને ચુણામાં મુકો તયારે તેને ઘણી સંભાલથી સાફ કરવી તે એટલે સુધી કે હાતના આંગલાનો પાસ પણ તેને લાગવો નહી જોઇએ. S. 28.

.૧૨૨૮. તલવારને સાફ કરવાની રીત—ઇતરદીના બારીક ચારેલા ભુકાને તેલમાં મેલવી તેથી સાફ કરવી. પછી ઇંતરદીના સુકા બારીક ભુકાથી સાફ કરવી. તબારબાદ "કરોકસ" (Crocus) નો ભુકો અને ચામડાથી પાલીશ કરવી. S. 28.

૧૨૨૯. બાલની તોપી પરથી ચીકાસના તથા રંગના દાઘ કાહડવાની રીત—તેવા ડાઘ ઉપર તરપીતન લગાડી સાફ કરવું જો તરપીટનનો દાઘ તેનીપર રહેતો "સ્પીરીટ આફ વાઇન" લગાડી શાફ કરી નાખો. S. 28.

૧૨૩૦. રૂંપાના વાસણોને સાફ ચલકતાં કરવાની રીત—ચાર ભાગ "પાઇપ કલે" ની ધોયલી બારીક ભુકીને એક ભાગ "ક્યુરીફાઇડ તારતાર" ની બારીક ભુકી શાથે શારીપેઠે મેલવી દેવો. પછી એ ભુકીથી વાસણોને સાફ કરવા. (જુઓ બીજી રીત ના૦ ૧૨૩૧) T. 78.

૧૨૩૧. બીજી રીત—ચાકનો બારીક ભુકો અને નવશાગરના ભુકાને "આલકોહોલ" માં નાખી પીગલાવો. પીગલી રહેકે રૂપાના વાસણ ઊપર તેનું પોતું ફેરવી શાફ કરવાથી ચલકતાં થશે. (જુઓ ના૦૧૨૩૨) T. 78.

૧૨૩૨. રૂપાની ચીજોને સાફ કરવાની રીત—"શોલ્યુશન આફ તારતાર" ને ઊકાલવું અને તે ગરમ હોય તેટલાંજ તેમા રૂપાની ચીજો મુકીને થોડી મીનીટ રેહવા દેવો. પછી તેમાંથી કાહડીને "સેમોઇસ લેધર" (નરમ ચામડા) થી લુછી નાખો. (જુઓ બીજી રીત ના૦ ૧૨૩૦) T. 78.

૧૨૩૩ બીજી રીત—"પ્રીપેરડ ચાક" (સાફ કીધેલો ચાક) ૮ આંઊસ, તરપીતન ૨ આંઊસ, "આલકોહોલ" ૧ આંઊસ, "સ્પીરીટ આફ કેમફર" ૪ દરામ, અને "લીકર આફ આમોનીઆ" (Liquor of amonia) ૨ દરામ. એ બધાને મેલવી નાખવા. પછી જે રૂપા કામ સાફ કરવું હોય તે ઊપર આ મેલવણી વાંડલા (સ્પંજ) થી લગાડવી પછી થોડો વખત સુકાવા દેઇ શાફ કરી નાખવું. S. 28.

૧૨૩૪. સોનાના વાસણોને અથવા જણસોને સાફ કરવાની ભુકી—"પેરીસ રેડ" (Paris red) નામની ભુકીને શેમોઇસ લેધરથી લગાડી સાફ કરવાં. T. 78.

૧૨૩૫. પીતલ તથા ત્રાંબાને સાફ કરવાની રીત—ત્રાંબા તથા પીતલની ચીજોને પેહલા મીઠા તેલે સાફ કરવું. પછી "રોતન સ્તોન" ના બારીક ભુકાથી ખુબ સાફ કર શેમોઇસ લેધર (નરમ ચામડા) થી પાલીસ કરવી. (જુઓ બીજી રીત ના૦ ૧૨૩૬) Con. 74.

૧૨૩૬. બીજી રીત—"રોતન સ્તોન" ના બારીક ભુકાને ૧ પેંટ પાણીમા નાખી મેલવી દેવો. પછી તેમાં એક નાહની ચમચી ભરી "સલફ્યુરીક આસીડ" નાખી મેલવી દેવો. પછી એ મેલવણી કપડાના પોટાથી પીતલની ચીજો ઊપર લગાડી સાફ

કરી નાખો. પછી તેને ચાકના બારીક ભુકાથી સાફ કરો. (જુઓ ત્રીજી રીત ના૦ ૧૨૩૭ Con 75.

૧૨૩૭. ત્રીજી રીત—ફટકીના ગરમ "શોલ્યુશન" મા પીતલની અથવા ત્રાંબાની ચીજોને ધોઈ કાહડવી. સુકાયા પછી "ત્રીપોલી પાઊદર" થી પાલીસ કરવી. એક આંઊસ ફટકીએ એક પેંટ પાણી લેવું. (જુઓ ચોથી રીત ના૦ ૧૨૩૮) Con. 75.

૧૨૩૮. ચોથી રીત—"સ્પીરીટ આફ આમોન્યા" અને સરકાને મેલવી પીતલ ઊપર તેનું પોતું ઘસડાને ચોપડવુ. પછી "બલાટીંગ પેપર" ને "સ્પીરીટ વાર્નન" મા ભીંજવી તેથી લુછી નાખવું. (જુઓ ના૦ ૧૨૩૯) T. 78.

૧૨૩૯. પીતલના સામન યાને ચીજોને સાફ કરવાની રીત—પેહલા "ઈમેરી પાઊદર" (Emery powder) અને તેલથી ઊનના કપડાવતે તેવા સામનને ઘસડીને સાફ કરવા. પછી તેને "બાથ બ્રીક" (Bath brick) ના બારીક ભુકાથી ખુબ સાફ કરવા અને છેલ્લે ચાકના બારીક ભુકાથી સાફ કરી નરમ ચામડાથી લુછી નાખવું. (જુઓ બીજી રીત ના૦ ૧૨૪૦) Con. 75.

૧૨૪૦. બીજી રીત—ફ્લાનેલના કપડાના એક કટકાને જલદ સરકામા બોલી તેથી પીતલને ખુબ સાફ કરવું કે જેથી તેની ઊપરના પડેલા દાગો નીકલી જશે. પછી "રોતન સ્તોન" ના બારીક ભુકાથી નરમ ચામડાએ કરી તેને સારી પેઠે સાફ કરવું. (જુઓ ના૦ ૧૨૪૧) Con. 75.

૧૨૪૧ પીતલની જીણસોને ચલકતી કરવાની રીત—એક ભાગ "સલફ્યુરીક આસીડ" ને તરણ ભાગ પાણીમા નાખી નરમ કરો. પછી એ મેલવણીમાં કપડાનું પોતું બોલી પીતલની ચીજોને ઘસડીને ધોવી. તયારબાદ "રોતન સ્તોન" ની ભુકી અને ચાકની ભુકીને સાથે મેલવી તેથી ઘસડીને સાફ કરી નાખો. (જુઓ બીજી રીત ના૦ ૧૨૪૨) Con. 75.

૧૨૪૨. બીજી રીત—પીતલની ચીજોને પેહલા જરા ગરમ કરી નવશાગરના ભુકાને પાણીમા ભીંજવી તેમાં કપડાનો એક કટકો બોલી તેથી સાફ કરવી. પછી "રોતન સ્તોન" ના બારીક ભુકાને અથવા "ત્રીપોલી" નામની બારીક રેતીને અથવા ચાકના બારીક ભુકાને ફ્લાનેલના કપડામાં બોલી તેથી સાફ કરો. પછી નરમ ચામડા (સેમોઈસ લેધર) થી શારીપેઠે લુછીને સાફ કરવું. (જુઓ ત્રીજી રીત ના૦ ૧૨૪૩)

૧૨૪૩. ત્રીજી રીત—એક પેંટ પાણીમા એક આંઉસ ફટકીને ઉકાલવી અને તેવટે પીતલની ચીજો ધોહવી. સુકાયા પછી "ત્રીપોલી" (Tripoli—એક જાતની રેતી) તે ઘરેણા ઊપર ખુબ મસલવી એટલે ચલકતાં થશે. એ રીત પીતલની જે ચીજો ઉપર ગીલીટ નહી ચહડાવેલો હોય તેવી ચીજો યાને પીતલના ઘરેણા માટે છે.

૧૨૪૪. "બ્રીતેન્યા મેતલ" નામની ધાતુના બનાવેલા વાસણોને સાફ કરવાની રીત—જો તે વાસણો ઘણા ખરાબ થઈ ગયા હોય તો "બાથ બરીક" (Bath brick) અથવા "રોતન સ્તોન" (Rotton stone) ના બારીક ભુકાને પાણીમા ભીજવી કપડાના પોતાથી માંજવા. પછી તેલ તથા ચાકનો ભુકો અને તરપીતનને શાથે મેલવી તેથી સાફ કરવા. તયારબાદ ચાકના બારીક સુકકા ભુકાથી શાફ કરી નાખી નરમ કપડાથી લુછી નાખવાં. Con. 80.

૧૨૪૫. જરમન સીલવરને સાફ કરવાની રીત—"રોતન સ્તોન" (Rotton stone) ના બારીક ભુકામાં તેલ નાખી મેલવીને સાફ કરવા.

૧૨૪૬. સોનાની બનાવેલી જીણસ અથવા સોનેરી ગીલીટ કીધેલી જીણસને સાફ કરવાની રીત—અરીઠાના ફીણના પા-

ધુંઈને જસ ગરમ કરી તે પાણીથી જીનુસોને ધોહવી પછી નરમ મલમલના સોજા કપડાથી અથવા સેમોઇસ લેધરથી નુછીને શાફ કરી નાખવી. F. 155.

૧૨૪૭. હાથ ઉપરથી નાઈટ્રેટ આફ સીલવરના ડાઘ કાહડવાની રીત (ફોટોગ્રાફરોને માટે)—પેહલા હાથને ગરમ પાણી અને સાબુથી ખુબ ધોહવા. પછી તે ડાઘને "પમીસ સ્તોન" થી ઘસો એટલે ઘણો ખરો ડાઘ નીકલી જશે. પછી "સાઇનાઇડ આફ પોટાશીયમ" ના કકડાથી તે ડાઘ ભીણો હોય તેટલાંજ તેને ઘસો એટલે હાથ સાફ થશે. પછી પાણીથી હાથને શારી પેઠે ધોઈ નાખવા (જુઓ બીજી રીત ના૦ ૧૨૪૮.) S 293.

૧૨૪૮. બીજી રીત—ડાઘવાલા હાથને "શચ્યુરેટેડ શોલ્યુશન આફ સોડા" માં ધોહવા. પછી સાબુ, પાણી અને "પમીસ સ્તોન" ની ભુકીથી ધોઈને સાફ કરવા. S. 293.

૧૨૪૯ કાંનસને સાફ કરવાની રીત—જો લોહઢાની કાંનસ ખરાબ થઇ ગઇ હોય તો તેની ઉપર "બેનઝોલ" (Benzole) ના થોડા ટીપા નાખી બરશે કરી સાફ કરવી એટલે તેમા ભરાયલો કચરો વગેરે નીકલી જશે. T 76.

૧૨૫૦. સંગેમરમર (મારબલ)ને સાફ કરવાની રીત—પેહેલા સેમોઇસ લેધરથી શંગેમરમરને શાફ કરી તેની ઉપર આએ મેલવણી લગાડવી:—"શોફ્ત શોપ" (Soft-soap) પાઆ રતલ, ચાકનો ભુકો પાઆ રતલ, "સોડા" ૧ આંઉસ અને સ્તોન બ્લુ (Stone-blue)નો એક અખરોટના જેટલો નાહનો કટકો. એ બધાને એક વાસણમાં નાખી થોડું પાણી રેડી ચુહુલા ઊપર મુકી ઉકાલવું અને મેલવીને એકરશ કરવું. પછી એ મેલવણી સંગેમરમરના પથર ઊપર ફ્લાનેલના કપડાના કટકાથી બધે લાગડી ૨૪ કલાક સુધી રેહવા દેવો. પછી શોજ્ઞ પાણીથી શારીપેઠે ધોહી નાખી ફ્લાનેલના કપડાથી નુછીને શાફ કરવી. જુઓ બીજી રીત ના૦ ૧૨૫૧) T, 420.

૧૨૫૧. બીજી રીત—"સોડા" ૨ ભાગ, "પયુમીશ સ્તોન" (Pumice stone) નો બારીક ભુકો ૧ ભાગ અને ચાકનો બારીક ભુકો ૧ ભાગ. એ બધાને જીણી ચાંનમાંથી ચાલી કાહડી પાણીમા મેલવીને લાહી જેવું કરવું. પછી પથર ઊપર બધે ઘસડીને લગાડવું. પછી સાબુ અને પાણીથી ધોહી નાખવું. T. 420.

૧૨૫૨ સંગેમરમર (મારબલ) ના પથર ઉપરથી લોહોઢાના દાઘ કાહડવાની રીત—તે દાઘ ઊપર "સલફ્યુરીક આસીડ" અને લીંબુનો રશ સરખે ભાગે મેલવી પીછીથી લગાડવુ. જરાવાર રહીને નરમ કપડાથી નુછી નાખ્યાથી દાઘ નીકલી જશે. Con.241

૧૨૫૩. સંગેમરમર (મારબલ) ના પથર ઉપથી તેલના દાઘ કાહડવાની રીત—મટોડીને "બેનઝાઇન" (Benzine) માં ભીજવી તે ઊપર લગાડવી. T. 420.

૧૨૫૪. બાગીના અથવા આરસીના ખરાબ થયલા કાચને સાફ કરવાની રીત—"રોતન સ્તોન" (Rotten stone) અથવા "ફુલરસ અરથ" ની બારીક ચારેલી ભુકીમાં અથવા જીણી ચારેલી રાખમાં જરા ભીંજવેલુ કપડુ બોલી કાચની ઉપર ફેરવવું. પછી સુકા નરમ (મલમલના) કપડાથી નુછીને સાફ કરી નાખા. (જુઓ ના૦ ૧૨૫૫) C. 699.

૧૨૫૫. બાગીના અથવા આરસીના કાચને ચલકતા કરવાની રીત—ચાકનો ઘણોજ બારીક ભુકો કરી મલમલના કપડામા પોટલી બાધી કાચની ઉપર તેમાંથી બધે ફરતો ચાક છાંટવો પછી "સેમોઇસ લેધર" (નરમ ચામડા) થી નુછીને સાફ કરો. C. 699.

૧૨૫૬. વારનીષ લગાડેલા સામાન ઉપરનો દાઘ કાહડવાની રીત—"આલકોહોલ કેમફર" માં વાદલુ (સ્પંજ) બોલી તેની ઉપર લગાડી સાફ કરો.

૧૨૫૭ બીલોરની દીકાંડરોને સાફ કરવાની રીત—બીલોરની કાચની દીકાંદરોમાં "પોરટ વાઇન" અથવા બીજી કોઈબી જાતના દારૂનો કચરો નીચે ઠરી ગયો હોય અથવા "પોરટ વાઇન" ના રાતા દાગ પડયા હોય તો તેમા થોડો "પરલ આશ" (એક જાતનો ખાર) અને ગરમ પાણી તથા સુકો ચુનો એક અથવા બે ચમચા ભરીને નાખવો પછી દીકાંદરને ખુબ હીલવ હીલવ કરીને ધોહવી. પછી શોજા પાણીથી ધોઇ કાહડવી. (જુઓ બીજી રીત ના૦ ૧૨૫૮.)

૧૨૫૮. બીજી રીત—"બરાઉન પેપર" (કાગજ) ના દીકાંડરમા જાય એટલા નાહના કટકા તથા સાબુના પણ નાહના કટકા કાપીને નાખવા. પછી તેમા સુમરેતુ ગરમ પાણી થોડુ નામી ઉપરથી થોડો "પરલ આશ" (એક જાતનો ખાર) નાખીને દીકાંડરને અથવા બીલોરની બાતલીને સારીપેઠે હીલવ હીલવ કરી ધોઇ કાહડવી. પછી બીજા શોજા પાણીથી ધોઈ સાફ કરીને તેને ઊંચી વાલીને સુકવવી. (જુઓ ત્રીજી રીત ના૦ ૧૨૫૯)

૧૨૫૯. ત્રીજી રીત—ઇંડાના થોડા કોચલાને કચડીને તેનો ભુકો કરી દીકાંડરમા નાખી તે દીકાંડરને પાણીથી પોણી ભરી ખુબ હીલવ હીલવ કરવી. પછી શોજા પાણીથી ધોઈ કાહડવી. (જુઓ ચોથી રીત ના૦ ૧૨૬૦) T. 420.

૧૨૬૦. ચોથી રીત—દીકાંડરને ધોહીને તેમા શોજા "બરાઉન પેપર" (કાગજ) ના કકડાઓને સલગાવીને નાખવા. પછી તેને તરત બુચ મારવો. જ્યારે દીકાંદરમાનો નીકલતો ધુમાડો બંધ થાયકે બુચ કાહડી નાખી શોહજા પાણીથી ધોઈ નાખવી, પણ જો બાતલી ઘણી ખરાબ થઈ હોય તો જ્યાં સુધી ડાઘ નીકલે તયા સુધી ઊપલી રીત પ્રમાણે કાગલ સલગાવી ધોહી નાખવી. (જુઓ પાંચમી રીત ના૦ ૧૨૬૧)

૧૨૬૧. પાંચમી રીત—ચાહ પીધા પછી ટીપાટમાં પાતરા સાથે જે પાણી રહેછે તે થોડુંક ગરમ રેહવા દઇને તે દાઘ વાલી દીકાંદરમા નાખવુ અને તે જ્યાં સુધી સાફ થાય તયા સુધી તેને ખુબ હીલવવું. શોહોજી થાયકે એ ચાહેનું પાણી તેમાંથી કાહડી નાખી બીજા સોજા પાણીથી ધોઇ કાહડવી.

૧૨૬૨. બીલોરની બાતલીઓ તથા સીસીઓમાં દાઘ પડેલા હોય તે સાફ કરવાની રીત—બીલોરની બાતલીઓ અથવા સીસીઓ અથવા બીલોરના ફ્લાવર વાસે, અને એવાજ બીજા બીલોરના વાસણોમાં કેટલીક વખત એવા દાઘો પડે છે કે જે એકા એક નીકલી શકતા નથી, માટે તેવા દાઘો કાહડવા હોય તો "દીલ્યુટ મયુરીઆટીક આસીડ" થોડુ તેમા નાખી બાતલીને ખુબ હીલવવી, પછી શોહજા પાણીથી ધોઇ કાહડવી. F. 151.

૧૨૬૩. લોઆના દાઘ કપડા ઉપરથી કાહડવાની રીત—થોડા લીંબુના રશમા નીમખને પીગલાવી તે દાગવાલી જગા ઉપર લગાડવું. પછી તેને તડકામા સુકાવા દેવું.

૧૨૬૪. ફ્રુટના પડેલા દાગ હાત ઉપરથી કાહડવાની રીત—થોડા લીંબુના રશમા નીમખને પીગલાવી તેથી હાતને ખુબ ચોલીને પછી પાણીથી ધોઇ શાફ કરવા.

૧૨૬૫ વાઈન દારૂના દાઘ સનના કપડા ઉપરથી કાહડવાની રીત—એક વાસણમા દુધ નાખી સારીપેઠે ચુહલા ઉપર ખુબ ઉકાલવું. પછી જે કપડા ઉપર દાઘ પડયો હોય તે દાઘ વાલા ભાગને તે દુધમા જરાવાર બોલી રાખવું એટલે કપડુ તદન શાફ થઇ દાઘ જતા રેહશે.

૧૨૬૬. આસીડના દાઘ રેશમી કપડા ઉપરથી કાહડવાની રીત—તેવા દાઘ ઊપર "સ્પીરીટ આફ્ હાર્તસ હાર્ન" (Spirit of hartshorn) અથવા "સાલ વોલેતાઈલ" લગાડવું.

૧૨૬૭. ગીલીટ કીધેલી ફ્રેમને કેમ સાફ કરવી?—તેવી ફરેમોને બીર દારૂથી ધોહવી.

૧૨૬૮. કીડના કાલા ચામડાના બુતને સાફ કરવાની રીત—લખવાની કાલી સોજી સાહી થોડી લઇ તેમા ઇંડાની સફેતી નાખી સારીપેરે મેલવી દેવી. પછી "સ્પંજ" (વાડલા) થી એ મેલવણી બુત ઊપર ચોપડવી એટલે બુત નવા જેવા થશે. F. 53.

૧૨૬૯. કીડના રંગીન ચામડાના બુતને સાફ કરવાની રીત—તાજા ઇંડાની સફેતી અને સોજુ પાણી એઊ સરખે ભાગે લઇ એક વાસણમા સારીપેઠે મેલવીને એકરશ કરી નાખો. પછી એ મેલવણી "સ્પંજ" (વાડલા) થી બુત ઉપર લગાડવી એટલે સોજા નવા જેવા થશે. F. 53.

૧૨૭૦. મોરાકોના ચામડાના બુતને સાફ કરવાની રીત—ગરમ દુધમાં શોજા "સ્પંજ" (વાડલા) ને બોલી કાદડી બુત ઉપર લગાડવું. પછી ફલાનેલના નવા કપડાના કટકાથી શારીપેઠે લુછીને સાફ કરવા.

૧૨૭૧. ઉનનાં કપડાં ઉપરથી સાહીના ડાઘ કાહડવાની રીત—શાહીના ડાઘ કાહડવાને આએ રીત કામે લગાડયાથી તરત ડાઘ નીકલી જશે. એક તાજા ઇડાંને ભાંજી તેની ફકત સફેતીને એક કાચની પેયાલીમા કાહડવી (દાલ નહી લેવી) અને તેમાં થોડાંક ટીપા "ઓઇલ આફ્ વીટરીઅલ" (Oil of vitriol) નાખી શારીપેઠે મેલવી દેવો. પછી એ મેલવણી તે ડાઘ ઊપર લગાડવી અને પછી એને સાફ પાણીથી ધોયાથી ડાઘ નીકલી ગયલા જણાશે.

૧૨૭૨. ચામડા ઉપરથી ચીકાસના ડાઘ કાહડવાની રીત—ચામડાની બનાવેલી વસતુઓને જો તેલ, ઘી અથવા બીજા ચીકાશના દાઘ પડ્યા હોય તો તાજા ઇંડાને ભાંજી તેની સફેતીને એક પ્યાલીઆમા જુદી કાહડવી (દાલ નહી લેવી) અને ફકત તે સફેતીને તે ડાઘ ઊપર લગાડીને તે વસતુને તડકામાં સુકાવા મુકવી. પછી બરશથી સાફ કરી નાખો. જો નહી નીકલે તો ફરીથી એજ ઉપાય કરવો.

૧૨૭૩. કાલા કપડા ઉપરથી લાલ ડાઘ કાહડવાની રીત—જો કાલા કપડા ઉપર કોઇબી આસીડ (ખનાસ) થી લાલ દાઘ પડયા હોય તો તે ઊપર "સ્પીરીટ આફ્ હાર્તસ હાર્ન" (Spirit of harts horn) લગાડવું. બ. ૧૪૧૦

૧૨૭૪. જસતને સાફ કરવાની રીત—એક ભાગ "સલફ્યુરીક આસીડ" (Sulphuric acid) માં ૧૨ ભાગ પાણી નાખી મેલવવું. પછી તેમા જસતને થોડી સેંકડ બોલી રાખીને પછી કપડાએ કરી સારીપેઠે લુછી નાખવું.

૧૨૭૫. બાતલીમાથી પારા (મરકયુરી) ના દાઘ કાહડવાની રીત—પારો (Mercury) ભરેલી જુણી ખાલી બાતલીઓમા જો પારાના દાઘ પડયા હોય તો તે બાતલીમાં રેતી નાખી તેમા થોડું પાણી રેડી બાતલીને જોરથી ખુબ હીલવ ઢોલવ કરવી. જ્યારે દાઘ નીકલી જાયકે શોહોજા પાણીથી ધોઇ નાખવી.

ઉંદર, માકડ, માખ મછર, કીડી તથા ઉંધાઇ વગેરે જીણા જાણાવરોને ઓછા કરવાની રીતો.

Method of exterminating rats, mice, flies, ants &c.

૧૨૭૬. ઊંદરોને ઓછા કરવાનો ઉપાય—"આઇલ આફ અમબર" (Oil of amber) અને "આઇલ આફ આકસગાલ" (Oil of ox-gall) બેઉ સરખે ભાગે લેઇ તે લાહી જેવું થાય તેટલો ઘઉનો આટો તેમાં નાખી મેલવવો. પછી તે આટાની નાઢલી ગોલીઓ બનાવી ઓરડાની અંદર અથવા જ્યાં ઊંદરો હોય તયાં મુકવી પછી તેની પાસે પાણીથી ભરેલી રકાબીઓ મુકી રાખવી. તેલના વાસથી તરતજ ઊંદરો તે આટાની બનાવેલી ગોલીઓ ખાઇ જશે અને તેથી પાણીંની તરસ ઘણી લાગાથી પેલી રકાબીમાંનું પાણી પીઇને તાંહાંના તાંહાંજ પોંહોંતા થશે. (જુઓ બીજી રીત નાં૦ ૧૨૭૭)

૧૨૭૭. બીજી રીત—શુકકા વાડલા (સ્પંજ) ના જીણા કટકા કરી તેને મધ અને "ઓઇલ આફ રોહદીયમ" માં બોલી કાહડી જાંહા ઊંદરો હોય તાહાં મુકવા એટલે એ ખાવાથી ઉંદરોના આટરડાં ફુલીને મરણ પામશે. એ વાડલાના કટકા ઘેરમાં બચાંઓના ખાવામા આવે નહી તેની સભાળ રાખવી. (જુઓ ત્રીજી રીત નાં૦ ૧૨૭૮.) T. 197.

૧૨૭૮. ત્રીજી રીત—બાતલીના બુચના ઘણાજ જીણા જીણા કટકા કાપી તેને ચરબીમાં તલી કાહડવા. જ્યારે ઘણા થંડા પડે કે એક પતરાની રકાબીમાં એ કટકા મુકવા અને તેની ઉપર જરા "આઇલ આફ અમબર" (Oil of amber) નાખવું. એમાં "આઇલ આફ અમબર" નાખવાનું કારણ એટલુંજ કે તેના વાસથી ઊંદરો ભલચાય છે. (જુઓ નાં૦ ૧૩૩૫) Con. 350.

૧૨૭૯. ઉંદરોને નાહુસાડવાની યુકતી—એક મુથી ભરીને નીમખ લેવું. તે નીમખ દરેક ફાટમાં તથા દરમાં તેમજ જે જગા ઉપર ઉંદરો ફરતા હોય તે જગા ઊપર થોડું થોડું નાખવું. પછી તે નીમખ ઉપર બએ ચમચા મોરથુથાનો અરક નાખવો એટલે તેના વાસથી ઊંદરો નાહાસી જશે એટલુંજ નહી પણ પાછા તે જગા ઊપર આવશે નહી. (જુઓ બીજી રીત નાં૦ ૧૨૮૦)

૧૨૮૦. બીજી રીત—"બરદ લાઇમ" (Bird lime) ઉંદરોના દર આગળ નાખવો, જેથી તેઓની ચામડીને વલગયાથી ઉંદરોને ઘણો કંતાલો આવયાથી અંતે પોતાનું રેહથાણ છોડી જશે. (જુઓ ત્રીજી રીત નાં૦ ૧૨૮૧) T. 297.

૧૨૮૧. ત્રીજી રીત—જો ઘેરમાં ઉંદરો થયા હોય તો તે ઊંદરોના દરોપર "તાર" (Tar) ફરતો પીછીએ કરી નાખવો એટલે ૨૪ કલાકમાં તો એકબી ઉંદર તાંહાંથી દેખાશે નહીં. એટલુંજ નહી પણ જો તે દરો ઉપર "તાર" લગાડયા કરશો તો ફરીથી તાંહાં ઉંદરો આવશેજ નહીં. T. 162.

૧૨૮૨. ઉંદરોના દરને બંધ કરવાની રીત—એક ચીણાઈ વાસણમાં અરધી બાતલી "તાર" અને અરધો આંઊસ "પરલ આસીસ" તથા મોરથુથાનો અરક એક આંઉસ અને એ મુથી ભરી નીમખ નાખી બધાને શારીપેઠે મેલવી નાખવું. પછી એ મેલવણી જાડા કાગજ ઉપર બેઊ બાજુથી ચોપડવી. પછી તે કાગજમાંથી થોડો કાગજ લેઇને ઊંદરના દરમાં મુકવો અને તેની ઉપર મટોડું નાખીને તે દરને પુરી નાખો એટલે તે દર આગલ ઉંદર આવશે નહી.

૧૨૮૩. ઉંદર પકડવાના પીપ છટકાં— વાડી અથવાં બાગોમાં જાંહાં ઊંદરો ઘણા થતા હોય તેને પકડવાને આ પીપ છટકાની કલા સારી છે:—એક પીપ પાણીથી અરધું ભરવું અને તેની ઊપર બાતલીના બુચના ભુકાનું એક પડ કરવું અને તેની ઉપર આટો ભભરાવવો. પછી પીપની પાસે કાંઇ પેતી અથવા ખુરશી છેક અડોઅડ મુકી રાખવી કે જેથી ઊંદરને તે ઊપર રહીને પીપ ઉપર ચહડવાને બની આવે. પીપ ખોલ્લું હોવાથી ઉંદરજીને સઘલો તેમાં આટોજ નજરે આવે છે, તેથી તેમાં તે જીપલાવે છે એટલે પાણીમાં દુબીને મરણ પામશે.

૧૨૮૪. ઘોડા, ગાય તથા બલદના પગો ઉપર બેસતી માખોને તથા ચટકાં મારતાં બીજા જીણા જનાવરોને દુર કરવાની રીત—ઘોડા, ગાય તથા બલદોના પગો ઊપર તથા પેત ઊપર "ત્રેન ઓઇલ" (Train oil) લગાડવું. Con.197.

૧૨૮૫. કીડીઓને દુર કરવાની રીત—ખોરાક મુકવાની અભરાઇઓપર અથવા ખોરાક મુકવાની પેતીઓમાં કીડીઓ થતી હોય તો તે અભરાઇ ઊપર ચાક ચોપડવો અથવા માખ પકડવાનુ ભીણુ કાગજ મુકવું, અથવા પાંઉના ભુકાને "ટીંકચર આફ કુઆશીઆ" માં ભીંજવી જાંહાં કીડીઓ થતી હોય તાંહાં મુકવો. T. 162.

૧૨૮૬. વાડી અથવા બાગમાં થતી કીડીઓને ઓછી કરવાની રીત—૧ ચમચો "કારબોલીક એસીડ" ને ૬૪ ચમચા પાણીમાં મેલવી એ પાણી કીડીઓના રેથાણ ઊપર નામવું એટલે કીડીઓ તાંહાંથી દુર થશે.

૧૨૮૭. કીડીઓનો ઉપદ્રવ દુર કરવાનો ઉપાય—જો ઓરડામાં કીડીઓના તોલે તોલાં થતાં હોય તો તે જગા ઉપર દલેલી હલદ ભભરાવવી એટલે કીડીઓનું તોલુ વીખરાઈ જંશે અથવા તાંહાંથી આગલ જતી અટકશે. (જુઓ બીજી રીત. ના૦ ૧૨૮૮)

૧૨૮૮. બીજી રીત—જો કીડીઓ ઘણી ઉભઇ જતી હોય તો તે જગા ઊપર ગરમ ચુલુલામાંની ભેહભત ભભરાવવી.

૧૨૮૯. કીડીઓનો નાશ કરવાની રીત—કીડીઓના રેહથાણ ઊપર થોડો કલીચુણો નાખી ઊપરથી આસતે આસતે પાણી રેડવું. (જુઓ બીજી રીત ના૦ ૧૨૯૦) Con. 20.

૧૨૯૦ બીજી રીત—થોડા કપુરને "સ્પીરીટ આફ વાઇન" માં પીગલાવીને તેમાં પાણી ભેલીને તેના દર ઊપર નામવું. En. 2226

૧૨૯૧. કબતમાંથી કીડીઓને કમતી કરવાનો ઉપાય—થોડા કપુરને કપડાની કોઠલીમાં શીવી કબતમાં મેલવો. અને એટલાજ માટે આપણા દેશીઓ કપુરની પેતીઓ વાપડે છે. (જુઓ બીજી રીત ના૦ ૧૨૯૨) F. 23.

૧૨૯૨. બીજી રીત—"ક્રીઓશોત" (Creosote) માં એક વાડલા (સ્પંજ) નો કટકો ભીંજવીને કબતમાં મુકવો. એથી કબતમાં કીડીઓ થશે નહી. En. 2226.

૧૨૯૩. તેબલ તથા કોચ ઉપર કીડીઓને ચહુડતી અટકાવવાની રીત—કપડાની એક ચીપને એરંડીઆ-તેલમાં બોલી કહાડી તેબલના અથવા કોચના અથવા ધોલીઆના પાયા એથલથી ફરતી ગોલ લપેટી રાખવી જેથી કીડીઓ ઉપર ચહડશે નહી અથવા પાયાની એઠલથી ફરતો તાર ચોપડવો. (જુઓ બીજી રીત ના૦ ૧૨૯૪).

૧૨૯૪. બીજી રીત—પાણીથી ભરેલી ત્રાંબાની અથવા પતરાની રકાબીઓ કબતના અથવા તેબલના પાયાની નીચે મેલી રાખવી. એટલે કીડીઓ ઊપર ચહડશે નહી. F.23.

૧૨૯૫. ઝાડ ઉપર કીડીઓને ચહ-

ડતી અટકાવાની રીત—ઝાડના થડની ઉપર ગોળ ફરતો તાર ચોપડીને પતા જેવો પાતો પાડવો. (જુઓ બીજી રીત ના૦ ૧૨૫૬) En. 2226.

૧૨૯૬. બીજી રીત—" ક્રીઓશોત" ના પાણીમાં કપડું ભીંજવીને તે ઝાડના થડની ઊપર ગોળ ફરતું લપેતવું તથા તે કપડાને થોડે થોડે વારે એ પાણીથી ભીંજવેલું રાખવું. (જુઓ ત્રીજી રીત ના૦ ૧૨૯૭) En. 2226.

૧૨૯૭. ત્રીજી રીત—ઘોડાના બાલના બનાવેલા દોરડાના ત્રણ ચાર આંટા ઝાડના ઠડની આસપાસ બાધવા. (જુઓ ચોથી રીત ના૦ ૧૨૯૮) F. 23.

૧૨૯૮. ચોથી રીત—ઝાડની ફરતી બાજુપર ચાકનો ગોળ પતો પાડવો. F. 23.

૧૨૯૯. માકડ મારવાનો સેહેલો ઉપાય--કેરોશીન તેલ જેને આપણા લોકો ગાસનું તેલ કહે છે તે જાંહાં માકડ થતાં હોય તાંહાં લગાડવું (જુઓ બીજી રીત ના૦ ૧૩૦૦)

૧૩૦૦. બીજી રીત—નખતેલ જાંહાં માકડ થતાં હોય તાંહાં પીછીથી ચોપડવું. (જુઓ ત્રીજી રીત ના૦ ૧૩૦૧) En. 2228.

૧૩૦૧. ત્રીજી રીત—થોડા "સ્પીરીત આફ વાઇન" ની અંદર કપુરને પીગલાવવો. જ્યારે કપુર પીગલી રહે કે જેટલો "સ્પીરીટ વાઇન" લીધો હોય તેટલું તેમાં તરપીતન તેલ રેડી મેલવી નાખો. પછી પીછીએ કરી ધોળીઆ અથવા ક્રાચમાં જાંહાં માકડ થતાં હોય તાંહાં એ મેલવણી લગાડવી. એ મેલવણીના વાસથી માકડ મરી જશે. (જુઓ ચોથી રીત ના૦ ૧૩૦૨) Con. 84.

૧૩૦૨. ચોથી રીત—તરપીતન અને "ક્રીઓશોત" બેઉ સાથે ભેલી પીછીથી લગાડવું (જુઓ પાંચમી રીત ના૦ ૧૩૦૩)

૧૩૦૩. પાંચમી રીત—"આઈલ આફ તાર" (Oil of tar) પીછીથી લગાડવું. Con. 84.

૧૩૦૪. સાદરી તથા ખુરશીની ભરેલી નેતરમાંથી માકડને કાહડવાનો ઉપાય—નખતેલ પીછીથી સાદરી ઉપર તથા ખુરશીની ભરેલી નેતર ઊપર લગાડવું, એથી માકડ મરી જશે. En. 2228.

૧૩૦૫. ઘોડા, ગાય વગેરે જનાવરોના તબેલામાથી મછર, ડાંસ વગેરેને ઓછા કરવાની રીત—" કલોરાઇડ આફ લાઇમ" તબેલામાં લાકડાના પાતીઆ ઉપર છાંટવું. Con. 111.

૧૩૦૬. માકડ સેકવાનું પાણી—ફટકી ૨॥ સેર લેઇ તેને ખાંનીમાં છુંડીને બારીક ભુકો કરવો. પછી ચાર બાતલી ઊકલતાં પાણીમાં એ ભુકો નાખી પીગલાવવો અને જે ઠેકાણે માકડ ભરાઇ બેસતા હોય તાંહાં એક કુચડાએ અથવા જાડી પીછીથી એ પાણી લગાડવું અથવા ઊપરથી એ ફટકીનું ગરમ પાણી રેડવું. (જુઓ બીજી રીત ના૦ ૧૩૦૭)

૧૩૦૭. બીજી રીત—કપડા ધોવાના (કપડવંજી) સાબુના ઉકાલેલા પાણીથી ખુરશી અથવા એવીજ બીજી ચીજોને ધોયાથી માકડ થશે નહી. (જુઓ ત્રીજી રીત ના૦ ૧૩૦૮)

૧૩૦૮. ત્રીજી રીત—" કારબોલીક આસીડ " ૫ ભાગ લઇને તેને ૧૦૦) ભાગ પાણીમાં મેલવવું. એ પાણીથી કોચ વગેરે જેમાં માકડ થયા હોય તેને સારીપેઠે ધોહવા, એથી માકડ તરત મરી જશે. એટલુંજ નહી પણ તેના ખરાબ વાશનો પણ નાશ થશે.

૧૩૦૯. રેશમી તથા સુતરાઉ અને ઉનના કપડાને ઉધાઇથી બચાવવાનો ઉપાય—ઉનના તથા બીજી જાતના પેહેરવાના કપડાને ઊધાઇ અથવા તુવાથી બચાવવાને માટે "સીદર" (Cedar wood) ના

લાકડાની બારીક છોલોને મલમલના કપડાની કોઠલીઓમાં ભરી કપડાના પડમાં અથવા ઉપર મુકવી. (જુઓ બીજી રીત નાં૦ ૧૩૧૦) En. 2228.

૧૩૧૦. બીજી રીત—કપુરના લાકડાની બારીક છોલોને મલમલના કપડાની કોઠલીઓમાં ભરી કપડાના પડમાં મુકવી. આપણા દેશી લોકો જે કપુરના લાકડાની પેતી વાપરે છે તેનું કારણ એજ છે. (જુઓ ત્રીજી રીત નાં૦ ૧૩૧૧. En. 2228.

૧૩૧૧. ત્રીજી રીત—ચીનીકબાલા કપડાના પડમાં નાખવા. (જુઓ ચોથી રીત નાં૦ ૧૩૧૨)

૧૩૧૨. ચોથી રીત—લવંડરના સુકકા ફુલ કપડાના પડમાં મુકવા. (જુઓ પાંચમી રીત નાં૦ ૧૩૧૩)

૧૩૧૩. પાંચમી રીત—"રસીયા લેધર" ના નાહલા કટકા કાપીને કપડાની પેતી અથવા કબતમાં મુકવા. (જુઓ છઠી રીત નાં૦ ૧૩૧૪) Con. 258.

૧૩૧૪. છઠી રીત—કવડા લીમડાના પાતરાને આખા કાલા મરીની સાથે ભેલી કપડામાં મુકવા. (જુઓ સાતમી રીત નાં૦ ૧૩૧૫)

૧૩૧૫. સાતમી રીત—"સ્પીરીટ આફ તરપેનતાઇન" માં કાગજ ભીંજવીને કપડાના પડમાં મુકવું અને તે કપડા પેહડવાની અગાઉ હવામાં ખેલ્લા રાખવા, જેથી તરપીનનનો વાસ નીકલી જશે. (જુઓ આઠમી રીત નાં૦ ૧૩૧૬.) Con. 258.

૧૩૧૬. આઠમી રીત—કપુરને કપડાની કોઠલીમાં શીવીને તેમાં મુકો. (જુઓ નવમી રીત નાં૦ ૧૩૧૭.)

૧૩૧૭. નવમી રીત—જો ઊધાઇએ ઊનના અથવા બીજા કપડામાં ઇંડાં મુકયા હોય તો તે ઇંડાંનો નાશ કરવા સરૂ એક પેંટ "સ્પીરીટ આફ રોઝમેરી" (Spirit of rosemary) ની અંદર ૧૫ ગ્રેન "એસીટેત આફ પોતાશ" (Acetate of potash) નાખી મેલવીને ઊધાઇના ઇંડાપર લગાડવી. (જુઓ દશમી રીત નાં૦ ૧૩૧૮)

૧૩૧૮. દશમી રીત—એક નાહલી સીસીમા એક ગલાસ ભરી વીશકી દારૂ નામવો અને તેમાં "આઇલ આફ કલવસ" ૧૨ ટીપા, "આઇલ આફ કેરાવે" ૧૨ ટીપા "આઇલ આફ લવંડર" ૬ ટીપા અને કપુરનો નાહલો કટકો નાખી સીસીને હીલવ હીલવ કરી મેલવી નાખો. પછી એ મેલવણી ખાણા પેતીમાં જરા જરા છાંટવી એટલે ઊંધાઇ થશે નહી (જુઓ અગીઆરમી રીત નાં૦ ૧૩૧૯.) Con. 258.

૧૩૧૯. અગીઆરમી રીત—ઊનના કપડાને એકની એક ગડીમા લાંબો વખત સુધી રાખવા નહી, પણ થોડે થોડે દાહડે તેવા કપડાની ગડી ઉખેરી નાખી ખોલ્લા કરી તડકે નાખવા. પછી પાછી ગરી કરવી એમ કીધાથી ગડી ફેર બદલ થયાથી તેમા ત્રુવા થતા નથી.

૧૩૨૦. ઉધાઇ અને બીજા જીવજંતુંઓથી ચોપડીઓનો બચાવ કરવાની રીત—ઊધાઇ તથા કસારાઓનો ઉપદરવ તાલવાનો આએ એક અકશીર ઉપાય છે. ઊંધાઇનો ઉપદરવ દુર કરવા માટે રશકપુર ("પરકલોરાઇદ આફ મરકયુરી"—Perchloride of mercury) ના એક ભાગમાં પાણીના ૧૪૪ ભાગ ઉમેરવા બાદ તે પાણી કામમે લેવું અને ઊપદરવવાલી જગાએ એ પાણી લગાડયાથી ઊંધાઇ તથા કસારા અનદીઠ થશે. આ મેલવણી ચોપયાથી ચોપડીઓ કદી પણ ખરાબ થશે નહી, માતર ચોપડીઓ નહી પણ લાકડાની જીણશો ઉપર પણ આ મેલવણી ચોપડવામા આવે તો વરશોવેર લાકડું કોહતું નથી.

૧૩૨૧. ચાંચડને ઓછા કરવા ઉપાય—જો ઘેલીઆમા અથવા એ

બીજે ઠેકાણે ચાંચડ થયા હોય તો લીલો કલાર ધોલીઆની નીચે અથવા ઓરડામાં મુકવો. અથવા થોડો અજમો છાંટવો.

૧૩૨૨. ઓરડામાંથી માખ મછર વગેરે જીણા જણાવરોને ઓછા કરવાનો ઉપાય—એરંડીના ઝાડનો એક છોડ લાવી ઓરડામા ઊંચે મુકી રાખવો. હવે એ છોડમાં એવી ખુબી છે કે માખ મછર વગેરે તેની ઊપર જીણા જણાવરો બેસવાથી પાછુ તેવોથી ઊડી શકાતું નથી અને જેમ એક ચોરને પકડી રાખવામા આવે છે તેમ પેલો છોડ માખ, મછરોને વલગાવી રાખે છે. (જુઓ બીજી રીત નાં૦ ૧૩૨૩)

૧૩૨૩. બીજી રીત—સબજાના પાતરાં ડાંખરાં શાથે જાંહાં મછર ઘણા થતાં હોય તાંહાં મુકી રાખવા. (જુઓ ત્રીજી રીત ના૦ ૧૩૨૪.)

૧૩૨૪. ત્રીજી રીત—શાંહજને વખતે ઓરડાના બારી બારણા બંધ કરી સીસમના લાકડાના વેહેરનો ધુમાડો ઓરડામાં થોડો વખત કરવો જેથી મછર મરી જસે.

૧૩૨૫ કુતરાની ચીમોડી તથા ચાંચડને ઓછા કરવાનો ઉપાય—"શોલ્યુશન આફ કેમફર" (Solution of camphor) લગાડવું. એ "શોલ્યુશન આફ કેમફર" બનાવવાની રીત એ છે કે "સ્પીરીટ આફ વાઈન" ના અંદર કપુરને પીગલાવી મેલવી દેવો. (જુઓ બીજો ઉપાય ના ૧૩૨૬) Con. 167.

૧૩૨૬. બીજો ઉપાય-કુતરાની પુછરી તથા•પીઠની ઊપરના બાલના ઠડની અંદર "સ્કોચ સ્નફ" (Scotch snuff) ચોપડવી. (જુઓ ત્રીજો ઉપાય ના૦ ૧૩૨૭) Con. 167.

૧૩૨૭. ત્રીજો ઉપાય—તરપીતન તેલ ની પેઠે લગાડવું પછી શાબુ અને દરીના પાણીથી ધોઇ કાહડવું. Con. 167.

૧૩૨૮. માખને ઓછી કરવાનો ઉપાય—જેમ માકડથી કંતાલીએ ચ તેમ કેટલીક વખત ઘણી માખોથી પણ કંતાલો આવે છે અને તેવી માખોને દુર કરવા માટે તરેહવાર રીતના ઊપાયો લોકો સોધે છે, પણ આએ નીચલા ઉપાયો સેહલા તથા સસતા છે:—એક છાલકી રકાબીમાં નાહની અરધી ચમચી દરેલા કાલા મરી, એક નાહની ચમચી રાતી ખાંડ અને એક ચમચો દુધની મલાહી નાખી શારીપેઠે મેલવી દેવો. પછી એ રકાબીને ઓરડામા જાંહાં માખો ઘણી ઊભાતી હોય તાંહાં મુકી રાખવી એટલે આ પ્રાણીઓનો કંતાલો ઓછો થશે. (જુઓ બીજી રીત ના૦ ૧૩૨૯) En. 2232.

૧૩૨૯. બીજી રીત—દલેલા કાલા મરી એક દરામ, રાતીખાંડ એક દરામ, તાજું દુધ બે દરામ. એ બધાને મેલવી નાહાની છાલકી રકાબીમાં નાખી માખો જાંહાં કંતાલો આપતી હોય તાંહા મુકવી. (જુઓ ત્રીજી રીત ના૦ ૧૩૩૨ A. 260.)

૧૩૩૦. ત્રીજી રીત—થોડી સુકકી ગ્રીન ચાહને પાણીમાં ખુબ ઉકાલવી. પછી તેને શારીપેઠે થંડી પાડવી. થંડી પડેને નાહની નાહની રકાબીઓ લેઇ તેમાં થોડી થોડી એ ચાહ રેડવી તથા તેમાં ખાંડ નાખીને દોહવીને મીઠી કરવી. પછી ઓરડામાં જાહાં માખો ભણભણતી હોય તાંહાં જગે જગે એ રકાબીઓ મુકવી, એટલે મીઠાસથી લલચાઇને માખો પોતાનો પ્રાણ છોડસે. (જુઓ ચોથી રીત ના૦ ૧૩૩૧) En.2233.

૧૩૩૧. ચોથી રીત—પટેટાની છોલેલી થોડી છાલને થોડા પાણીમાં ખુબ ઉકાલીને તેમાંનું અરધુ પાણી બાલી નાખવું. પછી એ પાણી છાલકી રકાબીમાં રેડી ઓરડામાં મુકવી. એ પાણી માખોને ઝેર સરીખું છે. (જુઓ પાંચમી રીત ના૦ ૧૩૩૨) F.134.

૧૩૩૨. પાંચમી રીત—થોડા "કુવાસીઆ" (Quassia) ના છોડયાની ઉપર એક પેંટ ખુબ કકરા પડતુ ગરમ પાણી નામી

થોડો વખત ભીંજવી રાખો. પછી તેને ગાળી કાહડો તેમાં ક્લેશા મરી એ આંઊસ અને રાતી ખાંડ પાઆ રતલ નાખી મેલવી દેવો. પછી એ મેલવણી કાચની રકાબીઓમાં થોડી થોડી રેડી જાંહાં માખો ઘણી હોય તાંહાં મુકવી. એ પાણી પીધાથી માખો મરી જશે. (જુઓ છઠી રીત ના૦ ૧૩૩૩) T. 299.

૧૩૩૩. છઠી રીત—જ્યાં માખો ઘણી ભમીઆ કરતી હોય તયાંની જગાને તરપીતનમાં પાણી ભેલીને ખુબ સાફ કરવી એટલે તે જગાપર માખ થશે નહી.

૧૩૩૪. ભીંટ ઉપર વલગાવેલા (વાલ પેપર) કાગજમાં ઉધઈ તથા બીજા જીણા જણાવરો નાહી થાએ એવા કરવાની રીત–એ રતલ "સ્તાર્ચ પેસ્ત" (સાબુચોખાના આટાની લાહી) ની અંદર એક આંઊસ કોલોસીંઠ" (Colocynth) નો ઘણોજ બારીક છુંડેલો ભુકો નાખીને મેલવી દેવો. એ લાહીથી કાગજો વલગાવવા. T. 161.

૧૩૩૫. ઉંદર તથા ઘુસનો ઘાહુન કાહુડવાની ફોશફ્રસની મેલવણી—ફોશફ્રસ ૧ આંઊસ અને ગરમ પાણી ૧ પેંટને એક બાતલીમાં નાખી ખુચ મારી ખુબ તરેહથી બાતલીને હીલવ હીલવ કરવી કે જેથી ફોશફ્રસ પીગલીને પાણી સાથે મલી જાય. પછી તેમાં અરધો રતલ ખાંડ નાખવી, તથા તાવેલી ચરબી ૧ રતલ તેમાં નાખી લાકડીથી હીલવ હીલવ કરી બરાબર બધાને મેલવી નાખો. પછી તેમાં જવનો આટો ભેલી સારીપેઠે મેલવી નાખી તેની નાહની નાહની ગોલીઓ અથવા કેકના જેવા પોહરા નાહના કટકા બનાવી હવામાં શુકાતા મુકવા. પછી એ સુકાયલા કટકા અથવા ગોલીઓને છુટા છવાયા ઊંદરના દરની આગલ મેલો અને તે પાસે છાલકી રકાબીમાં પાણી ભરી રાખવું. જ્યારે એ ગોલી ઊંદર ખાશે એટલે તરત પાણીની તરશ લાગાથી પાશેની રકાબીમાંનુ પાણી પીને તેનું શરીર ફુલી આવીને તાંહાંને તાંહાંજ ફોહતાં થશે. એ ગોલીઓ અથવા કટકા બચાંઓના ખાધામાં નહી આવે તેની સભાલ રાખી. (જુઓ ના૦ ૧૨૭૬)

૧૩૩૬. પતગીઆ, તીર વગેરે જીણા જણાવરોનો સગ્રહ કરવા માટે તેઓને મારી નાખવાની સેહલી રીત—તેવા જીણા જણાવરોને તરપીતન તેલમાં અથવા "કલોરોફોરમ" માં બોલવા.

૧૩૩૭. માથાના બાલમાંથી જુને ઓછી કરવાનો ઉપાય—બે પૈસાનો સોજે સીપીચન અને એક પૈસાનો કપુર. પેહલા કપુરને વાટીને બારીક ભુકો કરવો. પછી એક નાહાનું ગલાસ અથવા પુલીઊ ભરી સાલીડતું તેલ અથવા ધુપરેલ લેવુ અને તેમાં કપુર તથા સીપીચન નાખી શારીપેઠે મેલવી દેઈ માથાના બાલના થડમાં સારીપેઠે ઘસીને લગાડવું. પછી માથા ઊપર તાનીને કપડુ (માથાબાનું) બાંધી એક રાત રેહવા દેવો. બીજે દાહડે શહવારના માથાને સોડા ખાર અને પાણીથી સારીપેઠે ધોઇ કાંસકીથી હોરીને સાફ કરવું. (જુઓ બીજી રીત ના૦ ૧૩૩૮

૧૩૩૮ બીજી રીત—અંકુસના થડીઆ છુંડી તેનો લેપ બનાવી રાતના સુતી વખતે માથે ચોપડી ઉપર કપડું (માથાબાનુ) બાંધવું. પછી સહવારના માથાને શારીપેઠે ધોઇ નાખી કાંસકીથી હોરીને સાફ કરવું. બાલ સુકાયા પછી સાલીડ તેલ લગાડી હોરીને બાલ સરખા રાખવા.

૧૩૩૯. માખોને પકડવા માટે સરસ—"કોલોફોની" ૬ ભાગ, સરસીઊ તેલ ૪ ભાગ અને રાલ ૩ ભાગ, એ બધાને ચુહુલા ઊપર પીગલાવીને મેલવી દેવો. એ મેલવણી જાડી લાકડી ઉપર લગાડી એક વાસણમાં રેતી ભરી તેમાં તે લાકડીને ઊભી ખોશી મુકવી. એ લાકડી પર માખ બેહાથી વલગી જશે. (જુઓ બીજી રીત ના૦ ૧૩૪૦)

૧૩૪૦. બીજી રીત—રાલ ૮ ભાગ, તરપીતન તેલ ૪ ભાગ, સરેસયું તેલ ૪

ભાગ અને મધ અરધો ભાગ. રાલ તથા સરસયું અને મધને શાથે ગરમ કરીને મેળવી દેવો. પછી ચુહુલા ઉપરથી ઉતારી થોડું થંડું પડવા આવે કે તેમાં તરપીતન રેડી શારી પેઠે મેલવી દેવો. એ મેલવણી ઉપર પરમાણે લાકડી ઊપર લાગાડી રેતીમાં ઊભી ખોશી મુકવી. (જુઓ ત્રીજી રીત ના૦ ૧૩૪૧)

૧૩૪૩. ત્રીજી રીત—રાલ ૧ રતલ, ગોલ ૩।। આંઉસ, અને અલશીનું તેલ ૩।। આંઉસ. એ બધાને ઊકાળી જાડી લાહી જેવું કરવું. એ મેલવણી ઊપર પરમાણે જાડી લાકડીપર લગાડી રેતીમાં ઊભી ખોશી રાખવી. (જુઓ માખ પકડવાનું કાગજ ના૦ ૧૩૪૨)

૧૩૪૨. માખ પકડવાનું કાગજ—એક વાસણુમા ૪ આંઊસ રાલ અને ૨ આંઉસ ગોલ નાખી ચુહુલા ઉપર મુકી પીગલાવીને સારી પેઠે મેલવી દેવો. પછી તે વાસણુને નીચે ઊતારી જરા થંડું પડેકે તેમા ૧ દરામ "વેનીસતરપેનતાઇન" નાખી મેલવીને એ મેલવણી કાગજના તાવો ઊપર પીછીથી લગાડવી. જાંહાં માખો ગણી થવી હોય તાંહાં એ કાગજનો કટકો મુકો એટલે માંખો ઉપર બેથાથી વલગી જશે જેથી તેવોથી પાછું ઉડી શકાશે નહી. Con. 198.

બજારમાં વેચાતા સારા માલ સાથ હલકા ભેલેલા માલને પારખવાની રીતો.

Method of detecting adulterations in milk beead, sugar & c.

૧૩૪૩. અફીણ પારખવાની રીત—જો અફીણની ગોટી નરમ હોય તો તે નવો માલ, ને જો ગોટી કઠણ હોય તો જરા જુણો માલ સમજવો. (જુઓ બીજી રીતના૦ ૧૩૪૪)

૧૩૪૪. બીજી રીત—ગોટી કાપી અંદરથી જરા રતાશ ઊપર અને બાકીનો કાલાશ ઊપર રંગ હોય અને ચલકાત ભરેલો કુમાશ નજર આવે તો જાણવું કે તે માલ શારો છે. (જુઓ ત્રીજી રીત ના૦ ૧૩૪૫)

૧૩૪૫. ત્રીજી રીત—જેમ વાશ કડવો હોય અને મીઠાશ ભરેલો હોય તે માલ શારો અને બીજી તરેહના વાશનું ખરાબ. (જુઓ ચોથી રીત ના૦ ૧૩૪૬)

૧૩૪૬. ચોથી રીત—ગોટી કાપી અંદરથી એકજ જાતનો રંગ નજર પડવો જોઇએચ અથવા તરેહવાર રંગ બે રંગ નજર આવે તો જાણવું કે તે માલ ખરાબ છે. તેજ પ્રમાણે અફીણ પીગલાવેલું પાણી પણ એકજ રંગનું આવવું જોઇએચ અને જો પાણી ઉપર રંગ બે રંગ થરી નજર પડીતો માલ હીનો સહમજવો. (જુઓ પાંચમી રીત ના૦ ૧૩૪૭.)

૧૩૪૭. પાંચમી રીત—ગોટી કાપતાં સારા માલની સલંગ પેસી કપાવી જોઇએચ, ઉતરતાં માલની કગરશ કર્કરશ થઇ જાયચ અને ઘણા ખરાબ માલની સલંગ પેસી કપાતીજ નથી પણ આડા અવલા કટકા ભાગી પડે છે. (જુઓ છથી રીત ના૦ ૧૩૪૮)

૧૩૪૮ છથી રીત—ગોટી દરેક છુટી હોય તેજ શારી શહમજવી. અગર એક બીજા શાથે મલી એકંદર આટો થઈ ગયલો હોય તો તે શક ભરેલી શહમજવી અને તેની તપાશ કરવી, કારણ એકે કદાચ બરાબર પેતીમાં સંભાલથી નહી ભરીઆથી પણ કોઈ વેલા હેવું બનેચ.

૧૩૪૯. ખાંડમાંથી ભેલેલી રેતી શોધી કાઢાડવાની રીત—રાતી ખાંડ (બરાઊન શુગર) માં રેતી ભેલવામા આવેછે. એક ગલાસ ભરીને પાણી લેવું અને તેમાં થોડી ખાંડ નાખવી. પછી તેને ચમચીથી દાહોવી નાખીને પીગલાવવી. પછી એ મલાશને થોડો વખત એક જગા ઊપર મુકી

રાખવું. જો ખાંડમાં રેતી અથવા બીજી જાત ભેલેલી હશેતો તે ગલાશની નીચે થડી જશે.

૧૩૫૦. રૂબારબમાંથી ભેલેલી હલડ શોધી કાહાડવાની રીત—પેહેલા રૂબારબની ચાહે બનાવવી અને તેમાં એક કાગજને બોલીને સારીપેઠે શુકવવું. પછી એ કાગજને "બોરાસીક આસીડ" માં બોલવું. જો તેમાં હલડ ભેલેલી હશેતો તરત લાલ રંગ થઈ જશે.

૧૩૫૧. પીતલ અથવા ત્રાંબામાંથી સોનું પારખવાની રીત—ઘડીયાલની સાંકલી અથવા કોઇબી જાતના દાગીના સોનાના અથવા પીતલના છે તે જાણવા સારૂ આ રીત ઘણી સેહેલછે-દાગીણાને એક સુમારો કઠણુ પથર જેને સોની લોકો કસોતીને નામે ઓલખે છે, તેની ઉપર જોરથી ઘસવો કે જેથી તે ધાતુનો ઘસારો અથવા દાઘ પથર ઉપરં પડે. પછી તે દાઘ ઉપર જરા "નાઇત્રીક આસીડ" (Nitric acid) નું ટીપુ મુકવું એટલે જો ખરા સોનાનો દાગીણો બનાવેલો હોશે તો તે દાગ જશે નહી પણ એમનો એમ પથર ઉપર રેહેશે, અને જો દાઘ જતો રહેતો સમજવું કે એ સોનાનો દાગીણો નથી પણ પીતલ અથવા બીજી ધાતુ છે. (જુઓ બીજી રીત ના૦ ૧૩૫૨.) Mag. 114.

૧૩૫૨. બીજી રીત—એ દાગીણાને કસોતી પર ઘસવાને બદલે તેની ઉપર "નાઇત્રીક આસીડ" જરા લગાડી જોવી; જો તેમાં ત્રાંબા જેવી ધાતું હશેતો ત્રાંબું નાઇત્રીક આસીડમાં પીગલીયાને લીધે તેનો બલુ રંગ દેખાશે, પણ જો તે સોનાનો હશેતો તેની પર કશબી અસર થશે નહી.

૧૩૫૩. અચારમાંથી ત્રાંબાની ભેલશેલ કીધેલી પદાર્થને શોધી કાહુડવાના રીત—અચારને સારા લીલા રંગનું કરવાને માટે તેને ત્રાંબા સાથે ઊકાલે છે, અથવા ત્રાંબાના તથા પીતલના વાસણમાં આખો

દાહાડો મુકી રાખે છે, તેવા અચારમાંથી ત્રાંબુ શોધી કાહાડવું હોય તો એક સુવાલો પાલીસ કીધેલો લોહોઢાનો જાડો તારનો કટકો અચારની બાતલીમાં અથવા વાસણમાં થોડા કલાક મુકી રાખવો. જો તેમાં જરાકબી ત્રાંબુ હશેતો તે લોહોઢાના સલીઆ ઉપર ત્રાંબાનો રંગ ચહડશે.

૧૩૫૪. ચોખ્ખુ મધ પારખવાની રીત—મધની અંદર કેટલાંક મધ વેચનારાઓ ખાંડનો અથવા સાકરનો શીરો (ચાશણી) ભેલીને વેચેછે, તે પારખવાની રીત એ છે કેઃ—મધના ૨૦ ટીપા તથા પાણીના ૬૦ ટીપા લેવા અને તેમાં થોડોક "આલકોહોલ" (Alcohol) ભેલવો. જો તે મધ ચોખ્ખુજ હશેતો આએ રીતથી તે દુધના જેવું સફેદ થશે. પણ જો તેમાં શીરાનો ભાગ ભેલેલો હશેતો તેમાંથી કાંજી જેવો ભામ છુટો પડી નીચે ઠડી બેસસે.

૧૩૫૫. કીરમજ પારખવાની રીત—સારી કીરમજની પરખ એછે કે તે સારીપેઠે સુકાયલી હોય અને તેનો દાણો ખાધ વમરનો હોય તથા તેનો રંગ કાબર ચીતરો અને જરા જાંબુરા રંગ ઉપર ઉતરેલો દેખાય (જુઓ બીજી રીત ના૦ ૧૩૫૬)

૧૩૫૬. બીજી રીત—કીરમજના દાણાનો આકાર ઇંડાના જેવો ગોલ હોય તથા તેની ઊપરની બાજુ કાચબાની પીઠની ગેણુકની ગોલ અને પેટ આગલથી ચપટી હોય અને તે કીડાની પાંખ ખરી ગયલી હોય. ઊપર જે કાબર ચીતરો રંગ કહેલો છે તે રગ થવાનું કારણ એકે તે દાણા ઉપર ખુદરતી હેવા રંગનો ભુકો થયલોજ હોયચ, અને જાંબુરો રગ થવાનું કારણ એછે કેજે પાંણીમાં એ કડાઓને નાખેચ તે પાણીમા થોડો એક કીરમજનો રંગ ઓગલી તે કીડાના બદન ઊપર બેશી જાયચ.

૧૩૫૭. રેશમી કપડામાંથી હલકી જાતનું રેશમ અથવા બીજી પદાર્થ શોધી

કાહાડવાનો રીત—નમુના તરીકે કપડામાંથી નાહાનો કકડો લેઇને તેને "હાઇદરો કલોરીક આસીડ" માં થોડી સેંકડ બોળી રાખો, અથવા વધારે સેહેલી રીતે ઉપલી દવાના ટીપા કપડાના નમુનાની વચમાં રેડવા. હવે જો રેશમ તે દવાથી પીગલી જાઇ ફકત દોરો રેહેવા દેતો તે ઉપરથી સહમજવું કે રેશમમાં અમુક જાતનું કાવતરૂ છે.

૧૩૫૮. ગ્રીન સુકી ચાહેમાંથી મોરથુંથું ભેલેલુ શોધી કાહાડવાનીં રીત—ચાહેને લીલા રંગની દેખડવા માટે ચીનના કેટલાંક લુચ્ચાં વેપારીઓ મોરથુથુનો રંગ આપે છે, તે પારખવાને—સુકી ગ્રીન ચાહેને એક બાતલીમાં નાખવી, અને તે ઉપર "લીકવીડ આમોનીયા" એક ભાગ અને પાણી અરધો ભાગ લેઇ બેઉને ભેલીને પેલી ચાહેવાલી બાતલીમાં નાખવું અને પછી બાતલીને ખુબ હીલવવી, જો ચાહેમાં મોરથુંથુનો ભાગ જરાબી ભેલેલો હશે તો બાતલીમાંના પાણીનો રંગ બલુ થઇ જશે.

૧૩૫૯. ઘઉંના આટામાંથી ચાક શોધી કાહાડવાની રીત—પાંઉની થોડી કાટરીઓ ઉપર કકરતુ પાણી રેડવું. જો તેમા ચાક ભેલેલો હશેતો તેમાં ઊભરો આવશે. D. 1062.

૧૩૬૦. પાંઉમાંથી ફટકી સોધી કાહાડવાની રીત—પાંઉને કાપી પાણીની અંદર બોળી રાખવું પછી તે પાણીમા થોડુ "સોલ્યુશન આફ મીયુરેટ આફ લાઇમ" નાખવું અટલે જો તેમાં ફટકી ભેલેલી હશેતો તે પાણી દુધના જેવું થશે, ને જો તેમાં કાંઇ નહી ભેલેલુ હશેતો પાણી એમનું એમ શવચ્છ રેહેશે. D. 1126.

૧૩૬૨. સાબુમાંથી ભેલસેલ કીધેલી બીજી જાતની પદાર્થ શોધી કાહાડવાની રીત—સાબુને બનાવતી વખતે કેટલીક જાતની હલકી વસ્તુ ભેલેછે, તે શોધી કાહાડવુ હોય તો તેવા સાબુમાંથી થોડી પટલી ચીપા કાપીને તેનો એક ભાગ લેવો. પછી તે એક ભાગના વજણ બરાબર ૭ ભાગ સોજા "સ્પીરીટ આફ વાઇન" માં નાખીને બાતલીને અલગો ખુચ મારવો, અને તેને ગરમ જગા ઉપર મેલી રાખવી જો સાબુ સારો હશેતો તે બધો સ્પીરીટમાં પીગલી જશે, પણ તેમાં મટોડી અથવા રેતી ભેલલી હશેતે બાતલીમાં નીચે ઠડી રેહેશે. Fe. 12.

૧૩૬૩. તરપીતન તેલમાંથી બીજી હલકી જાતનું તેલ શોધી કાહડવાની રીત—જો તરપીલન તેલમાં બીજી હલકી જાતનું તેલ ભેલેલુ હોય તો તે શોધી કાહાડવાને તેવા તેલને સફેદ કાગજ અથવા કપડા ઉપર થોડું નાખીને તેને જરા આતશની ગરમી દેખાડવી. જો તેલ સોજુ હસેતો વરાલ રૂપે ઉડી જશે અને તે કાગજ અથવા કપડા ઊપર કાંઇ પણ દાઘ રેહેશે નહી, પણ ભેલેલું હશેતો તે કાગજ અથવા કપડા પર દાઘ પડી રેહેશે. F. 12.

૧૩૬૪. લોહોઢામાંથી સતીલનું લોહોઢુ પારખવાનો રીત—"દાલ્યુટેદ નાઇત્રીક આસીડ" (Diluted nitric acid) નું એક ટીપું લોહોઢા ઉપર નાખવું. અને થોડી મીનીટ ગીઆં પછી તેને પાણીથી ધોઈ કાહાડવું. જો તે લોઢુ સ્તીલનું હશે તો તે ટીપાનો દાઘ કાલો પડી રેહેશે અને લોહોઢુ હોયે તો સફેદ ભુરા રંગનો દાઘ રેહશે. એમ થવાનું કારણ એ કે "નાઇત્રીક આસીડ" તો એક જાતના લોહોઢાને પીગલાવે છે પણ સ્તીલના લોહઢાની બનાવટમાં કોલસો આવીઆથી તે પીગલી શકતો નથી અને તેથી કાલો દાઘ પડેછે. D. 1181.

૧૩૬૫. સુંગધી તેલમાંથી આલકોહોલ પારખવાની રીત—કેટલીક જાતના સુંગધી તેલમાં આલકોહલ (Alcohol) ભેલે છે તેથી જો તેલમાં શક જતો હોય તેવુ તેલ ૧ દરામ એક તમદેલમાં નાખવું. પછી તેમ બે દરામ "દીસતીલ વાતર" નામનું.

એટલે જો તેમાં આલકોહલ ભેલેલો હશેતો એ મેલવણી દુધ જેવી થઇ જશે. Chem218.

૧૩૬૬. પાણીમાં સોમલ હોય તેને પારખવાનાં તથા કાહડવાની રીત—પાણીમાં સોમલ હશે તો તે કાઇ દેખાવાનું નથી, કારણ કે સોમલથી કાંઈ પાણીનો રંગ બદલાતો નથી પણ જો તેવા પાણીમાં કાંઇ શક જતો હોય તો તેમાં થોડા એક ટીપા "હાઇડ્રો સલફ્યુરીક આશીડ" (Hydro sulphuric acid) એ એક જાતનું ગંધકનું તેલ થાય છે તે નાખશો તો તરત પાણી રંગનું થઇ જશે. (જુઓ બીજી રીત ના૦ ૧૩૬૭)

૧૩૬૭. બીજી રીત—હરેક વસ્તુમાં સોમલ હશે તો પાણીમાં પીગલાવેલો મોરથુથુનું પાણી તેનાં નાખવુ પછી તેમાં થોડોએક "કારબોનેટ આફ પોતાશ" નું પાણી નાખવું તેથી સોમલ ત્રાંબાની સંગાથે એકથું મલીને પાણી નીચે થડી રેહશે,અને લીલા રંગનું દેખાશે. (જુઓ ત્રીજી રીત ના૦ ૧૩૬૮)

૧૩૬૮. ત્રીજી રીત—સોમલના પાણીમાં "નાઇત્રીક સીલવર" (Nitric silver) જે પાણીમાં પીગલાવેલું હોય તે નાખવું અને પછી તેમાં થોડોએક "પોતાશ" નાખવો એટલે તરત પીલા રંગનુ સોમલ એકતું થશે અને પકડાઇ આવશે. (જુઓ ચોથી રીત ના૦ ૧૩૬૯)

૧૩૬૯. ચોથી રીત—એક વાસણમાં ચુણાનું નીતરૂ પાણી થોડું લઇને સોમલના પાણીમાં નાખીયું હોય તો સફેદ ભુકી નીચે એકતી થશે. (જુઓ પાંચમી રીત ના૦૧૩૭૦)

૧૩૭૦. પાંચમી રીત—"પલાટીનમ" ના ધાતુના પેયાલામાં સોમલનું પાણી મેલવવું અને પછી જસતનો એક સફાઇદાર કડકો તેમાં બોલવો એટલે સોમલ તે પલાતીનમને વલગી જશે.

૧૩૭૧. આટો પારખવાની રીત—આટો સારો છે કે નહી અને તેમાં કઇ બીજી વસતુનો ભેલ છે કે નહી તે જાણવા સારૂ થોડોએક આટો હાથમાં લેવો અને અરધી એક મીનીટ સુધી તેને મસલીને લોંદો વાલો જો સારો હશેતો તે છુટી પડશે નહી, પણ જો તેમાં કઇ ભેલ હશેતો હાથમાંથી છુટો પડતાંજ તે વેરાઇ જશે.

૧૩૭૨. સરકામા ભેલેલી "સલફયુરીક એસીડ" સોધી કાહડવાની રીત—સરકામાં "સલફયુરીક એસીડ" ભેલેલીછે કે નહીં તે શોધી કાહડવા માટે થોડો સરકો લેઈ તેમાં થોડો "સ્તાર્ચ" (એક જાતનો કાંજીનો આટો) નાખી મેલવી દેવો. પછી તેને અરધા કલાક સુધી ઉકાલવો. પછી તેને થંડો પડવા દેવો. જયારે ઘણો થંડો પડે કે તેમાં "આયોદાઇન શોલ્યુશન" ના થોડા ટીપા નાખવા એટલે જો તે સરકામાં એસીડ ભેલેલી હશે તો તેનો રંગ બલું થશે. T. 2.

૧૩૭૩. સરકામાં ભેલેલી "નાઇત્રીક એસીડ" સોધી કાહડવાની રીત—"શોલ્યુશન આફ શલફેટ આફ ઇંદીગો" માં થોડો સરકો નામી મેલવી દેવો, એટલે જો તેમાં "નાઇત્રીક એસીડ" ભેલેલી હશે તો એનો કઇ પણ રંગ જણાશે નહીં અથવા પીલા રંગની એ મેલવણી જણાશે. T. 2.

૧૩૭૪ રાતા વાઇન દારૂમાંથી ભેલેલી ફટકી સોધી કાહડવાની રીત—થોડો રાતો વાઇન દારૂ નમુના તરીકે લઈ તેને થોડી મીનીટ ઊકાલવો એટલે જો તેમાં ફટકી ભેલેલી હશે તો એ દારૂ રગડા જેવો થઇ જશે, અને જો શોજો હશે તો એમનો એમ રેહશે. T. 3.

૧૩૭૫ કોલાનવાતર સોજું કેમ પારખવું?—જ્યારે બજારમાંથી કોલાનવાતરની સીસી ખરીદ કરો તયારે હમેશ આટલું યાદ રાખવું કે તરત તે કોલાનવાતરની સીસીને ખુબ જોરથી હીલાવવી જેથી ઊપર પરપોટા આવશે. જો તે પરપોટા થતાંને

વાર તરત બેસી યાને ફુટી જાયતો સોહજુ જાણવું પણ વાર લાગેતો હલકું કોલાંનવાતર સહમજવું. આપણે ઘણાક લોકોને કોલાનવાતરની સીસીઓ વેચાતી લેતી વખતે તે સીસીને હીલાવી જોતાં જોઈએ છીએ તેનું કારણ એજ છે.

૧૩૭૬. સ્પીરીટ આફ્ વઈન સોજો કેમ પારખવો?—એક પયાલામાં થોડો "સ્પીરીટ આફ વાઇન" રેડી તેને સલગાવવો. પછી તે સલગેલા વાઇનની અંદર હાથની એક આંગલીને બોલો, જો તે આંગલીને દઝાડીઆ વગર જલદીથી બલી જાય તો સોજો છે.એમ; જાણવું પણ જો તેને બલતા વાર લાગે અને આંગલી ઉપર ફ્કઇભી ભીણાસ જણાયતો તે બીજા હલકી જાતના સ્પીરીટ શાથે ભેલેલું છે એમ શહમજવું. S. 74.

૧૩૭૭. જાયફ્લ કેવા પસંદ કરવા?—જે જાયફ્લ સઊથી (વજણમાં) ભારી, મોહતા તથા તેલીઆ અને સારા સુઘંધના હોય તે સારા સહમજવા.

૧૩૭૮. તરપીતન તેલ સોજું કયારે જાણવું?—જ્યારે તે પાણી જેવું સફેદ હોય, વાસ તેજદાર આવે અને ઝપ કરીને સલગી ઉઠે તયારે શોહોજું જાણવું.

૧૩૭૯. કોપરેલ તેલ સોજું પારખવાની રીત—બતીમાં પુરવાના કોપરેલ તેલને સફેદ બીંલોરી કાચના એક ગલાસમાં નામીને તપાવવું જો તે તેલ સાફ અને નીરમલ પાણી જેવું સફેદ જણાય તો સોજુ જાણવું અને જો તેમાં જરાબી પીલાસ દેખાયતો હલકું સહમજવું.

૧૩૮૦. "કારમીન" (એક જાતનો કીરમજમાંથી બનાવેલો રંગ) માંથી ભેલેલો "સ્ટાર્ચ" શોધી કાહાડવાની રીત—તેવા થોડા રંગની અંદર તે રંગ પીગલે એટલો તેમાં "સ્પીરીટ આફ્ હાર્ટસ હાર્ન" નામી રંગને પીગલવા દેવો. જો તેમાં કાઇભી ચીજનો ભેલ હશેતો તે રંગની અંદર ભેલેલી ચીજ પીગલી જશે નહી, અને એવા રંગની મેલવણીમાં ઘણું કરીને સ્તાર્ચ (એક જાતનો આટો) ભેલવામા આવે છે જે આટો પીગલી જતો નથી પણ એમનો એમ રહે છે. F. 72.

૧૩૮૧ હીંગલામાંથી ભેલેલો ચાક સોધી કાહાડવાની રીત—એક વાઇન ગલાસમાં જરા હીંગલો નાખી તેમાં ચોખ્ખી "આસીતશ આસીડ" (Acetous acid) નામવી એટલે જો તેમાં ચાક ભેલેલો હશે તો તેમાં ફીણ યાને ઊભરો આવશે. Chem. 218.

૧૩૮૨ હીંગલામાંથી ભેલેલો સીંદુર સોહધી કાહાડવાની રીત—કેટલીક વખત હીંગલામાં સીંદુર ભેલે છે તેથી એક વાઇન ગલાસમાં જરા હીંગલો નાખી તેમાં ચોખ્ખી "આસીતશ આસીડ" (Acetous acid) નાખવી પછી બીજા ગલાસમાં તેનીપરનુ આસીડ નીતારી લેવું. પછી એ નીતારી કાહાડેલા આસીડમાં થોડું "હેરોગેટ વાતર" (Harrowgate water) નામવું એટલે જો તેમાં સીંદુર ભેલેલો હશેતો તલીએ કાલી ભુકી થડી રેહસે. Chem 218. (જુઓ બીજી રીત ના૦ ૧૩૮૩)

૧૩૮૩ બીજી રીત—હીંગલાને એક વાસણ ઉપર મેલી ગરમી લગાડવી, જો ચોખ્ખો હશે તો સઘલો બાફ્ થઇ ઊડી જવાનો અને એક કગરશ પણ તે વાસણ ઉપર દેખાવાનો નથી જો સીંદુર ભેલેલો હશે તો સીસાની ઝીણી ઝીણી કગરશ રેહી જય ની કારણ કે સીંદુર સીસાની મેલવણી છે તેથી પારો અને ગંધક ઊડી જઇ સીસું તેને ઉડી જવાને ઘણી ગરમી જોઇએય તે રહી જવાનું.

૧૩૮૪ હીંગલામાથી ભેલેલો ગેરૂ શોધી કાહડવાની રીત—હીગલાને એક વાસણ ઉપર મેલી ગરમી લગાડવી, જો ચોખ્ખો હશે તો તે સઘલો બાફ્ થઈ ઊડી

જવાનો અને એક કગરશ પણ તે વાસણ ઊપર રેહવાની નથી; અને જો ગેર ભેલેલો હશે તો તે રહી જવાનો કાપકે તેને બાફ થઇ ઉડી જવાને ભારે ગરમી જોઇએ.

૧૩૮૫ હીગલામાંથી ભેલેલો હીરાદખન સોધી કાહુડવાની રીત—કેટલીક વખત હીંગલામાં હીરાદખનનો બારીક ભુકો ભેલે છે અને તે શોધી કાહાડવો હોય તો એક વાઇન ગલાસમાં હીંગલો નાખી તેમ. થોડો આલકોહલનો (Alcohol) રેડવો એટલે જો તેમાં હીરાદખન ભેલેલો હશેતો ન આલકોહલનો રંગ જરા રાતો થશે. થોડા દાહડા પછી તેને એક સીસીમાં નાખી હલવશો તો તદન રાતો થઇ જશે. (જુઓ બીજી રીત નાં૰ ૧૩૮૬) Chem 218.

૧૩૮૬ બીજી રીત—હીંગલાને "સ્પીરીટ આફ વાઇન" મા નાખીઆથી તરત લાલ રંગનો દારૂ થઈ જશે, કારણકે હીરાદખણ પીગલી જાય એવી વસતુ છે અને હીંગલો દારૂમાં ફકત પીગલતો નથી.

૧૩૮૭. હીંગલામાથી ભેલેલો સોમલ સોધી કાહુડવાની રીત—હીંગલાને ગરમ કરતાં જો તેમાથી લસણના જેવો વાસ નીકલીઓ તો જાણવુકે સોમલની મેલવણી તેમાં કીધીચ તે ઉપરથી સોમલની ગમે એટલી જુણી કગરસ ગરમ કીધાથી બાફ થાઇ ઊડી જાયચ અને તે બાફનો વાસ કદી છુપો રેહતો નથી હમેશ લસણના જેવી બોખાર નીકલેચ.

૧૩૮૮. દુધમાનું પાણી શોધી કાહડવાની રીત—દુધમાં "નાઇત્રીક આસીડ" ના એક બે ટીપા નાખતાંજ જો પાણી ભેલેલું દુધ હશે તો દુધ અને પાણી છુટાં પડી જશે (જુઓ બીજી રીત નાં૰ ૧૩૮૯)

૧૩૮૯. બીજી રીત—સહુથી સેહલી રીત એ છે કે, દુધમાં આંગલી બોલીને એક ટીપુ. અગુથાના નખની ઉપર મેલવાથી જો દુધ ચોખ્ખું હશેતો ટીપું ગોલાકાર હાલ.મા રેહશે, પણ જો પાણીનો ભેલ હશે તો તે ટીપું અંગુથા ઊપર પથરાઇ જશે. (જુઓ ત્રીજી રીત નાં૰ ૧૩૯૦)

૧૩૯૦. ત્રીજી રીત—દુધનું એક ટીપું "માઇકરોશકોપ" (Microscope) માં મેલી તેમાથા જોસો તો તેની અંદર કાઇ સેંકડો જુણા દાણાં તરતાં નજરે પડવાના અને બીજે ભાગ સાફ પાણી જેવા દેખાશે. તે દાણાં ચરબીના, અને જેમ તે દાણાં વધારે તેમ તે દુધ વધારે ચોખ્ખુ જાણવું. ખરાબ દુધમા એ દાણાં થોડા અને નાહના માલમ પડે છે.

૧૩૯૧. તરપીતન તેલમાથી બીજી હલકી જાતનું તેલ સોધી કાહુડવાની રીત—જો તરપીતન તેલમાં બીજી હલકી જાતનું તેલ ભેલેલું હોય તો તે સોધી કાહડવાને તેવા તેલને સફેદ કાગલ અથવા કપડા ઉપર થોડું નાખીને તેને આતસની જરા ગરમી દેખાડવી. જો તેલ સોજું હશે તો વરાલ રૂપે ઉડી જશે અને તે કાગલ અથવા કપડા ઊપર કઇ પણ દાઘ રેહશે નહી. પણ ભેલેલું હશે તો તેપર દાઘ પડી રેહશે.

૧૩૯૨. માખણમાં વધારે પાણી હોય તે શોધી કાહડવાની રીત—માખણનું વજણ વધારવા માટે તેમાં જેટલું પાણી જોઇએ તેના પ્રમાણ કરતા વધારે પાણી નાખે છે જેથી માખણ ભાહરી થાય છે પેહલા માખણને તાવવું. પછી એ તાવેલા માખણને એક નાહની બાતલીમાં રેડી બાતલી ભરવી અને અરધા કલાક સુધી તેને આતશની નજદીક મુકવી. માખણ હલકું હેવાથી પાણીની ઊપર તરતું રેહશે અને પાણી નંચે બેસસે. જેથી તેમાં પાણી કેટલું ભેલેલુ છે તે તરત જણાઈ આવશે.

૧૩૯૩. કલાઈ કીધેલાં વાસણમાં કલાઈ સાથ સીમું મારેલું હોય તે શોધી કાહડવાની રીત—કલાઇગરોને જે વાસણ કલાઇ કરવા આપવામાં આવે છે તેમાં તેઓ

મોંઘી કલાઇને લીધે ચોખ્ખી કલાઇ વાપરતા નથી, પણ સીસાની મેલવણી વાલી કલાઈ વાપરે છે કે જે મેલવણીમાં એ ભાગ સીસું અને એક ભાગ કલાઈ આવે છે અને એવી મેલવણીથી કલાઇ થયલા વાસણોને ભોજન પકાવવા ઉપયોગમાં લાધાથી સીસાનું ધીમું ઝેર ખોરાકમાં પસરી આપણા ખાવામાં આવે છે જેથી આગલ ચાલતાં તંદરેશતીમાં ઘણો બીગાડ કરે છે. દાકટર ડી. મેકડોનલ્ડ એવો ઉપાય બતાવે છે કે કલાઇગરો જે વાસણો કલાઇ કરી લાવે તે એકદમ ઉપયોગમાં લેવા અગાઉ તે વાસણ ઉપર ચોખ્ખી કલાઇ લગાડી છે કે નહી તે વીશે તપાસ કરવાને કદી પછાત પડવું નહી. તે રીત એ છે કે:—એક કલાઇના વાસણ ઉપર એક સફેદ કપડાની સફ ચીંડી લઇને ઘસડો, પણ જો ઘસડવાથી પેનસીલના સરખો કાલો દાધ માલમ પડે તો જાણવુંકે સીસાની મેલવણી અંદર મારવામાં આવી છે.

દાંતના મંજન (તુથ પાઉદર)
TOOTH POWDERS.

૧૩૯૪ દાંતના મંજન બનાવનારને સમજણ—દાંતને સાફ રાખવાને માટે ઘણા મંજનો બજારમાં જુદે જુદે નામે વેચાય છે. તેમાં સું સું ચીજો આવે છે તે જાણવું જરૂરનું છે, અને તે માહેલુ કીયું સારૂ મંજન છે અને કીયુ નુકસાન કારક છે તે જાણવાને બની આવશે. જે મંજનમાં સમુદરફીણ, બનાવટનું પરવાલું, ગુલેઅરમાની, સાબરસીંગ, ઠીરમજ, ફટકી અને તરેહવાર રંગો વાપરવામાં આવેછે તેવા મંજન તદન નકામાંછે. મંજનો તરણ રીતેj બનાવવામાં આવે છે ઘણું કરીને ભુકીના આકારમાં ઘણુ વપરાય એ છે "પેસ્ટ" અથવા લાહી અને ટીકચર અથવા લોશનના આકારમાં પણ વપરાયછે. મંજન બનાવતી વખતે દરેક ચીજને જુદી જુદી છુંદી બારીક કરી પછી કપડાથી ચાલીને પછી એક બીજામાં ભેલી દેઈ બાકસમાં ભરી રાખવું. એમાંના થોડાક મંજનોની બનાવટની વીગત હેઠલ આપીછે:—

૧૩૯૫ આરોમેટીક તુથ પાઉદર—સમુદર ફીણ ૧૦) તોલા "કાલામશ આરોમાતીકશ" (Calamus aromaticus) ૫) તોલા, કાસતીલ સાબુનો ભુકો રાા તોલા, લવંગનું તેલ અરધો દરામ. એ બધાને જુદો જુદો બારીક ભુકો કરી કપડાથી ચાલીને ભેલી દેવો. પછી તેમાં લવંગનુ તેલ નાખી મેલવીને બાકશમાં ભરી રાખવું.

૧૩૯૬ કપુરનું દાતનું મંજન—"પ્રીપેરડ ચાક" (ધોયલો ચાક) ૦ાા રતલ, કપુર ૧ દરામ. કપુરમાં જરા જરા "સ્પીરીટ આફ વાઇન" નાખી છુંડો બારીક ભુકો કરી ચાકમાં મેલવી નાખવું. એ મંજનમાં ખુશબોઇ આપવાને સારૂ જરા લવડરનું તેલ અથવા ગોલાબનું અતર નાખવું, પછી બાકસમાં ભરી મેલવું. જ્યારે મોહોડામાંથી ખરાબ વાસ આવતો હોય અથવા દાંત દરદ કરતાં હોય ત્યારે વાપડવું એ મંજન વાપડવામાં સારૂ છે. પણ તેમાં કપુરનો ભાગ કદી પણ વધારે નાખવો નહી, કેમકે કપુરથી દાંત કકરા થઇને જલદી ભાંગી જાય છે.

૧૩૯૭. કોલસાનું દાતનું મંજન—શેપારીને બાલી તેનો કોલસો બનાવી તે કોલસાને છુંડી બારીક કરવો. પછી તેને ચાલી કાહાડી તેમાં બે ભાગ ધોયલા ચાકનો ભુકો ("પ્રીપેરડ ચાક") નાખીને મેલવવુ. મોહોડામાંનો ખરાબ વાસ દુર કરવાને એ મંજન ઠીક છે. અરધા આંઉસ કોલસાની ભુકીએ દોઢ આંઉસ ચાક લેવો. બીજી રીત—બદાંમના કોટલાની રાખ ૨ ભાગ અને ચાકની બારીક ભુકી ૧ ભાગ નાખી મેલવી દેવી.

૧૩૯૮. તજનું દાંતનું મંજન—"રેડબારક" રાા તોલા, ગુલેઅરમાની (આરમીનીયનબોલ) રાા તોલાં, "બાઇકારબો-

નેટ આફ સોડા" ૧ તોલો, એ બધાને બારીક છુંડીને મેલવી નાખવું. પછી તેમાં તજના તેલના ૨ ટીપા નાખી કાચના બાકસમાં ભરવું.

૧૩૯૯. ફાયદાકારક દાતનું મંજન—સોપારીનો બારેલો કોલસો રા તોલા, "પ્રીપેરડ ચાક" (ધોયલો ચાક) ૫ તોલા, "કલોરાઈડ આપ લાઇમ" ૨૫ વાલ, હીરાબોલ ૧ા તોલો, "તાનીન" (માયાફલનુ તત્વ) પાઆ આઊંસ, બારક (સીનકોના) ૧ા તોલા, ખુશબોદાર તેલના ટીપાં ૨) એ સઘલ.નો જુદો જુદો બારીક ભુકો કરી શાશીપેઠે મેલવી બાકશમાં ભરી રાખવું.

૧૪૦૦. દાંતને સફેદ કરવાનું મંજન—"ગમમીર" નો બારીક ભુકો ૧ા તોલો, ક્રીરીમ આપ તારતાર" ૨૫ વાલ, "એોલ આમોનીયાક" ૧૨ વાલ. બારક (સીનકોનાં) રાા તોલા. એ બધાને જુદો જુદો ખલમાં છુંડી બારીક કરી મેલવી નાખવું એ મંજન લાહીજેવું બનાવવું હોય તો તેમા થોડું મધ નાખીને મેલવવું.

૧૪૦૧. (Asiatic Dentifrice)—બનાવટના પરવાલાનો બારીક ભુકો ૮ા રતલ, રાતી મતોડી (Venetion red) ૦ાા રતલ ચાક ૧ા રતલ, "પયુમાઇસ સ્તોન" (એક જાતનો નરમ પથર) ૧ા રતલ અને ચીનાઇ કસતુરી ૩૦ ગ્રેન. એ દરેકને બારીક છુંદી ચાલી કાહાડીને એક બાજામાં ભેલી દેવું એ મંજન વાપડવાને નકામુછે. કાએકે બનાવટના પરવાલામાં ચાકની સાથે લોહોદાના કાટનો ભુકો મેલવેલો આવે છે. જે મંજનમાં "પ્યુમાઇસ સ્તોન" આવે છે. તે વાપડવાને નુકશાન કારક છે.

૧૪૦૨. (Cadet's Dentifrice)—ખુરાખાંડ ૧ આંઉશ, કોલશાનો ભુકો ૧ આંઊશ, પીરૂવીયન બારક (Peruvian bark) ૦ાા આંઉશ, ક્રીરીમ આફ ટારટર પાઆ આંઉશ અને તજનો ભુકો અરધો દરામ. એ સઘલાને બારીક છુંડીને મેલવી નાખવું. એ મંજન વાપડવામાં કાંઇ જાદાજી ખુબી નથી, કારણકે ખાંડ જો મોહોડામાં રહેછે તો તે ખતાશ થઇને દાતને ખરાબ કરેછે, એજ મીશાલે ક્રીરીમ આપ ટારટરમાં આસીડ આવેછે, અને જોકે તે દાંતને સફેદ કરેછે, પણ છેલ્લે સરવાલે તેને કોહોવાડેછે.

૧૪૦૩. (Dechamp's Alkaline Dentifrice) અબરક ૪) આંઊસ, સોડાખાર ૧) આઉસ, કીરમજ ૬) ગરેન, ફુદણાનુ તેલ ૧૨-૧૫ ટીપાં. એ શઘલાને બારીક છુંડી મેલવી નાખવું. કીરમજ માતર રંગ આપવાને વાશતે નાખેછે અને એ ભુકી દાંતની વકતારોમાં ભરાઈ રેહેવાની ધાશતીમાંછે, કાંએકે ઘણી વેલા પારાના રંગ શાથે તે મલી જાયછે અને માલમ પડી શકતી નથી.

૧૪૦૪. (Florentine Dentifrice)—શીપનો ભુકો (Prepared shells) ૪ આંઊશ, ઓરીશ રૂટ (Orris Root) ૧ાા આંઉસ, "બાઇ તારટતરેટ આપ પોટાશ" પોણો આંઊસ અને ફલોરંતાઇન રંગ (એ રંગમાં કીરમજ અને ફુટકીનો ભેલ આવેછે.) એ શઘલાને બારીક છુડી મેલવી નાખવું.

૧૪૦૫. (Herme'ts Dentifrice)—શમુદરફીન ૬ આંઊસ, "ક્રીરીમ આફ તારતર" ૧) આંઊશ, આરીશરૂટ ૦ાા આંઉશ, એ દરેકનો બારીક ભુકો કરી મેલવી નાખવું.

૧૪૦૬. (Lancet Dentifrice.)—"રૈદબારક" ૧) આંઊસ, ગુલેઅરમાની એક આંઉસ, તજ ૦ાા આંઊસ, સોડાખાર ૦ાા આંઉસ, તજના તેલના ૨) ટીપાં. એ દરેકને બારીક ભુકો કરી મેલવી નાખવું.

૧૪૦૭. (Lardner's Dentifrice) કોલશાનો બારીક ચારેલો ભુકો ૧) આંઉસ અને ચાક ૩ આંઊસ, એ દરેકને બારીક છુંડી કપડાંથી ચાલી મેલવી. દેવું. એ મનજન ખરાબ વાસ દુર કરવાને અછું છે.

૧૪૦૮. Miahle's Rational Dentifrice)—દુધમાંથી કાહાડેલી ખાંડ ૩) આંઊસ, તાનીન (માયાફલનુ ટતવ) ૩) દરામ, "રેડલેડ (એક જાતનો લાલ રંગ) ૧ દરામ, ફુદણો અને અનીશાનુ તેલ દરએક ના ૭—૮ ટીપા, નીરોલીનું તેલ ૪—૫ ટીપાં. એ દરેકને બારીક છુંડી ચાલી કાહડીને મેલવી દેવું પછી તેલના ટીપાં નાખી મેલવવુ એમાં તાનીન આવે છે તેથી જાંહાં પારામાંથી લોહી નીકલતુ હોય તાંહાં એ કામ આવેછે. એ મંજનમાં કાઇ ધની ધારી ખાસીઅટો નથી.

૧૪૦૯ (Myrrh Dentifrice)—સમુદરફીણ ૫) આંઉશ, હીરાબોલ ૨ આંઊંસ, આરોશ રૂટ ૨ આંઊસ. એ બધાને બારી છુંડી કપડાંથી ચાલીને મેલવવું

૧૪૧૦ (Pelletier's Quinine Dentifrice)—બનાવટનું પરવાલુ ૩) આંઉસ, હીરાબોલ ૧) દરામ અને કુઇનાઇન ૧૨—૧૫ ગરેન, એ બધાનો બારીક ભુકો કરી કુઇનાન સાથે મેલવી નાખવું.

૧૪૧૧ (Pearl Dentifrice) ચાક અથવા માગનીશીઆ ૧) રતલ, "શમાલટસ" (Smalts-એક જાતનો બલુ રગ) ૩ દરામ. (Essence De Petit Grain) એક જાતનુ ખુશબોદાર તેલ ૦।। દરામ એ બધાને બારીક ભુકો કરી મેલવીને ખુશબોઇનું તેલ સાથે મેલવવું.

૧૪૧૨ (Poudre Dentifrice.)—બનાવટનુ પરવાલું ૩) આંઊસ, ગુલેઅરમાની (Red bole) ૩ આંઊસ, સમુદરફીન ૩) આંઊસ, હીરાદખન ૧।। આંઊસ, તજ પોણો આંઊસ. કીરમજ ૩) દરામ, લવંગ ૧) દરામ "બાઇતારતરેટ ઓફ પોતાસા,, ૪।। આઊશ. દરએક વાનાને જુદો જુદો છુંડી બારીક ભુકો કરવો. પછી મેલવી દેવો એ મંજન ફરેંચ લોકો વાપડ છે.

૧૪૧૩ (Righini's)—કોલસો ૧) આંઊસ અને બારક (શીનકોના) ०। આંઊંસ. એ બેઉને બારીક છુડી સાથે મેલવવું. એ મંજન ઠીકછે.

૧૪૧૪ (Rose Dentifrice)—ચાક ૪ આંઊસ, શમુદરફીણ ૩) આંઊંસ, "બાઇ કારબોનેટ આફ સોડા" ૨ આંઊસ, "રેડલેડ" (કીરમજનો રંગ) પાઆ આંઊસ, ગોલાબનું અતર ૨૦ ટીપાં. એ દરેકને બારીક છુંડી મેલવવું.

૧૪૧૫ (Violet Tooth Powder)—"ઓરીશ રૂટ પાઉદર" ૩ આંઉસ, શમુદરફીણ ૫) આંઊસ, ચાક ૧૨) આંઊસ, "રોઝ પીંક" (રંગ) ૫ આંઊસ તથા વાયોલેટ રંગને વાશતે જરા ગલી. એ બધાને બારીક છુંડી મેલવી નાખવું.

૧૪૧૬. Zieter's—શાબરશીંગનો બારીક ભુકો ૧ આંઉસ, શમુદર ફીણુ ૬) આંઉસ, અકલગરો ૧ આંઊસ તથા "એશેનશ આફ વનીલા" એક દરામ, "અમબરગ્રીશનું એશેનશ" ૧૦ થી ૧૨ ટીપા એ દરએકને બારીક છુંડી ભેલી દેઇ તેમાં એસેનસના ટીપા મેલવી દેવા.

૧૪૧૭. શુગંધી દાંતણ—" કપુર અરધો તોલો લેઈ તેને દોહોર ગલાશ "સ્પીરીટ આફ વાઇન" માં પીગલાવવો. અને તેને કાચની શીશીમાં રાખવું અને તેમાંથી ૫) અથવા ૧૦) ટીપાં એક વાઇન ગલાસમાં નાંખીને કોગલા કરવા, જેથી મોહોડાને અછો વાશ રેહેશે.

તુથ પેસત.

TOOTH PASTES.

૧૪૧૮. (Cardon Paste) તરફીશ અથવા બલુપથર ૨) આંઊશ કીરમજ એક દરામ, લવગ ૧ દરામ, ૧ મધ ૫ આંઊસ અને જરા કોલંનવાતર. એ બધાને બારીક છુંડી કપડાથી ચાલી કાહડી શઘલાઓને ભેલ

કરી મધમાં મેલવી નાખવું; બીજે દાહાડે શાખલાઓમાં ભરી હવા નહી લાગે એવી રીતે તેને બંધ કરવું.

૧૪૧૯. (Coral Paste)—બનાવટનું પરવાલું ૮ આંઊસ, શમુદરફીણ ૪) આંઉસ, મશતકી ૨ આંઊસ, કીરમજ પાઆ આંઊસ. મધ પોણો રતલ, આમબરગીસનું એસેનસ એક પ્રવાહી દરામ, લવંગનું તેલ અરધો પ્રવાહી દરામ, સ્પીરીટ આફ વાઇન ૧ પ્રવાહી આંઊસ. એ દરએકને બારીક છુંદી કપડાથી ચાલી કાહાડીને મધમાં મેલવવું. પછી તેમાં ઊપલા તેલ તથા એશેનસ અને સ્પીરીટ નાખી મેલવી દેઇને બાકશોમાં ભરવું.

૧૪૨૦. (Dyon's Charcoal Paste) "કબારેટ આફ પોતાશ" ૧ દરાંમને કુડણાંનું પાણી ૧) પ્રવાહી આઊસમાં પીગલાવવું; પછી તેમાં કોલશાની બારીક ચાલેલી ભુકી અને ૧ આંઉસ મધ ઉમેરીને મેલવી નાખવું જ્યારે પુરા સુજી આવીઆ હોય તાહારે એ મજન વાપડવુ શરૂ છે.

૧૪૨૧ (P. Cod) -બનાવટનું પરવાલું ૪ આઊસ "બાઇ તારતરેટ આફ પોતાશ" ૨ આંઉસ, શમુદરીણ ૧) આઉસ, કીરમજ ૧) આંઉસ, ફટકી અરધો દરામ, મધ ૧૦ આંઊસ. એ દરેકનો બારીક ભુકો કરી ચાલી કાહાડીને મધમાં મેલવી નાખવું તથા સુગંધને વાશતે એમાં ખુશબોદાર તેલ નાખીને મેલવવું.

૧૪૨૨. (Rose Paste)—શમુદરફીણુ ૧ આંઉસ, ચાક ૨) આંઊસ કીરમજ ૦॥ દરામ, "હની આફ રોઝીસ" (Honey of roses) ૩ આંઉસ, ગોલાબનું અતર ૬ ટીપાં. એ દરેકને બારીક છુંડી ચાલી કાહાડીને મધમાં મેલવી નાખવું તથા તેમાં અતરના ટીપાં નાખી શારી પેઠે મેલવીને બાકશોમાં ભરવું.

૧૪૨૩. (Spanish Dentifrice)—કેસતીલ સાબુનો ભુકો ૨ આંઉસ, સમુદરફીણુ ૨ આંઊસ, "હનીઆફ રોઝીસ" (Honey of roses—ગોલાબી મધ) ૫ આંઉશ. શમુદરફીણુનો બારીક ભુકો કરી ચારી કાહાડીને સાબુ તથા મધની સાથે શારી પેઠે લાહી જેવું મેલવી નાખવું. એને "કેસતીલીઅન ત્રુથ ક્રીરીમ" પણ કહેછે,

૧૪૨૪. (Vanilla Paste) "સીનકોના બારક" નો ભુકો ૨ દરામ, લવંગ ૦॥ દરામ, સફેદખાંડ ૧ આંઉસ, સમુદરફીણુ ૦॥ આંઊસ, સંગેમરમરનો બારીક ભુકો ૦॥ આંઊસ, એમાં કેશરનો શીરો નાખી મેલવવું.

૧૪૨૫. (Violet Paste)—ચાક ૩ આંઉસ, શમુદરફીણ ૩ આંઊશ, ખાંડ ૨ આંઉશ. "આરીશ રૂટ" નો બારીક ભુકો ૧ આંઉશ "સમાલટ" પાઆ આંઉશ. એમાં વાયોલેટનો શીરો નાખી મેલવીને લાહી જેવું બનાવવું.

જાદુઈ તથા રશાયણી અખતરા.

Chemical Experiments.

૧૪૨૬. ચલકતા અક્ષર—આ તો સરવે કોઇને જાણીતું છે કે "ફોસફરસ" ના કટકાથી જો ભીંટ ઊપર અથવા કાગજ ઉપર લખીને અંધારામાં જોયું હોય તો જેવી રીતના અક્ષર અથવા ચીત્ર પાડયા હશે, તે બલતાં જેવાં ચલકતાં દેખાશે તથા તેમાથી ધુમાડો નીકલતો જણાશે પણ "ફોસફરસ" ના ટટકાંથી લખતી વખતે પાસે થંડા પાણીનું એક પેયાલું ભરીને રાખવું અને "ફોસફરસ" થી ભીંટ ઊપર અથવા કાગજ ઉપર લખીને તરતજ તે કટકાને થંડા પાણીના પેયાલામાં નાખવો. એ ફોસફરસના કટકાને લખતી વખતે હાતમાં એક મીનીટથી વધુવાર રાખવો નહી કેમકે હાતની ગરમીથી ફોશફરશ સલગી ઊઠશે, માટે જેવા થોડા અક્ષર લખીયા કે તરત તેને પાણીના પે-

વાળામાં નાખવું અને થોડા વાર થોભીને પછી તેને પાણીમાંથી બાહાર કાહડી પાછું સળગાવાનું સહરૂં કરવું. પણ સઉથી સેહલ રીત એ છે કે ફોસફરસનો જીણો કટકો લેઈ તેને કુવીલ પેનની અંદર બેસવો. પછી એ કુવીલ પેન હાથમાં ધરીને ભીંટ ઉપર લખવું. પણ ભીંટ ઉપર એ ઘસાયાથી વખત પર એમાંથી ભરકો ઉઠે તેથી તરત તેને પેલા થંડા પાણીમાં બોલી દેવું. Yo. 243. F. 265.

૧૪૨૭. "સ્પીરીટ આફ વાઇન" ને સુરજના કીરણથી સળગાવાની કળા—એક ગલાસમાં થોડો "સ્પીરીટ આફ વાઇન" રેડી તેમાં અરધો રૂપીઓ અથવા એક પઇશો નાખવો. પછી આગીઓ કચ લેઈ સુરજના કીરણની બરાબર શામણે ધરીને તે કાચમાંથી ગલાસમાં નાખેલા સીકકાની ઉપર બરાબર શુરજનું કીરણ પાડવું. એટલે થોડા વખતમાં સીકકો એટલો ગરમ થાશે કે જેથી સ્પીરીટ પોતાની મેલે સળગશે. Yo. 30.

૧૪૨૮. નાચતી તથા કુદતી જાદુઈ વીટી—એક વીટીને પોકલ બનાવી તેમાં જીણું નાકું પાડવુ, પછી તે નાકામાંથી જીવતો પારો (Quick silver) ભરીને નાકાને મરોડીથી બંધ કરવું. તારબાદ વીટીને દીવા ઉપર ગરમ કરીને ટેબલ ઉપર મેલવી એટલે જ્યાં શુધી પારો થંડો પડશે તયા શુધી ટેબલ ઉપર વીટી ઊછરીયા કરશે. Yo. 308.

૧૪૨૯. જાદુઇ વાશણ—એક ટીનન પતરાનો બે અથવા ત્રણ ઇંચ પોહોલો અને પાંચ અથવા છ ઇંચ ઉંચો દબો બનાવવો અને તે દબાનું મોહડું ત્રણ ઇંચ પોહોલું રાખવું, અને તે દબાના તલીયામાં શોય જેવાં જીણાં નાક પાડવા, તાર બાદ એ દબાનુ મોહોડું ઊઘાડું રાખીને એક પાણીના ભરેલા વાસણમાં મેલવું. પછી તે દબામાં ઊપરથી પાણી રેડીને ભરવું. અને તે દબાને પાણીમાંજ રેહેવા દઇને અજ્ઞણ ચીપટ બુચ મારવો. પછી પાણીમાંથી દબાને બાહેર કાહાડીને કોઇબી માણશને કેહેવું કે, આએ દબાનો બુચ ઉઘાડી આપો, જેવો બુચ તે ઊઘાડશે કે દબાના તલીયામાંથી તેના દીલપર પાણી પડી તેને ભીંજવી નાખશે. Yo. 34.

૧૪૩૦. જાદુઇ બાતલી—નાખલી શીશી લેવી, કે જે શીશીની ડોકનો વઘાસ ઇચનો છઠો ભાગ હોવો જોઇએ. પછી તે શીશીને રાતા વાઇન દારૂથી ગરણીએ કરી છલોછલ ભરીને એક બીજા કાચના વાશણમાં મુકવી, તે વાશણ સીસીથી ૨ ઇંચ વધારે ઊચાઈમાં લેવુ, પછી તે વાશણમાં પાણી નાંખી ઊપર શુધી ભરવું. એટલે તરતજ બાટલીમાંનો વાઇન દારૂ પાણીની સપાટી ઊપર બાહેર નીકલશે અને સીસી વાઇન દારૂને બદલે પાંણીથી ભરાશે. એમ થવાનું કારણ એ કે, પાણી વાઇન દારૂ કરતાં ભારી છે, તેથી વાઇન દારૂ હલકો હોવાથી ઊપર તરી આવેચ અને તેને બદલે પાણી ભારી હોવાથી બાટલીમાં જાય છે. Yo. 45.

૧૪૩૧, દોરાપર તાંગેલી વીંટીને સળગાવેઆથી દોરો બલી જાય પણ વીટી તંગાએલી રેહે એવી યુકતી—નીમખનું જલદ પાંણી કરી તેમાં શીવવાનો દોરો થોડોક વાર શુધી બોલી રાખવો. પછી દોરાને કાહાડીને શુકવવો. શુકાયા બાદ તેને એક છેડે એક હલકી જેવી વીટી લટકાવી અને બીજે છેડો ઉપર તાગવો. એટલું કીધા પછી તે દોરાને જો તમો સલગાવી મુકશો તોપણ પેલી વીટીતો ટંગાયલીજ રેહશે. Yo. 25.

૧૪૩૨. અજાએબી જેવો અખતરો—શફેદ કોરા કાગજના કટકા ઉપર એક લાલ એક પીલું અને એક બલુ રંગનું એવા તરણ વેફર મુકવા, અને થોડોક વાર સુધી

ટીકી ટીકીને એ તરબુડે વેપરીને જોયા કરવાં. ને પછી વેફર ઊપરથી નજર ખી-શાડી કોરાં કાગજ ઊપર નજર લેઇ જતાં વેફરોનો રંગ બદલાઇ ગયલો માલુમ પડશે તે એક કે રાતા રંગવાલુ. લીલુ દેખાશે, પીલા રંગ વાલું બલુ થઇ ગયલું જણાશે અને બલુ રંગવાલાએ ગોયા નારંગીનો રંગ પકડયો હોય એવું દેખાશે. (જુઓ બીજી રીત નાર ૧૪૩૩) Mag. 341.

૧૪૩૩. બીજી રીત—પલાસતર આફ પેરીશના બનાવેલા એક "બસત" ને હીં-ગલાથી અથવા સીંદુરથી ચલકતુ રંગો. પછી એ રંગેલા પુતલાને તીકી તીકીને થોડોક વાર સુધી જોયા કરો. પછી તે ઉપરથી નજર ખીશાડી કોઇ બીજી ચીજ તરફ કરી જોતા તે પુતલાનો રંગ લીલો દેખાશે. Mag. 341.

૧૪૩૪. આતશ વગર ગરમ ચાહ બનાવવાની રીત—એક પેયાલામાં તાજો ભઠીમાંથી કલીચુનો લેઇને તેના થોડા કકડા નાખવા, પછી તે ચુનામાં પાંણી નામીને ચાહની નાદલી એક કપ માય એટલી કીટલી ઊપર મેલવી. પણ એવી રીતે મેલવી કે ચુ-ણાની વરાલ બાહેર નહી જોય. પછી કીટલી-માંનું પાણી ઊનું થઇ ઊકલશે, અને તેમાં શુકકી ચાહ નાખીયાથા તરત ચાહ તઇયાર થાશે.

૧૪૩૫. ઇંગાર વગર પાણી ગરમ કરવાની રીત—એક પતરાંનું વાસણ બ-નાવી તેમાં થડું પાણી ભરવું. પછી એ પાણી ભરેલા પતરાના વાશણને એક બીજા મોહોતા વાશણમાં મુકવું, પછી એ પતરાંનું વાશણ તથા પેલાં બીજા વાસણની વચમાં જે ખાલી જગા હોય તેમાં તુરતનો તઇયાર થાયલો ચુનો ભરવો, પછી તે ચુણા પર થોડુંક પાંણી રેડવું, એટલે તુરત તે ઠેકાણે બહુ ગરમી ઊતપણ થાઇને પેલા પતરાંનાં વાસણ માહેલા પાંણીને ગરમ કરી નાખશે. Mag. 355.

૧૪૩૬. પાંણીથી ભરેલાં ગલાશને ઉંધુ વાલયાથી તેમાંનુ પાંણી ઘેલાઇ નહી જાય એવું દેખાડવાની કલા—એક વાઇન ગલાસ લેઇ તેને પાણીથી ભરવું અને તેના મોહડાં ઉપર જાડુ કાગજ (રમવાનું પાંણું) મુકવું. પછી એ ગલાસને જમના હાથમાં પકડી દાબે હાથે પાણાને ગલાસને કોર સાથે દાબી રાખી ઉંધુ ફેરવી નાખવું. જો હુશીઆરીથી ઊંધું વાલયું હોય તો પાંણી ઘેલાઈ જશે નહી. એમ થવાનું કારણ એ છે કે પેલા કાગજની બાહેરની બાજુપર હવાનું દબાણ થવાથી તે પાંણીને ઘેલાઈ જાતું અટકાવી ડાખે છે. Mag.339

૧૪૩૭. બે રંગની પાણીથી ભરેલી બાટલીઓને એક બીજી તેજ બાતલીમાં ખાલી કરવાની કલા—એકજ જાતની અને એકજ શરખી ઊંચાઇ તથા પોહોલા-ઇની બે બાટલીઓ લેવી, તથા બાટલીની દોક પણ એકજ શરખી પોહોલાઇની હોવી જોઈએ. એમાની એક બાટલીમાં લાલ વાઇન દારૂ તથા બીજીમાં પાણી મોહોડાં શુધી ભ-રવું. પછી પાંણી વાલી બાટલીને વાઇન દારૂની બાટલીના મોહડા ઉપર બરાબર ઊંધી-વાંલીને ચપટ દાબી રાખવી, કે જેથી પાંણી બાહેર ઘેલાય નહી. એવી રીતે બાટલીને રાખ્યાંયાથી બાતલીમાંનુ પાણી વાઇન દારૂથી ભરેલી બાટલીમાં જાશે, અને વાઈન દારૂ પાંણીની બાટલીમાં ઊંચે જશે, કાંએ કે પાણી વાઇન દારૂ કરતાં ભારી છે. Yo. 286.

૧૪૩૮ બે વગર રંગની પ્રવાહી મેલવણીને મેળવી બલુ રંગ બનાવવાની રીત—"શલફેટ આફ આએરન" નાં સો-લ્યુશનને (પાંણીને) એક ગલાસમાં નાખવું, પછી તેમાં "પ્રુશીયેટ આફ પોટાશ" ના શોલ્યુશનના (પાણી) થોડાં ટીપાં નાખશો તો ઘણુંજ ચાક બલુ રંગનું પાંણી થાશે.

૧૪૩૯. બે વગર રંગની પ્રવાહી મે-લવણીને પીલા રંગની બનાવવાની રીત—

એક ગલાશમાં " નાઇટરેટ આફ ખીશમઠ " નું થોડું સોલ્યુશન (પાણી) રેડી તેમાં થોડું " પરૂશીયટ આફ પોટાશ " નું સોલ્યુશન નાખીયાથી તરતજ પીલા રંગનું પાણી થશે.

૧૪૪૦. બે વગર રંગની પ્રવાહી મેળવણીને મેલવી (બ્રાઉન) રાતો રંગ કરવાની રીત—એક ગલાશમાં " સલફેટ આફ કોપર " નું પાણી (સોલ્યુશન) નાખવું અને તેની અંદર જરા " પુરૂશીએટ આફ પોતાશ " નું પાણી (શોલ્યુશન) નાખશો તો રાતો બરાઉન રંગ દેખાશે.

૧૪૪૧. બાટલીમાં ઈંડું ઉતારવાની કલા—એક તાજું ઇંડું લેવો, પણ તે ઇંડાને તરેલ પડેલી નહી હોય તેની સંભાળ રાખવી. પછી તેને ૧૨ કલાક શુધી જલદ શરકામાં બોલી રાખવું, જેથી ઇંડું નરમ તેમજ સ્થીતી સ્થાપક થાશે. પછી એક બીલોરની બાટલી લેઇને તેમાં આશતેથી દાબીને ઇંડું ઉતારવું. પછી તેની ઊપર થંડું પાણી નાખવું. એ પાણીમાં આગલથી થોડો " સોડા " નાખીને મેલવી રાખવું. જેથી થોડા કલાકમાં ઇંડાંનું કોટલું પાછું અશલના જેવું થશે. પછી બાટલીમાંથી પાણી કાહાડી નાખી બાતલીને કોરડી કરવી. એવી રીતનું ઊતારેલું બાતલીમાંનું ઇંડું બીજા અજાણા માણસને એ ઈંડું બાતલીમાં શીરીતે ગયું તેની અજાએબીમાં નાખે છે. જો ઈંડું જલદ શરકાથી નરમ નહી થાય તો ૨) ચમચી ભરીને થણુંજ આંગ " એસીટીક આસીડ " સરકામાં નાખવું. જેથી ઇંડું તરતજ નરમ થાશે. C- 541.

૧૪૪૨ ઈંડાંને ઉભુ રાખવાની કળા-ઇંડુ ઉભુ રહી શકતુ નથી એ તો સરવે લોકોને જાણીતુ છે. કારણકે ઇંડાંની દાલ હમેશા વચમાં રહેછે, તેથી ઇંડાંને જો ઊભુ રાખવું હોયતો તેને ખુબ જોરથી હીલવ હીલવ કરવું કે જેથી તેની દાલ છુટી પડશે. પછી તેને તમે ઉભુ મુકશો તો ઈંડુ ઉભુ રહેશે. પણ જો દાલ બરાબર છુટી નહી પડી હશે તો તે ઉભુ રેહેશે નહી.

૧૪૪૩ પીલુ બલતુ—જો જુદી જુદી તરેહનાં બલતાં કરવાં હોય તો એક પેયાલામાં "સ્પીરીટ આફ વાઇન" માં હેઠલ આપેલા જુદા જુદા ખાર મેલવીને તેને શલગાવવા. જો પીલા રંગનું બલતું કરવું હોયતો વાઇનના તેજાબમા (સ્પીરીટ આફ વાઇન) "મા મીયુરીએટ આફ સોડા" સાધારણ મીઠું મેલવીને શલગાવવું.

૧૪૪૪ ફીકુ લીલા રંગનું બલતુ—"મીયુરેટ આફ બેરીતા" "સ્પીરીટ આફ વાઇન" માં મેલવીને શલગાવવુ.

૧૪૪૫ ફીકુ આસમાની લીલા રંગનું બલતુ—"બોરાખસ" (તનકન ખાર) ને " સ્પીરીટ આફ વાઇન " માં મેલવીને શલગાવવું.

૧૪૪૬ નારંગી રંગનુ બલતુ—"કલોરાઇડ આફ કેલસીયમ" ને સ્પીરીટ આફ વાઇનમાં મેલવીને શલગાવવું.

૧૪૪૭ રાતુ બલતુ—વાઇનના અરકમાં "મીયુરેટ આફ લીડીયા" નાખીને શલગાવવું. રાતુ ઘેરૂ બલતુ કરવું હોયતો "મીયુરેટ આફ લાઇમ" ને સ્પીરીટ આફ વાઇન માં નાખીને શલગાવવું.

૧૪૪૮ લીલા રંગનુ બલતુ—"સ્પીરીટ આફ વાઈનમાં" "મીયુરેટ આફ કોપર" નાખીને શલગાવવું.

૧૪૪૯ જાંબુરૂ બલતુ—વાઇનના અરકમાં "કલારાઇડ આફ લીથીયમ" મેલવીને શલગાવવું. B. S. M.

૧૪૫૦ બલુ રંગના પાણીને નીટરૂ પાણી દેખાડવાની કલા—એક નાહલા ગલાશમાં "નાઈતરેટ આફ કોપર" નું એક ટીપું નાંખી તેમાં પાણી નાખવું. પછી તેમાં "અમોનીયા" (નવશાગર) ના પાણીનું ટીપુ નાખશો તો બલુ રંગનું પાણી થશે. જો એ

બ્લુ રંગના પાણીમાં એક બે ટીપાં "નાઇટ્રીક આસીડ" ના નાખશો તો બ્લુ રંગને બદલે જરદ રંગનું પાણી જણાશે.

૧૪૫૧ પથ્થરના લખોટા (મારબલ) ને ભાંજવાની કળા—લખોટાને ધનાજ ધગધગતાં આતશમાં નાખીને લાલચોલ કરવો. જ્યારે લખોટો આતશના જેવો લાલ થાએ કે તરત તેને કાહાડીને ઠંડા પાણીના વાશણમાં નાખવો. પછી એ લખોટાને ભોંએ ઉપર જોરથી ફેકશો તો ભાંગીને ચુરેચુરા થશે.

૧૪૫૨ લીંબુ કાપીને લોહી કાહડવાની કળા—કપાશ (રૂ) ના ઝાડના લાલ ફુલનો રશ કાહાડીને એક સોજી છરી અથવા ચાકુના પાણાપર ચોપડીને સુકાવા દેવું. જ્યારે શુકાએ એટલે ફરીથી ઉપર બીજો રશ લગાડવો. એ પ્રમાણે તરણ ચાર વખત લગાડી શુકવીને તે છરીથી લીંબુ કાપશો તો છરીના પાણાપર લોહીના જેવા રાતા દાગ જણાશે.

૧૪૫૩ જાદુઈ ચમચો—"બીશમથ" (Bismuth) નામની ધાતુ ૪) આંઊસ એક મુશમા નાખીને પીગલાવવી, અને જ્યારે તે પીગલવાપર આવે કે તેમાં ૨॥ આંઊસ સીસું અને ૧॥ આંઊશ કલાઇ નાખી એ તરણે ધાતુને પીગલાવીને મેલવી નાખવી. પછી એ મેલવણને એક મોલડમ નાખીને લાબો લાઠો બનાવવો પછી તે લાઠા (શલીઆ) ના રેતાની પાસે ચમચા બનાવવા પછી એક પેયાલામા ઘણીજ ગરમ ચાહે નાખી તેમાં ખાંડ નાખી કોઈ અનજાણા શખશને અપવી કે આએ ચમચાથી ચાહે હલાવી આપો જેવી તે ચાહેને હોહોવસે એટલે તે ચમચો બતાશાની માફક તરત તેમાં પીગલી જશે જેથી તે ઘણો અજબ થઇ જશે. પણ એ ચાહે કોઇને પીવા આપવી નહી, તરત ભોંએ ઉપર ધોહોલી નાખવી. Yo 1454.

૧૪૫૪. જમીન (ભોંય) ઉપર પઈશો વલગાવાની કળા—કેટલાંક ધોંગી માણસો પોતાની દુકાણુની શામેના રશતા પર અથવા ઘેરના ઓટલા પર રમુજને ખાતર પઇશો અથવા રૂપીઓ રશતા પર વલગાવે છે, અને કોઇ અજાણ્યો માણુસ તે પઇશો ઉચકવા જાએ છે એટલે ઉચકી ન શકાઆથી ઠગાએ છેઃ—જરા ફટકીના ભુકાને પથરનાં ઉપર મુકી પઇશો અથવા રૂપીઆ તેની ઉપર મુકવો. પછી તે પઇશાની ઉપર આતશનો એક ગાંગરો મુકવો એટલે ફટકી પીગલી જઇને પઇશા શુધા પથરની શાથે મજબુત ચોહોતી રેહેશે. પણ તે ફટકી પીગલે એટલે ઉપરથી પેલા આતશ કહાડી નાખવો.

૧૪૫૫. રંગ બદલતું ગોલાબનું ફુલ—ગોલાબનું ખીલેલું એક ફુલ લેવો. પછી એક લોહોઢાની રકાબીમાં થોડો આતશ મુકી તેના ઊપર ગંધકનો બારીક ભુકો નાખો જેથી તેમાથી ગંધકનો ધુમાડો નીકલશે. પછી એ ધુમાડા ઊપર ગોલાબના ફુલને ધરશો તો તે ફુલનો રંગ સફેદ થઈ જશે. પણ તવાર પછી તેને પાણીમાં થોડો વાર બોલી કાહડશો તો પાછુ અસલના જેવું થશે. Yo. 248.

૧૪૫૬. તેલમાંથી પાણીને જુદુ પાડવાની કળા—એક કપડાના કટકાને પાણીમાં શારીપેઠે ભીંજવવો. પછી તે કપડાના એક છેડાને જે વાસણમાં તેલની સાથે પાણી ભેલાએલું હોય તેમાં મેલવો, અને બીજો છેડો વાશણની ઉપરથી છેક નીચે લટકતો નાખવો એટલે તે છેડામાથી તરતજ નીચે પાણી ટીપવા માંડશે. એ પ્રમાણે પાણી જે તેલ સાથે ભેલાયેલું હશે તે નીકલી જઇને માતર વાસણમાં તેલ રેહેશે. બીજુ જો તેલને જુદુ કાહાડવુ હોય તો કપડાના એક કટકાને તેલમા શારી પેઠે ભીજવી એક તેનો છેડો તેલના વાશણમાં બોલવો, અને બીજો છેડો તે વાશણની કોર ઊપરથી છેક નીચે જુલતો નાખવો એટલે તે છેડામાંથી તેલ ટીપાવા માંડશે અને વાશણમા માતર પાણીજ રેહેશે. Yo. 14.

૧૪૫૭. **અખરોટના કોટલામાં શીકકો તાવવાની કળા**—એક અખરોટને ભાંજી તેના સરખા બે ફારચાં સાંધામાંથી છુટા કરવા. પછી એક ફારચું લેઇ તેમાંથી તેનો બધો ગર વગેરે કાહાડી નાખવો. પછી એ અખરોટના ખાલી કોટલામાં એક પટલા સીકાને મંડીને મુકવો. પછી તે કોતલાને થોડી રેતીની નાકલી ઢમલીપર મુકવું કે તે ગબડી નહી જાય પણ સીધુ રહે તારબાદ તે કોતલાને ૩) ભાગ સારી પેઠે છુંડેલો સુકકો શુરોખાર, ૧) ભાગ ગંધકના ફુલ અને થોડોક ચારેલો વેહેરથી ભરી નાખવું. પછી એ કોતલાંમાં ભરેલી મેલવણીને શલગાવવી, અને જેઆરે આ મેલવણી પીગલી કે તેમાં પેલો સીકકો પણ બતનના આકારમાં પીગલેલો જણાસે, અને કોતલાને જરા પણ ઇજા પોહોચસે નહી. Yo. 37.

૧૪૫૮. **મુવેલી માખને જીવતી કરવાની કળા**—જો જીવતી માખ પાણીમાં, વાઇનમાં, અથવા બીર દારૂમાં પડીને મરણ પામી હોયનો તેવી માખને દાબીઆ વગર પાણીમાંથી તરત બાહર કાહાડવી. પછી તડકામાં મુકી તેની ઉપર થોડોવાર ચાકની ઘણીજ બારીક ભુકી અથવા ચુલાની બારીક ગરમ ચારેલી રાખ ઉપર ઢાંકીને થોડો વાર રેહેવા દેવી પણ તે રાખ ઘણી ગરમ નહી હોય તેની સંભાલ રાખવી. પછી તે માખ થોડા વારમાં જીવતી થઇને ઉડી જશે. Yo. 66.

૧૪૫૯. **પાણી ઉપર બલતાં કરવાની કલા**—પાણીથી ભરેલા એક વાસણમાં એક કપુરનો કકડો નાખવો. પછી તેને સલગાવશો તો તેમાંથી સફેદ રંગના બળતાં યશે એટલુજ નહી પણ તે કપુરનો કકડો બલતો પાણી ઊપર અજાએબ રીતે તરીઆ કરશે. Mag. 344.

૧૪૬૦. **કલાઇનુ ઝાડ બનાવવાની રીત**—સફેદ બીલોરની એક દીકાંદર અથવા બાતલીને "દીશતીલ વાતર (Distilled water) થી પોણી ભરવી. જો "દીસતીલ વાતર" નહી હોય તો વરશાદના પાણીથી ભરો, અને તેમા "મ્યુરેટ આફ્ ટીન" (Muriate of tin) ત્રણ દરામ અને "નાઇત્રીક આસીડ" ના દસ ટીપા નાખી તે "મ્યુરેટ આફ્ ટીન" પીગલી જાય તાંહાં સુધી બાતલીને હીલવવી. તવારબાદ તે બાતલીમાં જસતના એક કટકાને મજબુત દોરાએ કરીને જુલતો બાતલીના મુચમાંથી તાંગવો પણ એ જસતનો કટકો બાતલીના તલીઆથી બે ત્રણ આંગલ અતરગ રહે તેવી રીતે તાંગવો. પછી એ બાતલી અથવા દીકાંદરને હલાએદી જગા ઉપર મુકવી કે જાંહાં તે હીલે નહી એટલે તેમાં ધાતુતું ઝાડ થશે, પણ જો બાતલીને હીલવશો તો ઝાડ વીખરાઇ જશે. એમાં જે જસતનો કટકો કહેલો છે તે આસરે બે ઇંચ લાંબો અને પાઆ ઇંચ જાડો એવો લેવો. Chem 19.

૧૪૬૧. **સીસાનુ ઝાડ બનાવવાની રીત**—સફેદ બીલોરની એક દીકાંદર અથવા બાતલીમાં અરધો આંઊસ શુગર લેડ (Sugar of lead) નાખી તેમાં એક પેંટ વરશાદનું પાણી રેડવું તથા તેમાં નાહાની અરધી ચમચી સરકો રેડી બાતલીને હીલવ હીલવ કરી મેલવી દેવો. પછી તે બાતલીના મુચમાંથી એક તારને આરપાર કાહડી તેને છેડે જસતના બે તરણ નાહાના કટકાઓને અમરતી (વીંટ) દેઇને બાતલીમાં જુલતો તાંગી રાખવો પણ બાતલીના તલીઆને તેમજ બાતલીની આશપાશ જસતનો કટકો લાગે નહી. તવારબાદ એ બાતલી હીલે નહી તેવી જગાપર હલાએદી મુકી રાખો એટલે થોડા કલાકમાં તે બાતલીમાં ઝાડ થશે. પણ જો બાતલીને જરાબી હીલવશો તો એ ઝાડ વીખરાઇ જશે.

૧૪૬૨. **રૂપાનુ ઝાડ અથવા (દાયેના ત્રી) બનાવવાની રીત**—સફેદ બી-

કોરની એક દીકાંદર અથવા બાતલીમાં પાઆ આંઊસ "નાઇત્રેત આફ્ સીલવર" (Nitrate of silver) નાખી તેમાં એક પેંટ અથવા એથી થોડું વધારે "દીસતીલ વાતર" નાખવું. જો "દીસતીલ વાતર" નહી હોય તો વરશાદનું પાણી રેડવું. પછી એ બાતલી અથવા દીકાંદરને એક હલાએદી જગા ઊપર ઊંચે મુકવી કે જાંહાં તે હીલે નહી. પછી તેમાં જીવતો પારો (Mercury) પાઆ આંઊસ નાખવો. થોડા વખતમાં રૂપાના ઝાડ જેવું તેમાં જણાશે. એને રૂપાનું અથવા દાયેનાનું ઝાડ કરી કહે છે. (જુઓ બીજી રીત નાં૦) Chem. 19.

૧૪૬૩. બીજી રીત—ઉપર પ્રમાણે (જુઓ નાં૦ ૧૪૬૨) "નાઇત્રેત આફ્ સીલવર" ને પાણીમાં નાખીયા પછો તે બાતલીને હલાયદી જગા ઉપર મુકવી. પછી એક તમદેલમાં બે આંઉસ પાણી રેડી તેમાં એક દરામ "નાઇતરેટ આફ્ મરકયુરી" (Nitrate of mercury) નાખી પીગલાવવું. જ્યારે પીગલી રહે કે એ તમદેલમાંનું પાણી પેલી દાકાંદર અથવા બાતલીમાં રેડી દેવું એટલે થોડા વખતમાં તેમાં રૂપાનું ઝાડ થશે. Chem. 19.

૧૪૬૪ ત્રાંબાની ગોલી—એક મુસમાં ત્રાંબાને ખુબ પીગલાવવું, પછી એક કરછી લેવો અને તે કરછીમાં એક આંધરૂ (નાકુ) પાડવું, પછાં એ કરછીમાં પેલું ગાલેલું ત્રાંબુ લેઇ ગરમ પાણીના ભરેલા વાસણમાં તેમાંથી ટીપાં નાખવા એટલે ત્રાંબાની ગોલીઓ થશે. જો થંડા પાણીમાં નાખી રહેવા દેશો તો ખભરાયલા જેવા ઝીણા કટકા થશે. Chem 70.

૧૪૬૫ દેખાય નહીં એવું લખાણ લખવાની કળા—થોડી દુકરની ચરબીને તાવીને જરા વેનીશ તરપીનતાઇનની સાથે સારીપેઠે મેલવીને એક રસ કરી નાખવી. પછી સોજું રપંજ (વાદલુ) એમાં જરા બોળીને એ મેલવણી પતલા કાગજની ઉપર આશતેથી સફાઇદાર એકસરખી લગાડવી. હવે જ્યારે તમારા મીત્ર ઉપર કંઇ છુપુ કાગજ લખવાના હોવો તયારે જે કાગજ ઉપર લખવાનું હોય તે કાગજની ઉપર એ ચરબી લગાંડેલું કાગજ સરખું મુકવું પછી બુથી કલમથી જે કાંઇ લખવું હોય તે તેની ઉપર લખવું, એટલે જે જે ઠેકાણે તે કલમ ફરી હશે તે ઠેકાણેની ચરબી પેલા કોરા કાગજ ઉપર વલગી જશે. પણ તે અક્ષરો જણાશે નહી. પણ જે મીત્ર ઉપર એ કાગજ મોકલ્યું હોશે તે મીત્ર જો કોલશાની બારીક ચારેલી મેડા જેવી ભુકી અથવા કોઇબી જાતના રંગની ભુકી તેપર છાંટશે તો તેપર લખેલા અક્ષરો તરત વાંચી શકાશે, પણ એ કળા આગલથી પેલા મીત્રને જાણીતી હોવી જોઇએ. Yo. 18.

૧૪૬૬. જાદુઇ રંગ યાને બલુ રંગના પાણીને સફેદ રંગનું કરવાની કળા—એક કાચની સીસીમાં "વોલેતાંઇલ આલકાલી" (Volatile alkali) નાખી તેમાં કાણુસથી ઘસેલો ત્રાંબાનો થોડો ભુકો નાખી પીગલવા દેવો. હવે જ્યારે એ સીસીનો બુચ ઊઘાડશો તો તેમાંનુ પાણી બલુ રગનું થશે અને જો તેને પાછો બુચ દેશો તો સફેદ રંગનું થશે Yo. 26.

૧૪૬૭ બે નક્કર પદાર્થને મેલવી એક પ્રવાહી પદાર્થ કરવાની કળા—સંગેમરમરની ખલમાં અરધો આંઉસ "સલફેત આફ્ સોડા" (Sulphate of soda) નાખ તેમાં અરધો આંઉસ "નાઇતરેટ આફ્ આમોન્યા" (Nitrate of ammonia) નાખીં બતાએ કરી આસતેથી સાથે છુંદીને મેલવયા કરશો તો પાણી જેવું થઇ જશે. (જુઓ બીજી રીત નાં૦ ૧૪૬૮) Chem 11.

૧૪૬૮ બીજી રીત—અરધો આંઉસ "કલોરાઈડ આફ લાઇમ" (Chloride of lime) ને એક સંગેમરમરની ખળમાં નાખી

તેમાં અરધો આંઊસ " આસીતેટ આફ લેડ" (Acetate of lead) નાખી બતાએ કરી આશતેથી ઘુંદીને મેલવશો તો પાણી જેવું થઇ જશે (જુઓ ત્રીજી રીત નાં૦ ૧૪૬૯.)

૧૪૬૯ ત્રીજી રીત—એક સંગેમરમરની ખલમાં અરધો આંઊસ "કલોરાઈડ આફ લાઇમ" (Chloride of lime) નાખી તેમાં અરધો આંઉસ "નાઇત્રેટ આફ સોડા' (Nitrate of soda) નાખવો. પછી તેને બતાએ કરી આસતેથી ઘુંદીને મેલવશો તો પાણી જેવું થઇ જશે. (જુઓ ચોથી રીત નાં૦ ૧૪૭૦)

૧૪૭૦. ચોથી રીત—એક સંગેમરમરની ખલમાં ત્રણ દરામ "કારબોનેટ આફ આમોનીયા" (Carbonate of ammania) નાખી તેમાં બે દરામ "સલફેત આફ કોપર" (Sulphate of copper) નાખી પછી એ મેલવણીને બતાએ કરી આશતેથી ઘુંડીને મેલવશો તે વાયોલેટ રંગનું પાણી થશે. (જુઓ ૫ ચમી રીત નાં૦ ૧૪૭૧.)

૧૪૭૧. પાંચમી રીત—એક સંગેમરમરની પથરની ખલમાં થોડો "સલફેત આફ મેગનેશીઆ" (" અપશમ સાલટ ") અને તેટલોજ શુગર લેડનો ભુકો નાખી બતાએ કરી શારી પેઠે મેલવવો. એટલે પ્રવાહી પદારથ થશે.

૧૪૭૨ રૂપાના સીક્કાને ભાંજવાની કળા—એક બે આની લેવો અને તેની ઉપર થોડો જીવતો પારો (Mercury) સારી પેઠે ચોલીને લગાડો. પછી જેવી તે બે આનીને મંડશો એટલે બાંગી જશે. Mag. 48.

૧૪૭૩ ઘડીયાલના કાચને જડપમાં ગોલ ફેરવવાની યુકતી—એક તુગાઇ (Tea tray) લેઇ તેને જરા વાકી ધરો હવે જો નીડલા ઘડીઆલ (પાકેત વાચ) ના કાચને તેમાં ઊપરથી મુકશો તો તે કાચ જલદીથી એકદમ શરીતે નીચે આવશે. પણ જો તે તુગાઇના છેક ઊંચેના ભાગ ઉપર પાણીનું એક ટીપુ મુકી તે ટીપા ઊપર ઘડીઆલના કાચને મુકશો તો એકદમ સીધો નીચે આવવાને બદલે ગોલ જડપમાં ફરતો ફરતો છેક એથે આવશે. Mag. 339.

૧૪૭૪ છડી તથા કાતર ઊપર ત્રાંબાના જેવો રંગ ચહડવવાની કળા—નાની છડી (પેન નાઇફ) નું પાનું અથવા કાતર અથવા ભરટ ગુંડવાના શાફ કીધેલા શુઇયાને "સોલ્યુશન આફ કોપર" માં બોલશો તો તરતજ તે ઊપર ત્રાંબાના જેવો રંગ ચહડશે કેટલાંક લુચ્ચા લોકો જુની લોહોદાની ખીલીઓને એ પ્રવાહીમાં મેલવી ત્રાંબાની ખીલીકહી લોકોને ઠગે છે. (જુઓ નાં૦૧૪૭૫.

૧૪૭૫. તીખા લોહડા (સ્ટીલ) ઉપર સોનાના જેવો રંગ ચહડાવવાની કલા—તીખા લોહ નો ઘણોજ ચલકતો કીધેલો સાફ એક કટકો લઇ તેને "સોલ્યુશન આફ નાઇતરો મયુરીઆતીક ગાલ્ડ" (Solution of nitro muriatic gold) માં બોલી કાહડો એટલે તેનીપર સોનેરી પડ ચહડેલુ જણાશે, જો એ પડને ચલક કાહડવાના દાંતથી ગસસો તો ઘણો સારો રંગ દેખાશે. જો તીખા લોહોઢાના સાફ પાલીશ (ચકલકતાં) કીધેલા અથીઆરો ઊપર એ મેલવણીમાં ઝીણી પીછી બોલી તેથી તનીપર નામ અથવા નકસી વગેરે ચીત્રામણ પાડશો તો તે સોનાના લખેલા હોય તેના દેખાશે. (જુઓ નાં૦ ૧૪૭૬) Yo. 303.

૧૪૭૬. લીંબુંને ચલાવવાની કલા—એક સુકકા લીંબુમાં બારીક નકું પાડને ... ટરવું. પછી તેમા થોડો પારો (Mercury મરકયુરી) ભરી તે નાકાને મીણથી દાબીને તેને તાપ (તડકામાં) આપવો કે લીંબુ ગબડવા માંડશે. બ. ૮૧૧.

૧૪૭૭. ધ્રુજતું ઇંડું—કવીલ પેનની ત્રણ આંગલ લાંબી નલી લેઇ તેને એક છેડે કડણ મીણ દાબી તેમાં જીવતો પારો

(" કુવીક સીલવર ") ભરી તેના બીજા છેડાને પણ શારૂ કઠણ મીનથી બંધ કરી નાખો. પછી મરઘીના એક તાજા ઇંડાંને પાણીમા ખુબ કઠણ બાફી કાહડી તરત તે ઇંડાંના નાહાના છેડા પરથી જરાક કોટલાની કગરશ કાહડી નાખી પેલા પારા ભરેલી કુવીલની નલી તેમા (ઇંડાંમા) ખોશી દેવો. પછી તે ઇંડાંને તરતજ શાફ જમીનપર અથવા તેબલ ઉપર મુકી દેવો એટલે જ્યાં સુધી પેલા ઇંડાંમા ગરમી રેહશે તયા સુધી પેલું ઇંડું થરથર ધુજ્યા કરશે. Yo 11.

૧૪૭૮. સીકો અથવા ધાતું પારો લાગાથી ખરાબ થઈ ગઇ હોય તો તેને સાફ કરવાની કલા—લોહોડાનો તવાથો અથવા જાડો મોહોતો ખીલો લઇ તેને આતશમા મુકી લાલ ચોલ જેવો ગરમ કરી તેની ઉપર સીકકો અથવા ધાતુને મુકવી એટલે પારો-વરાલ રૂપે તેનીપરથી તરત ઊડી જશે. D. 719.

૧૪૭૯. કાગજને સલગાવી પાછું જેવુંને તેવું કરવાની કલા—એક કાગજના કકડાને બરાંદી દારૂમાં બધી બાજુથી ભીંજવી કાહડવું. પછી તેને બતી આગલ ધરવું અથવા એક બીજા કાગજની ચીપને સલગાવી પેલા બરાંદીથી ભીંજવેલા કાગજને સલગાવવું, એટલે તરત તે કાગજ સલગી ઊઠી ઉપર બલતું થશે. અને કાગજ એમનું એમ રેહશે, એમ થવાનું કારણ એકે જ્યાંસુધી બરાંદી બલશે તયાસુધી તે સલગનાર નથી, માટે બલતું સઘલી બાજુપર ફરી વલેકે તેને બુજાવી નાખવું. એ પ્રમાણે કેટલાંક ખેલ કરનારાઓ ખરી નોતને સલગાવી પાછી આખી બતલાવીને તમાશગીરોને અજાએબીમા નાખેછે. Yo.56. બ.૮૪૨.

૧૪૮૦. રૂમાલને સલગાવી પાછો જેવોને તેવો કરવાની કલા—જેમ ઉપર કાગજને સલગાવી પાછું જેવુંને તેવું કરવાની રીત છે (જુઓ નાં૦ ૧૪૭૯) તેજ પ્રમાણે એક નાહાના રૂમાલને બરાંદીમાં ભીજવી કાહડીને સલગાવો.

૧૪૮૧. આંગલીમા ખુટી બેઠેલી વીટીને કાહડવાની સેહલીકલા—જો હાતની આંગલીમાં શુનાની વીટી ખુંટી બેઠી હોય અને નીકલતી નહી હોય અને આંગલી ઉપર સોજો ચહડયો હોય તો તે વીતી ઉપર થોડો છુટો પારો (Quick silver) ઘસવો એટલે તે વીતી એટલીતો કકરી થશે કે જરાક હલકે હાથે દાબીઆથી કઈ પણ આંગલીને ઇજા કરયા વગર તરત ભાંગીને કટક થશે. Yo. 327.

૧૪૮૨. પોલાડને તરત પીગલાવીને પ્રવાહીની માફક ટીપા પાડવાની રીત—પોલાડના લોહોટાના કટકાને આતસમાં મુકી ખુબ તપાવીને આતશના ગાંગડા જેવું લાલ કરવું. પછી તેને ચીપીઆથી બાહર કાહડી તેજ ચીપીઆમાં એક હાથે મજબુત ધરી રાખો અને બીજા હાથે ગંધકની લાકડી તેની ઉપર લગાડવી. જેવી લાકડી તેને લાગશે એટલે તે પોલાડનું લોહોઢુ તરત પીગલી જઇને પ્રવાહીની માફક ટીપા નીચે પડવ માંડશે. Yo. 31.

વૈદક વિચાર.

Domestic medicine

૧૪૮૩. કાનમાં જીણું જણાવર ગયું હોય તેને કાહડવાનો ઉપાય—કદાપી કોઇના કાનમાં કાઇ જાણવર ભરાયું હોય તો દીવેલ અથવા તલનું મીઠું તેલ અથવા " સાલેડ આઇલ " ને જરા સુમરાયું કરીને તેના ટીપા મુકવા. તેથી જાણવર અંદર મરી રેહી મેલમો મલી જઇને જયારે મેલ નીકળશે તેની શાથે તેપણ નીકળશે. (જુઓ બીજી રીત નાં૦ ૧૪૮૪.)

૧૪૮૪. બીજી રીત—એલચીઓ તથા દમણો વાટીને બેવડા દારૂમાં મેલવવો. પછી

गाली काहडी कानमां टीपा मुकवा.

१४८५. कानमांथी मेल काहडवानो उपाय—कानमा मेल थयो होय तो कदी कानने सलीथी कोतरवो नहीं पण जरा शोधुं मध अने आलीव तेल ए बेउने जरा सुमराघुं करीने कानमां मुकया करवु एथी मेल फसफसी पोतानी मेले उपर आवशे. जो आलीव तेल नही मलेतो मीठुं तलनुं तेल लेवुं.

१४८६. कानमांथी माखनी माफक गुण गुण एवो अवाज नीकलतो होय तेनो उपाय—बदामना तेलना टीपा कानमां मुकवा अथवा दोधीना बीतु तेल मुकवुं.

१४८७. सुकको कान दुखे तेनो सेहेल इलाज—अरधुं फुलीउ मीठा तेलमा लसणुनी छोजेली बे कली ककरावी थंडुं पडेने गाली कहाडी सीसीमां भरी मुको अने ज्यारे जोइए तयारे कानमां ए तेलना टीपा मुकवा.

१४८८. कानमां दाणो अथवा बीजी काइ चीज गइ होय ते काहाडवानो इलाज—जो कोइ नाहना बच्चांए रमतमां पथर अथवा हरेक दाणो अथवा कोइबी जातनी कठण चीज कानमां गाली होय तो ते कानने कोतरवो नही, कदापी छेक नजदीकमां देखाती होय तो झीणा चीमताथी संभालीने खेंचकी लेवी अने छेक काननी भीतर गइ होय तो तेने पडती मुकवी ते पोतानी मेले हरेक वेळाए मेल साथे अथवा अमसथी नीकली आवशे अथवा जे कानमां ते चीज गई होय ते कानने नीचो करी बीजा कान उपर जरा जोरथी थोकवुं जेथी कदाच नीकली आवशे. जो चणो, वटाणो अने एवी बीजी पोची चीज गई होय तो कानमां कदी पीचकारी मारवी नही, कारण के एम कीधाथी ते चीज बाहार नीकलवाने बदले पाणी चुसी फुलाइने ओर अंदर जोरथी खुंटी बेससे. एवे वखते डाकतरनी सलाह लेवाने कदी चुकवुं नही.

१४८९. कानमां परु थाय तेनो उपाय—जो कान पाकतो होय अने अंदरथी परु आवतुं होय तो ते परु बंध करयाथी काननी नीचे अथवा गलामां उतरशे ने गांठ गालशेने चावंनीआ शुजी आवशे अथवा हरेक बीजी जगाए ते परु रशतो करशे वासते हरगेज परु आवतुं बंध करवुं नही. जो परु आवे ते शाथ कान दरद करे ने गंध मारे तो बरांदी तथा उनुं पाणी ए बेउने भेलीने अथवा साबुना पाणीनी काननी नाहनी पीचकारी भरीने हलवेथी कानमां मारवी के परु जाडुं थइने भींतरमां वलगी रहयुं होय ते धोवाइ आवे ने कान साफ थाय पण जो परु घणुं नीकलतुं होय तो तरत डाकतरनी सलाह लेवी.

१४९०. जलोनो डंख बंध करवानो इलाज—घणी वेला जलोना डंख वेहया करे छे अने बंध करवानी मुशकली पडे छे. जो खोली हवाथी जलोना डंखमांथी नीकलतुं लोही बंध थाय नही तो अमथुं धाहनुं (लींट) लुगडुं घडी करीने धाहनी जगा उपर जोरथी दाबवुं. जो एथी पण बध थाय नही तो जुओ एहल आपेलो बीजो इलाज नां० १४९१.)

१४९१. बीजो इलाज—भुंजेली फटकीनी बारीक भुकी जलोना डंख उपर जरा दाबवी अथवा बरफ (आइस) डंख उपर लगाडवुं. जो एथी पण डंखमाथी नीकलतु लोही बंध थाय नही तो जुओ त्रीजो इलाज ना० १४९२.)

१४९२ त्रीजो इलाज—जलोना डंख उपर "कासतीक" नी अनी लगाडवी तेथी तरत लोही बंध थइ जशे.

१४९३ पाणीनी सेखारी अथवा तरसानो इलाज—नीमखनो खारो अथवा सुको खोराक खाधा पछी तरत पाणीनी

સોખારી લાગે છે. એનો સઉથી સેહેલ ઇલાજ એ છે કે કોઇબી જાતના તીખા અચારનો એક કટકો મોહડામાં રાખી મુકવો એથી મોહડું સુકાતું બંધ થઇને થુક પેદા થશે જેથી પાણીની તરશ જાહાજી લાગશે નહી.

૧૪૯૪. પેટમા જલો ગલાઈ જવાય તેનો ઇલાજ—કોઇ વેલા અંજાણમા પાણી શાથે જલો ગલાઈ જાયતો તરત મીઠાનુ પાણી કરી શારીપેઠે પાવુ તેથી જલો તરત મરી જશે અને પછી કઇ પણ નુંકશાની કરશે નહી.

૧૪૯૫. જલોકેવી પસંદ કરવી?—જલો હમેશા મધીયમ કદની મેળાવવી. તેએ, ઘણી મોહતી જલો કરતાં વધારે લોહી ચુશે છે. ઘણી બારીક જલો લોહી ચુશી શકતી નથી. ઘણી મોહતી જલો વાપડવી નહી કાએ કે તેઓ ઘણી વેલા વપડાયલી હોય છે અને તેઓ લોહી ધાવીને મોહતી થયલી હોય છે અને તે બરાબર કામ કરી શકતી નથી.

૧૪૯૬. જલોને જાલવવાની રીત—મટોડીનું બનાવેલું પુડા જેવું એક વાસણ લેવું, નીચેથી બારીક નાકાં પાડવા. પછી તે વાસણમાં મટોડી ભરવી અને તે ઉપર જલો મુકવી એટલે જલો પોતાની મેલે મટોડીમાં પેવસ થશે, ઊપરથી કનતાન બાંધી લેવુ (જુઓ બીજી રીત નાં ૧૪૯૭.)

૧૪૯૭. બીજી રીત—જલોને હમેશા તલાવના પાણીમાં અથવા વરસાદના પાણીમાં રાખવી.

૧૪૯૮. જલોને ચામડી ઉપર મુકવાની રીત—જલો મુકવાની આગમજ જે ભાગ ઊપર જલો મુકવી હોય તેને સાબુના પાણીથી ધોઇને અછી રીતે લુછી નાખવો. બાલની જગા ઉપર જલો વલગતી નથી તેથી બાલ બોરાવી નાખવા અને જગાને ઘણી સુમારી કરી નાખવી. એટલીબધી સંભાલ લેવાની જરૂર એટલા માટે છે જે ચામડી પરસવે ભીંગાયલી અને ચીકાશ વાલી હોય તે ઉપર જલો વલગતી નથી. જયારે જલો ચામડી ઊપર વલગે નહી તયારે તે ભાગ ઉપર જરા શાકરનો શીરો લગાડવો અથવા દુધ ચોપડવું અથવા તે ભાગ ઊપર ચાલતી સોયવટે જરા લોહી કાહડીને પાંથરવું એથી જલો જલદી ચામડીને વલગશે.

૧૪૯૯. જલોને ચામડી ઉપરથી કાહડવાની રીત—ચામડીપર જલો લોહી ચુશવા પછીં પોતાની મેલે નહી ખડી પડે તો તેને ખેંચી કાહડવી નહી કેમકે તેથી ઘાહમાં જલોનો દાંત તુતીને રહી જાય છે અને તેને પાકવે છે તેથી ઘણી હેરાન ગતી થાય છે એટલા માટે જલો ઉપર થંડું પાણી છાંટવું અથવા થોડો સરકો અને પાણી ભેલા છાંટવું. જો એ કીધા છતાં પણ જલો વલગી રેહતો થોડું નીમક બારીક વાટીને જલો ઉપર જરા ભભરાવવું એટલે તરત જલો તુતી પડશે. પણ નીમકથી ઘણી વેલા જલો મરી જાય છે.

૧૫૦૦. આટણનો ઈલાજ—પગમાં તંગ બુત અને જોડા પેહડવાથી આટણ પડે છે જેથી ચાલતા ઘણું દુખ અને અડચણ થાય છે. એનો ઈલાજ તંગ બુત તથા જોડા પેહેડવા નહી. (જુઓ બીજો ઊપાય ના૦૧૫૦૧)

૧૫૦૧. બીજો ઉપાય—નવસાગરને સરકામાં નાખી પીગલે એટલે આટણ ઉપર ઘડી ઘડી લગાડયા કરવુ (જુઓ ત્રીજો ઉપાય ના૦ ૧૫૦૨)

૧૫૦૨. ત્રીજો ઉપાય—દરરોજ સહવારના તથા રાતના આટન ઉપર મીઠુ તેલ ચોપડયા કરવુ (જુઓ ચોથો ઊપાય ના૦ ૧૫૦૩.)

૧૫૦૩. ચોથો ઉપાય—નરમ બાલની પીછીએ કરી "એસીતીક એસીડ" આટન ઉપર લગાડયા કરવું. (જુઓ પાંચમો ઉપાય ના૦ ૧૫૦૪.)

૧૫૦૪. પાંચમો ઉપાય—"આયોડાઇન આફ પોતાશીયમ" બાર ગરેન, ચરબીનો મલમ અરધો આંઊસ. આ બેઊને

મેળવીને એમાંથી જરાક ચણા જેટલું લેઈ દાહડામાં બે અથવા ત્રણ વાર આસતેથી આટણ ઉપર લગાડવું. (જુઓ છઠો ઉપાય ના૦ ૧૫૦૫.)

૧૫૦૫. છઠો ઉપાય—" ટીંકચર આ-ફ આયોદાઈન " આટન ઉપર પીછીથી લગાડવું.

૧૫૦૬. ફાટેલા હોડનો ઇલાજ—તાહઢ દાહડા આપણા હોઠ તતરીને ફાટે છે તેથી તેવા હોઠની ઉપર આ રીત. ઘણુ શેહેલ છે. એક આંઉસ સફેદ મીન અને ત્રણ આંઉસ મીઠી બદામના તેલને એક ન ઢલા વાસણમાં નાખી બેઊને તાવી ગરમ હોય તેટલાંજ તેમાં અરધી ચમચી ગોલા-બનું અતર નાખી મેલવી દેવું. પછી એક કાચના ચપુમાં ભરી રાખવુ.

૧૫૦૭. આંજનીનો ઇલાજ—સઉથી સેહલ ઉપાય આંજની ઉપર ગરમ પાણીએ ફલાનેલનો શેક કરવો અથવા આંજની ઉપર જરા સીંદુરનો મલમ લગાડવો.

૧૫૦૮. ઘાંટુ બેઠું હોય તેનો ઇલાજ—જો કોઈનું ઘાંટું બેઠુ હોય અને તેથી અવાજ બરાબર નહી નીકલે ને અવાજ કાહડતાં ગલું દુખે તો એક વાસણમાં પાશેર ગાયનું દુધ રેડી તેમાં એક અથવા બે સુક અંજીર નાખવા તથા મીહાશ પુરતી છુંદેલી શાકર નાખી શારીપેઠે ઊકાલવું. પછી સુમ રેતુ જેવું થાય કે પીવું.

૧૫૦૯. દાહરાજનો ઉપાય—દહરા-જના માણસના શરીર ઊપર મોલ ચકરડા જેવા ચાંડા પડે છે અને તેમાં ખરજ તથા કીર થાય છે. તેનો ઉપાય તરત નહી કરે તો તે બધા શરીર ઊપર પંથરાઇ જાય છે. દહ-રાજ બે તરેહની થાય છે એક લાલ અને બીજી કાલી. દહરાજ થવા માંડે એટલે ગુલ-બગલીના પાતરા લાવી તેને એક સોજી પથ-રની ખાંનીમાં નાખવા તથા તેમાં જરા નીમખ નાખી બારીક છુંદીને તેનો રશ એક બલાંસમાં કાહડવો. પછી દહરાજને કાચાની દોરીથી ઘસીને ઊપર એ રશ ચોપડવો. (જુઓ બીજો ઉપાય ના૦ ૧૫૧૦)

૧૫૧૦. બીજો ઉપાય—દહરાજને કા-ઠાની દોરીથી જરા ખોખવીને તેની ઉપર મરઘીના પીછે કરી " એસીતીક આસીડ " ચોપડવી એટલે દહરાજના છોલતાં નીકલી જશે. (જુઓ ત્રીજો ઊપાય ના૦ ૧૫૧૧.)

૧૫૧૧. ત્રીજો ઉપાય—અમલસારો ગંધક વાટીને તેનો ભુકો પાણીમાં અથવા લીંબુના રશમાં મેલવી ચોપડવો.

૧૫૧૨. કીડનો ઉપાય—શરીરના જે જે ભાગ ઊપર કીડ થતી હોય તો સુખ-ડના તેલમાં કપુર મેલવીને લગાડવું.

૧૫૧૩. કોલાંગવાતરનું પાણી કર-વાની રીત—સાધારણ એક તમદેલમાં પાણી ભરી તેમાં એક મોહતો ચમચો ભરી કોલાંગ વાતર નાખવું. યાને ૧૨ આંઊસ પાણીમાં એક આંઊસ કોલાંગ વાતર ભેલવું. પછી એ પાણીમાં કપડાના કટકા બોલી માથા ઊપર મુકવા.

૧૫૧૪. તડકાની લુ લાગે તેનો ઈલાજ—માથા ઊપર તરત થંડું પાણી શારીપેઠે નાખવુ.

૧૫૧૫. મસાનો ઇલાજ—સંચોરો (પાપડીઓ ખારો) આતશ ઊપર મુકી ફુલાવી સફેદ થાય તયારે બાહર કાહડવો અને એ સંચોરાની વજણ બરાબર કલી ચુણો લેવો. એ બેઉને એકતું કરી તેને ત્રીજે હીશે કાંદો લેઇ સરવેને ખલ કરી મસા ઉપર મુકવું (જુઓ બીજો ઉપાય ના૦ ૧૫૧૬.)

૧૫૧૬. બીજો ઉપાય—નીમકને કુવાના પાણીમાં મેલવી એ પાણી દરરોજ મસા ઊપર ચોપડયા કરવું. (જુઓ ત્રીજો ઊપાય ના૦ ૧૫૧૭.)

૧૫૧૭. ત્રીજો ઉપાય—ઘણોજ જલદ (આંગ) સરકો મસા ઊપર દરરોજ સહ-

ખારના લગાડવો. (જુઓ ચોથો ઉપાય નાં૦ ૧૫૧૮.)

૧૫૧૮. ચોથો ઉપાય—મસા જુના, કઠણ અને સુકા હોય તો કાપી કાહડી ઉપર "કાસતીક" લગાડવું. જો મસા પગના સાંધા ઊપર અથવા હોઠ ઊપર અથવા આંખના પોપચા ઊપર અને એવાજ બીજે ઠેકાણે થયા હોય તો ડાકતરની સલાહ વગર તેને કાપવા અથવા "કાસતીક" લગાડવું નહી. (જુઓ પાંચમો ઊપાય નાં૦ ૧૫૧૯) Re. 125.

૧૫૧૯. પાંચમો ઉપાય—"ટીંકચર આફ મીયુરેટ આફ આઇરન" દર રાતના મસા ઉપર લગાડવું.

૧૫૨૦. ખુજલીનો ઈલાજ—પેહેલા ખુજલીની ફુલ્લીઓને સારીપેઠે સાબુ તથા ગરમ પાણીથી ધોઇ અને આખી ફુલી હોય તો તેને ફોડી નાખવી, પછી કપડાથી લુછીને તેને સાફ કરવી. પછી રાતે સુતી વખતે ગંધકનો મલમ તેની ઊપર શારીપેઠે હલુથી પચાવીને લગાડવો. પછી શહવારના ઉના પાણીથી ધોઇ સાફ કરવી. એવી રીતે ત્રણ ચાર દાહડા લગાડયાથી ખુજલી સારી થશે.

૧૫૨૧. ખીલનો ઉપાય—તકન ખાર તથા શાકરને લીંબુના રશમાં નાખી એક કાચની સીસીમાં ભરી રાખવુ, તથા તે સીસીને તે ખાર પીગલે તેથી ઘડી ઘડી હીલવયા કરવી. પછી એ મેલવણી ખીલ ઊપર લગાડવી. (જુઓ બીજો ઉપાય નાં૦ ૧૫૨૨) Re. 51.

૧૫૨૨. બીજો ઊપાય—"મ્યુરેટ આફ એમોનીયા" ૧ દરામ, જહરાનું પાણી ૧ પેંટ અને લવંડર વાતર બે દરામ. એ બધાને મેલવવું એ મેલવણી દહાડામાં બે ત્રણ વખત વાદલા (સ્પંજ) થી લગાડવી. (જુઓ ત્રીજો ઉપાય નાં૦ ૧૫૨૩.) Re. 51.

૧૫૨૩. ત્રીજો ઉપાય—મીઠી મલાહી એક આંઉસ, તાજું દુધ આઠ આંઉસ, લીંબુનો રશ એક આંઉસ, બરાંદી અથવા કોલાનવાતર એક આંઉસ, ફટકી એક આઉસ અને ખાંડ એક દરામ. એબધાને ઉકાલી ગાલી કહાડી તેમાં કોલાંગ વાતર અથવા બરાંદી રેડી થંડું પડેને લગાડવું. એ મેલવણીને એક બાતલીમાં ભરી રાખવી. (જુઓ ચોથો ઉપાય નાં૦ ૧૫૨૪) Re. 51.

૧૫૨૪. ચોથોઉપાય—મરઘીના ઇંડાંના કોટલાં અથવા મરઘીના હાડકાં બાલીને તેને સરકામાં મેલવીને ચોપડે તેથી મટે અને એ સરવેથી ગુણ નહી થાય તો પછી દરાખના ઝાડનું લાકડું લાવીને તેની રાખ સરકામાં મેલવીને ચોપડે.

૧૫૨૫. બચાંને નાડ ખરી પડયા પછી ડુતીમાં થતું ચાંડું—એનો ઉપાય એ છે કે પેટ સાફ આવે એવી દવાઓ આપવી તથા તેને ધોઈને સાફ રાખવું. (જુઓ બીજો ઉપાય નાં૦ ૧૫૨૬)

૧૫૨૬. બીજો ઉપાય—મલમલના નરમ જુણા ધોયલા સફેદ કપડાના કટકાને પોરટ વાઇનમાં બોલી તેથી એ ચાંડાને સાફ કરવું. Re. 81.

૧૫૨૭. ચામડી ઉપર થતાં પીલા રંગના ચાંઠા—કેટલીક વખત તડકામાં લાંબો વખત ફરીઆથી પીલા રંગના ચાંઠા પડે છે તેવા ચાંઠાની ઉપર આએ મેલવણી ઘણી સારી છે:—એક પેંટ પાણીમાં એક આંઉસ ફટકીને પીગલાવી તેમાં એક આંઊસ લીંબુનો રશ નાખી બાતલીમાં ભરી રાખવું અને જયારે જોઇએ તયારે ચામડી ઉપર લગાડવું. (જુઓ બીજો ઉપાય નાં૦ ૧૫૨૮.)

૧૫૨૮. બીજો ઉપાય—મીઠી મલાહી એક આંઊસ, તાજુ દુધ આઠ આંઊસ, લીંબુનો રશ એક આંઊસ, ફટકી એક આંઊસ, ખાંડ ૧ દરામ. એ બધાને મેલવી ઊકાલીને ગાલી કાહડવું. થંડું પડેને લગાડવું (જુઓ ત્રીજો ઊપાય નાં૦ ૧૫૨૯) Re. 114.

૧૫૨૯. ત્રીજો ઉપાય—તંકન ખારનો

છુંદેલો ભુકો ૧૫ ગરેન, લીંબુનો રશ ૧ આંઉસ, શાકરનો છુંદેલો ભુકો અરધો દરામ. એ બધા ભુકાને એક સીસીમાં નાખી તેમાં લીંબુનો રશ રેડી તે સીસીને હીલવ હીલવ કરીને મેલવી નાખવું. પછી એ મેલવણી ચાંદા ઉપર લગાડવી. (જુઓ ચોથો ઉપાય ના૦ ૧૫૩૦) Re. 114.

૧૫૩૦. ચોથો ઉપાય—છાશે કરી મોહ'ાને શાંહાંજ શહવાર બે વખત ધોયા કરવું. (જુઓ પાંચમો ઉપાય ના૦ ૧૫૩૧) Re. 114.

૧૫૩૧. પાંચમો ઉપાય—ફટકી ૧ દરામ, તંકનખાર ૧૦) દરામ. અને પાણી ૧ પેંટ. એ બધાને મેલવી દેવો. ગરમીના દાહડા ઉપર તડકામાં બાહર જવાની અગાઉ એ પાણીથી મોહડું ધોઇને પછી જવું. Re. 114.

૧૫૩૨. થાનની ભીટણીમાં ચીડા પડે તથા તેની પરની પાટલી ચામડી ખરી પડે તેનો ઈલાજ—તંકનખાર અરધો દરામ, ચોખ્ખી "ગલીશરીન" (Pure glycerine) અરધો આંઉસ, ગુલાબ અરધી પેંટ. એ બધાને એક સીસીમાં મેલવવું પછી નરમ કપડાનો કટકો અથવા સ્પંજ (વાદલું) એમાં ભીંજવી ઊપર મુકવું. (જુઓ બીજો ઇલાજ ના૦ ૧૫૩૩) Re. 85.

૧૫૩૩. બીજો ઈલાજ—દાહડામાં ત્રણું અથવા ચાર વખત "ટીંકચર આફ કેતેચુ" (Tincture of catechu) ઊંટના બાલની પીછીથી લગાડવું જો બચાંને ધવાડવું પડે તો થાનની ઊપરની લગાડેલી દવાને સારીપેડે ધોઇ કાહડીને પછી ધવાડવું. Re. 85.

૧૫૩૪. ઉજાગરાનો ઇલાજ—જો રાતે ઊજાગરો થયો હોય તો તેની બાહારવને એક કાચના પેયાલામાં પાશેર થંડું પાણી રેડી તેમાં બે પઇશા ભાર છુંદેલી શાકર અને બે પઇશા ભાર લીંબુનો રશ નાખી ચમચાએ કરી ડોહવી નાખીને પીઉ.

૧૫૩૫ માથું દુખે તેનો ઉપાય—જરા દરેલા મરી, થોડો આટો મેલવી જરાક પાણી રેડી ખડખડાવીને સેહેતું સેહેતું કપાલ ઊપર ભરવું (જુઓ બીજો ઊપાય ના૦ ૧૫૩૬)

૧૫૩૬. બીજો ઊપાય—કોલાંગવાતર તથા પાણી ભેલી તેમાં કપડાના કટકા ભીંજવી માથા ઊપર મુકીયા કરવા. (જુઓ ત્રીજો ઊપાય ના૦૧૫૩૭)

૧૫૩૭. ત્રીજો ઊપાય—જરા અફીણ અને કેશરને ગરમ પાણીમાં મેલવી કપાલ ઉપર લગાડવું. (જુઓ ચોથો ઊપાય ના૦ ૧૫૩૮)

૧૫૩૮. ચોથો ઉપાય—ધાણા ગુંટીને તેના પાણીમાં જરાક અફીણ તથા કેસર ઘસીને કપાલ ઊપર ચોપડવું. (જુઓ પાંચમો ઊપાય ના૦ ૧૫૩૯.)

૧૫૩૯. પાંચમો ઉપાય—બોરડીનું મુલ તથા પીપેર એ બેઊને પાણીમાં ઘસીને ચોપડવું. (જુઓ છઠો ઉપાય ના૦ ૧૫૪૦)

૧૫૪૦. છઠો ઉપાય—જો ગરમી અથવા પીતથી માથું દુખતું હોય તો સુખડ ઘસીને ચોપડવું.

૧૫૪૧. ખરાબ વાસ મારતાં પગોનો ઉપાય—ચામડીના સુરાખોમાં કાંઈ બગાડ થયાથી કેટલાંકોના પગોમાંથી ખરાબ વાસ નીકળેછે. તેનો ઊપાય એ છે કે પગોને ગરમ પાણીથી ધોવા, પણ તે ગરમ પાણીમાં થોડું "કલોરાઇડ આફ લાઇમ" નાખી મેલવી દેવો. Re. 49.

૧૫૪૨. ગલીચ (ખરાબ) હવા દુર કરવાના રીત—કેટલીક વખત ખરાબ નઠારી હવા દમમાં ગયાથી ઘણી ખરાબ અશરો થાય છે તેને દુર કરવાની એડલ આપેલી જુદી જુદી રીતો છે. એક આંઉસ "કલોરાઇડ આફ લાઇમ" ની અંદર એક બાતલી પાણી રેડી મેલવવું, અને એ મેલવણી ઓરડામ

થોડી થોડી છાંટવી. (જુઓ બીજી રીત નાં૦ ૧૪૪૩) Re. 51.

૧૫૪૩. બીજી રીત—" બે ભાગ સુડકો ક્લોરાઇડ આફ્ લાઇમ " ને એક છાલકી રકાબીમાં નાખી તેમાં એક ભાગ બાલેલી ફટકી નાખી મેલવીને ઓરડામાં એ રકાબી ગમે તો એમાં પાણી નામીને અથવા પાણી નામીઆ વગર મુકવી Re. 51.

૧૫૪૪. તંગ જોડા અથવા બુત પેહડ્યાથી પગના આંગલા ઉપર છાગરા અથવા ફેફુઈઆ પડે તેનો ઇલાજ—શોજુ કાપરેલ તેલ આગલીએ કરી છાગરા ઉપર દરરોજ લગાડવું.

૧૫૪૫. બાલને કાહડી નાખવાની રીત—એક ખલની અંદર ૫) આંઊસ કલી ચુણો નાખી છુંડીને બારીક મેડા જેવો ભુકો કરી તેમાં ૧ આંઊસ હડતાલનો બારીક મેડા જેવો ભુકો નાખી મેળવી દેઈને સીસીમાં ભરી રાખો. એને " તરકીશ ડેપીલેતરી " કહે છે. જ્યારે એ મેલવણી લગાડવી હોય તયારે એમાંથી થોડો ભુકો લેઇ પાણીમાં મેલવીને લાહી જેવું બનાવવું. પછી એ મેલવણી બાલ ઊપર લગાડી પાંચ છ મીનીટ પછી પાણીથી ધોઈ કહાડવી. F. 333.

૧૫૪૬. નસકોરી ફુટી હોય તેનો ઇલાજ—નબલા માણસને નાકમાંથી લોહી નીકલે તો થંડુ પાણી તે માણસની બોચી ઉપર તથા માથા ઊપર રેડવું. નાક પર તથા માથા ઊપર આઇસ (બરફ) લગાડવું અથવ ખેતરમાની કાલી મટોડીને પાણીમા ભીંજવી અથવા તે નહી મલી આવે તો ધઉના કાંકર માટીના લેઇ તેને પાણીમાં ભીંજવી તાલવ પર મુકે અને થોડી સુંઘાડે. જો એથી પણ લોહી બંધ નહી થાય તો તરત દાકતરની સલાહ લેવી.

૧૫૪૭. વાલો અથવા નારૂં નીકલે તેનો ઉપાય—અરીઠા પાશેર વાટીને બારીક કરવા અને તેની ગોલી કરી મુકવી. પછી તે ગોલીમાંથી થોડી લેઇ પાણીમાં વાટીને વાલાના છાગરા ઉપર લગાડી તેની ઊપર પાણ બાધવું એટલે વાલાનું ગુછરૂં ખેચી કાહડશે અથવા બાલી નાખશે. (જુઓ બીજો ઊપાય નાં૦ ૧૫૪૮.)

૧૫૪૮. બીજો ઉપાય—ઇસબગુલના બી ગુલાબમાં કે દુધમાં મેલવી વાટીને ચોપડવું. (જુઓ ત્રીજો ઊપાય નાં૦ ૧૫૪૯.)

૧૫૪૯. ત્રીજો ઉપાય—જો વાલાનો છેડો બાહર નીકલીયો હોય તો આસતે આસતે ખેચીને તેને બાહર કાહડતાં જવું તથા તેની આસપાશની જગા ઊપર જરા જરા ઘી લગાડતાં જવું પણ ખેંચતી વખતે વાલો તુટી જાય નહી તેની સંભાળ રાખવી. તથા તે વાલાના છેડાને દોરીમાં વીતાલી રાખવો, એમ દરરોજ આસતે આસતે ખેંચતાં જવું.

૧૫૫૦. ઝાડાની કબજીઆતનો ઉપાય—આખો દાહડો બેસી રહેવાથી કબજીઅત વધે છે. એનો ઉપાય એછે કે હમેશા પગે ચાલીને શારી પેઠે ફરવું, કસરત કરવી અને ખોલી હવા ખાવી. (જુઓ બીજો ઊપાય નાં૦ ૧૫૫૧.)

૧૫૫૧. બીજો ઉપાય—જરા પણ જાહડાની હાજત થાએતો તેને ખાંચવી નહી પણ તરત જાહાડે જવું પછી તે હાજત ગમે તેવી થોડી હોય તોપણ બરાબર વખત શર જવાનું જારી રાખીઆથી જાહાડો ઊતરવાની આદત પડે છે. (જુઓ ત્રીજો નાં૦ ૧૫૫૨.)

૧૫૫૨. ત્રીજો ઉપાય—ઘઊના થુલાનું બનાવેલું પાંઊ (જેને બુરન પાંઊં કહે છે તે) અથવા થુલાની રોટલી ખાવાની તેવ રાખી હોય તો તેથી પણ પેતની કબજીઆત થતી નથી. તેમજ ખોરાકમાં કેટલીક જાતની તરકારી લેવાની જરૂર છે તેથી માદો નરમ રહે છે. (જુઓ ચોથો ઊપાય નાં૦ ૧૫૫૩.)

૧૫૫૩. ચોથો ઉપાય—એક ચમચી નીમખને તમદેલમાં નાખી તેમાં થંડું પાણી રેડી નીમખ પીગલે એટલે પીઇ જવું, એમ

પંદર વીશ દીવશ કીધુ હોય તો એથી પણ ફાયદો થાય છે.

૧૫૫૪. બચાંને સીતલા કયારે મુકાવવા?—બચાંને સીતલા મુકાવવા જોઇએ છે અને જો અગત પડેતો એક મહીનાનુ હોય તયારેબી કહડાવયા હોય તો ચાલી શકે. જયારે એ રોગ ફેલાવો પામે છે તયારે કોઇબી ઊમરના માણસને તે છોડતું નથી. ગમે એવા ઘરડા, જવાનીઆ, નાની ઊમરના બાલકો ઊપર પણ તે લાગું પડી જાય છે.

૧૫૫૫ તંગ બોડી પેહડવાથી ઉતપન થતાં દરદો—તંગ તતરબંધ બોડી પેહડવાથી છાતીના દરદોને જનમ મળે છે, માટે હાલમાં જે કેટલીક સ્ત્રીઓ એવી બોડી પેહડવાને સોખ રાખે છે તેઓએ યાદ રાખવુ કે એવી રીતે તંગ બોડી પેહડવાથી લોહી બગડે છે તથા તરેહવાર જીવલેન દરદો થાય છે.

૧૫૫૬. કમર ઉપર તંગ પતો બાંધવાથી ઉતપન થતા દરદો—કેટલીક સ્ત્રીઓ કમર ઊપર જેમ બને તેમ તાઇત પતો બાધી ફરે છે. પણ એવી રીતે પતો બાંધીઆથી લોહીને ફરતું રેહેવાની જગા પુરતી મલતી નથી. જેથી કંમર અને પીઠમાં લોહી એકદમ બંધાઇ જાય છે અને લોહી બંધાવા શાથે ચહડસો સાજો એકદમ વધી જવાથી આસતે આસતે લોહીની ગતી ઘણીજ ધીમી થઇ વખતપર મરણ પણ નીપજે છે.

૧૫૫૭. બચાંને દાંત ફુટવાનો વખત—બચ્ચાંને દાંત ફુટવાનો વખત કાંઈ ચોકસ વખત નથી. કોઇ બચ્ચાંને સાત મહીને તો કોઇ કોઇને તેથી એક બે મહીને ઓછે વધતે ફુટે છે. કોઈ કોઇ બાલક ત્રણ મહીનાનુ તાંજ તેને દાંત ફુટવા માંડે છે.

૧૫૫૮. બચ્ચાંને ધાવતું કયારે છોડવવું?—હરેક બચ્ચાંને ધાવતું કયારે છોડવવું તેનો વીચાર માયની તથા બચ્ચાંની બેઊની તનદરોશતી ઊપરથી કરવો જોઇએચ. પણ ઘણું કરીને બચ્ચું વરસ દાંહડાનું થયુ કે પછે તેને આસતે આસતે છોડવવું જોઇએચ. બચ્ચાંને દાંત અવેઆ એટલે જાણવું કે હવે એને ખોરક લેવાની શકતી આવી અને પછી તેને છોડવવું જોઇએચ.

૧૫૫૯ ભમરાના ડંખનો ઈલાજ—જે જગાઊપર ભમરાએ ડંખ અથવા ચટકો મારયો હોય તાંહાં તરતજ તરપેનતાઈન લગાડવું (જુઓ બીજો ઇલાજ ના૦ ૧૫૬૦) Re. 126.

૧૫૬૦. બીજો ઈલાજ—"ઓલીવ આઇલ" ની જરા આંગલી લગાડવી (જુઓ ત્રીજો ઈલાજ ના૦ ૧૫૬૧)

૧૫૬૧. ત્રીજો ઈલાજ—"સ્પીરીટ ઓફ એમોનીયા" થી તે ડંખ વાલો ભ.ગ ધોઈ નાખી પછી "સ્પીરીટ આફ વાઇન" માં એક કપડાનો કટકો બોલી તેની ઊપર વીંટાલવું.

૧૫૬૨. વીછુંના ડંખનો ઈલાજ—હરેક માણસને વીછુંએ ડંખ મારયો હોય તો આમલીના સુકા ચીચોડાને ચપટી બાજુથી પથર ઉપર જરા પાણીમાં તેની ઊપરની છાલ ઘસાઇને સફેદ દેખાય તાંહાં સુધી ઘસીને તે ઘસેલી બાજુ ગરમ ગરમ ડંખ ઊપર અંગોથાથી મજબુત દાબવી એટલે ચીચોડો વલગી જશે, જયારે ઝેર ઉતરી જશે તયારે તે ચીચોડો પોતાની મેલે એથે પડશે.

૧૫૬૩. મછર (ડાંસ) ના ડંખનો ઉપાય—ડંખેલા ભાગ ઉપર તરપેનતાઇન અને મીઠું તેલ બેઊ સરખે ભાગે લેઇ ભેલીને લગાડવું અથવા "સ્પીરીટ આફ હાર્તસ હાર્ન" (Spirit of barts horn) થી તે ભાગવે ધોઇ નાખવો. Re. 53.

૧૫૬૪. કામલીયાનો ડંખ—કામલીયાના બાલ બદનને લાગા એટલે થોડાવારમાં તે જગા ઊપર ખુજવ ત થઇ આવે છે અને તે જગા સુજીને લાલ થાય છે એ બાલ નીકલે નહી તાંહાં સુધી ખુજવાત ચાલીઆ કરે છે તરત તે ભાગ ઊપર કુચી ફેરવવી,

અથવા નરમ પાંઉની થંડી પોલતીસ લગાડવી જેથી જે બાલ હોય છે તે નીકલી જાય છે અથવા સાલીડ અથવા હરેક જાતનું તેલ લગાડવું. કેટલાંક લોકો એ ખુજવા:ત નરમ પાડવાને માટે ગાયનુ છાણુ ચોપડે છે.

૧૫૬૫. **પેટમાં અરધી ગલાઈ જવાય તેનો ઉપાય**—કોઇવાર એવું બને છે કે રમતાં રમતાં નાહાના બાલકથી દોહડયું, અરધી ગલાઇ જવાય છે. એમાં કોઇ પણ ચીંતા કરવી નહી, કારણુ કે તે એક બે દાહડામાં ઝાડાને રસતે નીકલી પડશે. જો એમ નહી બને તો એક જુલાબ આપવો.

૧૫૬૬. **ઓરતના થાનમો દુધ ભરાઆથી અથવા ગંથાઆના સબબથી થાન ચડુડાં આવે તેનો ઈલાજ**—તરત તે થાનને ગરમ પાણીથી જાહાડવું અને ગરમ પાણીનો સેક કરવો. તેથીબી નહી નરમ પડે ને તે. ઓરતને બદનમાં ગરમીનો ઉપદરવ માલુમ પડતો હોય તો હરેક જાતનો જલદ સરકો લેઇને તેમાં ગરમ પાણી ભેલી બકરા અથવા ઢોરના ફુકણાં (ફુકા) માં ગરમ ગરમ ભરીને થાન ઉપર બાધવું.

૧૫૬૭. **દુધથી ભરાઇને સુજી આવેલા થાનને પોચા કરવાનો ઈલાજ**—કોઈ પાંચ છ મહીનાનાં મોટા તથા જોરાવાર બાલકને તે સુજેલા થાંને ધવડાવવું, અથવા દુધ કાહાડવાની સીસી આવે છે જેને "બરેશત પમપ" (Breast pump) કહે છે તે વાપડવી અથવા આપણા લોકો કોઈ વાર દારૂની સાધારણ બાટલી વાપડે છે તેમ કરવું. એ બાતલીથી દુધ કાહાડવાની રીત—બાટલીનુ મોહોડુ ખોલ્લુ રાખી તેને ગરમ પાંણીમાં થોડીવાર બોલી રાખવી. પછી તેને બાહાર કાહાડી થાનની અનીઓ તેના મોહડામાં બરાબર બેસતી આવે એવી રીતે દાબીને બાટલીને થંડી પડવા દેવી. એટલે થાંનમાંનુ દુધ તે બાતલીમાં આસતે આ સતે ઉતરશે.

૧૫૬૮. **આંકરા**—સરદી અથવા થંડીથી કરી હાત પગમાં આંકરાં આવે છે. એનો ઉપાય એ છે કે જાંહાં આંકરા આવે તાંહાં ગરમ પાણીમાં થોડી રોઇને મેલવી નાખી તેથી સેક કરવા. થંડુ પાણી કદી પીવું નહી. થોડા બારાંદીમાં પાણી ભેલીને પીઉ. ગરમ પાણીમાં પગ બોલી રાખવા અને પસીનો છુટે તેમ કરવું. (જુઓ બીજો ઇલાજ નાં૦ ૧૫૬૯.)

૧૫૬૯. **બીજો ઇલાજ**—"સ્પીરીટ ઓફ હાર્તસ હાર્ન" એક આંઉસ અને "આલીવ આઇલ" બે આંઉસ લેઇ એક સીસીમાં નાખી, તેલ એકરસ થાય તયાંસુધી સીસીને ખુબ હીલવ હીલવ કરીઆ કરવી. પછી હાતે કરી એ મેલવણી જાંહા આંકરા આવતા હોય તાંહાં ચોપડવી. Re. 35.

૧૫૭૦. **નાકમાં કાઇ ચીજ ભરાઇ જાય તે કાહાડવાનો ઉપાય**—કોઇ વખત બાલકના નસકોરામાં કાઇ ઝીણી ચીજ ભરાઈ જાય છે, જો એ કાઇ કઠણ ચીજ જેવીકે કાચનો દાણો, પથરની કાંકરી ઇત્યાદી હશે તો તેથી કાઇ ઇજા થવાની નથી પણ એને બદલે વટાણો, ચણો અથવા એવીજ બીજી પોચી ચીજ કે જે પાણી સોસી લીએ એવી હોય છે તો બાળકને ઘણું હલાક કરે છે કારણકે અંદર રહીને પાણીનો પસેવ તે ચુસી લે છે અને પછી ફુલીને મોહતી થાય છે અને જેથી બાળકને વેદણા ઘણી થાય છે અને તે કાહાડવાને ઘણી મુશકેલી પડેછે વાસતે એવી પોચી ચીજ અંદર ગયા પછી પાછી કાહાડવાને જેમ બને તેમ વખત ખોવો નહી. જે નસકોરામાં કાઇ વસ્તુ ભરાઇ હોય તેની બીજી બાજુનું નસકોરૂં આંગલાથી દાબીને જેમાં પેલી ચીજ ભરાયલી હોય તે વાટે જોરથી ફુકારો મારવા ફરમાવવું એ રીતે બે ત્રણ વાર કીધાથી જો તે વસ્તુ બાહાર નીકળી નહીં પડે અથવા જો બાલક ઘણું નાનું હોય તો તરત દાકતરની સલાહ લેવી.

૧૫૭૧. દવા હમેશા હીલવીને આપવી—દવા હમેશા હીલવીને આપવી કાયકે વારે ઘડીએ સીસીને તલીએ દવા એકઠી થઇ રેહે છે અને જો સીસીને હીલવી નહી તો પેહેલી એક બે વખતની દવા કાંઇ પણ ગુણ કરતી નથી અને પછવાડેની દવામાં વજણ કરતાં વધારે દવા હોવાથી નુકસાન કરે છે.

૧૫૭૨. દવા વખતશર આપવાની જરૂર—ઘણી ખરી દવાઓ દીવસમાં બે ત્રણ અથવા ચાર કલાકને અંતરે આપવામાં આવે છે પેહલી વખત આપેલી દવાની અસર બીજે અને ત્રીજે ભાગ વખતશર આપીયાથી જારી રેહ છે. જો વખતશર દવા આપવામાં નથી આવતી, તો દવાની અશર જારી નહી રહેવાથી તદન નકામી જેવી થઈ પડે છે, એટલા માટે જે કોઈ લખતશર દવા નહી આપે, તેને દવાનો ગુણ પણ મેલવવાની આશા રાખવી નહી અને દાકતરને અને તેની દવાને બદલમ કરીયાને બદલે, પોતાનેજ ઠપકો ઘટે છે.

૧૫૭૩ ઉંગાયેલા દરદીને દવા આપવાની સંભાલ—દરદી ઊંઘાયલો હોય તેને ઊઠારીને દવા આપવી નહી. ઘણા ખરા સઘલા દરદોમાં ઉંઘ દરદીને આરામ આપે છે અને દરદીને ઊઘમાથી ઊઠાડવુ ઘણુજ નુકશાન કારક છે. જો દવાનો વખત થયો હોય અને દાકતરનો હોકમ મમે તેવો વખતશર દવા આપવાનો હોય, તોયપણ કદી પણ ઊઠાડવું નહીં. પણ ઉંઘમાંથી ઊઠીયો એટલે તરત દવા આપવી અને ફરીથી દવા આપવાનો વખત તયાર પછીનો ગણવો.

૧૫૭૪. ઢોરને અથવા કુતરાને હરેક કોઈને કીડા પડે તેનો ઈલાજ—તરપીતન તેલ લગાડે તો કીડા મરી જાય.

૧૫૭૫. રાઇનું ગરમ પાણી—કેટલાંક દરદોમાં રાઇના ગરમ પાણીમાં પગ બોલવાની દાકતરો ભલામણ કરે છે. તેવું પાણી બનાવવામાં પણ ઘણી સંભાલ લેવી જરૂર છે. જો રાઈ એકદમ ગરમ પાણીમાં નાખી દીધી તો તેનો કશ નીકલતો નથી, એટલા માટે પેહેલા રાઇને થોડા થંડા પાણીમાં અછી રીતે મેલવવી અને ભભુક નીકલે એટલે ગરમ પાણીમાં નાખવી. એટલે રાઈનું ગરમ પાણી થયું.

૧૫૭૬. વામીટપર રાઈની અશર—રાઇનું પલાશતર બનાવી પેટની પીપરી ઉપર મુકવું. શારી પેઠે અગન બલેને કાહડી નાખવી.

૧૫૭૭. જાહડો જોઇને બીમારીની પરીક્ષા—જો વાયુનું જોર ઘણું હોય તો જાહાડો (પેટ) ફીણ જેવો અને સુકો ભરાંટ કરતો આવે તથા તેનો રંગ ભુરા અને મોહતો ભાગ પાણી શાથે આવે.

૧૭૭૮. બીજુ—પીટનું જોર ઘણુ હોય તો જાહાડો લીલો, પીલો વાશ સાથે કકણ અથવા પાણી જેવો ગરમ, કલેજાનુ દરદ તથા પીત વીકાર હોય તો લીલો જાહડો આવે.

૧૫૭૯. ત્રીજું—કફનું જોર વધારે હોય તો જાહડાનો રંગ સફેદ અને તે દરદ સાથે રાતો ચીકાશના જેવો આવે છે.

૧૫૮૦. ચોથું—પીતની તથા કલેજાની કેટલીએક બીમારીમાં અને કમલામાં સફેદ જાહડો આવે.

૧૫૮૧. પાંચમું—પીત્ત વાયુનું જોર હોય તો કાલો અને પીલો ભેલ ગાંગરીની મીશાલે આવે છે. છઠું—

૧૫૮૨. છઠું—કોલારાના રોગમાં ઘણુ કરી ચોખાના ધોવન જેવો અથવા સફેત કાંજીના જેવો જાહડો આવે છે. સાતમુ—

૧૫૮૩. સાતમું—કાલો અથવા લીલો જાહડો આવે તો તે કલેજાનું દરદ અને પીતવીકાર બતાવે છે. આઠમું—

૧૫૮૪. આઠમું—અજીરન વીકારનો

જાહડો થંડો જેવો અને પટલો આવે અને જો ખાનું બરાબર હજમ નહીં થયું હોય તો વખતે જાહાડામાં ખોરાકનો ભાગ પણ પડે છે. નવમું—

૧૫૮૫. નવમું—જલંદરનો જાહડો ઘણા ખરાબ વાશ શાથે સફેદ હોય છે. દશમું—

૧૫૮૬. દશમું—હમેશ કરતાં વધારે કઠણ જાહડો પેટની કબજીઆત બતાવે છે. મરડાની સરૂઆતમાં પણ જાહડો ઘણો સખત આવે છે, અગીઆરમું—

૧૫૮૭. અગીઆરમું—મરડાના જાહાડામાં લોહી અથવા સીમટ અથવા લોહી અને સીમટ બેઊ સાથે આવે. બારમું—

૧૫૮૮. બારમું—હરશના મસાના રોગમાં લાલ લોહી જાહડામાં ઘણું પડે અને ઘણુ કરીને લોહીની ધાર પડે છે.

૧૫૮૯. જીભ ઉપરથી બીમારીની પરીક્ષા—તનદરોશત હાલતમાં થુક અથવા બબથી જીભ બીની હોય છે અને તે ઉપર આંગલી મેલવાથી તેનો ભીણાસ જણાઇ આવે છે. જો વાયુનું જોર હોય તો જીભ ઉપર કાટરા પડેલા દેખાય અને જીભનો રંગ કાઇએક પીલાસ પર હોય. બીજુ—

૧૫૯૦. બીજું—પીટનું જોર હોય તો જીભ પીલી અથવા લાલ કાલી જેર નજરે આવે. ત્રીજું—

૧૫૯૧. ત્રીજું—જારી તાવ તથા સીટલા, ગોવરૂ વગેરે ચેપી તાવમાં, હોજરી તથા આતરડાના સોજાની બીમારીમા અને જોરાવર તાવની ઘણીખરી બીમારીમાં જીભ સુકકી હોય છે. ચોથું—

૧૫૯૨. ચોથું—કફનું જોર હોય તો જીભ ઉજલી ચલકતી દેખાય. પાંચમું—

૧૫૯૩. પાંચમું—પરમો અને સંધરનીવાલાઓની જીભનો રંગ લાલ ઘેરા જેવો હોય છથું—

૧૫૯૪. છથું—અતેશારવાલાની જીભનો રંગ મધના રંગ જેવો હોય. સાતમું—

૧૫૯૫. સાતમું—ટાંકીનો આજાર થયો હોય તો તેની જીભ ફાટીને ખરબઈ કાંટા સરખી થઇ તેમાંથી પાણીની મીશલોર નજર આવે છે. આઠમું—

૧૫૯૬. આઠમું—લકવાના મરજમાં જીભ બાહર કહડાવવાથી તે એક બાજુપર ખેંચાએલી રહેછે અને મોહડાની વચેવચમાં રેહતી નથી. એવી જીભ અરધુ અંગ રહી ગયલુ દેખાડે છે. નવમું—

૧૫૯૭. નવમું—માણુસની અજલ વખતે જીભ સુપરાની મીશાલે અને તરચેની જેવી ફીણ સાથે માલમ પડેછે. દશમું

૧૫૯૮. દશમું—મોહડાવાતે અથવા બીજે રશતે ઘણું લોહી ગયા પછી જીભનો રંગ ફીકો દેખાયછે.

૧૫૯૯. હાથનાં નાડી ઉપરથી બીમારીની પરીક્ષા—માણુસની નાડીની ચાલ પાંચ તરેહની હોય છે. ૧ લું—નબલી. ૨ જુ—ભારે. ત્રીજુ—ઊતાવલી. ચોથું—વેહલી. પાંચમું—દોડે ઠસો (આચકો) ખાઈને અથવા ખાંચો નાખીને ચાલે. જ્યારે કોઇની નાડી નબલી ચાલે ત્યારે સમજવું કે તેને ફેફસા અથવા મગજમાંથી દરદ ઊઠેલું છે. બીજું—

૧૬૦૦ બીજું—જેની નાડી ભારે ચાલે તેનું જાણવું કે લોહીનું જોરછે. જોરાવર માણુસના તાવના, ભેજાંના વરમમાં, દીલ, ગુરડાના અંદરના દરવાજામાં. બીમારીની નાડી. ભારે અથવા ભરેલી હોયછે. ત્રીજું—

૧૬૦૧. ત્રીજું—જેની નાડી ઘણી ઉતાવલી ચાલે તેને સમજવું કે મગજમાં ગરમી થયલી છે ને ગરમીથી રોગ ઉપેલોછે. ખહીમાં અને ઘણી નબલાઇ હોય તયારે પણ, તે ઝડપથી ચાલેછે. લુ લાગવાથી નાડી જલદી ચાલે છે. જેમ. નાડી ઊતાવલી થતી જાય તેમ દરદનું જોર ઘણું કરી વધેછે. ચોથું—

૧૬૦૨. ચોથું—જેની નાડી નરમ અને ઊતાવલી ચાલે અને તે શાથે અંગ થંડું હોય તેને ઘણી નબલાઇ તથા સરદીનું જોર સમજવું. પાંચમું—

૧૬૦૩. પાંચમું—જેની નાડી બે ત્રણ વાર ચાલીને ઠસો (આચકો) ખાતી હોય તેને ઘણી નબલાઈ અને વધારે બીમારી શહમજવી. એવી નાડીને આંતરીઆ નાડી કહેછે.

૧૬૦૪ પીસાબમાં તેલનો છાંટો નાખી દરદ જોવાની રીત—પીસાબની અંદર ગાસની સલી વટે તેલનું ટીપું નાખીને જોવું કે જો તે ટીપું નાખતા તલે જઇને પાછું ઉપર આવે ને તેમાં આનરકું પડે ને પીસાબનો રગ કાલો હોય અથવા ત્રાંબાના રંગ જેવો હોય તો તે માણસને ઘણું બીમાર જાણુવું. બીજુ—

૧૬૦૫. બીજું—જો ટીપુ નાખતાંજ પસરી ગયું તો તેની બીમારી સેહજ જાણુવી. ત્રીજુ—

૧૬૦૬ ત્રીજું—જો કદાપી ટીપુ નાખે તેવુજ રેહ અથવા નીચે બેશે તો તેની બીમારી ઘણી જાણવી. ચોથું—

૧૬૦૭. ચોથું—કદાપી વાયુનું જોર વધારે હોય તો ટીપું નાખતાંજ પસરી જાય અને પીસાબનો રંગ લાલ અને થડો હોય પાંચમું—

૧૬૦૮ પાંચમું—જો પીતનું જોર ઘણું હોય તો તે ટીપામાં પરપોટા આવે તથા પીસાબનો રંગ પીલો અને તે પીસાબ ગરમ હોય.

૧૬૦૯. સરકમનો ઉપાય—સરકમ વાલા ધણીએ બનતા સુધી ઠંડી હવામાં નીકલવું નહી, પણ ઘરમા ગરમ ઓરડામા રેહવું. પગને ગરમ પાણીથી જાહારવા. ગરમ પાણીમા રાઇ નાખી તેમાં પગ બોલવા. ગલા ઊપર ગરમ ગલેબંધ વીતાલવો તથા પગમાં ગરમ મોજા પેહડવા દુધ અથવા ચાહે જરા ગરમ ગરમ પીવી. દારૂ પીવો નહી. (જુઓ બીજો ઉપાય નાં૦ ૧૬૧૦)

૧૬૧૦. બીજો ઉપાય—નાક ઉપર "કોલાંગવાતર" અથવા "લવંડર" ચોપડવું, અથવા છુંડેલા લવંગનો ભુકો પાણીમાં મેલવી નાકના દાંડા ઉપર ચોપડવો. (જુઓ ત્રીજો ઉપાય નાં૦ ૧૬૭૫)

૧૬૧૧. ત્રીજો ઉપાય—દીવા ઊપર જરા ગરમ કાધેલું સોજુ એરડયું રાતે સુતી વેલા નાકમાં આંગલીથી ચોપડી સુઇ જવું. (જુઓ ચોથી રીત નાં૦ ૧૬૧૨.)

૧૬૧૨. ચોથી રીત—(જયારે સરકમ ઘણો ગલતો હોય તે વખતે પાણી અથવા પાણીવાલો ખોરાક ઘણોજ થોડો લેવો. ઘણું પાણી લીધાથી નાક વધારે ગલે છે. સરકમ વાલા ધણીએ ૨૪ કલાક સુધી પાણી અથવા કંઇ પણ પ્રવાહી વસતુ પીંામાં નહી લેતો તે વખત પછી સરકમ તરત બંધ થશે. (જુઓ પાંચમી રીત નાં૦ ૧૬૧૩)

૧૬૧૩. પાંચમી રીત—જે માણસને જરા પણ ઠંડી લાગવાથી જરા જરામાં સરકમ થઇ આવતો હોય તો તેને તપકીર સુંઘવાની તેવ રાખવી. (જુઓ છઠી રીત નાં૦ ૧૬૧૪)

૧૬૧૪. છઠી રીત—સરકમ થવાના જેવા ચીન્હો જણાય કે થોડા ચણાના દાલીઆમાં જરાક નીમખ નાખી છુંડી બારીક ભુકો કરી ખાવો. એમ કીધાથી પાણીની તરશ લાગે તો પાણી પીઊ નહી. (જુઓ શાતમી રીત નાં૦ ૧૬૧૫)

૧૬૧૫. શાતમી રીત—કાગલના કકડાની વીટ બનાવી તેને સલગાવીને નાકમા દમ ખેચાવી ધુમાડો આપવો. (જુઓ આઠમી રીત નાં૦ ૧૬૧૬)

૧૬૧૬. આઠમી રીત—ગરમ પાણીનો બાફ પણ એક સારો ઉપાય છે તેથી

ચીકટ અને તીક્ષ્ણ અલગમ છુટો પડીને નરમ થાય છે, પણ સંભાલ રાખવી કે બાહૃ લઇને હવામાં બેસવુ નહી.

૧૬૧૭ દાઝેલાનો અથવા બલી જવાના ઉપાયો—દાઝવાના અને બલવાના ઘણા વાડે ઘડાએ અકસમાતો બને છે અને ઘણી વેલા તરત ઊપાય શું કામે લગાડવો તેથી ઘણા લોકો અંજાણા હોય છે અને કેટલીક વેલા ખરાબ ઊપાયો લગાડી દે છે; એટલા માટે દરેક જણને દાઝેલાનો ઊપાય જાણવાની જરૂર છે. જો ઘણું દાઝી ગયુ હોય અથવા થોડું પણ તેનું મોહડું, છાતી અથવા એવાજ બીજે અગતના ભાગ બલી ગયા હોય તો તરત દાકતરની શલાહ લેવી. જો કોઈ માણસ ગરમ ઘી, તેલથી અથવા ગરમ પાણીથી અથવા આતશથી દાઝે તો તે વેલા ખડી પાણીમાં વાટીને દાઝેલી જગા ઉપર ચોપડી એથી દાઝેલો ભાગ સારો થશે અને છાગરા ઉઠશે નહી. (જુઓ બીજો ઊપાય ના૦ ૧૬૧૮)

૧૬૧૮. બીજો ઉપાય—લખવાની કાલી સાહી બલેલા ભાગ ઊપર ચોપડવી. (જુઓ ત્રીજો ઊપાય ના૦ ૧૬૧૯)

૧૬૧૯. ત્રીજો ઉપાય—હરેક જાતનો સરકો તુરત દાઝેલી જગાપર ચોપડવો અથવા તેમાં લુગડા ભીંજવીને તે દાઝેલી જગાપર મુકીઆ કરવા. (જુઓ ચોથો ઉપાય ના૦ ૧૬૨૦)

૧૬૨૦ ચોથો ઉપાય—ઇંડાની સફેતી દાઝેલી જગા ઊપર ચોપડવી તે સુકાવવા આવે કે ફરી બીજી ચોપડવી એ રીતે પાંચ સાત વાર કરવાથી ફાયદો થશે. (જુઓ પાંચમો ઊપાય ના૦ ૧૬૨૧)

૧૬૨૧. પાંચમો ઉપાય—આઠ અથવા દસ તોલા કલી ચુણો લઇ તેમા બાતલી ૧ થી ૧॥ ને આસરે પાણી રેડીને બે ત્રણ કલાક સુધી ભીજવી રાખવો પછી ઉપરથી નીતરૂં પાણી ગાલી લઇ જેટલું પાણી હોય તેટલુંજ તેમા સાલીડનું તેલ ભેલી ખુબ એકરશ કરવું, અને જ્યારે શફેદ ઘી જેવું થાય કે તે બલેલા ભાગ ઉપર મરઘીના પીછે કરી ચોપડવુ, યાતો તેમાં જુઓ રૂઊ ભીંજવી બલેલા ભાગનીપર મુકવો.

૧૬૨૨. નાહતી વખતે લેવા જોગ ચેતવણી—ખાણું ખાધા પછી બે કલાકની અંદર કદી નાહવું નહી. (જુઓ ના૦ ૧૬૨૩) બીજું—૧૫૫૬.

૧૬૨૩ બીજી—કામ કરવાથી યા કોઇ બીજા કારણથી થાક લાગી હોય તો તરત નાહતા ના. (જુઓ ના૦ ૧૬૨૪) ત્રીજું-

૧૬૨૪. ત્રીજું—પરશેવો પડવા પછી શરીર ઠંડું થયું હોય તયારે નાહશોના, પણ શરીર ગરમ હોય તેટલાંજ જો નાહવો તો અડચણ જેવું નથી. (જુઓ ના૦ ૧૬૨૫) ચોથું—

૧૬૨૫ ચોથું—પાણીમા રેહવા પછી નાગે દીલે ખુલ્લી જગામાં યા કીનારા ઉપર બેસી શરીર ઉપર તાહઢ લાગવા દેતા ના ઘણોવાર સુધી પાણીમાં રેહવું નહી. (જુઓ ના૦ ૧૬૨૬) પાંચમું—

૧૬૨૬. પાંચમું—પાણીમાં રેહવાથી જરાબી ઠંડી લાગે તો તરત બાહર આવવું. (જુઓ ના૦ ૧૬૨૭.) છઠું—

૧૬૨૭. છઠું—પાણીમાં રેહવા પછી જરા વારમાં ઘણી તાહઢ લાગે યા પગ ઠંડા થઇ જાય તો ખોલ્લી હવામાં રેહતા ના. (જુઓ ના૦ ૧૬૨૮.) સાતમુ—

૧૬૨૮. સાતમું—એક જોરાવર માણુસ સહવારના પોહરમાં જુખે પેતે નાહેતો કસી અરચણ નહી, જે જુવાન અને નબલું માણુસ હોયે તેને ખાણું ખાધા પછી ત્રણ કલાકે નાહવું. (જુઓ ના૦ ૧૬૨૯) આઠમું-

૧૬૨૯. આઠમું—જેઓનો જીવ જરા જરામાં ફરી આવતો હોય, જેઓને હઇડાનું

દરદ હોય તેઓએ તબીબની સલાહ લીધા વગર નાહાવું નહી.

૧૬૩૦. ભુખ બંધ થવાના કારણ—ઘણીકવાર ઘણાક લોકોને ફરીઆદ કરતાં સાંભળીએ છેઇએ કે માહરી ભુખ ભાગી ગઇ છે. ગજા તદન બંધ પડીછે. ખાવાનું મુદલ ભાવતું નથી ને ખાવાને નામે ઓકારી છુટે છે. હવે જે માણસ એવી ફરીઆદ કરે છે તેનું કારણ શું હશે તે તપાશ કરતાં જણાય છે—પેહલું (જુઓ નાં૦ ૧૬૩૧)

૧૬૩૧. પેહલું—ગરમ ગરમ ખોરાક ખાવાથી ગજા બધ પડી જાય છે. (જુઓ નાં૦ ૧૬૩૨.) બીજુ—

૧૬૩૨. બીજું—દારૂ દરામશ ઉપર વધારે ચાલયાથી ભુખ ભાંગી જાય છે. (જુઓ નાં૦ ૧૬૩૩.) ત્રીજુ—

૧૬૩૩. ત્રીજુ—આખો દાહડો ખરેખુટ બેસીને કામ કરવાનો જો ધંધો હોય છે તો તેથી પણ ભુખ મરીજાય છે. (જુઓ નાં૦ ૧૬૩૪) ચોથું—

૧૬૩૪. ચોથું—પેટ કબજ થયું હોય તે પણ ભુખ કમતર કરનાર કારણ છે. (જુઓ નાં૦ પાંચમું)

૧૬૩૫ પાંચમું—કલેજાની હાલતમાં બીગાડ થાય તો તેથી પણ ભુખ બરાબર લાગતી નથી. (જુઓ નાં૦ ૧૬૩૬) છઠ્ઠું.

૧૬૩૬. છઠ્ઠું—પાણી તથા હવા ફેરફાર કરવાનો રાહબેતો નહી રાખવાથી પણ ભુખ કોતા થાય છે. એ પ્રમાણે ભુખ ભાંગવાના મુખ્ય છ કારણો છે.

૧૬૩૭. ઓરતના થાનમાં દુધ વધારવાનો ઈલાજ—કેટલીક વખત બચાંનો જનમ આપીઆ પછી કેટલીક ઓરતોને પુરતું દુધ આવતું નથી તેથી દુધમાં વધારો થાય એવા ઈલાજો નીચે પ્રમાણે છે:—તેહવી ઓરતોને ઇંડાં, દુધ, સેરવો, ઘી વગેરે સકતીવાલો ખોરાક આપવો. (જુઓ બીજો ઇલાજ નાં૦ ૧૬૩૮)

૧૬૩૮. બીજો ઇલાજ—વરીઆલી અનીસું, સુવા, અજમો તથા ગાજરને ગરમ પાણીમાં ઉકાલી તેનું પાણી પીધાથી દુધમાં વધારો થાય છે. (જુઓ ત્રીજો ઇલાજ નાં૦ ૧૬૩૯.)

૧૬૩૯. ત્રીજો ઇલાજ—અલડનો આટો, વટેણાની સીંગ, પટેટા, સલગમ ખાધામા લીધાથી પણ દુધ વધે છે. (જુઓ ચોથો ઇલાજ નાં૦ ૧૬૪૦.)

૧૬૪૦. ચોથો ઇલાજ—જંગલી તુલસીને છુંડી તેનો નવટાંક રસ કાહડી તેમા કડવા વાલનો આટો મેલવી થાન ઉપર ચોપડવું. (જુઓ પાંચમો ઇલાજ નાં૦ ૧૬૪૧.)

૧૬૪૧. પાંચમો ઈલાજ—એરંડીના પાતરાના વરારીઆ કરીને થાન ઉપર બાંધીઆથી દુધમાં વધારો થાય છે. એ પાતરાને દોહોડથી તે બશેર પાણીમાં ઉકાલવા અને તેમાનુ અરધું પાણી બલી ગીઆ પછી તેને ગરમ ગરમ થાન ઉપર બાંધવા. એ વરારીઆ દાહડામાં ત્રણ ચાર વખત બાંધવા અને એ પ્રમાણે જાંહાં સુધી પુરતુ દુધ આવે તાંહાં સુધી કરયા કરવુ, પાંચથી તે દશ દાહડામાં એનો ગુણ માલમ પડી આવે છે. (જુઓ છઠો ઇલાજ નાં૦ ૧૬૪૨)

૧૬૪૨. છઠો ઈલાજ—થોડા સુવાના ભુકાને અરધો શેર તાજા દુધમાં ઉકાલી સહવાર સાંહાંજ પીવુ. (જુઓ સાતમો ઇલાજ નાં૦ ૧૬૪૩.)

૧૬૪૩. સાતમો ઈલાજ—"પોરટર" પીધાથી પણ દુધનો વધારો થાય છે. પણ "પોરટર" પીધામા સંભાલ રાખવાની જરૂર છે. "પોરટર" કદી પણ ઘણો અને વારેઘડીએ પીવો જોઇએ નહી, નહી તો તેથી ઊલતો અવગુણ થાયછે, દુધ વધીઆને બદલે વધારે કમતી થાય છે. એક દાહડો આંટરે "પોરટર" પીવો સારો છે. એક તમલરથી વધારે પોરટર પીવો નહી.

૧૬૪૪. ભમરાના ડંખનો ઈલાજ—

જે જગા ઊપર ભમરાએ ડંખ અથવા ચટકો મારયો હોય તાંહાં તરતજ તરપેનટાઇન લગાડવું. (જુઓ બીજો ઇલાજ નાં૦ ૧૬૪૫)

૧૬૪૫. બીજો ઈલાજ—" ઓલીવ ઓઈલ " લગાડવું. (જુઓ ત્રીજો ઇલાજ નાં૦ ૧૬૪૬)

૧૬૪૬. ત્રીજો ઈલાજ—" સ્પીરીટ આફ આમોનીઆ " થી તે ડંખ વાલો ભાગ ધોહી નાખી પછી " સ્પીરીટ આફ વાઇન " માં એક કપડાની ચીપ બોલી તેની ઉપર બાંધવી. (જુઓ ચોથો ઇલાજ નાં૦ ૧૬૪૭)

૧૬૪૭. ચોથો ઈલાજ—જો સોજો અને દુખાવો ઘણો થતો હોય તો દુધમાં પાંઊની પોલટીસ બનાવી તેની ઊપર દર ચાર કલાકે બાંધીઆ કરવી. 126.

૧૬૪૮. મધમાખના ડંખનો ઈલાજ. જે ઠેકાણે ડંખ મારયો હોય તાંહાં બારીકીથી તપાસવું જો મુખમાં ડંખ પડેલો જણાય તો ચીમટાથી ખેંચી કાહડવો પછી "સ્પીરીટ આફ હાર્તસ હાર્ન (Spirit of harts horn) નામની દવાને તે ડંખવાલા ભાગ ઉપર લગડવી. (જુઓ બીજો ઇલાજ નાં૦ ૧૬૪૯)

૧૬૪૯. બીજો ઈલાજ—મીઠા તેલમાં ધાતું કપડું (લીન્ટ) બોલી તે ડંખ ઉપર વારંવાર લગાડવું. (જુઓ ત્રીજો ઇલાજ નાં૦ ૧૬૫૦)

૧૬૫૦. ત્રીજો ઈલાજ—જો સોજો ઘણો જોરમા થયો હોય અને ઊપર કહેલા બે ઇલાજોથી કાંઇ નરમ નહી જણાય તો પાણીમા બનાવેલી પાંઉની અથવા અલસીના આટાની પોલટીસ બાંધવી. 16.

૧૬૫૧. સદેલા દાંતના દુખનો ઉપાય—" ક્રીઓસોટ " નું એક ટીપું રૂઉ ઉપર મુકવું. પછી તે રૂઉને સદેલા દાંતમાં ખોસો. (જુઓ બીજો ઊપાય નાં૦ ૧૬૫૨)

૧૬૫૨. બીજો ઉપાય—કપુરનો કકડો શદેલા દાંતમાં રાખવો. પણ જો દાંત ઘણો સદી ગયો હોય તો દાકતર પાશે કહડાવી નાખવો.

૧૬૫૩. ઉંઘ નહી આવે તેનો ઉપાય—જો ઉંઘ નહી આવતી હોય તો આએ એટલા કહેલા ઉપાયોથી તરત ઉંઘ આવી જશેઃ—સુવાની આગમજ ખુરસી અથવા કોચપર અલેતાઆના કરતાં ઓરડામાં હમેશા થોડો વખત લગી એનીગમ પેલીગમ ફેરા ખાવાથી ઉંઘ જલદીથી અને મીઠી આવે છે. જો એથી ઉંઘ નહી આવે તો (જુઓ બીજો ઊપાય નાં૦ ૧૬૫૪)

૧૬૫૪. બીજો ઉપાય એકથી પાંચશો અથવા એક હજાર લગી ગણી જવું. એટલે ગણતાં ગણતાં ઉંઘ આવી જશે. (જુઓ ત્રીજો ઊપાય નાં૦ ૧૬૫૫)

૧૬૫૫ ત્રીજો ઉપાય—સુવાની આગમજ હાથ અને પગને ખુબ હાથથી અથવા જાડા તુવાલ અથવા બરશથી ઘસવું. પગના તલીઆને અને દરેક આગલાંને પણ તેમ કરવું, તેથી પસીનો છુંટો થઈને ખુશ ઊંઘ આવશે. (જુઓ ચોથો ઉપાય નાં૦ ૧૬૫૬)

૧૬૫૬. ચોથો ઉપાય—સુવાની આગાઊ એક તમબલર ભરી પાણી પીવું.

૧૬૫૭. અડગરી મટાડવાનો ઈલાજ—નાક પકડીને થોડું પાણી ધીમેથી પીવું.

૧૬૫૮. આંખ ઉપરથી બીમારીની પરીક્ષા—વાના જોરથી આંખ સુકી અને ભુરા રંગ શાથે ઘેરો હોય છે. (જુઓ નાં૦ ૧૬૫૯.) બીજુ—

૧૬૫૯. બીજુ—પીટનું જોર હોય તો આંખના દોલા પીલા અને લાલ રંગના હોય છે. તથા સુરજ અને દીવાની બતી જોવાતી નીરોશણી જોવાતી નથી (જુઓ નાં૦ ૧૬૬૦) ત્રીજુ—

૧૬૬૦. ત્રીજુ—કમલાવાલાના પણ આંખના દોલા પીલા રંગના દેખાયછે,

(જુઓ ના૦ ૧૬૬૧. ચોથું—

૧૬૬૧. ચોથું—કફનું જોર હોય તો આંખ સફેદ અને ઘેરી નજર આવે અને તે ચીકાશ ભરેલી નજર આવે છે.

૧૬૬૨. બોલવા ઉપરથી બીમારીની પરીક્ષા—વાયુનું જોર હોય તો તેના ગલાંમાંથી આવાજ ગુંગરાયલા જેવો નીકલે. (જુઓ ના૦ ૧૬૬૩) બીજુ—

૧૬૬૩. બીજુ—પીતનું જોર હોય તો તેનો અવાજ મોહોતો અથવા શારી હાલતના માણસ કરતાં મોહતો નીકલે. (જુઓ ના૦ ૧૬૬૪) ત્રીજુ—

૧૬૬૪. ત્રીજુ—કફનું જોર હોય તો અવાજ ભારી અને ઘરઘરતો નીકલે.

૧૬૬૫ ચેહરા ઉપરથી બીમારીની પરીક્ષા—સહવારના બીમારનું મોહડું સામલું અથવા કાલું જણાય તો વાયુનું જોર જાણવું, (જુઓ ના૦ ૧૬૬૬.) બીજુ—

૧૬૬૬. બીજુ—મોહડાનો રંગ પીલો અને સુજેલાની મીશાલે માલમ પડેતો તેની બીમારી પીટના જોરથી સહમજવી. (જુઓ ના૦ ૧૬૬૭) ત્રીજુ—

૧૬૬૭. ત્રીજુ—ઘેરો કાલો રંગ હોય અને તે શાથે દેલી ગભરાયલા જેવા દીશે તો તેની બીમારી કફના જોરથી જાણવી.

૧૬૬૮. હાથોનું તરડાવું અથવા ફાટવું—હાથો પછી બરાબર નહી લુંછવાને લીધે તે ફાટીને તેના ચામડા નીકલે છેઃ--તંકનખાર ૨) મ્રુપલ, "ગલીસરીન" અરધો આંઉસ, પાણી ૭ા આઉસ. એ બધાને મેલવી તેમાં કપડું બોલીને દાહડામાં બે વખત તેને હાથ ઉપર મુકયા કરવા (જુઓ બીજો ઉપાય ના૦ ૧૬૬૯.) Re. 26.

૧૬૬૯ બીજો ઉપાય—મધ ૧) આંઉસ અને તંકનખાર ૧) દરાએ બેઉને મેલવી મલમની કાની લગાડવું. (જુઓ ત્રીજો ઉપાય ના૦ ૧૬૭૦) Re. 26.

૧૬૭૦. ત્રીજો ઉપાય—કપુરનો બારીય ભુકો અરધો દરામ, સ્પરમાસીતીનો મલમ (Spermaceti ointment) એક આંઉસ. એ બેઉને મેલવીને લગાડવુ.

૧૬૭૧. પેપર મીંટનું પાણી બનાવવાની રીત—"એસેનસ આફ પેપરમીંટ પોણો તોલો, સોજું પાણી ૨) પેટ. એ બેઉને મેલવઆથી પેપરમીતનું પાણી થાય છે.

૧૬૭૨. શુગરલેડનુ (લોશન) પાણી—એક દરામ શુગરલેડને આઠ આંઉસ મોઝ પાણીમાં મેલવવું. એ પાણી શોજા ઊપર મુકવામાં આવે છે.

૧૬૭૩. ધાહનું કપડું—એ હરએક ધાહ ઉપર સુકકો અથવા થંડા પાણીમાં ભીજવીને મુકવાથી લોહી તરત બંધ થઇ જશે. એ કપડાને અંગરેજીમાં "લીન્ટ" કરીને કહે છે.

૧૬૭૪. "ફ્રાયર બાલજમ"—એ દવા સેહજ ધાહ ઊપર લગાડયાથી તરત લોહી બંધ થશે અને ધાહને જલદી રૂજ લાવશે.

૧૬૭૫. મેવા વગેરે ખોરાકને જરપત થવાનો વખત—આપલ અથવા સેફ્ફલ ખાતું અથવા કઠણ હોયું તો તેને જરપત થતાં ૨ા કલાક લાગે છે. (જુઓ બીજુ ના૦ ૧૬૭૬.)

૧૬૭૬. બીજુ—લાચી અથવા પીચને જરપત થતાં ૧ા કલાક લાગે છે. પેર કરતાં કેલુ બે કલાક વધારે જલદી જરપટ થઈ શકે છે. (જુઓ ત્રીજુ ના૦ ૧૬૭૭)

૧૬૭૭. ત્રીજુ—કાકડી. ચીભડું, ખરબુજુ અને તરબુજ એ મેવામાં ખટાશ ઘણો નહી હોવાથી તેઓ જલદીથી જરપત નથી થઈ શકતાં અને તેથી ભારી વારંવાર અટકારો છુટીઆ કરે છે (જુઓ ચોથુ ના૦૧૬૭૮)

૧૬૭૮. ચોથુ—નારંગી, સતરા, પપેનાસ અને એવા ખટાશ ભરેલા ફલો ઘણા જલદી જરી જાય છે.

૧૬૭૯. દુધના ઓરીઆકને જરપત થવાનો વખત—દુધના કશાતરને જરપત થતા ચાર કલાક લાગે છે. (જુઓ બીજુ નાં૰ ૧૬૮૦)

૧૬૮૦. બીજુ—માખણ તથા પણીરને જરપત થતાં અરધો કલાક લાગે છે. (જુઓ ત્રીજુ નાં૰ ૧૬૮૧.)

૧૬૮૧. ત્રીજુ—ચરબીને જરપટ થતા ૪॥ કલાક લાગે છે, અને જો તેલ હોય તો તેને તેથી પણ વધારે વખત લાગે છે.

પોલતીસ તથા સેક.

Poultices and fomentations.

૧૬૮૨. પાંઊની પોલતીસ દુધમાં બનાવવાની રીત—પાઊની પોલતીસ બનાવવાની બે રીત છે એક તો દુધમાં અને બીજી રીતતો પાણીમાં પાઊની પોલતીસ બનાવે છે. પણ પોલતીસ દુધમા બનાવી હોય તો વધારે સારૂ દુધ વાપરવાથી તેમાં તેલનો ભાગ આવવાથી પોલતીસ ઘણો વાર લગી નરમ રહે છે પાણી વાપરવાથી તે જલદી સુકી થઈ જાય છે દુધની બનાવેલી ગરમાગરની પોલતીસ શાહાજ સુધી ચાલે છે તેથી જો દુધમા બનાવવી હોય તો પાંઊની પેટેલા કાટરીઓ કરવી અને તેને દસ મીનીટ સુધી તાજા દુધમા ભીંજવી રાખવી. પછી તેને ચુહુલા ઊપર મુકી ધીમી આંચે ઉકાલવી અને તે જરા ઘટ થવા માડે (નહી ઘણી નરમ કે નહી ઘણી સુકી) એટલે ઊતારીને ચમચાથી ભાંજીને એક સરખી વગર ગાંગલાંની કરીને કપડાના એક કટકા ઊપર સરખી પાંથરીને જાહાં મુકવા ઘટે તાહાં મુકીને કપડાથી બાધી લેવી. પોલટીસ ઘણી ગરમ નહી મુકવી, કેમકે ચામડી ઊપર ફોલ્લીઆ ઉઠાડશે. પોલતીસ દર બે ત્રણ અથવા ચાર કલાકે બદલવાની જરૂર છે. જો દુધ નહી હોય અને પાણીમાં બનાવવી હોય તો (જુઓ બીજી રીત નાં૰ ૧૬૮૩.)

૧૬૮૩. પાંઊની પોલતીસ પાણીમાં બનાવવાની રીત—પાંઊની જાડી કાટરીઓ કરી એક વાસણમાં મુકવી તથા એ પોલતીસને જરા ચીકટ કરવા માટે તેમાં અલસીના આટાનો થોડો ભુકો નાખવો. પછી ઊપર ખલખલતુ પાણી રેડવુ અને સઘલાને ચુહુલા ઉપર મુકી ધીમી આંચે કકરો આપવો તયારબાદ ઊતારી તેમાનું પાણી નીગારી કાહડવુ અને કાટરીને ચમચાથી ભાંગી મેલવી નાખી કપડા ઉપર એ પોલતીસ સરખુ પાંથરી જાહાં મુકવા ઘટે તાહા મુકવી. પોલતીસ ઘણી ગરમ નહી હોવી જોઈએ, નહીતો તે ચામડી ઉપર ફોલ્લીઆ ઉઠાડશે; પણ આજારીને પસંદ પડે તેટલી ગરમ મેલવી. પોલતીસ બે ત્રણ અથવા ચાર કલાકે બદલવાની જરૂર છે.

૧૬૮૪ ઘઊના આટાની દુધમાં બનાવેલી પોલતીસ—એક પોલતીસ બનાવી હોય તો વધારે સારૂં દુધ વાપરવાથી તમા તેલનો ભાગ આવવાથી પોલતીસ ઘણો વાર લગી નરમ રેહછે દુધની બનાવેલી ગરમાગરની પોલતીસ બારાંજ લગી ચાલે છે, શાહાજ બીજી બદલવાની જરૂર છે કાએકે તેતલા વારમાં દુધ વસ મારી આવે છે. પેહલા ઘઊના આટાને દુધ સાથે સારી પેઠે ગરમ કરવુ અને તેમાંનુ દુધ આટા સાથે સઘલુ મલીને માવા જેવુ થાય કે તેને ચુહુલા ઉપરથી ઉતારી ચમચાથી મેલવી કપડાના એક કટકા ઉપર પાથરવી અને જાહાં ગરજ પડે તાહાં મુકવી. એવી રીતે મુકવી કે પેલું કપડવાલુ પડ ચામડીને લાગે. પોલતીસ ઘણી ગરમ મુકવી નહી, કેમકે ચામડી ઊપર ફોલ્લીઆ ઊઠાડશે, તેથી આજારીને પસંદ પડે તેતલી ગરમ મેલવી. (જુઓ ઘઊના આટાની પાણીમાં બનાવેલી પોલતીસ નાં૰ ૧૬૮૫.)

૧૯૮૫. ઘઉના આટાની પાણીમાં બનાવેલી પોલતીસ—ઘઉનો થોડો આટો લેવો, પણ એ આટાને જરા વધારે ચીકટ કરવાને માટે તેમાં અલસીનો થોડો આટો નાખવો. આટાનો દર ત્રણ ભાગે એક ભાગ અલસીનો બસ થશે. જો અલસીનો આટો નહીં હોયતો પોલતીસમાં જરા સાલીડનું તેલ મેલવવું. પેહેલા ગરમ પાણીમા આટો નાખી ચુહુલા ઊપર મુકી ધીમી આંચે ઊકાલવું અને જ્યારે તે જરા ઘટ થવા માડે (નહી ઘણી નરમ કે નહી ઘણી સુક્કી) એટલે ઉતારીને ચમચાથી સારી પેઠે મેલવી દેઈ એક સરખી વગર ગાંગલાની કરીને કપડાના કટકા ઉપર નાખી સરખી પાથરીને જાંહાં મુકવા ઘટે તે ભાગ ઉપર મુકવી પણ એવી રીતે મુકવી કે પેલું કપડા વાલું પડ ચામડીને લાગે. એમા સાલીડનું તેલ મેલવવાનું કારણ એ કે એથી પોલતીસ ઘણો વાર લગી નરમ રેહેશે. પોલતીસ આજારી માણસથી સેહવાય તેતલી ગરમ મુકવી, ઘણી ગરમ મુકવી નહી, નહીતો કે ચામડી ઊપર ફોલ્લા ઉઠાડશે.

૧૯૮૬. અલસીના આટાની પોલતીસ—અલસીનો આટો તેમાં તેલનો ભાગ આવીઆને લીધે ઘણો પસંદ કરવા જોગ છે. બજાર માંથી જો તઈઆર અલસીનો આટો લાવવાના કરતા આખી અલસી ઘેરમા લાવી તેને ખુબ છુંડીને બારીક આટા જેવી કરો. પછી થોડુ ગરમ ખલખલતુ પાણી લેઇ તેમાં અલસીનો આટો મેલવી નાખવો અને ચમચાથી ખુબ મેલવવું. પછી તેમાં બીજો થોડો અલસીનો આટો અને ખલખલતું પાણી થોડુ નાખીને ફરીથી સારીપેઠે મેલવીને ખીર જેવુ કરવુ. એ પ્રમાણે જેટલી પોલતીસનો ખપ હોય તે પ્રમાણે આટો નાખી બનાવવી. પછી કપડાના કટકા ઉપર નાખી ચમચાથી બધે સરખી પાંથરવી. પછી જે જગા ઊપર મુકવી હોય તાંહાં મુકીને બાંધવી. પણ એવીરીતે મુકવીકે કપડાનું પર ચામડીને લાગે. પોલતીસ આજારી માણસથી સેહવાએ તેતલી ગરમ મુકવી. ઘણી ગરમ મુકવી નહી, નહીતો કે ચામડી ઊપર ફોલ્લા ઉઠાડશે. ઘઉંના આટાની પોલતીસ કરતાં અલસીમાં વધારે જલદીથી પકાવવાનો ગુણછે.

૧૯૮૭. ગાજરની પોલતીસ બનાવવાની રીત—એક વાસણમાં ગાજર નાખી તેમાં થોડું પાણી રેડી ચુહુલા ઊપર મુકી ધીમી બલતાની આંચે ખુબ ઊકાલવું. પછી તેને કરછીથી છુંડી નાખી નરમ માવા જેવુ કરવું. પછી એ છુંડેલા ગાજરને કપડા ઊપર નાખી સરખુ પાંથરીને જાંહાં મુકવા કહી હોય તે ઠેકાણે મુકવી. એ પોલતીસ આજારી માણસથી સેહવાય તેતલી ગરમ મુકવી.

૧૯૮૮. કાંદાની પોલતીસ બનાવવાની રીત—એક વાસણમાં કાંદા નાખી તેમાં થોડુ પાણી રેડી ચુહુલા ઉપર મુકી ધીમી બલતાંની આંચે ખુબ ઊકાલવું. પછી એ કાંદાને કરછીથી છુંડી નાખી નરમ માવા જેવુ કરો પછી એ છુંડેલા કાંદાને કપડા ઉપર નાખી સરખુ પાંથરીને જાંહાં કહી હોય તાંહાં મુકવી.

૧૯૮૯. ખસખસના પોસની પોલતીસ બનાવવાની રીત—એક તપેલીમાં થોડું પાણી રેડી તેમાં ખસખસના પોસ થોડા નાખી ચુહુલા ઊપર મુકી બળતાંની ધીમી આંચ ફરી ઉકાલવું. પછી એક વાસણમાં પાંઊનો ગર નાખી તેમાં પેલું ખસખસના પોસનું ઉકાલેલું ફકત પાણી રેડી ફરીથી ચુહુલા ઉપર મુકીને ગરમ કરવું. તયાર બાદ ઊતારી તેમાંનું પાણી કહાડી નાખી પાંઊના ગરને ચમચાથી મેળવી કપડા ઊપર નાખી સરખુ પાંથરીને જાંહાં મુકવા ઘટે તાંહાં મુકવી એ પોલતીશથી દરદને કરાર પડેછે.

૧૯૯૦. કોલસાની પોલતીસ બ-

બનાવવાની રીત—કોલસાની પોલટીસ સડાવાલા ચાંદા અને સડેલી જગયા ઊપર મેલવાથી સડામાંથી નીકળતો ખરાબ વાસ જતો રહે છે અને સડેલા છીછડાં જલદી છુટાં પડે છે. પાંઊનો વચલો ગર બે આંઊસ લેઇ તેને એક નાહની તપીલીમાં નાખી તે ઊપર ખદખદતું ગરમ પાણી દસ આંઊસ રેડવું. પછી તપીલીને ચુહ્લા ઊપર રખી દશ મીનીટ સુધી પાંઊને ઘુંટવું. પછી અલસીનો આટો ૨॥) આંઊસ લેઇ તેમાં જરા નાખી મેલવતાં જવું અને તયાર બાદ પાઆ આંઊસ કોલસાની બારીક ભુકી તેમા નાખી મેલવી દેવી. પછી કપડાના કટકા ઉપર નાખી સરખી પાંથરવી. પછી તેની ઉપર કોલસાની બીજી પાઆ આંઊસ ભુકી ફરતી ભભરાવી જાંહાં મુકવા ઘટે તાંહાં મુકવી.

૧૬૯૧. રાઈનું પલાસતર બનાવવાની રીત—દલેલી અથવા છુંડેલી રાઇને થોડા થંડા પાણીમાં ચમચાએ કરી શારીપેઠે મેલવવી. આપણા કેટલાંક લોકો રાઇને ગરમ પાણીમાં મેલવે છે તેમ નહી કરવું. કાયકે થંડા પાણીમાં મેલવેલી રાઈ સારી અસર કરે છે, કેમકે તેમા એક જાતનું તેલ પેડા થાય છે. જ્યારે રાઈ અછી રીતે મલી જાયકે એક જાડા કપડાના કટકાને અથવા કાગજને લાકડાના પાતીઆ ઊપર મુકી ઉપર રાઇને બરાબર શરખી પાંથરવી, કારણ કે કપડા ઊપરનું પલાસતર બરાબર એક સરખું બનતું નથી અને કરચલી વલી જાય છે અને કાગજપર બનાવેલું કરચલી વલી જતું નથી. પછી તે રાઇના પલાસતર ઉપર મલમલનું અથવા ગાજરના કપડાનું પર આપું. પછી એ મલમલના કપડાવાલું પડ દરદી માણસના શરીર ઉપર જાંહાં મુકવા ઘટે તાંહાં મુકવું અને કાગજનુ પર ઉપર રાખવું. એથી જગા [illegible] રહે છે. ઘણું કુમલા બચ્ચાંને કપડાંને બદલે ઘણું કાગજનું પડ આપવું (જુઓ નાં૦ ૧૬

૧૬૯૨. રાઈનું પલાશતર કે વખત રાખવું?—રાઇનું પલાશતર ૧૫ તે ૨૦ મીનીટ શુધી રાખવું. તેથી વધારે વખત રાખવું નહી. જો તેથી પણ થોડા વખતમાં જગા લાલ થઇ આવે અને અગન ગણી બલે તો રાઇ કાહાડી નાખવી, વખત ઉપર બંધાઇ રેહેવાની જરૂર નથી. નાહાના બચ્ચાંને બે ત્રણ મીનીટથી વધારે વાર રાખવી નહી.

૧૬૯૩. ફ્લાનેલનો સેક—જ્યારે કોઇબી બીમાર માણસને ફ્લાનેલનો સેક કરવા કહેયો હોય તો હાવી રીતે કરવોઃ—જાડી સફેદ ફ્લાનેલના કપડાના એક કટકાને ગરમ ખદખદતાં પાણીમાં બોલી ચીપીઆથી બાહાર કાહાડી તેને એક જાડા ટુવાલમાં મુકી ખુબ નીચવવો. પછી જાંહાં શેક કરવો હોએ તાંહાં એ ફ્લાનેલના કટકાને પોહોળો પાંથરી દેવો અને તેની ઉપર "આઇલ ક્લાક" અથવા સફેત ફ્લાનેલનો બીજો કટકો ઢાંકવો એમ કીધાથી ઘણો વાર લગી ગરમી રહેશે. યાદ રાખવું કે આજારી માણસથી મેહેવાય તે કરતાં વધારે ગરમ કટકો લગાડવો નહી. જો સેક ઘણો ગરમ લાગેતો તેને બીજા કપડામાં મુકીને સેક કરવો. સેક કરતી વખતે ફલાનેળના બે કટકા અવાર નવાર બીજવીને શેક કરીઆ કરવા.

૧૬૯૪. ખસખસના પોસનો સેક—પાણીમાં ખસખસના પોશ નાખી ઊકાલીને તેમાં ફ્લાનેલનું કપડું બોલી કાહાડી નીચવીને ઊપર જેમ ફ્લાનેલનો શેક કરવાની રીત છે તેવી રીતે સેક કરવા. પણ ખસખસના પોશને પાણીમાં છુટા નાખવાના કરતાં જો તેને એક મલમલના કપડાના કટકામાં પોટલી બાંધીને નાખી હોય તો વધારે સારૂ એથી ફ-

કપડું એમાં બોલતી વખતે, ખશ-
પોશ તે કપડાને વલગતા નથી.

૧૬૯૫. તરપીઠનનો સેક—ફલાનેલ-
કટકાને ગરમ પાણીમાં બોલીને નીચવવો.
ગી તેની ઊપર તરપીતન તેલ એક શરખી
જરા જરા બધે ફરતું છાટવું અને
છી એ તરપીટન લગાડેલા પરથી સેક ક-
રવો. બીજી રીત—જાંહાં તરપીટનનો સેક
કરવો હોય તે ઠેકાણે જરા તરપીટન હાતે
કરી ચોપડી પછે ઊપર ફલાનેલના કપડાથી
શેક કરવો.

૧૬૯૬. થુલાનો સેક—ઘઉના થુલાને
ચુહુલા ઊપર લોહોઢી મુકી તેપર ગરમ કરવું.
પછે તેને એક કપડાની કોઠલીમા અથવા
જાડા કપડામાં નાખી તેની પોટલી કરી શે-
કવું. એને સુકો સેક કહેછે.

૧૬૯૭ નીમકનો સેક—નીમક (મીઠું)
ને ચુહુલા ઊપર લેહોઢી મુકી તે પર ગરમ
કરવું. પછી તેને એક કપડાની કોઠલીમાં
અથવા જાડા કપડામાં નાખી તેની પોટલી
કરીને શેકવું એને સુકો સેક કહે છે.

૧૬૯૮. અનાજનો સેક—હરેક જા-
તના અનાજને ચુહુલા ઉપર લોહોઢી મુકી
તેપર ભુંજી ગરમ કરવો. પછે જાડા કપ-
ડામાં અથવા કપડાની કોઠલીમાં નાખી તેથી
શેક કરવો.

૧૬૯૯. ઇંટરદીનો સેક—ઇતરદીને
આતસમાં ગરમ કરી ઉપર કપડું લપેતીને
સેહેવાય તેમ સેકવુ. ઇંટ ઘણી વેલા ભારી
પડે છે અને તેને ગરમ કરતાં ઘણો વખત
લાગે છે તેથી એ ઇટરદીનો સેક જલદી વ-
પરાઇ શકાતો નથી. એને સુકો સેક કહે છે.

૧૭૦૦. નલયાનો સેક—નલીઆને
આતસમાં ગરમ કરી ઉપર કપડુ લપેટીને
સેહેવાય તેમ સેકવું. એને સુકો સેક કહે છે.

૧૭૦૧. ભેભટનો સેક—ચુલામાંથી
ગરમ રાખ કાહાડી જાડા કપડામાં નાખી
તેથી શેકવુ પણ કપડામાંથી ભેભટ વેરાય નહી
તેની સંભાલ રાખવી જરૂર છે. ભેભટ વા-
પડવાનો એક અવગુણ છે; તે કપડાની બા-
હેર ફુટી નીકલીને ચામડી ઉપર વલગી રહે
છે અને તેથી ચામડાના સુરાખો બંધ કરી
નાખે છે. એ રાખમાં આતશની ચીંગારી
નહીં હોય તેની સંભાલ રાખવી કેમકે વખત
પર તેથી કપડુ બલીને તેમાંની ભેભટ બાહાર
પડી આજારીને દઝારશે એ સેકને સુકો સેક
કહે છે.

૧૭૦૨. રેતીનો સેક- રેતીને ગરમ
કરીને કપડાની કોઠલીમાં અથવા જાડા કપ-
ડામાં નાખીને શેકવું. પણ કપડામાથી રેતી
આજારી માણસના દીલપર વેરાય નહી તેની
સંભાલ રાખવી જરૂર છે શેક કઠણ બાતલી
એ સેક કરવા કરતા નરમ હોવાથી ખુશ
લાગે છે, અને વધારે એક સરખો થાય છે
પણ રેતી વાપડવામાં એક અવગુણ છે, તે
કપડાની બાહાર ફુટી નીકલીને ચામડી ઊપર
વલગી રેહે છે અને તેથી ચામડાના સુરાખો
બંધ કરી નાખે છે. એને સુકો શેક કહે છે.

૧૭૦૩. બાતલીનો સેક—બાતલીનો
સેક કરતી વખતે બાટલી ફુટી જાય નહી
તેની સંભાલ રાખવી. કાચની કાલી બાત-
લીમાં ગરમ પાણી ભરી મજબુટ બુચ માર-
વો કે બુચ ધીલો પડીને પાણી બાહાર નીકલે
નહી. પછી તેની ઊપર અછી રીતે ફલા-
નેલનું કપડું વીતાલવું. એ બાતલીનો સેક
હાથના પોહોચા અથવા પગના તલીઆ આ-
ગલ તથા પગોની વચે મુકી રાખવામાં
આવે છે,

——:0:——

મલમ તથા પલાસતર.

Ointments and Plasters.

૧૭૦૪. કાથાનો મલમ બનાવ-
વાની રીત—દસ આંઊસ "ઓલીવ આ-
ઇલ" માં ચાર આંઉસ પીલીરાલને પીગ-
લાવવી. પછી તેમાં ચાર આંઊસ કાથાનો

બારીક ભુકો અને નવ દરામ ફટકડીનો બારીક ભુકો નાખી મેળવી દેવો. F. 75.

૧૭૦૫. ઇંડાંમાં મલમ બનાવવાની રીત—મધ એક આંઉસ, ઇંડાંની તાજી દાલ એક, અલસીનું તાજું તેલ એક આંઉસ, "બાલશમ આફ પીરૂ" અરધો દરામ. એ બધાને સારીપેઠે મેળવી દેવો. C. 993

૧૭૦૬. પીલીશાલનો મલમ બનાવવાની રીત—પીળું મીન પાંચ્યા રતલ, પીલી શાલનો ભુકો અરધો રતલ, "પ્રીપેરડ લારડ" એક રતલ, એ બધાને એક વાસણમાં નાખી તલીએ ધીમી આંચ કરવી જ્યારે બધું પીગળીને મળી જાય કે તરત એક ફલાલેનના કપડામાં નાખી બીજા વાસણમાં ગાલી કાહાડવું અને તેને લાકડાંથી હીલવ હીલવ કરતાં રેહવું. જ્યારે તે બંધાયુંકે હીલવવાનું બંધ કરવું. C. 1003

૧૭૦૭. તરપીતનનો મલમ બનાવવાની રીત—કપુર ૧ દરામ, તરપીતન તેલ ૧ અથવા ૨ દરામ, "રેઝીન સીરેટ" (Resin cerate) ૧ આંઉસ. પેહેલા કપુરને તરપીતનમાં મેળવી નાખવો. પછી "રેઝીન સીરેટ" ઉમેરી મેળવી દેવો. (જુઓ બીજી રીત નાં૦ ૧૭૦૮) C. 1006.

૧૭૦૮. બીજી રીત—એક ભાગ સાદા મલમમાં બે ભાગ તરપીતન નાખી ધીમી ગરમીથી પીગલાવી મેળવી દેવો. C. 1006.

૧૭૦૯. સાદો મલમ બનાવવાની રીત—"પ્રીપેરડ લારડ" ૪ રતલ, અને સફેદ મીન ૧ રતલ. એ બેઉને ધીમી આંચ ઉપર તાવીને ઉતારવું. અને તેને હીલવ હીલવ કરીને થંડું પાડવું. (જુઓ બીજી રીત નાં૦ ૧૭૧૦) C. 1005.

૧૭૧૦. બીજી રીત—"ઓલીવ આઇલ" ૫) ભાગ અને સફેદ મીન ૨) ભાગને સાથે પીગલાવી ઉપલી રીતે થંડું પાડવું. H. 9.

૧૭૧૧. ગંધકનો મલમ—મલમ અરધો રતલ, ગંધકનાં ફુલ ૨ ઊંસ, "ઓઇલ આફ બરગેમોટ ૨૦) એ બધાને સારી પેઠે મેળવી દેવો. (બીજી રીત નાં૦ ૧૭૧૨) H. 10.

૧૭૧૨. બીજી રીત—ગંધકના એક આંઉસને ચાર આંઉસ "લારડ" સાથે મેળવી દેવો. C. 1005.

૧૭૧૩. ચાકનો મલમ બનાવવાની રીત—થોડા ચાકના બારીક ભુકાને "લારડ" ની સાથે મેળવી દેવો. એ દાઝેલા ઉપર કામનો છે. Con. 102.

૧૭૧૪. કપુરનો મલમ બનાવવાની રીત—કપુરનો ભુકો ૧ અથવા ૨ દરામ, "લારડ" ૧ આંઉસ. લારડ તથા કપુરને ધીમા ઇંગાર ઉપર પીગલાવી ઉતારવું. પછી એ મેળવણી થંડી પડે તાંહાં સુધી હીલવ હીલવ કરીને મેળવી દેવો. C. 990.

૧૭૧૫. પીલા મીનનો મલમ—મધમાખનું મીન ૧ રતલ અને "લારડ" (ચરબી) ૪ રતલને સાથે તાવી મેળવી દેવો. C. 1007.

૧૭૧૬. અફીણનો મલમ—અફીણનો બારીક ભુકો ૨૦) ગરેનને એક આંઉસ, "લારડ" ની શાથે તાવીને મેળવી દેવો. (જુઓ બીજી રીત નાં૦ ૧૭૧૭) C. 1001.

૧૭૧૭. બીજી રીત—અફીણનો ભુકો ૧ ભાગ અને સાદો મલમ ૨૫ ભાગને સારીપેઠે મેળવી દેવો. A. 257.

૧૭૧૮. આયોડાઇનનો મલમ—"આયોડાઇન" ૨૦) ગરેન. "રેકટીફાઇડ સ્પીરીટ" ૨૦) ટીપા. એ બેઉને મેળવી તેમાં ૧ આંઉસ "લારડ" ઉમેરી મેળવી દેવો. (જુઓ બીજી રીત નાં૦ ૧૭૧૯) C. 996.

૧૭૧૯. બીજી રીત—"આયોડાઇન"

...માં એક આંઊસ "પ્રીપેરડ લા-
...મી મેલવી દેવો. H. 10.

...૭૨૦. તંકનખારનો મલમ—તંક-
...ા બારીક ભુકો ૧ દરામને ૭ દરામ
...મલમમાં મેલવી દેવો. C. 990।

૧૭૨૧. ફીરયોસોટનો મલમ—એક
...માં ત્રણ આંઊસ "લારડ" નાખી
...માં ઇંગાર ઊપર પીગલાવવી. પછી તેમાં
એક દરામ "ફીરીઓસોટ" ઉમેરી એ મે-
લવણી થંડી પડે તમાંસુધી હીલવ હીલવ
કરવુ. (જુઓ બીજી રીત ના૦ ૧૭૨૨)

૧૭૨૨. બીજી રીત—ફીરીઓસોટ ૧
પ્રવાહી દરામ અને સફેદ મીનનો મલમ ૭
દરામમાં મેલવી દેવો. C. 922..

૧૭૨૩. માયફલનો મલમ બનાવ-
વાની રીત—માયફલનો બારીક ભુકો ૧
આંઊસને ૪ આંઊસ "લારડ" માં મેલવી
દેવો. F. 142.

૧૭૨૪. પારાનો મલમ બનાવવાની
રીત—"મરકયુરી" (પારો) ૧ રતલ,
"લારડ" ૧૧ાા આંઊસ, "સુયેટ" (Suet)
અરધો આંઊસ, એક ખલમાં પારો નાખવો
તેમાં "સુયેટ" નાખવી તથા થોડી "લા-
રડ" નાખી શારીપેઠે ખલ કરીને મેલવી
દેવો. જયારે પારો ચરબીની શાથે બરાબર
મલીને અનદીઠ જેવો થાય કે તેમાં બાકીની
"લારડ" (ચરબી) નાખી શારીપેઠે ખુબ
ખલ કરી મેલવી દેવો. એમાં જે "લારડ"
તથા "સુયેટ" જાતની ચરબી કહેલી છે તે
ચરબીને પેહલા જુદી જુદી એક વાસણમાં
તાવી તેમાંથી છુછા જેવી પદાર્થ કાહડી ના-
ખી થંડી પડેને પછી કામમાં લેવી. C. 998.

૧૭૨૫. "સ્પરમાસીતી" નો મ-
લમ—"સ્પરમાસીતી" ૫) આંઊસ, સફેદ
મીન ૧૪ દરામ, "ઓલીવ આઈલ" ૧
પેંટ. એ બધાને ધીમાં ઇંગાર ઊપર મુકી
તાવીને મેલવી દેવો. પછી એ મેલવણી
થંડી પડે તાંહાં સુધી તેને હીલવ હીલવ
કરવું. (જુઓ બીજી રીત ના૦ ૧૭૨૬)
C. 1004.

૧૭૨૬. બીજી રીત—સફેદ મીન અ-
રધો રતલ, સ્પરમાસીતી એક રતલ, "પ્રી-
પેરડ લારડ" ત્રણ રતલ. એ બધાને તા-
વીને તે થંડું પડે તાંહાં સુધી હીલવ હીલવ
કરવું. C.

૧૭૨૭. "કોરટ પલાસતર" અ-
થવા "સ્તીકીંગ પલાસતર બનાવવાની
રીત—એક ભાગ "આઇસીંગ ગલાશ" ને
દસ ભાગ પાંણીમાં નાખી પીગલાવવો.
જયારે પીગલી રહે કે તેને ગાલી લેઇ તેમાં
"ટીંકચર આફ બેનઝોઇન" થોડું થોડું ક-
રીને નાખતાં જવું. પછી એક ચોકતાં
ઉપર રેશમી પાટલું કપડું તાનીને બાંધવું.
પછી એ કપડાની ઊપર એ મેલવણી ગરમ
ગરમ હોય તેટલાં પીછીએ કરી ઉપર ચોપ-
ડવી જયારે એક હાથ સુકાય કે બીજો હાથ
તેની ઊપર ફરીથી મારવો. એ પ્રમાણે
જેટલા હાથ એ મલમના મારવા હોય તેટલા
તે કપડા ઉપર મારવા. પછી છેલે તેની
ઊપર "ટીંકચર આફ બેનઝોઇન" અથવાં
"ટીંકચર આફ બાલસમ આફ પીરૂ" નો
હાત મારવો. C. 10093.

૧૭૨૮. "પલાસતર આફ સોપ"—
"લેડ પલાસતર" ૩) રતલને એક વાસ-
ણમાં "કસતીલ સોપ" નો ભુકો અરધો
રતલ અને રાલ (Resin) એક આંઊસ
નાખી શાથે તાવીને પાણી જેવું કરવું. પછી
એ મેલવણી પેલા તવાયેલા "લેડ પલાસતર"
માં નાખી બધાને સારીપેઠે તાવી મેલવીને
મલમ જેવું ઘાહરૂં થાય કે ઊતારવું. એમાં
જરાપણ ભીણાસવાલો ભાગ રેહશે તો એ
મલમ બાહજા દાહડા નહી રેહતા બગડી જશે.
(જુઓ બીજી રીત ના૦ ૧૭૨૯.) C. 1093.

૧૭૨૯. બીજી રીત—"લીહારજ પલા-
સતર" ૨ાા) રતલને ધીમાં ઇંગાર ઊપર
મુકીને તાવવું. પછી તેમાં ચાર આંઊસ

" કુલ્લીઝ સોપ " નો ભુકો નાખી હીલવ હીલવ કરી મેલવવું. જ્યારે મળીને એકરસ થાય કે ઉતારવું. C.

૧૭૩૦. "બ્લીસતરીંગ પલાસતર" અથવા "પલાસતર આફ કૈનથારીડીસ"—"કેનથારીદીશ" (Cantharides) પીલુ મીન. રાલ અને બકરાની ચરબી સરખે ભાગે લેવી. પછી કેનથારીદીશ સીવાએ બધાને એક વાસણમાં નાખી ચુહુલા ઉપર મુકી તાવીને મેલવીને ઊતારવું. પછી તે જરા બંધાવા આવે તેની અગાઉ તેમાં "કૈનથારીદીશ" નો ઘણોજ બારીક ભુકો થોડો નાખીને મેલવી દેવો. (જુઓ બીજી રીત નાં૦ ૧૭૩૧.) C. 1092.

૧૭૩૧. બીજી રીત—"સ્પેનીશ ફલાઇસ" ૬) આંઊસ, પીલુમીન ૪) આંઉસ. "પ્રીપેરડ લારડ" ૪) આંઉસ, રાલ ૪) આંઊસ. એ બધાને ઊપર પ્રમાણે તાવીને મેલવવું. પછી એ મેલવણી થંડી પડે તાંહાંસુધી હીલવ હીલવ કરવી. C.

———:0:———

પરચુટણ ધંધાદારીઓને માટે તરેહવાર જાતના હુંનરો તથા બનાવટો.

Miscellaneous Receipts.

૧૭૩૨. રૂપાંના દુધનો અરક યાને રૂપેરી રંગનો ઢોળ ચહડાવનારૂ પાણી— એક આંઊસ "ક્રીસતલ આફ સીલવર નાઇતરેત" (Crystals of silver nitrate) ને બાર આંઉસ "સોફ્ત વાતર" (ઊકાલીને થંડું પાડેલું પાણી) માં પીગલાવો પછી તેમાં બે આંઊસ "પોતાશીયમ સાએનાઇડ" (Potassium cyanide) નાખીને પીગલાવવું. પછી એ બધાને હીલવીને મેલવી નાખી ૨૦-૨૫ મીનીટ થડવા દેવો. જ્યારે એ મેલવણી બરાબર થડીને સાફ નીટરી થાય કે [illegible] કાચની અરધા આંઊસ વાલી નાહાની શીશીઓ તે દરએક સીશીને "પેરીશ વાઇત (Paris whites) અથવા "પ્રીપેરડ ચ બારીક ભુકાથી અરધી અરધી શીશી પછી તેમાં પેલી નીટરી મેલવણી રેડ શીશીઓ ભરી બુચ મારવો. જ્યારે પીતલના ધાતુના વાસણ અથવા ચીજ એ ઢોલ ચહડાવવો હોય તયારે તે વાસણ પેહલા સારીપેઠે સાફ કરી તેની ઊપર એ શીશીમાની મેલવણી શારીપેઠે ખુબ હીલવીને લગાડી ઘસસો તો રૂપાના જેવી થશે, (જુઓ બીજી રીત ૧૭૩૩.)

૧૭૩૩. બીજી રીત—ત્રણ ભાગ "કલોરાઇડ આફ સીલવર" (Chloride of silver) ને બારીક "ક્રીરીમ આફ તારતર" (Cream of tartar) ના વીશ ભાગ અને વાટેલા નીમકના પંદર ભાગની શાથે મેલવી દેઇ તેમાં થોડું પટલું થાય તેટલુ પાણી નાખવું. જ્યારે ત્રાંબાના અથવા પીતલના જે વાસણ ઉપર ઢોલ ચહડાવવો હોય તેને પેહલા બરાબર ઉંજારીને સાફ કરવું. પછી "બલાટીંગ પેપર" (સાહી સોસવાનું કાગજ) ના એક કટકાથી એ મેલવણી બધે શારીપેઠે ખુબ લગાડવી. પછી રૂઊના પોહરીઆ ઊપર બારીક વાટેલા ચાકની ભુકી લેઇ તેની ઊપર ચોપડવી. પછી કપડાના સુકા કટકાથી તે વાસણને જોરથી લુછવું એટલે રૂપાના જેવું થશે. (જુઓ "લીકવીડ પાલીસ" નાં૦ ૧૭૩૪.)

૧૭૩૪. લીકવીડ પાલીસ " વાસણો ઉપર રૂપાનો ગીલીટ કરવા માટે— "સાયાનાઇડ આફ પોટાસીયમ" ૩ થી ૪ દરામ અને " નાઇતરેટ આફ સીલવર " ૮ થી ૧૦ ગરેનને ૪ આંઊસ પાણીમા નાખી પીગલાવો. પછી એ મેલવણી નરમ "બ્રુષ બરશ" થી પીતલ અથવા કોપર બરાસના સાફ કીધેલા વાસણ ઉપર લગાડવી. પછી શોજા પાણીથી તે વાસણને ધોઈ નાખી

...લના શફેદ કપડાથી લુછીને કો-
રુંકા) કરવા. પછી " સેમોઇસ લે- (નરમ ચામડા) થી પાલીસ કરવા. નાο ૧૭૩૫) T. 419.

૧૭૩૫. રૂપાનો ઢોર ચહડાવનારો (...vering Tincture) અરક—"બરનાઇમ " (Burned lime) ૨ ભાગ. ગ્રેપ શુગર" (Grape sugar) ૫ ભાગ, " તારતારીક આસીડ " ૨ ભાગ અને પાણી ૬૫૦ ભાગ, એ બધાને મેળવી "ફીલતર" (ગાળી) કરી કાચની સીસીઓમાં મોંહડા સુધી ભરી મજબુત બુચ મારી તેની ઉપર નાο ૧ લો કરી ચીટી મારવી. તયારબાદ ૨૦ ભાગ "એકવા આમોન્યા" (Aqua-ammonia—નવશાગરના પાણી) માં [illegible] ભાગ " નાઈતરેટ આવ સીલવર" ને પીગળાવો. પીગલી રહેકે તેમ ૬૫૦ ભાગ સોજુ પાણી રેડી મલાને સીસીઓમા ભરી મજબુત [illegible] નાο ૨ [illegible] ચીટી મારવી [illegible] [illegible] [illegible] તયારે પે[illegible] [illegible] [illegible] [illegible] પાણી ૭ ભાગ [illegible] નાખી [illegible] સાથાને [illegible] [illegible] લીને સાફ ધાતુ ઉપર [illegible] નીંજડાના [illegible] [illegible] ઉપર [illegible] રૂપના [illegible] થશે T. 112

૧૭૩૬. ગુલાલ બનાવવાની રીત—બે ટીપની ચોખા એક વાસણમા નાખી તેમા પાણી રેડી ધોઇ કાહાડી સુકવને તેને દલાવીને [illegible] આટો કરવો. પછી એક તોલો સચોરાને પાણીમાં ભીંજવી રાખી એ સચોરાનું પાણી પેલા આટામા નાખી મસલી મેલવીને તેના ગોલા બનાવી છાયડામા મુકવા. પછી પતંગના લાકડાંના બારીક છોડ્યા પાશેર લઇ એક તપીલીમાં નાખી તેમાં પાણી રેડી ચુલા ઉપર મુકી ઊકાલવું જ્યારે ઉકલીને પાણી ખુબ લાલ રંગનું થાય તેને કપડામાથી બીજા વાસણમા ગાળી કાહડવું. તયારબાદ પેલા છાયડામાં સુકાવા મેલેલા આટાના ગોલાઓને તપાસવા. જો તે ગોલા બરાબર સુકાયા હોય તો તેને ભાંગીને બારીક ભુકો કરી પેલા ઊકાલાનાં ગાળી કાહડેલા પાણીમા નાખી ભીંજવવો. પછી પાછા તેના ગોલા વાલી છાયડામા સુકવવા મુકવા. એ પ્રમાણે ત્રણ ચાર દાહડાં કરવાથી ગુલાલ સારો થશે. પણ દરવખત પતંગના લાકડાનો ઉકાલો ફરી ફરી તાજો બનાવવો.

૧૭૩૭ અગરબતી બનાવવાની રીત—કૃષ્ણાગર ૮ પઇશા ભાર, નાગરમોથ ૮ પઇશા ભાર, સફેદ વાલો ૪ પઇશા ભાર, તજ ૮ પઇશા ભાર, તગર ૪ પઇસા ભાર, કચોરા ૮ પઇશા ભાર, સુખડનો બારીક વહેર પોણા ભાર, કમળ ફુલ ૪ પઇશા ભાર, ગ[illegible] ૪ પઇશા ભાર, ગુલાબની કલી ૪ પઇશા ભાર, ગુગલ ૪ પઇશા [illegible] સ્યાગુ [illegible] પઇશા ભાર, [illegible] ૮ પઇશા [illegible] લાકડાં દે[illegible] [illegible] કસ્તુરી ૧ [illegible]. એ બધામાં [illegible] [illegible] કાહડી [illegible] રાખો. અને બાકીની બધી ચીજોનો બારીક ભુકો કરી લુગડામાંથી ચાલી કાહડી. પછી તેના ઉપર નાખી બધાને [illegible] મેળવી તેમા કાલો રંગ નાખી બધાને મસલીને એકરસ કરી નાખો. પછી વાસની ઝીણી સલીઓ બનાવી તે સલી ઉપર એ મેલાવણી લપેટવી પછી તેને લાકડાના સુવાળા પાટલા ઉપર હાતે કરી ગોલ ગબડાવીને બધી તરફથી ગોલ સફાઇદાર કરવી, પણ તેમ કરતી વખતે પાટલાને ખુશબોદાર તેલ ચોપડવાથી પાટલાને અગરબતી વલગશે નહી.

૧૭૩૮. અબીર બનાવવાની રીત—સુખડનો બારીક ચાળેલો વેહેર ૧૦ પઇશા ભાર, મહુલો ૧૦ પઇશા ભાર, સફેદ વાલો

૧૦ પઇશા ભાર, કપુર કાચલી ૧૦ પઇશા ભાર, નાગરમોઠ ૨૦ પઈશા ભાર, કેશર ૩ માસા. કસતુરી અરધો વાલ, જાયફલ ૧ પઇશા ભાર, જાવંત્રી ૧ પઇશા ભાર, એલચી ૧ પઈશા ભાર. એ બધાને છુડીને બારીક ભુકો કરી મલમલના કપડામાંથી ચાલી કાહડી ગોલાબમાં ભીંજવી સુકવવું સુકાયા એટલે કરી ગોલાબમાં ભીંજવી છાયડામા સુકવવુ. એ પ્રમાણે પાંચ છ વખત કરવું. પછી દાબડીમાં ભરી મુકવું. જો એમા ગોલાબનું અતર જરા નાખી મેલવશો તો વધારે સુંગધ આપશે.

૧૭૩૯. જંગાલ બનાવવાની રીત—ત્રાંબાના એક નાહાના કાંસીઆમાં નવટાંક ત્રાંબાનો ભુકો અને પાશેર નવશાગર નાખો પછી બીજા ત્રાંબાના એક વાસણમાં લીંબુનો રશ ભરી તેમાં પેલો કાંસીઓ દુબે તેમ મુકવો. પછી તે વાસણ ઉપર ઢાકણુ ઢાકી ચાલીશ દાહડા રેહવા દેવો. જો એટલા દાહડા વચે તેમાનો રશ સુકઈ જાયતો બીજો તેમાં લીંબુનો રશ રેડી કાસીઆને તેમા દુબેલોજ રાખવો. પછી તેમાંથી તે ભુકો કાહડી સુકવીને તેને બારીક વાટવો એટલે જંગાલ થયો.

૧૭૪૦. લાકડાંના વેહેરના રમકડાં બનાવવાની રીત—સાગના લાકડાનો અથવા સીસમના લાકડાનો અથવા સુખડનો બારીક વેહેર લેવો. પછી તે વેહેરને તડકામાં પાંથરીને ગરમ કરવો. પછી તેને છુડીને કપડામાંથી ચાલી કાહડવો. પછી એ ચાલી કાહડેલા વેહરમાં ગુંદરનું પાણી અથવા સરસનું જાડું પાણી નાખી મેલવી મસલી ગુંડીને નરમ લાંબીના જેવો કરો પછી જેવા આકારના રમકડાં અથવા ફરુટ વગેરે બનાવવી હોય તેવા ઘાટના એ મેલવણીમાંથી બનાવી તડકામા સુકાવા મુકવા. સુકાઈને કઠણ થાયકે પાલીસના કાગજથી સાફ કરી ઊપર રંગ ચોપડી વારનીસ મારવુ.

(જુઓ કાગજની લાકડાના જેન ફેનસી ચીજો બનાવવાની રીત.)

૧૭૪૧. કંકુ બનાવવાની રીત વાસણમા થોડું પાણી રેડી તેમાં મે સુકી પીલી હરદના સારા દલદાર ગાંઠી ૪ પઇશા ભાર નાખી એ ત્રણ દીવસ ભીં રાખવી પછી તેમાથી હરદ બાહર કહ તેની ઉપરના પોપડા છરીથી છોલી કાહડવા. પછી ૧ વાલ ખડીગોખાર અને અરધો વાલ સચોરો સાથે વાટીને લીંબુના રશમા નાખી ૪ તેમા પેલી છોલેલી હરદના ગાંઠીઆ નાખી એક દાહડો ભીંજવી રાખો. બીજે દાહડે તેમાંથી ગાંઠીઆ બાહર કાહડી સુકવીને પેલો લીંબુનો રશ થોડો હોય તો બીજો રશ કાહડી ભીંજવવી. એ પ્રમાણે ચાર પાંચ દાહડા કરીઆ કરવું. પછી સુકેલા ગાંઠીઆને છુંડી બારીક ભુકો કરી કપડામાથી ચાલી કાહડો એટલે કંકુ થયું.

૧૭૪૨. શરીરપર ચોલવાના ખુશબોના આમરા—એલચીદાણા, નાગરમોથ, તમાલ પત્ર, સોન કેવડો, નખલા, વાલો, જતામાસી. અને કચોરા. એ દરેક વસાણા સરખે ભાગે લઇ એક ખલમા નાખી છુંડીને બારીક ભુકો કરવો. પછી કપડાની ચાંનીમાથી કાહડી દાબડામાં ભરી મુકો. નાહતી વેલા એમાથી થોડો ભુકો લઇ થોડા પાણીમા કાલવીને શરીર ઉપર મસલવી. પછી પાણીથી શરીર ધોઈને સાફ કરી નાખવું. એથી શરીરમાથી શુગંધી વાસ આવશે.

૧૭૪૩ ગુડાખું બનાવવાની રીત—અરધો શેર સાફ કાઘેલો શોજો તંબાકું લેવો. તથા પાશેર તંબાકુના ડાખરા. એ બેઊને ખાંડીને મેલવી દેવો. પછી એ છુંડેલા તંબાકુંને એક વાસણમા નાખી તેમા કેલા અથવા ગોલ નાખી ખુબ મસલીને મેલવી દેવો. તયારબાદ એલચી પાઆ તોલો, કેસર અરધો માસો. જાયફલ અરધા પઈશા ભાર, જાવંત્રી ૧ પઇશા ભાર. એ બધાને છુંડી બારીક

ણા મસલેલા તંબાકુંમાં નાખી ટીપેકે મેલવી દઈ એક ગોલો કરવો.

૧૭૪૪. પોથી બનાવવાની રીત—ના દાહડા તથા બીજા સરઅવસરે (દીવા) ના તમદેલોમાં રાતા રંગનું નામ છે તે પાણી પોથીના રંગનું ખ-છે તેવી પોથી બનાવવી હોય તો એક સગુમાં અરધી બાતલી સોજું પાણી નાખી તેમાં પીપલાની લાખ ૬ ટાંક, લોદર ૬ માસા અને તેલીઓ ટંકણખાર ૪ પઇશા ભાર નાખી એક દાહડો રેહવા દેવો. બીજે દાહડે તેમાં રૂના નાહના પોહરયા બોલી કાહડી તડકામા સુકવવા જ્યારે કામ પડે તયારે એ પોહરયાને થોડા પાણીમાં નાખી ચોલીને નીચવશો તો રંગદાર પાણી થશે.

૧૭૪૫. કાઠ ગોલી યાને કેવડી કાઠો બનાવવાની રીત—પાણના બીડા સાથ મુખવાસને અરથે કાઠ ગોલીઓ ખાવામા આવે છે. તેવી ગોલીઓ બનાવવી હોય તો મફેદ કાઠો ૧ શેર, લવંગ અરધો તોલો, જાયફલ અરધો તોલો, કેસર અરધો તોલો, એલચી-દાણા ૧ તોલો, તજ અરધો તોલો, જાવત્રી અરધો તોલો અને કસતુરી ૧ વાલ. પેહલા કાઠાને બારીક છુંદી મલમલના કપડામાથી ચાલી કાહડવો પછી એ ભુકાને સારા ઊંચા સોન કેવડાની ફણીમા બાંધી ઉપર કેવડાના બીજા દસ બાર પાતરા લપેટવાકે તેમાનો કાંઈ બાહાર દેખાય નહીં. પછી એક કપડાના કટકાને ભીજું કરી પાંચ સાતપડ તેનીપર વીતાલીને એક અથવા બે દાહડા એક જગા ઊપર મુકી રાખો, જેથી પેલા કેવડા માનો વાસ કાહામા પેવસ થશે. પછી તેને છોડીને તેમાથી બધો કાઠો એક વાસણમા કાહાડીલેવો. પછી લવગ, તજ, એલચી, જાયફલ જાવંત્રી તથા કસતુરીને બારીક છુંદી પેલા કાઠામા મેલવી દેવી, તથા કેસરને સેહજ પાણીમા મેલવીને તે પાણી પેલા મેલવણીમા રેડી ગોલી સાફ વલાય એવુ નરમ કરવું. પછી ગોલાબનું અતર બે આંગલીએ ચોપડી ચણી મગ જેવી તેની ગોલીઓ વાલવી એમાંના એક ગોલી પાણ સાથે ખાવી.

૧૭૪૬ મેલા થયલા મોતીને સાફ કરવાની રીત—એક તપીલીમાં એક શેર પાણી રેડી ચુલ્હા ઊપર મુકવી, તથા તેમાં ચકુનુ થુલું નવટાંક નાખી મેલવીને ખુબ ઉકલવુ. પછી તેને ચુલ્હા ઉપરથી ઊતારવુ. અને આંગલી દાઝે એટલું ગરમ રહેકે તે પાણીથી મેલા મોતીને હાતની ઊપર તે પાણી થંડું પડે તયાંસુધી આસતેથી ચોલીને ધોયા કરવા પછી તેને બીજા સોજા સુમરેતાં પાણીથી ધોઇ કાહડી કાગજ ઊપર મુકી એક અંધારી જગાપર મુકવા.

૧૭૪૭. તપકીર બનાવવાની રીત—જેટલી તપકીર બનાવવી હોય તે પ્રમાણે સોજો તંબકુ લેઇ તડકામાં સાદરી ઉપર નાખી ગરમ કરવો. તબાકુ ગરમ થાયકે તેમાથી તેના ડાંખરા તથા કચરો કાહડી નાખી તંબાકુનો બારીક ભુકો કરવો. પછી તેને પતરાની ચાલણીમાથી ચાલી કાહડવો. પછી એ ચાલી કાહડેલા તબાકુને કપડામા નાખી ઝાટકવો. પછી તેને પાણીનો હાત દઈ જરા ભીણો હવાએલા જેવો કરી ખાખરના પાતરામા તેનુ પડીકું બાંધવું પછી એક માટલામાં ભાતના છભા ભરવા. અને તે છભાની વચમા પેલુ તંબાકુનું પડીકુ મુકી ઉપર બીજુ માટલું ઢાંકી આઠ દાહડા તેમ રેહવા દેવો. પછી તેમાથી તે પડીકુ બાહર કાહડી એક પોહોર સુધી છાંયડામા સકાસ મુકો. પછી મટોડાના (જે કુંડ અને માટે ખાશ બનાવેલા આવે છે તેવા) કુંડામાં એ તબાકુ નાખી સાગેલાથી ખુબ ઘુંટીઆ કરવું. પછી ઘટ કપડામાથી ચાલી કાહડવું. જો કાલી તપકીર બનાવવી હોય તો કાલો તંબાકુ લેવો.

૧૭૪૮. હેકતો ગરાફ બનાવવાની રીત યાને હરેક લખાણોની એકથી વધુ

નકલો લેવાની રીત—હાલમા "સેનતો ગ્રાફ" "હેકતોગ્રાફ" (Hektograph) અને "તારપેગ્રાફ" નામે નાંનાં યંતરોનો ઉપયોગ સોધી કાહડવામાં આવયા છે અને એ સઘલા યંતરોની મતલબ એટલીજ છેકે લખેલા એક કાગજ ઉપરથી એંકડો તેવી નકલો છપાયછે, અને તેવા હેકતોગ્રાફ બનાવવાની સેહલી રીત એ છે કેઃ—ફુલસકેટ કાગજને અરધો તાટ સગવડથી સમાવી શકે એવુ અને પાઆ ઇચ ઊંડાઇનું પતરાનો અથવા જસતનો ચોરશ એક થાલો બનાવો. પછી "જીલેતીન" (Gelotine) રા આંઉસ લઈ તેને અરધા કલાક અથવા તેથી વધારે વાર થંડા પાણીમા ભીંજવાં રાખવી. જ્યારે તે નરમ થાયકે તેમાનુ પાણી બાહાર કાહડી નાખવું. પછી તેમા ૧ રતલ "ગલીસરીન" (Glycerine) નાખવું. પછી ચુલ્હલા ઉ-ર એક તપીલામા પાણી રેડી તેમાં પેલુ "ગલીશરીન" મેળવેલું વાસણ મુકી તલીએ ધીમી આચે પીગલાવવુ—(પણ તપીલામાના પાણીમાં કકરા આવતી વખતે પેલા "ગલી-સરીન" ના વાસણમાં પાણી જાય નહી તેથી થોડું ઓછું પાણી તેમાં રાખવું. પણ જ્યાં સુંધી એક મલીને એકરશ થાય તેટલા માટે એક ચમચાથી તે મેલવણીને હીલવયા કરવી. મે-લવણી ચુલ્હલા ઊપર ઉકલતી હોય તેટલે તેમાં ૧ આઉસ છુંડીને બારીક કાંપેલો ચાક રફતે રફતે તેમાં ઉમેરવો તથા મેલવતા જવું સઘલું બરાબર મલી ગયા પછી પેલા વાસણને પા-ણીમાથી બાહાર કાહડી પેલા તઇઆર કરેલા પતરાના ઠાલામાં તે મેલવણી રેડી દેવી થોડાવારમાં તે ઠડીને બંધાઇ જશે. પછી આ એ પ્રમાણે સાહી બનાવી તેથી કાગજ ઊપર લખવું:—"એનીલાઇન વાયોલેટ કલર" નામનો રંગ ૧ આંઉસ લઇ તેને ૬ આંઊસ "આલકોલ" (Alcohol) અને ૭ આંઉસ પાણીમા પીગલાવો. પીગલી રહેકે કાચના બુચની સીસીમા એ સાહી ભરી શકેપના અરધા તાવ જેટલા જાડી થઈ જશે. પછી એ સાહી શકેપના અરધા તાવ જેટલા એક ઉપર લખી સુકાવા દેવુ કાગજ ઊપ બરાબર શુકાયા પછી પેલા તખતાની તીને થડા પાણીથી ધોઇને પછી એક વડે લુછી શાફ કરવું. પછી તે લખેલા જને પેલા ગલીશરીનના બનાવેલા તખ ઊપર હાથ યા રૂમાલથી દાબીને બરાબર ગોઠવાય તમ ઉપર સુકવું. કાગલ એ પ્રમાણે મુકવાથી તે જાણે વલગી ગયું હોય તેમ બેસી જશે. પણ ખરેખર તે વલગશે નહીં. થોડેવારે તે કાગજને એક છેડથી પકડી ધીમે રહીને પણ મજબુત હાથે ઊચકી લેવું. તે ઊચકયા પછી તેની ઉપરના અક્ષરો પેલા તખ્તા ઉપર ખુલ્લા પડેલા જણાશે. એ પછી તખતા ઉપર કોરા કાગજો ઊપલા કા-ગજની માફક વલગાવીને પાછા કાહડતાં જવું એટલે તે કાગજો ઊપર પણ તે લખાણ ખુલા હરફે પડી રેહશે એવી રીતે એકી વખતે ૪૦-થી ૬૦ સુધી બરાબર નકલો લેવાઇ શ-કાશે અને તે ઉપરાંત બીજી કેટલીક નકલો લેવાઇ શકશે પણ તે ઝાખી દેખાશે. જોઇતી નકલો લીધા બાદ તે તખતા ઉપરથી શાહીના અક્ષરો કાહડી નાખવા માટે તે તખતાની શપાતી ઉપર એક વાડલુ (સ્પજ) પાણીમાં ભીંજવીને ફેરવવુ, તેથી જોકે બધી સાહી નીકલી જસે નહી પણ થોડી બાકી રેહશે અને તે બાકી રહેલી સાહી તખતાની મેલ-વણી માહેલું "જીલેટીન" ચુશી લેસે. એવા રીતે બાકી રહેલી સાહી આસરે બારેક ક-લાક સુધીમા ચુસાઇ રહેશે અને તે પછી તે તખતો ફરીથી વાપરવાને કામે લાગશે.

.૧૭૪૯. "સોડાવાતર પાઉડર" યાને સોડાવાતર બનાવવાના પડીકા—બે રંગના કાગજના કટકા લેવા, બલુ તથા સફેદ. બલુ રગના કાગજમાં "કારબોનેટ આફ સોડા" (Carbonate of soda) તીસ ગેરેન

.કું વાલવું અને સફેદ કાગજમાં
.ક એસીડ" (Tartaric acid)
ગરેન નાખીને પડીકું બાંધવું. જ્યા
તર બનાવી પીવો હોય ત્યારે એક
ર ભરીને પાણી લેવું અને તે પાણીમાં
: બલુ રંગના કાગજમાંનો સોડા નાખો
પછી તેમાં સફેદ કાગજમાંનું એસીડ
.બવીને ફીણ આવે કે પી જવું. D. 807.

૧૭૫૦. બાતલીઓમાં સોડાવાતર બનાવવાની રીત—એક ગ્યાલન સોજ્જુ પાણી લેવો. પછી એ પાણીમા "કારબોનેટ આપ સોડા" એક આંઉસ નાખી પીગલવા દેઓ. પછી સોજી ખાલી સોડાવાતરની બાતલીઓ લેવી, પણ તે બાટલીઓને તરેલ પડેલી નહી હોય તે તપાસવી. પછી એ બાતલીઓનો બેસતા આવે એવા બુચ અગાઊથી તઇઆર કરી રાખવા. પછી એક બાતલીમાં પેલું સોડાનું પાણી એક તમલર ભરીને અથવા અરધી પેંટ રેડવું. પછી તેમાં "તારતારીક એસીડ" ના પાસા અરધો દરામ નાખી તરતજ બુચ મારી તારથી બાંધી લેવી. એ પ્રમાણે જેટલી સોડાવાતરની ખાલી બાતલીઓ હોવ તે તઇઆર કરવી. એટલે બાતલીઓમાં ભરેલો સોડાવાતર થયો. પછી જ્યારે જોઇએ તયારે પીવો. F. 314.

૧૭૫૧. "લેમોનેડ પાઉદર" યાને લેમોનેડ બનાવવાના પડીકા—સોજી મેડા ખાંડ અરધો રતલ, "કારબોનેટ આપ સોડા" એક આંઊસ, "આઇલ આફ લેમન" ૩ અથવા ૪ ટીપાં. એ બધાને સાથે મેલવી તેના ૧૬) ભાગ કરવા. પછી "તારતારીક એસીડ" એક આંઊસ લેઇ તેના પણ ૧૬) ભાગ કરી એકેક ભાગને જુદા જુદા કાગજમાં બાંધી રાખો. જ્યારે લેમોનેડ બનાવી પીવો હોય તયારે એક તમલર ભરી શોજ્જ પાણીમાં પેલા સોડાનો એક ભાગ નાખી મેલવવું. પછી તેમાં પેલું "તારતારીક એસીડ" નો એક ભાગ નાખી મેલવીને પી જવું. F. 211.

૧૭૫૨. "જીનજર બીર પાઉદર" યાને જીનજર બીર બનાવવાના પડીકા—સફેદ ખાંડ બે દરામ, સુંઠનો બારીક ચારેલો ભુકો ૫) ગરેન, "કારબોનેટ આફ સોડા" (Carbonate of soda) ૨૬ ગરેન એ બધાને શાથે મેલવી બલુ રંગના કાગજમાં એક પડીકું બાંધવું. પછી સફેદ રંગના એક કાગજમાં ૩૦) ગરેન "તારતારીક એસીડ" (Tartaric acid) નાખી પડીકું બાંધવું. પછી જ્યારે પીવું હોય તયારે એક તમલરમાં પોણું તમલર શોજ્જું પાણી ભરી તેમાં પેલા બલુ કાગજમાના પડીકાનો સોડા નાખી પીગલાવવું. પછી પેલા સફેદ કાગજમાનું "એસીડ" નાખી ચમચાથી મેલવીને તરત પી જવુ. F. 147.

૧૭૫૩. લીંબુના રશને લાંબી મુદત સુધી જાલવવાની રીત—જોઇએ એટલાં લીંબુનો કાપી તેનો રશ કાચના અથવા મટોડીના બનાવેલા વાસણમા નીચવીને કપડામાંથી ગાલી કાહડવો પછી અરધા આંઉસ વાલી અથવા પાઆ આંઊસ વાલી કાચની નાહાની સોજી સીસીઓ લેવી પછી એ સીસીમાં ઢાકા સુધી લીંબુનો રશ ભરવો અને તે સીસીમાં ભરેલા રશની ઉપર અરધી ચમચી મીઠું તેલ રેડી ચપટ બુચ મારી ઉપર લાખનુ સીલ કરવું. એ પ્રમાણે જેટલો લીંબુનો રશ હોય તે પ્રમાણે સીસીઓ લેઈ તઇઆર કરવી. પછી થંડા જગા ઉપર એ સીસીઓને ઉભી મુકી રાખવી. જ્યારે કામ પડે તયારે એ સીસીનો બુચ ઊખેડી એક સલીને છેડે રૂઊ વીતાલી ઉપર ઊપરથી તે સીસીમાં રૂઊ બોલી તેની ઊપરનું મીઠું તેલ બધુ કાહડી નાખવું. પછી એ લીંબુના રશને કામમાં લેવો. એટલી નાહની સીસીઓમાં રશ ભરી રાખવાનું કારણ એટલુંજ કે સીસીમાનો ઊઘાડેલે

એસ બાહ્યને વખત રેહી શકતો નથી પણ બગડી જાય છે તેથી એ ન્હાની સીસીઓમાં રાખ્યો હોય તો ઉઘાડયા પછી વધુ રસ કામમાં નહી આવવાને લીધે બગડી જાય છે. F. 212.

૧૭૫૪. હોઠને લાલ રંગના કરવાની મેળવણી—૪ આઊંસ "ઓલીવ ઓઇલ" માં એક આંઊસ "આલકાનેટ રૂટ" (Alkanet root) નાખી અંગાર ઉપર મુકી તે તેલ સતા રંગનું થાય તાંહા સુધી ગરમ કરવું પછી તેમાં "સ્પરમાસીનાઇ" (Spermaceti) અરધો આંઊસ, સફેદ મીન બે આંઉસ, "પ્રીપેરડ સુયેટ" (Prepared suet) ૩ આઊંસ અને જરાક ખાંડ નાખી મેળવી દેવો પછી ચુલા ઊપરથી ઊતારી ખુબ થંડું પડવા દેવો. પછી તેમાં "આરંજ ફ્લાવર વાતર" પાઆ આંઉસ, "આઇલ આફ લવંડર" પાંઆ દરામ અને ગુલાબના અતરના બે અથવા ત્રણ ટીપા નાખી મેળવીને કાચના બાકસમાં ભરી મુકવું. Con. 230.

૧૭૫૫. હોઠને સફેદ રંગના કરવાની મેલવણી—જેમ ઉપર હોઠને લાલ રંગના કરવાની રીત (જુઓ નાં૦ ૧૭૫૪) છે તેજ પ્રમાણે બધો સામન લેઈ તેવીજ રીતે એ બનાવવું. પણ એમાં ફરક એટલોજ કે એમાં "આલકાનેટ રૂટ" નહી લેવું.

૧૭૫૬. ચાહેની કીટલીમા ચુણા જેવી બંધાતી પોપડીને અટકાવાનો ઉપાય—કીટલીમાં હમેસા કાલુ માછલીનું એક સાફ કોચલું મુકી રાખવું. T. 131.

૧૭૫૭. કાંદા ખાધાથી મોહોડું વાસ મારે તેનો ઉપાય—થોડો અજમો ચાવવાનો અથવા લવંગ ચાવવા એટલે કાંદાનો વાસ મારશે નહી. Con. 277.

૧૭૫૮. આઇસ નાખ્યા વગર થંડું પાણી કરવાની રીત—"સલ્ફેટ આફ સોડા" નામનો ખાર ૬ (અ ૪) ભાગ અને નવસાગર ૫ બધાને એક વાસણમાં મેળવવું. આઇસ જગાએ થંડી થશે પછી અથવા કલસીઆમા સોડા પાણી મેળવણીમાં થોડો વાર મુકી રખો પાણી થંડુ થશે.

૧૭૫૯. તપકીરમાં નાખવાનો ઓ—લવંડરનું તેલ (Oil of lavender) અરધો દરામ, "લીંબુનું એસેનસ" (Essence of lemon) બે દરામ, "એસેનસ આફ બરગેમોત" (Essence of bergamot) અરધો આંઉસ. એ બધાને એક કાચના બુચની સીસીમાં નાખી મેળવવું. આ મેળવણીમાથી અરધો દરામ લેઇ દસ તોલા તપકીરની અંદર ભેલીયાથી તેમાંથી સારી ખુશબો આવશે. (જુઓ તપકીર બનાવવાની રીત નાં૦ ૧૭૪૦

૧૭૬૦. મરઘીને થોડા વખતમાં ધરબદાર કરવાની રીત—થોડી ચરબીને બારીક ખીમો કરી ઘઉના લુલામાં મેળવી નાખી થોડા દાહડા મરઘીને ખવડાવો.

૧૭૬૧. કપુરનું તેલ બનાવવાની રીત—કપુર ૧।।) તોલો, મીઠું તેલ પાશેર. પેહલા કપુરને એક ખલમા નાખીને તેને ખુબ ઘુટવો. ઘુંટતી વખતે તેમાં થોડું થોડું તેલ રેડતા જવું. બારીક વટાય એટલે તેમાં બાકીનું તેલ નાખીને એક સરખું મેળવી નાખવું. પછી કાચની સીસીમા ભરી રાખવું. એ તેલ શરીર ઊપર ચોપડવામા આવે છે.

૧૭૬૨. અલસીનું તેલ કાહાડવાની રીત—જો અલસીનુ તેલ કાહડવું હોય તો અલસીના બીજ ("લીનસીડ") હરેક વજણે લેઇને સાફ પથરની ખલમાં નાખીને ખુબ વાટીને બારીક કરવા. પછી તેને ચંદસનના કપડામા મુકીને વધ થાલી પીલીને તેલ કાહડી એક સીસીમાં ભરી રાખવું.

બદામનું તેલ કાહડવાની
બદામની બીજ હરેક વજણે
પથરની ખલમાં નાખી ખુબ વા-
ટ કરી તેને સનના કપડામાં મુકી
ાને તેલ કાહડી સીસીમાં ભરી

૭૬૪. છંડાંનું તેલ કાહડવાની
૧—તાજા સારા મોહતા મરઘીના ૫)
ડા લે તેને પાણીમાં ખુબ કઠણુ બાફવા
પછી તેમાંથી તેની આખી લાલ કાહડી લેઇ
તેનો બારીક ભુકો કરી લોહડાની કહડાઇમાં
નાખવો. પછી તેને ચુહલા ઉપર મુકી
બલતાએ ધીમી આંચ કરવી અને ચમચે
કરી દાલને હીલવ્યા કરવી કે જાહજી બલે
નહી જો વખતપર બલે તો તેની ફીકર નહી
કેમકે હીલવવાથી જાહાજી બલશે નહી. પછી
કહડાઇની કોર વાંકી કરવી જેથી એક તરફ
તેલ આવશે એટલે તેલને કહાડતાં જવું.

૧૭૬૫. સોયમાં દોરો પોહવાની
સેહલી રીત—સોયમાં દોરો પોહતી વખતે
હમેશા સોયને સફેદ કપડા અથવા સફેદ કા
ગજની સામે ધરીને તેમાં દોરો પોહવો
એ રીત નબળી આંખના માણસોને માટે
ઠીક છે.

૧૭૬૬. વીનાગરા રૂઝ (ગાલને
ગોલાબી કરવા માટે—કીરમજ ૩ દરામ,
કારમીન લેક ૩ દરામ, આલકોહલ ૬ દરામ
પેહલા એક પેંટ સરકામાં લવંડરના તેલના
થોડા ટીપા નાખી સરકાને ખુશબોદાર કરવો.
પછી એ સરકામાં ઉપલા બધી ચીજો નાખી
પીગલાવીને મેલવી દેવો.

૧૭૬૭. ગાલને ગોલાબી કરવાની
મેલવણી—"કારમાઇન" (Carmine)
નો બારીક ભુકો ૧) આંઉ, સફેદ પે.મેતમ
૭ આંઉસ. એ બેઉને સાથે મેલવી એક
કાચની દાબડીમાં ભરી મુકવું. જ્યારે કામ
પડે તયારે તેમાંથી જરા લેઇ આંગલીએ
કરી ગાલ ઉપર મસલવું એટલે ગોલાબી
રંગના ગાલ થશે. (જુઓ બીજી રીત નાં૦
૧૭૬૮) A. 342.

૧૭૬૮. બીજી રીત—ચાકનો બારીક
ચારેક ભુકો ૫) ભાગ અને એક ભાગ
"કારમાઇન" ના ભુકાને સાથે મેલવી બાક-
સમાં ભરી મુકો. એને ગાલપર લગાડવાથી
ગોલાબી રંગના થશે. (જુઓ ત્રીજી રીત
નાં૦ ૧૭૬૯) I. R. 740.

૧૭૬૯. ત્રીજી રીત—"ટીંકચર આફ
કારમાઇન" (Tiecture of carmine)
માં રૂઉ ભીજવી રાતો જેવો રૂઉ થાય કે
ગાલ ઉપર ચોપડવું. (જુઓ ચોથી રીત
નાં૦ ૧૭૭૦.) I. R. 742.

૧૭૭૦. ચોથી રીત—"સબ કારબો-
નેટ આફ પોતાશ" ના પાણીમાં "કારમા-
ઇન" (એક જાતનો કીરમજમાંથી કાહડેલો
રંગ) ને પીગલાવીં તેમાં રૂઉ બોલી ગાલ
ઉપર લગાડો. (જુઓ પાંચમી રીત નાં૦
૧૭૭૧.) F. 217.

૧૭૭૧. પાંચમી રીત—"કારમાઇન"
બે ભાગ "પરલઆશ" (Pearl ash
એક ભાગ પાણી નવ ભાગ એ બંનેને મે-
લવી નાખી સીસીમાં ભરી મુકો. (જુઓ
છઠી રીત નાં૦ ૧૭૭૨.) A. 343.

૧૭૭૨. છઠ્ઠી રીત—૧૬ ગરેન કાર-
મીન (કીરમજમાંથી બનાવેલો રંગ) અને
કારબોનેટ આફ મેગ્નેસીઅમ ૧ દરામને
મેલવી દેવો.

૧૭૭૩. રબરની ચીજોને પાછી નરમ
કરવાની રીત—રબરની તરેહવાર ચીજો
બનાવવામાં આવે છે અને તેવી ચીજો લાંબા
વખત પછી સુકાઇને કઠણુ થાય છે અથવા
તતરી જાય છે અને તેથી તેઓ પોતાનો
અસલ ગુણુ છોડી દેછે જેથી ચીજોને પાછી
અસલના જેવી નરમ કરવાને માટે ડાકતર
પોલ નામનો સખસ આએ સેહલ રીતની
ભલામણુ કરે છેઃ—"સોલ્યુશન આફ આ-
મોન્યા' એક ભાગ અને પાણી બે ભાગને

મેળવવું. પંગી રંગની ચીજો જે ખરાબ થઈ હોય તે પાછી પોતાની અસલ હાલતમાં આવે ત્યાં સુધી તેમાં બોળવી રાખવી.

૧૭૭૪. કાચના નાકા પાડવાની રીત—કાચની ઊપર જે ઠેકાણે નાકું પાડવું હોય ત્યાં નાહની ઝીણી અનીની તોપણ મુકી તે તોપણની અની ઊપર એક અથવા બે ટીપા તરપીતનના મુકવા. પછી આસ્તેથી તોપણને ફેરવીને નાકું પાડવું. જો જોરથી દાબીને તોપણ ફેરવશો તો કાચ ભાંગી જશે. F. 150.

૧૭૭૫. સાહીથી સ્તીલપેન ખરાબ નહી થાય એવી કરવાની રીત—નવી સ્તીલપેનને સાહીની અંદર બોલીયાની અગાઉ એક પટેટાને કાપી તેમાં સ્તીલ પેનને બે ત્રણ વખત ખોસીને પછી સાહીથી લખવામા વાપરવી. જો લખતાં સ્તીલ પેનની ઊપર સાહીનો થંડો બાઝીને સુકઇ ગયો હોય તો તેવી પેનોને કાપેલા પટેટામાં ૧૫-૨૦ વખત ખોસીયા કરવી. પછી કપડાથી સારીપેઠે લુંછી નાખવી એટલે પેન સાફ થશે લખી રહેયા પછી સ્તીલપેનને પટેટામાં ખોસી રાખવી, જેથી પાછું લખતી વખતે પેન સારી રહે છે.

૧૭૭૬ બુત અથવા જોડા ઉપર ફુગ નહી ચહડે તેનો ઉપાય—બુત અથવા જોડા જે પહેરવામાં આવતા નહી હોય અને તેને જો સરદીવાલી જગા ઉપર મુકી રાખવામાં આવે છે તો તેપર ફુગ આવી ખરાબ થઇ જાય છે અથવા જો ગરમી વાલી જગાપર મુકવામાં આવે છે તો સુકાઇને કઠણ થઇ જાય છે, તેથી તેવા નહી બને તેટલા માટે તે બુતને તેવી રીતે મુકી રાખવાની અગાઊ એક કપડાનો કટકો લેઇ તેની ઊપર તરપીન તેલના થોડા ટીપા ફરતાં નાખી તે કપડું ા ઊપર લગાડી (ઢાંકી) ને મુકવા એટલે ચહડો નહીં.

૧૭૭૭. ઇંડાંને ઘણાં તાજા રાખવાની રીત—આ ગરમ હોય તેટલાંજ આંગલીએ ઊપર ફરતી લગાડવા:—મીન તથા તેલ સરખે ભાગે ભેળ તાવીને મેલ એ મેલવણીનું ઇંડાંના કોટલા ઊપર વલીયાથી બાહરની મેલવી દેવા એ મે નું ઇંડાંના કોટલા ઉપર પડ ફરી વલીયાર બાહરની હવા તેમાં દાખલ થઇ શકતી નથી જેથી ઇંડાં જલદી કોહી જતા નથી. (જુઓ બીજી રીત નાં૦ ૧૭૭૮.)

૧૭૭૮. બીજી રીત—નીમખના વાસણની અંદર ઇડાંને ખોસી મુકવા (જુઓ ત્રીજી રીત નાં૦ ૧૭૭૯)

૧૭૭૯. ત્રીજી રીત—એક રતલ સુકા કલી ચુનાને પ , બાનલી પાણીમાં બાંજવીને સારીપેઠે કાલવવો. પછી બીજે દાહાડે ઉપર તરી આવેલું પાણી એક બરણીમાં નાખવું અને તેની અંદર ઇડાં મેલવા. એ રીતે તેઓ ઘણું સુધી તાજા રેહેશે.

૧૭૮૦. તાજા પારખવાની રીત—થંડા પાણીથી એક વાસણ ભરવું અને તેમાં ૫–૭ (જો એક બે ઇંડાં હોય તો એકબે) નાખવા. જો ઇડાં નાખતાને વાર પાણીના વાસણમાં નીચે બેસી જાય તો તાજા જાણવા. જો પાણીની ઊપર તરી આવે તો જાણવું કે કોહેલું છે તેમજ જો ઇંડું તાજું હોય તો તેને પાણીમાં નાખ્યાથી તે ઊભું રેહતું નથી, પણ એક બાજુએ પડે છે, પણ જો તેનો એક છેડો ઊપર નજર આવે તો સમજવું કે તે ખરાબ હશે. જો ઇંડું કોહવાપર આવતું હોશે તો પાણીની વચમાં તરીઆ કરશે.

૧૭૮૧. ઘડીયાલમાં મુકવાનું તેલ—બીલોરની સફેદ સીસીમાં "ઓલીવ આઇલ" રેડી તેમાં સીસાના સોજા પતરાનો એક કટકો ત્યાં સુધી થોડા દાહડા તડકામાં મુકી

...ાંસ ભરીને મેલવું અને એ ઉપરનું તેલ ઉપયોગમાં ...ણ લાંબી મુદત સુધી બગડશે . F. 341.

૮૨. કપુરનો ભુકો—જો કપુરના ...ંસમાં નાખી છુંડશો તો ઘણોજ ...ક ભુકો થશે નહી, પણ પેહલા તેને ...સમાં છુંડી તેમાં "સ્પીરીટ આફ વાઇન" ના થોડા ટીપા નાખી છુંડશો તો તરત ઘણોજ બારીક ભુકો થશે. એ ભુકો દાંતના મંજન બનાવવામાં તેમજ બીજા કામમાં આવે છે. F. 69.

૧૭૮૩. સીસા પેનથી કાગજ ઉપર પાડેલા ચીત્રોને જાલવવાની રીત—તેવા ચીતારેલા કાગજ ઉપર ગુંદરના પટલા પાણીનો પીછીથી અલગો હાથ મારી જવો એટલે એ પાણી સુકાયા પછી રબરથી પણ એ ચીત્ર જલદી ભુંછાશે નહી.

૧૭૮૪. ફ્રુટને તાજી હાલતમાં રાખવાની રીત—પ્રદરશનમાં ફ્રુટને દેખાડવા મુકવી હોય અને તેવી ફ્રુટને કેટલા દાહડા શુધી તેનો રંગ બગડયા વગર તાજીના જેવી રાખવી હોય તો તે ફ્રુટની ઉપર "ગલીશરીન" ચોપડવું જેથી તાજીના જેવી રેહશે. જ્યારે તે ફ્રુટને ખાવી હોય તયારે તેને પાણીમાં બોલીને ઉપરનું "ગલીશરીન" ધોઈ કાહડવું. (જુઓ બીજી રીત નાં૦ ૧૭૮૫.)

૧૭૮૫. બીજી રીત—"પારાફીન" (Paraffin) માં ફ્રુટને બોલી કાહડવાથી થોડા દાહડા ફ્રુટ તાજી જેવી રેહેશે. પારાફીનમાં બોલેલી ફ્રુટ ખાધામાં આવતી નથી. (જુઓ ત્રીજી રીત નાં૦ ૧૭૮૬.)

૧૭૮૬. ત્રીજી રીત—"કોલોડીન" (Collodion) નો પીછીથી કરી ફ્રુટ ઉપર પટલો હાથ મારવાથી બાહારની હવા ફ્રુટમે લાગવા દેતી નથી—અને ... એવી રીતનું "કોલોડીયન વારનીશ" ચોપડેલી ફ્રુટ ઘણા દાહડા શુધી તાજીના જેવી રહે છે. એ કોલોડીયન ચોપડેલી ફ્રુટ ખાધામાં આવતી નથી.

૧૭૮૭. ત્રાંબા ઉપર અક્ષર કોતરવાની રીત—જે ત્રાંબાના વાશણ અથવા બીજી ત્રાંબાની ચીજ ઊપર અક્ષરો કોતરવા હોય તેની ઊપર પેહલા તાવેલા મીનનું પડ કરવું. પછી તે મીનમાંથી છેક ધાતુની સપાતી સુધી બારીક સુઇયાથી અથવા બારીક અનીવાલા હથીઆરથી અક્ષરો કોતરવા. પછી "નાઇત્રીક એસીડ" (Nitric acid) લેઈ તેના ટીપા સલીથી કરી કોતરેલા અક્ષરો ઉપર નાખતા જવું. આઠ દસ મીનીટ રહીને ફરીથી એજ પ્રમાણે સલીથી કરી તેમાં બીજા ટીપા નાખવા. એ પ્રમાણે દસ દસ મીનેટે ટીપાં પાંચ સાત વખત નાખવા. જ્યારે અક્ષરો બરાબર ઊંડા કોતરાયલા જણાય કે પછી તેની ઊપર પાણી રેડી ધોહી નાખવું. પછી મીન કાહડી નાખ્યાથી કોતરેલા અક્ષરો તેપર જણાશે. એ "નાઈત્રીક એસીડ" નું ટીપુ શરીરના કોઈ પણ ભાગ ઊપર પડે નહી તેની સંભાલ રાખવી, કેમકે એ આસીડ આગ સરીખું છે.

૧૭૮૮. પીતલ ઉપર અક્ષર કોતરવાની રીત—જેમ ઉપર ત્રાંબાપર અક્ષર કોતરવાની રીત છે (જુઓ નાં૦ ૧૭૮૭) તેજ પ્રમાણે કોતરવા. પણ ફરક એટલોજ કે ત્રાંબાને બદલે પીતલનું વાસણ અથવા ચીજ લેવી.

સમાપ્ત.